શ્રી વીરશાસન તથા જૈન પ્રવચનના સૂત્રધાર

શ્રી રામચંદ્રસૂરિજીને વિનંતિ.

દેશ કેમ ફેરવ્યો ?

# દિશા ફેરવો.

નં. ૨-૩-૪

લી.

( આદ્ય સંપાદક જૈન પ્રવચન )

હાલ,

મુનિ હંસસાગર.

मुनिराज श्री सुशीलविजय.

શ્રી વીરશાસન તથા જૈન પ્રવચનના સૂત્રધાર

શ્રી રામચંદ્રસૂરિજીને વિનંતિ.

દેશા કેમ ફેરવ્યો ?

# દિશા ફેરવો.

નં. ૨-૩-૪.

卐

સં. ૧૯૯૫ કિ. ૦-૧૦-૦ પોસ્ટ ચાર્જ ૦-૨-૦

લી.

( આદ્ય સંપાદક જૈન પ્રવચન )

હાલ,

મુનિ હંસસાગર.

ધી નવપ્રભાત પ્રિ. પ્રેસમાં શા. મણિલાલ છગનલાલ શાહે
છાપ્યું ઠે. ઘીકાંટા રોડ નોવેલ્ટી ટૉકીઝ પાસે—અમદાવાદ.

પ્રાપ્તિસ્થાન : શા. મોતીચંદ દીપચંદ. : જીલ્લો ભાવનગર.
તળાજા થઇને, પોસ્ટ ઠળીઆ.

## પ. પૂ. શ્રી આત્મારામજી મહારાજને માટે પણ.

### સંમૂર્છિમ, વીછી, વિગેરે અપમાનજનક શબ્દો સીધી રીતિએ આપેજ વાપર્યા છે.

પ્રવચન વર્ષ. ૭ અં. ૨૮–૨૯–૩૦ પૃષ્ટ ૩૬૦ 'શ્રીમદ્ વિજ્યાનંદ સૂરીશ્વરજી મહારાજા જેવા, આ વીસમી સદીના પરમ શાસન પ્રભાવક મહાપુરૂષ માટે પણ, આચાર્યશ્રી સાગરાનંદ સૂરિજીએ 'સંમૂર્છિમ' 'વીછી' વિગેરે અપમાનજનક શબ્દો વાપરીને એવો આક્ષેપ કર્યો હતો કે–તે મહાપુરૂષે 'શ્રી સિદ્ધગિરિજીને અનાર્ય કહ્યો હતો અને એથી શ્રમણ સંઘની બહાર કરવાનેલાયકની સ્થિતિ બની હતી.' સાહેબ! આ આપની વાત તદ્દન જૂઠી છે. પૂ. આ. દે. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજે તો આપનેજ સંમૂર્છિમના સંતાન કહ્યા છે. એમનેજ સીધા સંમૂર્છિમ તો અહિં તેમના દરેક શિષ્યોનેય ઉશ્કેરવા માટે આપેજ કહ્યા છે. અને એ ઘોર જુલમ કર્યો છે. પ. પૂ. શ્રી આત્મારામજી મહારાજ સંમૂર્છિમ અને વીછી છે, એવું આપ સિવાય પરમ ગીતાર્થ પૂ. આગમોદ્ધારક દેવેશશ્રીએ કોઈપણ સ્થળે લખ્યું હોય તો જાહેર કરો! એ સિવાય તમારાથી તો. પૂ. શ્રી. આત્મારામજી મહારાજને આવું કહેવાયજ નહિં.

## સુધારો કૃત્રિમ છે.

પ્ર. વ. ૮ અં. ૪૫માં શ્રી શ્રેણિકની વાતમાં કરેલ સુધારો કૃત્રિમ છે. હવે પહેલી નારકી કહેવાથી એ આખી વાતજ તુટી જાય છે કારણ કે, ત્યાં તો સુભૂમચક્રીની સાતમીની વાત કરીને તે વાતની પુષ્ટિ માટે તો 'પણ' શબ્દ વાપરીનેજ શ્રી શ્રેણિકની સાતમી બતાવેલી છે! અને તે શ્રેણિકની સાતમીનીજ સિદ્ધિ માટે પણ 'પણ' શબ્દ વાપરીને શ્રી મહાવીર દેવની સાતમીનું ઉદાહરણ રજુ કર્યું છે! આ હાલતમાં આપના મગજમાં શ્રી શ્રેણિકને માટે સાતમીજ ઠસેલી છે, એ વાતની કોણ ના કહી શકે તેમ છે? આમ છતાંય આપને અહીં 'સુધારાની ઉણપ' જણાવીએ તોયે ચાલત, પણ એવી સજ્જનતાનું તો આપ 'પ્ર. વ. ૬ અં. ૨૫-૨૬ પૃ. ૩૧૩ માં-સુધારાની ઉણપ બતાવનારને ચોખ્ખો મિચ્છામિ દુક્કડં દીધા પછી પણ આપે વળમાં ચડીને એ તારકનેજ વસ્તુ સ્વરૂપના જ્ઞાનની ઉણપવાળા આળેખી અધમતા સેવી છે તેવી રીતે કારમી કુટિલતાથી ખૂન કરનારા છો, આથી એ આખીજ વાતનું ટીપ્પણ કરવાની ફરજમાં મૂકાવું પડયું છે!

## શ્રી શિખિકુમારને પરીક્ષાને બ્હાને એક દિવસ પણ રોકયા નથી.

શ્રી શિખિકુમારની દીક્ષાનો પ્રસંગ પકડીને પરીક્ષાની પુષ્ટિમાં આપે ગલોલો ફેંકયો, એથીજ એ ક્ષેત્રયોગે પણ ખોટા સંભવે છે, એમ જણાવવા આ બૂકમાં આપને ઉક્તિ સોંપી છે. વાસ્તવિક તો શ્રી શિખિકુમાર ઉપર અનુગ્રહ કર્યા પછી આચાર્ય મહારાજે તેમને પરીક્ષાને બ્હાને એકેય દિવસ ગૃહવાસે રોકયા હોય તેવા દસ્કતો રજુ કર્યા સિવાયજ ખોટી પરીક્ષાના ચડસે ચડીને જનતાને ભ્રમમાં નાખવા માટે આપે એ પાઠ રજુ કર્યો છે તે ભયંકર છે. શિખિકુમારના પિતાએ મ્હોટા મહોત્સવપૂર્વક તુરતજ દીક્ષા અપાવી છે. પૂર્વાપરનો વિચાર કર્યા વિના પાઠોજ રજુ કરવાની લતમાં પડેલા બૂરી હાલતે પટકાય એમાં આશ્ચર્ય પણ શું?

મિથ્યા પ્રચારથી ભદ્રિક જનોને આકળા કરીને તેમાં ઘાલેલું સજ્જડ મિથ્યાત્વ કોઇ કાઢી ન જાય એટલા માટે અગીયાર વર્ષથી તો લાલબાગ પ્રાય: એકજ ઘરે કર્યો છે! આવું કોઇ સાધુ કરે? પાપ છૂપાવી રાખવા માટે કેવા કાવાદાવા થાય છે, તે અજ્ઞાન લોકો શું જાણે?

આ બૂકમાં જણાવેલું શાસ્ત્રવિરૂદ્ધ ૧૦૦૧ ભૂલોમાં તો ઘણુંય છે! હજુ પણ વિનંતિ છે કે ડોળતા બંધ થઇ જાવ, તો આગળ પાછળનું આપનું આપ જાણો! અમારે પરપરિણતિમાં પડવા અલ્પયે ઇચ્છા નથી. આપને આજીજી કરીને ફરીથી કહું છું કે ઇડરીઓ ગઢ જીતવાની આશા માંડીજ વાળજો! અમો પણ માંડીજ વાળશું! હિતને માટે કહું છું, ફરીથી કહું છું કે–પાથરેલી બાજી સંકેલીજ લેશો!

આમ છતાં નહિંજ મનાય તો શાસનને ખુંદીને ફેંદી નાખનારનાં નૂર મૂળથી ઊડી જાય એવી શાસનને માટેખબર લઈજ લેવાના અમારા નિરધારની નોંધ લેશોજી.

**પબ્લિકને સૂચના**–ખોટાને ખોટું કહેવું તેનું નામ ઝઘડો માનવાની ઊતાવળ ન કરવી. કચરો કઢાય નહિ, તો ઘર ગંદું બની જાય. કચરો કાઢવા માટે પણ ઝાડુજ કામ કરે. તેમાં રૂનો પોલ કામ ન આવે. સત્યના અર્થીએ–કોઈ સાચાને ખોટા કહે તોજ ખોટું લગાડવું રહે છે. તટસ્થ દૃષ્ટિએ આ આખી બુક વાંચી જશો તો ચોક્કસ સમજાશે, કે, આમાં લેખકનો પ્રયાસ–શાસ્ત્રવિરૂદ્ધ મલીન માન્યતાનો પ્રચાર કરનારાઓને તેવા પાપ પ્રચારથી અટકાવવા પૂરતોજ છે, અને એ ઊભયને માટે શુભ છે.

# વીરશાસન તથા જૈન પ્રવચનના સૂત્રધાર શ્રી રામચંદ્રસૂરિજીને વિનંતિ

વીતરાગની આજ્ઞાને જ આધીન રહેવું છે ! એમ સાચેજ બોલાતું હોય; અથવા હજુ પણ ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું, એમ પણ નક્કી કરી લેવું હોય તો—નીચેની બાબતોને લક્ષ ઉપર લાવવા પ્રયત્ન કરો, કરાવો અને ખાડામાં નાંખેલ બાળજીવોનો ઉદ્ધાર કરવા ફરીથી માર્ગે ચડો ! ! !

**સં. ૧૯૯૩ના ફાગણ માસે** મારા તરફથી બહાર પડેલ 'શ્રી રામચંદ્રસૂરિજી ! દિશા ફેરવો ' એ નામના અનુભવસિદ્ધ સત્ય દસ્તાવેજના કેટલાક શુભ ઉદ્દેશો, અને તેની સાથે અનેક નુતન સૂચનાઓ ! ! !

**જ્યારે આત્મહિત ચુકીને** ગચ્છ મમત્વમાં જ દોરવાઇ ગયેલા શ્રી રામચંદ્રસૂરિજી ! ગચ્છના વડિલોની ખોટી પ્રથાઓને જ સાચી ઠરાવવા માટે હિતકર પુરૂષોને પણ અનેક પ્રકારનાં કૂડાં આળ આપીને જાતે સાચા ઠરવા આકાશ પાતાળ એક કરી રહ્યા છો ! ! !

**જ્યારે ગીતાર્થપણાનીય ગમ વિનાના** છતાંય સમુદાયમાં એવા બોલકા કોઈ નથી ' એમ માનીને અવસરે આડા ધરવા માટે સમુદાયના વડિલોએ દુઃખાતા દીલે પણ આપેલા હોદ્દાનો યદ્વાતદ્વા બોલીને અનેક ભદ્રિક આત્માઓના ભાવપ્રાણનો ભૂકો કરી દુરૂપયોગ કરી રહ્યા છો ! ! !

**જ્યારે પોતાની આકરી અજ્ઞાનતા** ભર્યા પ્રવચનોમાં પણ એવકારાદિ વાપરીને તેને સર્વજ્ઞના સિદ્ધાંત તરીકે સમજાવવા માટે સમાજમાં કારમી કીકીયારી મચાવીને સમાજને છિન્નભિન્ન કરી રહ્યા છો ! ! !

**એવા ઝેરી સંયોગોમાં** આપની ભેળસેળ પ્રરૂપણા તથા સ્વછંદતા ભરી પ્રવૃતિથી અનેક કુમતો ઉભા થવાનો સંભવ જણાવાને લીધે જ શાસનના અજોડ હિતચિંતક સમર્થ ગીતાર્થવર્યોએ આપની

કેટલીએ પ્રરૂપણા સદંતર વિપરિત છે, એમ જણાવ્યું છે ! એ નોંધી લ્યો ! સમજી લ્યો !

**આપની અનેક ખોટી પ્રરૂપણાને** શાસ્ત્રોના અનેક પાઠો આપીને ખોટી જ તરીકે જૈન જગતને સિદ્ધ કરી આપવાની ફરજ બજાવીને આપને તથા સમાજને પોતપોતાનું હિત વિચારી લેવા માટે સવેળા ચેતવનારા પરમ ઉપકારી સત્યપ્રરૂપક, સિદ્ધાંતપારગામી પૂ. આચાર્યોના શરણે આવી, ઘમંડ કોરાણે મૂકી, મિથ્યાડોળ અને દંભથી એકઠા કરેલા કારમા અઘોઘને મિથ્યા દુષ્કૃત આપવા પૂર્વક ધોઈ નાંખો ! હજુ પણ અવસર છે ! અને તે પણ ત્યાં સુધીજ છે કે જ્યાં સુધી આત્મા મનુષ્યરૂપે જીવે છે ! ! !

**માનમાં મુંઝાવ નહિં** માને રાવણ જેવા સમર્થને પણ ભવ રઝળાવ્યા છે, બાહુબળી મહારાજા જેવા મહાત્માનું પણ કૈવલ્ય અટકાવ્યું, એ આપ કયાં નથી જાણતા ? દુનીઆમાં મુખ શું બતાવવું ? એમ મુંઝાવા કરતાં આત્માનું શું ? એ પ્રથમ ચિંતવો ! ! !

ગમે **તેવાં શુભ પણ ઔષધો** કારમા વિષવ્યાધિવાળા પાસે નિષ્ફલ નિવડે છે, ખોટાં પડે છે ! એમજ જાણીને આઠ આઠ વર્ષ પર્યંત તો હું પણ કાંઈ બોલેલ નથી. સાથે એમ પણ માનેલું કે કેટલુંક બોલશે ? **વડનગર મુકામે આપણે ભેળા થએલા ત્યારે પણ આપને હવેથી કાંઇ પણ નહિંજ બોલવા તથા આપનું પ્રવચન પણ બંધ કરવા માટે મેં વિનંતિ કરેલી હતી, એ યાદ છે ને?** છતાં પણ ઇર્જ્યા ગળે પડી હોવાથી ખૂબખૂબ જ બોલ્યે રાખ્યું ! અન્તે પરિણામ શું આવ્યું ? એતો જાણોજ છોને ? તોપણ મારે તો અહિં કહી દેવું જ ઠીક છે કે તેને પરિણામે આપને અત્યંત મુંઝવણમાં મૂકાવું પડયું !

**એ મુંઝવણે એવો વિચાર કરાવ્યો કે**—પરમગીતાર્થ શાસન સુકાનીઓ સામે ખોટામાં જ ટકી રહેવાનું મારૂં તરકટ હવે ગુજરાતના પ્રદેશોમાં તો નહિંજ નિભે ! તરકટ તો નહિ નિભે પણ ખૂબ જ પુઠ પછાડીને, અનેક શાસનસુકાનીઓને ખોટી જ રીતે ભાંડીને

અનેકને બગાડેલા હોવાને પરિણામે બાથમાં બંધાઈ **બાવશબની બાંગરનારા બુદ્ધિના બારદાનોની બુમરાણની હુંફેથી-બહેકી ઉછેલી બાહોશી બેહોશ બની બેસતાં બહાદુરીથી બેહાલ બનવું બહુ બોજારૂપ બનશે!** તેવા **પ્રસંગે** બહાદુરીથી બેહાલ બનવું બહુ બોજારૂપ બનશે એતો **સમજાયું** જ! પણ આપ તાર્કીક તો ઓછા નહિં જ હોવાથી સાથે સાથે એ પણ સમજાયું જ કે-કારમા કૂટ પ્રપંચોથી ટકાવેલી ચાર ચાર પેઢીની પણ ઇજ્જત હવે તો એ ગઈ! એ ગઇ! એ ગઈ! એમજ જોઉં છું!!! આમ હોવાથી એ દરેક મુંઝવણ દૂર કરવાનો માર્ગ આપને એજ લાગ્યો કે એ કપરા પ્રસંગો આવ્યા અગાઉ બહાદૂરી ભરી ઢબેજ ભાગી છૂટવું! કે જેથી જગતને 'ટંગડી ઉંચી છે' એમ કહેવાની બારીતો મોકળી રહે!!! એમ ચિંતવ્યું એટલું જ નહિ પણ તે સાચી વાતનો અમલ પણ કરી બતાવવા માટે દૂર દૂર દેશમાં દાખલ થઈને ત્યાં પણ ખૂણે ખૂણે ભરાતા જ ફરો છો! આમ કરીને પણ ઇજ્જત રાખવાનો કિમીયો કેળવતાંયે સં. ૧૯૯૩માં **પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિશ્વરજી મહારાજ** શ્રીએ શાસન ડોળનારા અનેક જૂઠાઓના અનેક અનુભવથી આપના માટે પણ જે ભવિષ્યવાણી ભાખી તે તો આપને સ્વહસ્તેજ સાચી જ કરી! આથી પણ પૂ. આ. દેવનો યશ અપૂર્વજ વધ્યો! **झटिति पराशय वेदिनो हि विज्ञाः** સં. ૧૯૯૩ માં **પ. પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિશ્વરજી મહારાજા** આપને માટે એ બોલ્યા હતા (શાસ્ત્રાર્થોમાં ઉટપટાંગ મારીને) '**દિશા ફેરવવા જતાં દેશ છોડવો પડશે!**' અને બન્યું પણ તેમજ! ખરેખર મહંત પુરૂષોની વાણી કદિય મિથ્યા હોતી નથી!!! જો કે દુર જઇને પણ 'એતો શેવલાં ખાધાં' એમ કહેવાની ટેવજ પડી ગયેલી હોવાથી 'અમોને દક્ષિણમાં અનેક વિનંતિઓ થઇ રહેલી હતી, અને એવી વાત તેઓએ કોઈની પાસેથી મેળવી હશે જેથી તેવું લખી ભ્રમણા કરાવે છે' વિગેરે પ્રકારનાં વિધવિધ ગપ્પાં મારીને આપ ઓડનુંચોડ ભલેને વેતરો! પણ એ તો પ્રત્યક્ષ જ વાત છે કે આપને તો તે પૂજ્યશ્રીના વચન અનુસાર

ખૂણે ભરાઇજ જવું પડયું છે!!! જ્યારે "તેઓએ કોઈની પાસેથી **સાંભળ્યું હશે**" વિગેરે આપની વાયડી અને વેવલી વાતો તો પરોક્ષ જ રહી. જે સાચો જ હોય તે એવો તો મૂર્ખ નજ હોય કે એને હડહડતો ખોટો છો, એમ કહેનાર કોઇ નીકળે તો તે ટાઇમે તેની સન્મુખ ન આવતાં 'દેશ ફેરવવો પડશે' એમ પ્રતિપક્ષીથી કહેવાયા પછી પણ 'વિનંતિઓ છે' 'ઘણાએ વખતથી વિનંતિઓ છે' એવું બોલીને પાપના ડર વિનાનાં ખોટાંજ બહાનાં કાઢી દુર ભાગતો ફરે! હજુ પણ કયાં બગડી ગયું છે? **દૂર દૂર ઉતરતા ન જાવ! આપશ્રીનું પદારોપણ આ બાજુજ કરી નાંખો. આપના બધાયે કુડનું વમન કરાવવા પૂ. આ. દેવ શ્રી સાગરાનંદસુરીશ્વરજી મહારાજા તૈયાર જ છે.** આપની તો વાટજ દેખે છે! પધારશો કે બ્હાનાં જ કાઢશો? બ્હાનાં કાઢી બચવાનું જ મન હોય તો બોલતા જ બંધ થઇ જાવ એટલે બચ્યાજ પડયા છો. એવાઓના ઉખેળા કરવા, પછી તો નવરાજ કોણ છે?

**આપ ખુણે બેસવા જેવી** કરૂણામય હાલતમાં મૂકાયા તે જોઇને કોને દયા ન આવે? આમ છતાં પણ **પડી ટેવ તે તો ટળે કેમ ટાળી** એ કહેવત અનુસાર દેશવટાની સ્થિતિમાંય માનભેર જીવતા રહેવાની તૃષ્ણાથી પોતાને આધીન રહેલા બે વાજીત્રો, બે ત્રણ લેખકો તથા એકાદ બે ટેલીઆઓ દ્વારા અનેક જૂઠાણાં પ્રગટ કરીને શાસનમાં કારમું વિષ રેડયેજ જાવ છો, ત્યારે તો ઇતિ ખેદે કહેવાઇ જ જવાય છે કે આપ કેવા દિલના ઘડાયા છો?

**તેવાં** જૂઠાણાં**ને** સમાજના હિતખાતરજ ખુલ્લે ખુલ્લાં કરનારા, સ્વપરહિત ચિંતક પૂ. આચાર્યદેવેશોને **દીર્ઘાયુષી બનો** એમ શુભાશિષ આપવાને બદલે કંડોળીઆની માફક ભાંડવાજ માંડવાની તુચ્છ પદ્ધતિથી, અરે! અતિ તુચ્છપદ્ધતિથી આપે હવે તો લજ્જાવું ઘટે છે! જો કાંઇક સત્તામાં રહી ગયેલ હોય તો!!!

**આપશ્રીની કૂરકારવાહી ભર્યા** આખાએ જીવનનો દશ દશ વર્ષ સુધીનો અખંડ અને ગાઢો અભ્યાસ થયા પછી, એ અભ્યાસ

દશ દશ વર્ષ સુધી એરણ ઉપર ટીપાયા પછી, એ અભ્યાસને આપના જીવનના તલસ્પર્શી ગાઢ અનુભવી અને ગીતાર્થ એવા શાસનમાન્ય અનેક વૃદ્ધ મહાપુરૂષોની અનુભવરૂપ સરાણે ચડાવ્યા પછી—આપને માટે અંકાએલા મારા તરફના આંકને અનેક આત્માઓ હર્ષભેર અનુમોદન આપવા પૂર્વક વધાવી રહેલા છે! ઉછળતા દિલે વધાવી રહેલા છે! અને તેથી તો સં. ૧૯૯૩થી માંડી આજસુધી અનેક ભવ્ય આત્માઓ મારા દિલમાં પરગજુ ભાવે છૂપાયલા આપના આંકની સતત્ માગણી કરી રહેલા છે! આથી સમજવું સહેલું થશે કે બ્હોળો સમજુ વર્ગ આપને—તથા પ્રકારે સમજીતો ગયો જ છે! અને એનું કારણ જ એ છે કે આંક નગ્નસત્ય અને અનુભવસિદ્ધ હોઇને નીચોડરૂપે જ છે!

આપનું કોહવાઇ ગયલું પણ કૂડજીવન સુધારવા કાંઇક કરી છૂટવું, એવી પ્રશંસનીય પરોપકારવૃત્તિભર્યો માનદ વિચાર મારા હૃદયમાં એક નહિં પણ અનેકવાર થઈ આવતો! પણ કહેવા જતાં—આપ ઈજ્જતનાજ ભૂખ્યા એવા બહુ બોલકા હોવાથી, એ સામે યથેચ્છ બોલીને આપને વધારે અનર્થદાયી બનશો; એમ ધારીને કંઇક વર્ષોથી બોલવું બંધજ રાખ્યું હતું!

જોત જોતાંતો 'હાર્યો જુગારી બમણું રમે' એ કહેવત અનુસાર માનનશાધીનપણે ઘુર્ણીત બનેલાં નેત્રો ફાટી ફાડીને, દોથા જેટલી છાતી પણ ફાટી જાય તેટલું જોર કરી કરીને—ઇજ્જતની જ ચિંતામાં શાસ્ત્રાનુસારી મહાપુરૂષો તથા શાસ્ત્રોની પણ વિરૂદ્ધ ખૂબ ખૂબજ ધમપછાડા કરવા શરૂ કરી હદપાર જ ડૂબવા લાગ્યા છો એમ જણાયું ત્યારે તો આપનો હું અંગત અને ગાઢ પરિચયી હોવાથી મારાથી તેવું આપનું અહિત જોઈ શકાયું જ નહિં!

અંતે બહુ બહુ સહીને! સહ્યા પછી પણ શાસનની ઉડાહના ન થાય તે માટે શાસનપક્ષના, તથા આપના હડહડતા જૂઠ મતાનુરાગીના ટકા મૂકીને તે ટકાની સરખામણી કરતાં—આપના જૂઠા મતમાં જૂજ વર્ગજ ફસ્યો છે, એમ નીરધાર કરીને પણ આપ એકની ઉપરજ સં. ૧૯૯૩નો એ 'દિશા ફેરવો' નામનો હિતકર દસ્તાવેજ પ્રથમતો ખાનગીજ મોકલવો એમજ નક્કી કર્યું!

(અહીં કોઇને શંકા થશે કે–આવા પોતાનું હિત ન સમજી શકે? કે જેથી બીજાઓએ મહેનત લેવી પડે? એ ઉત્તરમાં એજ સમજવું બસ છે કે જમાલીની માફક માનમાં મુંઝાયલા દયાપાત્ર આત્માઓ કદાગ્રહી બનવાને પરિણામે સ્વપરનું હિતાહિત વિચારવા શોભતા નથી! છતાંય તેવાના પાપ પ્રચારનો પ્રતિકાર કરનાર કોઇ ભાગ્યવાન મળી જાય તો, તેમજ સામામાં કાંઇક પણ બપીપણું હોય તો તેને તેનું પાપ મનમાં તો ડંખે જ! એટલુંયે થાય તો તદ્દન તળીયે ગયલા આત્મા ઉપર, એટલો પણ ઉપકાર જેવો તેવો તો નજ ગણાય!)

આવા સુંદર વિચારનું પણ–**स्फूरायमानवीर्योल्लासात्यतीवाखण्डाभ्यास श्री जिनपतिप्रणीत त्रिकालाबाधित जैनागमोपलब्ध तत्त्वाधिपैवागमविद्वद्वर्यापूर्वाश्चर्यचित्तचमत्कृतोद्गमरोमराज्यागमसंरक्षणैकचिंताजन्यागमाखण्डाभ्यासज्ञातसिद्धांतावगताऽऽतत्त्वानेकभव्यसत्त्वोपकृत शुभभावनानेकसुबोधसाधु जनमनोनिःशङ्ककृदपूर्वागमवाचनाचमत्कृत्सकलजैनजगत्सततोपकारनिरतसुज्ञातसमस्तजगज्जगद्द्योतिताखण्डस्फूटकीर्तिशासनमान्यसुसत्यनामधेयसकलागमरहस्यवेद्यागमोद्धारकाचार्यवर्याः पूज्याः श्री सागरानंदसूरीश्वरपादा**ની પ્રભાપૂર્ણ મીઠી પ્રસાદિ એજ કારણ છે! તેમાં તે તારકની પ્રસાદિ કેમ કારણરૂપ છે? તે જણાવ્યા અગાઉ વચ્ચે સચોટ અનુભવની બારીક બારીક વાતોનો પણ તેની સાથે સંબંધ હોવાથી પ્રથમ તો તે વાતોજ અત્રે રજુ કરૂં છું!

**શ્રી રામચંદ્રસુરિજી!** સમુદાયની 'ઘણાએ વખતથી ધુંચમાં પડેલી' અનેક કપરી વાતોનો આપના સહકારની અલ્પયે કિંમત ગણ્યા વિના શ્રી વલભસૂરિજીએ સખ્ત પ્રતિકાર કરેલો, તેથી તેમનો કીનો લઇ શકાય તેવા અવસરની રાહ જોઇ બેઠેલા આપને–"**સમર્થ શાસનસુભટ પ. પૂ. આ. શ્રી સાગરાનંદસુરીશ્વરજી મહારાજાએ** આસ્તિક–નાસ્તિકની ચર્ચા પ્રસંગે શાસનની ધગશથી શ્રી વલભસૂરિજી સામે કરેલા પડકારના આશ્રયે" એ ખેદ ભર્યો અવસર પણ મળ્યો જ! અને તે સં. ૧૯૮૬, ૮૭ અને ૮૮ એમ ત્રણ ત્રણ વર્ષ સુધી

મુંઝયો ! ત્યાં સુધી આપે સમાજમાં સ્વચ્છંદપણે યથેચ્છ તાંડવ કર્યું ! એજ પ્રથા સામે યુવકસંઘ સ્થપાયો, એમણે આપનો જ કરવો જોઇતો વિરોધ છોડીને આખું જ સાકરકોળું ગળી જવાની બુદ્ધિએ સમજણ વિના શાસનનો જ વિરોધ કર્યો ! આથીજ તેઓનો શાસનના સત્ય-સંરક્ષકોએ વિરોધ કર્યો ! શાસનના સમસ્ત મહારથીઓ સામે કાછડી-વાળાએ નિભવું ભારી જણાવાથી 'પોતે પણ સાચા છે' એવી છાપ બેસાડવા માટે શ્રી વલ્લભસૂરિજીને નાયક માન્યા, મોખરે કર્યા ! શ્રી વલ્લભસૂરિજીને પણ જણાયું કે આપ જેવા ઉટપટાંગ વેતરનાર સામે એવા ઠીક છે ! પરિણામે એવાઓની પીઠ પણ થાબડી ! શ્રદ્ધા વિનાના એ યુવકોની સમસ્ત કારકીર્દિ શ્રી વલ્લભસૂરિજીને નામે ચડાવી દેવાનો ભીષણ પ્રસંગ આથીજ આપને સહેજે પ્રાપ્ત થયો ! ભવિષ્ય ભૂલવે ત્યાં શું થાય ?

**ખાસ કરીને આપને અંગેજ વૃદ્ધી પામતી જતી એ ઝેરી પ્રવૃત્તિ** સામે ( આપ તો છો તેવા જાણી લીધેલા જ છતાં પણ ) શાસનના મહારથીઓએ શાસનરક્ષા ખાતર સામનો કરવાની ફરજ બજાવવી જ પડી. ફરજ બજાવવાને પરિણામે દ્રોહીઓનાં ઉછળતાં પુર ઓસરી ગયાં ! ઉકળતા લોહી પણ ઠંડાગાર થઇ ગયા ! ! !

તેવું પરિણામ લાવતાંય એ ૮૬, ૮૭ અને ૮૮ના ત્રણ વર્ષ તો નીકળી જ ગયાં ! આ સંયોગમાં આપને પણ શ્રી વલ્લભસૂરિજીનું વૈર વાળવાનો, ખુણે રહેલા કુળને ખેંચીને બહાર લાવવાનો, અને આપનું તર્કટી સામ્રાજ્ય જમાવાનો દુઃખદાયી લાભ મળી જ ગયો !

**આથી તે પ્રસંગે વગર નોતરે** તે તે મહાપુરૂષોની પડખે ચડી જઇને "આજના અંગારાઓ પૂ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી જેવા સમર્થ પુરૂષો સામે પણ આવું આવું બોલે છે; આમ આમ લખે છે ?" વિગેરે બોલીને, છાતીભેર બોલીને, શાસનનાં ઓઠાં નીચે ભોળી જનતાના દિલ ઠીક ઠીક જીતી લીધાં ! આમ સાથ જામ્યા પછી તો શાસ્ત્ર કે સિદ્ધાંતનું ભાન ભૂલી જઇને પણ શ્રી વલ્લભસૂરિજી સામે યથેચ્છ બોલીને સમાજમાં મોટું ધમસાણ મચાવ્યું ! ભોળી જનતાને

ઘડીભર એમ પણ થયું કે, ઓ, હો, હો, હો, હો, શું મ્હારા...
...જ! બ......સ આજ આપે સમાજને નવાજેલ ઉજ્વલ કારકીર્દિ ભર્યા આપના કીચડ કીલ્લાના ગંદા પાયા કે બીજું કાંઇ? બીજું તો હતુંયે શું? અને છેય શું? સમાજમાં ધમસાણ મચાવી અનેક સાથે અથડામણો ઉભી કર્યા શિવાય આપના આખાયે જીવનમાં આપે શું મોથ મારી છે, એતો કહો?

**વચ્ચે એક વાત આપને પુછી લઉં છું કે સાહેબજી! પ. પૂ. સાગરાનંદસુરીશ્વરજી સામે બોલનારા કે લખનારા તો આજના અંગારા જ ગણાયને? જવાબ આપશોકે? આપો કે ન આપો પણ એ નક્કર સત્ય આપનાજ શ્રીમુખે નીકળી તો** ગયુંજ ને?

**આથી એતો ચોખ્ખુંજ થયું** કે આપે તે ત્રણ વર્ષમાં શાસન અને તેના સંરક્ષક નાયકોને આડે રાખીને તથા વિણ તેડયા પડખામાં ઘુસી જઇને કુટિલતા ભરી કુનેહ વડે ઘરજ જમાવ્યું! તેમાં પણ પોતાની જ સત્તા જમાવી! હવે ભલેને મુખ્યાઓ પણ માથે હાથ મૂકીને અને મોટેથી પોક મૂકીને આરડે! સત્તા પાસે શાણપત કામની શું? **ખરેખર આપના જેવો સ્વાર્થ સાધુ દુનિઆમાં શોધ્યોય મળે તેમ નથી.**

**હળાહળ ઝેરમય ઉપદેશોદ્વારા પોતાનાજ ભક્ત બનાવેલા દૃષ્ટિરાગાંધોના અનુકંપનીય દિલમાં આપે એવું તો વિષમ ઝેર ઠાલવ્યું છે કે આપનાજ મુખ્યાઓ પણ જો આપને માને, તોજ આપના તે ભક્તો તે મુખ્યાઓને માને! આ હાલતમાં માંડ માંડ બહાર આવેલા મુખ્યાઓ પરાધીન બનીને શરણે ન પડે તો જીવે પણ કઇ રીતે?**

જેના પસાએ કાલુંઘેલું પણ કૂદવા શીખ્યા, તેઓ પણ આ સ્થિતામાંજ રહે એવી જેની ક્રૂર મનોદશા હોય, તે પરને તો પીંખી નાખવાનીજ પળોજણમાં હોય ને? સારૂં થયું કે કાંઇકે સંયમનુંજ શરણ મળ્યું! જો ગવર્મેન્ટના જેવુંય સામ્રાજ્ય મળી ગયું હોત તો તો આત્માને કયાંય ધકેલત!

હું આગળ કહી ગયો છું કે આ ત્રણેય વર્ષ પર્યંતની આપની કલુષિત કાર્યવાહી, તે પ્રસંગે પણ શાસન સંરક્ષકોના તો ખ્યાલમાંજ હતી ! તેમાં આપના આત્માની આપ ચિંતા ન કરો તો તે તો આપનું આપ જાણે; પણ સૂત્ર વિરૂદ્ધ પણ ભાંગરો વાટી નાંખો, અને વાટયેજ જાવ–તે ભાંગરો તો ભવિષ્યમાં સિદ્ધાંત બની જઈ અનેક આત્માને દુર્ગતિમાં ધકકેલી દે! એવી પરોપકાર નિરત-પણે શાસનની સતત્ રક્ષાની ભાવના જેઓને સદાય ઝળકતી છે, તે મહાપુરૂષોએ તે વખતે તો ( આપ ભલે આપનાજ કિલ્લા સર કરવા માટે ધમપછાડા કરતા હતા પણ ) આપ શાસનશત્રુઓની સામેજ ઉભેલા હોવાથી આપની અનર્થકારી ભૂલો આપને કહેવી યોગ્ય ધારીજ ન્હોતી ! એમજ નકી કરી રાખેલું કે અવસરે સુધ-રાવીશું ! ખરેખર છદ્મસ્થ મહાત્માઓને શું માલુમ કે એક આત્મા વગર તેડયો પેટમાં પેસીને પગ પહોળા કરશે ? મુળીઆં ઘાલીને શાસનના સાચા સુભટોની તેમજ શાસનની પણ દરકાર નહિં જ રાખી કુદાકુદ કરી મૂકશે ? સ્વપર એકાંત હિતનું એવું શાસ્ત્રનું પણ સાચું વાકય કહેવા જનાર ઉપકારી સામે પણ શીંગડાં માંડશે ? ગાળો ભાંડશે અને ફાફાં ખાંડશો ! !

( આ બધીય વાતો કલ્પનાથી જણાવતો નથી ! એ તારકોના જ શ્રીમુખેથી વદાણી અને સાંભળીને અનુભવેલી જ જણાવી છે. સં ૧૯૮૮થી) અને તે સર્વ આપને તો અંતરગત જ છે, પણ તે આપ સાચા થઇને, ભયંકર ક્રૂર કાવતરાંઓનો પશ્ચાતાપ કરીને ફડફડીને બોલો જ નહિં ત્યાં સુધીતો—'મા જાણે બાપ, અને આપ જાણે પાપ' એમ જ માનવું રહે છે તેથી કામનું શું ? આપનું આપ જાણો ! ! !

વચ્ચે કહેવા માગેલી આટલી અતિ આવશ્યકતા ભરી વાત કહીને હવે હું તે વાત ઉપર આવું છું કે " સં. ૧૯૯૩માં આપ એકની ઉપર જ ખાનગી તરીકેનો આપના હિત માટેનો એક અપૂર્વ લેખ આપને મારે જરૂર મોકલવો. ' એવા સુંદર વિચારનું પણ—

" **પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી**

મહારાજાની પ્રભાપૂર્ણ મીઠી પ્રસાદિ, એજ કારણ છે" એ પ્રકારે જે હું જણાવી ગયો છું, તેનું કારણ એ છે કે–ત્રણ ત્રણ વર્ષ સુધી, શ્રી રામચંદ્રસૂરિજી! આપે જે શાસ્ત્ર વિરૂદ્ધ અનેક ગપ્પાં મારીને) તીર્થપતિના પરમ તારક શ્રુતની ભયંકર આશાતનાઓ કરી છે (તે ત્રણે વર્ષ દર્મ્યાન શાસન દ્રોહીઓની સત્તાનો દોર ઝીર્ણ શીર્ણ થઇ ગયા પછી પણ **પ. પૂ. આ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજીની** ભાવના એવી જ હતી કે) તેની **સમજણ** આપને ખાનગીમાં જ આપવી! તેમ કરતાં ન જ માનો તો શાસ્ત્રોના અનેક પાઠોથી આપની સાન ઠેકાણે લાવવી! અને તે પણ ખાનગી જ હો!!! કેવી શુભ ભાવના? કેટલી વિશાળતા? કેટલી સુહૃદયતા? કેટલી ગંભીરતા? કેટલી પરોપકાર નિરતા? છે આમાંનું કાંઇ? ગુણ વિનાના ખાલી નામથી જ શું વળે? હા કોઈ વસ્તુ નકામી તો નથી જ, પણ જે કાણ વખતે કામ આવે તે અપમંગલિક તો ગણાયજને?

**એ પરમોપકારીની પરગજુતાનો સુંદર પડઘો** પોતાના પરિવારમાં પણ પડયો જ! અને એથી જ મેં આપને ખાનગી મોકલવા ધારેલ દસ્તાવેજમાં એ ઉપકારીની પ્રસાદિ એજ કારણ હતું.

### આવો સુંદર વિચાર પણ આપ જેવા માટે તો જરાય યોગ્ય નથી,

છતાં પણ આપ જેવા માટે તો એવો ઉત્તમ વિચાર પણ જરાય ઠીક નથી, એમ થોડાજ વખતમાં લાગ્યું! અને તે સાચુંજ હતું! કારણ કે **પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ**–આપની એ ત્રણ વર્ષની સેંકડો મોટી ભૂલો–ખાનગી પત્રોદ્વારા, શ્રદ્ધાલુ શ્રાવકોદ્વારા તેમજ સુરત તથા છાણી મુકામે આપના સર્વ વડિલોની હાજરીમાં પણ–બહુ બહુ દિવસો અને કલાકો પર્યંત સામસામા બેસીને દેખાડી, સમજાવી, કયાંક ઉંહુ કરતા તો સૂત્ર અને સિદ્ધાંતોથી સમજાવી, અને ચૂપ પણ કર્યા–છતાં પણ માનમાં સજ્જડ જકડાયલા આપે કાંઇક મનથી અને કાંઇક મન વિના 'હા' કહી ડોળ કરીને આપ ખુદ જ બોલી ઉઠ્યા કે સાહેબ હું તો આપના ચંદ્રસાગરજી

જેવો ગણાઉં ! (કેમ ! એ દિવસ ભૂલી જ ગયા કે ? જો તેઓશ્રીની પાસે આપ તેવાજ ગણાવ, તો જે પુત્ર થઇને પિતાને ભાંડે તે કુપુત્ર ખરો કે નહિ ?) મુદ્દો તો ત્યાં છે કે તે દરેક પ્રયાસો આપની જ ઇજ્જત ઢાંકવા માટેના હતા, એતો નિર્વિવાદ જ છે ને ?

**એવા પરમહિતસ્વી પરમોપકારીને** પણ–આપે જે વિશેષણો યથાર્થ આપનેજ ઘટે છે. તે વિશેષણો તેમના પ્રત્યે જોડીને પેટપૂર ગાળો ભાંડતા જરાય લજ્જા રાખી નથી ! જુઓ આ રહી તે આપે ઉચ્ચરેલી ભૂંડી ગાળો ! 'તેજોદ્વેષી, મિથ્યાભિનિવેશી, સ્વચ્છંદી, મૂર્ખમિત્ર, ચોરની દાઢીમાં તણખો, શાસનને પામેલ નર્થા, દુર્જન, વ્યાકરણના જ્ઞાન વિનાના, ભણભણ કર્યું પણ રહસ્ય જાણતા નથી, જાણવા માટે રહસ્ય વેદીને પૂછો ! હાથીની પછવાડે કુતરાં ભસ્યાં જ કરે છે, લોકો હાથીને જોઇ રહે છે કુતરાંને હડેહડે કરે છે, એની વીશ કલમો કાળા કુતરાનાં મુડદાં જેવી છે, ટચુકડી વાતો લખી ભ્રમણા ફેલાવે છે, શાસ્ત્રોના અર્થો ખોટા કરે છે, અનુકરણ કરવાની વાતો કરનારા ભુંડ જેવા છે, ખોટા આક્ષેપો મૂકે છે, એવાને છાંયે પણ નહિં જતા. વાલિમુનિ જેવા રાગદ્વેષ વિનાનાને આવું લખે તે બીજાને શું ન લખે ? નયસારની વાતો લખી અનન્તા તીર્થંકરોની આશાતના કરી છે, આવા પાપાત્માઓના સંગથી બચી જવું જોઇએ, દુર્ગતિને નોતરી રહેલ છે, એક પણ શાસ્ત્રનો યથાસ્થિત બોધ લાગતો નથી, શાસ્ત્રોમાં કેટલાં ગપ્પાં માર્યાં હશે, કોને માલુમ ? આવાનો વિશ્વાસ શ્યો ? એને માટે તો આવું આવું પણ બોલાયું છે, (જોકે આ ૧૩ કલમ વાળું હેન્ડબીલ યુવકસંઘની યુથ લીગનું છે આપ જેને શાસન શત્રુ કહેતા તેનાજ વચનોને શાસન સંરક્ષક સામે છોડતાં પોતાનું હલકાપણું પ્રગટ રીતે જાહેર કરેલ છે ! શાસનશત્રુપુત્ર જેવો વારસો હાથ કર્યો છે, તે વિષે અવસરે ખબર લેવાશે) અનુકરણ કરવાની વાતો કરનારા પામરો છે, એની દયા ખાવા જેવું છે, તુચ્છ બુદ્ધિના, પોતાનું પાખંડ જાળવવા સામા ઉપર આક્રમણ કરનારા, ચડસેચઢે છે, ગાળો દે છે, સામાને મક્કમ જુવે તેમ

તેમ વધુ અધમ પ્રયત્નો કરે છે, નશામાં બેભાન અને બેફામ બને છે, એ કેટલીયે નીચતાએ પહોંચશે તે કહી શકાય નહિં, આવાની પાસે શકિત અને સાધન સામગ્રી ન જોઇએ, કારણ કે હાર્યો જુગારી બમણું રમે, તેમ તેમ વધુ દુષ્ટતા સેવે છે, નથી ફાવતા ત્યારે કપાળ કૂટે છે, સૂર્ય સામે ધૂળ ઉરાડયે શું વળે? શાસ્ત્રના વિધાનો સામે કુતર્ક ઉઠાવે છે, શ્રીતીર્થંકર દેવો અને પૂર્વના મહાપુરૂષો માટે તદ્દન આશાતના કરનારૂં જુઠું સાહિત્ય સરજાય છે, સૌના કાજી બનવાનો દંભ સેવે છે, નિન્દાખોર બને છે, નિન્દાખોરીથી

અને ભાંડણુ નીતિથી સત્યવાદિઓને દમવા ઇચ્છે છે, ઈજ્જતના ગુલામ બન્યા છે, વિગેરે સેંકડો ઉપજાવી કાઢેલા હડહડતાજ જૂઠા ભયંકર આરોપો જાતની ખાતર જ ઉપકારીની ઉપર મૂકીને ગાળોની ઝડી જ વરસાવનારો તો સાહેબજી! દુષ્ટાત્મા, પાપાત્મા, દુરાત્મા, અધમાત્મા, ખલાત્મા, શઠાત્મા, નીચાત્મા, કુટિલાત્મા' જડાત્મા, પામરાત્મા, તુચ્છાત્મા, કંગાળાત્મા, મ્લેચ્છાત્મા, ભુંડાત્મા, નિશાત્મા, બેભાનાત્મા, બફામાત્મા, બેફામાત્મા, હીણાત્મા, પાગલાત્મા તથા મહાતમા એવો બહિરાત્મા જ ગણાયને? સાહેબજી! ન્યાયથી ઉત્તર આપશો કે? આજે ઘણાએ હૃદય ખોઇ બેઠેલાને-આપની ગંધાતી ગટરની ઉપર્યુક્ત દુર્ગંધા ઉછાળતી ભૂંડી ગાળો તે ગાળોજ લાગતી નથી; એ ઓછી હૃદયાંધતા છે?

**ફક્ત આવી અધમ પ્રવૃત્તિ આદરી બેઠેલ નરકાત્માને કોઇ ઉપકારી-પ્રવંચનકાર, પરવચનકાર, કથીરશાસન, કથીરના કાંવિયા, સંમૂચ્છિર્મનો સંતાન, વીંછીના પેટમાંથી વીંછી પાકેલ છે, એવા ભારી છતાંય યથાર્થજ એવા બે પાંચજ શબ્દો કહે તેમાં તો તે ગાળો રૂપ લાગે છે! કેટલી અજ્ઞાનતા?** (આપે તદ્દન જૂઠીજ પદ્ધત્તિથી રચાયલા જુઠનું ગાળોદ્વારાજ રક્ષણ કરવાની કારમી કુટિલતા ન સેવી હોત તો એવાં આપનાં યથાર્થ વિશેષણો પણ બહાર પાડવાની કોઇનેય પડી ન્હોતી) આવા અજ્ઞાનોનું પણ વિશિષ્ટ પક્ષબળ જમાવવા માટે-આપને સીધુંજ લાગુ

પડનારા સંગુર્છિમ વિશેષણનો સીધો જ આરોપ પણ આપે પૂ. આત્મારામજી મહારાજ જેવા આપના વડા દાદા ઉપર મૂકયો! એ કુકૃત્યમાં વિશેષ હેતુ એ પણ સ્પષ્ટ તરી આવે છે કે–એમ કરવાથી શ્રી. આત્મારામજી મહારાજના સહુ વંશજો પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશની સામે ખૂબજ ઉશ્કેરાવાના પરિણામે મારો સહેજે જ જય થઈ જાય! જોકે 'આવા પુણ્ય પુરૂષોને પણ આમ કહે છે. આજે એ પુણ્ય પુરૂષનો બ્હોળો સમુદાય છે, બધાયે એવાની ખબર લેવી જ જોઇએ એવા ઉશ્કેરાટના, એ પછી પણ આપે ખૂબ ધમપછાડા કર્યા, પણ સારોય સમુદાય આપને ઓળખી જ ગયેલ હોવાથી, તથા પૂ. આત્મારામજી મહારાજને કોઇએ નહિ પણ આમ આપે જ સમુર્છિમ કીધા હોવાથી એમના લગભગ અઢીસોમાંથી–મર્મને નહિ સમજનારી પ્રાયઃ એકાદ બે વ્યક્તિ સિવાય આપની એ ઝેરી વૃત્તિને કોઇપણે વધાવી જ નથી, એટલું જ નહિં પણ સારોય સમુદાય એમ જ સમજી બેઠો છે કે અમારા વડિલોની પણ ભૂંડી હાલતે જાંગ ખુલ્લી કરાવનાર અને આવું કહેનાર આજ આત્મા છે! સાહેબ! વાત પણ સાચી છે, પક્ષ જમાવવાની ધુનમાં પોતાના નાયકને પણ સંમૂર્છિમ કહી દ્યો ત્યારે તો બધાય આપની ઉપેક્ષા જ કરેને.

**હું તો એજ કહું છું કે સાહેબ! આ આપને શું સૂજ્યું?** શું શ્રી આત્મારામજી મહારાજના આપ એકજ અને તે પણ સીધા સંતાન રૂપ છો? શું આત્મારામજી મહારાજના દરેક વારસદારોને કોઇએ પણ કદિએ સંમૂર્છિમના સંતાન કહ્યા છે? એ પણ સંમૂર્છિમ કહેવાય એવું શાસ્ત્રના બળે આપે જોઇ જ રાખેલું? તથા પૂર્વે તેમ જ વર્તમાનમાં આમ કોઇએ આત્મારામજી મહારાજને સંમૂર્છિમ કહ્યા છે? જો નહિં તો કયા વૈરથી તેવા આપના પુણ્ય પુરૂષને જ સંમૂર્છિમના કલંકનો ટોપલો આપે ઓઢાડયો? કઇ નિમકહલાલી બજાવવા આપે તેઓશ્રીને સંમૂર્છિમ ઠરાવ્યા? ગણિની હાજરી છતાં જોગ ઉવેખીને શાસ્ત્ર વિરૂદ્ધ આચાર્યપદવી લીધી એટલે? જો એથી ઠરાવ્યા હોય તો શ્રી વીરવિજયજી ઉપાધ્યાયજીએ, તેમજ શ્રી કમળવિજય-

સૂરિ મહારાજે પણ કયે દિવસે જોગ વહન કરીને પદવી લીધી છે? શ્રી વીરવિજયજી મહારાજશ્રીએ તો જોગ કર્યા વિના જ પદવી લીધેલી હોવા છતાં શ્રી ભુવનવિજયજીને વડી દીક્ષા પણ આપી છે! આમાં જોગ વહન કર્યા હોય તેનાથી જ વડી દીક્ષા તથા પદ પ્રદાન અપાય, એવાં વિધાનો તો આજે જ આપ રજુ કરો છો ને? એવું આપના કયા વડિલોએ માન્યું છે? વડિલોથી વિપરિત દેખાવ કરવામાં શોભા પણ શી? શ્રી વિજયકમલસૂરિજી મહારાજશ્રીએ પણ યોગોદ્વહન કર્યા વિના જ પૂ. દાનસૂરિજી મહારાજા વિગેરેને આચાર્ય પદવીઓ આપી છે કે નહિં? દરેકને જોગ પણ વહન કરાવ્યા છે કે નહિં? જો તે તે આપના દરેક વડિલોએ વગર જોગે જ પદપ્રદાન, વડીદીક્ષા તથા યોગોદ્વહન કરાવ્યા જ છે—અરે આગળ વધીને કહીએ તો તેઓ દરેક પંજાબમાં વિચરતા ત્યારે જેને કાચી દીક્ષા આપતા તેની તેની વડી દીક્ષા કર્યા અગાઉજ તે તે કાચી દીક્ષા વાળાઓએ લાવેલા આહાર પાણી, પાકી દીક્ષાવાળા આપના દરેક વડીલોએ વર્ષો પર્યંત એક સાથે અને એક જ માંડલીમાં બેસીને વાપરેલા છે! આવી સ્થિતિ તો ઠેઠ લબ્ધિસૂરિજીએ પંજાબમાં સખતરા ગામ (ઇન્દ્રસૂરિનું ગામ) પાસે, નારોવ, ગામે આવીને શ્રી ગંભીરવિજયજીને દીક્ષા આપી, ત્યાં સુધી અને તે પછી પણ ઘણોય વખત આપના વડિલો દરેકમાં ચાલેલ જ છે. આ સ્થિતિમાં પૂ. દાનસૂરિજી મહારાજશ્રીને પણ કાચી દીક્ષા પછી વડી દીક્ષા પ્રાયઃ છથી સાત વર્ષે પ્રાપ્ત થઇ છે! આમ જ છે તો આપના કયા વડિલે ગણિની હાજરી છતાં યોગને ઉવેખીને શાસ્ત્ર વિરૂદ્ધ પદવી નથી લીધી. એતો કહો?

સારાય સમુદાયની કાળ જુની આવી જ પ્રણાલિકા છતાં 'સો ઉંદર મારીને બીલીબાઇ પાટ બેઠા' એ ઉખાણા અનુસાર આજે વાત વાતમાં ખોટી જ રીતે શાસ્ત્રો ઉંચા કરનારા આપ શું જોઇને યથેચ્છ નાચી રહ્યા છો? મારા સાહેબ! આપને દેખાતી આટલી જ આજ્ઞા વિરૂદ્ધતામાં આપે બાંગરા બનીને આપના વડા દાદાને પણ એ સંમૂર્છિમપણાનો ટોપલો ઓઢાડયો તો સમજી જ લેવું કે આ આપના

દરેક પૂજ્યોને પણ એ ટોપલો આપેજ ઓઢાડયો આમ નમાજ પઢતાં મસીદ કોટે પડતી હોવાથી એટલી ભૂલ માત્રમાં **આપશ્રી તો પૂ. આત્મારામજી મહારાજ ઉપર એવો ભયંકર આરોપ મૂકવાની ધૃષ્ટતા સેવી શકાય તેમ છે જ નહિં !** તેમજ પૂ. આત્મારામજી મહારાજે પદવી લીધા પછી આધાકર્મીના બ્હાનાં નીચે જોગજ ઉત્થાપવાની હીલચાલ કરી તેથી? પવિત્ર તીર્થાધિરાજ શ્રી સિદ્ધગીરિરાજ શાશ્વતગીરિ જે પ્રદેશમાં સદાય વિદ્યમાન છે, એવા પુણ્ય પ્રદેશ સૌરાષ્ઠને અનાર્ય કહી દીધો તેથી ? કે બીજા કોઈ કારણે ? શાથી આપે એ આપના પુણ્ય પુરૂષને પણ એવું કપરૂં પદ આપવાની અધમતા કરી, એતો કહો ! કોઇપણ શાસ્ત્ર વિરૂદ્ધના કારણે કહો તો એમાં તો સહુ કોઈ માને જ ! અને એથી તો આપ જેના સીધા સંતાનછો, તેમની પદવી જ શાસ્ત્રવિરૂદ્ધ અસજ્ઝાયના દિવસોમાં કાલગ્રહણ લઇને થયેલી હોવાથી તે આરોપને યોગ્ય તેઓશ્રીને જ ગણાવવામાં આપે ભૂલ કેમ કરી? જો એ ભૂલ ન થઇ હોત તો આપને સીધા સંતાનની ગણત્રી છોડી દઈને વડાદાદા સુધી પહોંચવાની જરૂર રહેત જ નહિં !

સાહેબ ! એવી ખોટી ગણત્રીમાં પણ એ વિચાર તો હજુ ઉભો જ રહે છે જે—આપે દાદાગુરૂને નહિં, દાદાગુરૂના પણ ગુરૂ શ્રી વીરવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ને નહિં અને એકદમ પૂ. શ્રી આત્મારામજી મહારાજને એ ટોપલો ઓઢાડયો તેથી તેઓ પણ તેવાજ છે એવું આપના મનમાં પ્રથમથી જ હતું અને તેથીજ જાહેર કર્યું છે કે શું ? સાહેબ ! સુપુત્ર તે આનું નામ ! હવે સમજ્યા ! આમ છતાં પણ 'બાપનું તો નામ લેવા જેવીય દશામાં નથી' એમ બીજાને શું મુખ લઇને કહેતા હશો ? બહુમાં માલ નથી ! કિંબહુના ?

**સાહેબ ! જૈન જગતમાં આપશ્રીએતો કારમો કેર જ વર્તાવ્યો છે.** આપના જ હિત માટેના પૂ. આ. દેવેશે કરેલા ખાનગી શુભ પ્રયાસના બદલામાં "સતીપણું જણાવવા માટે ચિતા રચીને બળી

કહેવા જનાર પરમાર્હત મહારાજા કુમારપાળને ” તે રંડાએ જે ફળ આપ્યું તેવું જ આપે પણ આપ્યું કે કાંઇ ઓછું વધતું ? બંનેમાં કોણ વધે ?

ખરેખર અતિ નિષ્ઠુરતા ભરી સ્વાર્થાંધતા જ આત્માને અધમ બનાવી મૂકે છે! પાગલ બનાવી મૂકે છે! દારૂડીયાની માફક એલફેલ બકતો કરી મૂકે છે! તેમાં કર્મવશ પરાધીન બનેલા પામરોનો શું દોષ ?

**પાપાત્માઓ પણ પાપથી સત્વર પાછા હઠો!** એજ શુભ ભાવના એ–આપના ઉપરજ મોકલવા ધારેલ એ પ્રથમનો આર્ટીકલ ઉપર્યુક્ત સંયોગોમાં પબ્લિક પ્રસિદ્ધ કરવાની મને અનિવાર્ય ફરજ સમજાણી, સં ૧૯૯૩ના ફાગણ માસે ‘ દિશા ફેરવો ’ એ નામે પ્રસિદ્ધ પણ કર્યો એ પછી તો–આપના કુટિલ કાપટ્યકળાથી ભરપુર દંભને ખૂલ્લો કરવા–શાસ્ત્રોક્ત અને અનુભવસિદ્ધનું રીતસર સાહિત્ય પ્રગટ થઈ જવાની ઈંતેજારીવાળા લાખો સુજ્ઞજનોની તલસતી શુભેચ્છા ખૂબ-ખૂબ શાન્તિને પામી! એ ‘ દિશા ફેરવો ’ નામનો પરમ સત્ય દસ્તા-વેજ બહાર પાડવાની સાથે જ કેટલાયે પૂ. આચાર્યદેવેશોની, શ્રી ઉપા-ધ્યાયજી, પન્યાસજી તેમજ પૂ. મુનિમહારાજોની સાદરતા પૂર્વકની ઉલટભરી ઉપરા ઉપર માંગણી થયાની કેટલીક નોંધ કરૂં ? આપની જૂઠી ‘ ચોથને બુધવારની સંવત્સરી ’ ૧૧ લાખ જૈનો કરવાના છે–એવો શ્રાવકોની બાબતમાં અટાટનો ઓમગોળો મારવાનું અધમકાર્ય આપનેજ સુપ્રત કરીને કહીશ કે શ્રાવકોની તો સંખ્યાબંધ માગણી અદ્યપર્યંત સતત ચાલુજ છે! શ્રાવકોની બાબતમાં તો આટલુંજ કહેવું બસ ગણાશે! ( ૧૧ લાખનો ગોળો ગબડાવતાં તો ગબડાવ્યો, પણ સરવૈ-યામાં તાણી તુણીને પણ ૧૧ હજારેય એકઠા કરવામાં તો આપ તથા આપને પનારે પડેલી, લીટે પટકાયલી આખીય ફોજનો દમ નીકળી ગયો, એ વાત કોના ધ્યાન બહાર છે ? સાહેબ! પીઠ શીયાળની છતાંય મુખ સિંહનું રાખવા જતાં અન્તે આ દશામાં જીંદગીભેર નીચું ઘાલવાનું થાય છે, સમજ્યા ? **આટલી પણ સંખ્યા વિષે સાહેબ! એમજ સમજશોકે જે ઢેફાં ભીંજાવાની ઇચ્છા થયા છતાં પણ પોતાના મહાન્ પાપોદયે ગંગાજળ ન પામી શકયા, તે પેશાબ-**

**થી પલળ્યાં જેવુંજ બન્યું ગણાય ? આવી રીતે પલળીને દુર્ગંધ ઉછાળતાં એવાં ઢેફાં ગંગાજળને અપવિત્ર કરતાં અટકયાં. એ જૈન સમાજનું મહાન્ સદ્દભાગ્ય! આવાનો પણ આગેવાન એક અપેક્ષાએ સાથમાંથી ઓછો થયો તો ગણાય જ પણ સાહેબ! સાબરમતીમાં કદાચ એક ઉંદર મૂતરે તેથી અમદાવાદ થોડું જ તણાઇ જાય તેમ હતું ?)** એ પ્રથમની 'દિક્ષા ફેરવો' બૂક વિષે–મુનિમહારાજો તથા શ્રાવકોએ અંગત મળીને તથા પત્રોદ્વારા પણ આપેલા અભિનંદનોની સંખ્યા પણ કેટલીક લખાય? વધુમાં કોઈ કોઈ સારી સમાજેતો મીટીંગ ભરીને પણ–તેવી પત્રિકા બહુ બહુ બહાર પાડવા વિનંતી કરી છે! કોઈએ એને દીલભેર વધાવતા અનુમોદનના આખા આર્ટીકલો આપ્યા છે! કોઈ કોઇ જાહેર પત્રકારોએ તે બુક પોતાના પેપરોમાં લગભગ અરધી અરધી છાપી નાંખીને તેને દીલભેર માન આપતાં પ્રગટ કરી છે! **આ રીતે એ પત્રિકા હજારો શાહેરો તથા ગામોની અંદર વિરાજતા અનેક ભવ્યાત્માઓનો હૃદયાલંકર બની છે!** તેમાં દર્શાવેલ દરેક સત્ય શાસ્ત્રોક્ત રીતિએ પણ યથાર્થ જ હોવાના જૂજ પૂરાવાતો નીચેજ વાંચી લ્યો!!!

**પ. પૂ. પં. શ્રી ભુવનવિજયજી મહારાજા શું કહે છે?**

સં. ૧૯૯૩ના ચૈત્ર શુદિ ૧૩ 'દિશા ફેરવો' સાદ્યંત વાંચી,– લખાણ તેજસ્વી, કડવું પણ હીતકારી છે. ચોમાસાની દીક્ષાના લખાણમાં સુધારો કરવાની જરૂર છે. દીક્ષાદાતા ખુદ મુળચંદજી મહારાજ પોતે હતા, લેનાર બાઇ ડભોઇના હતા! દિક્ષિતપણાનું નામ સાધ્વિ ગુલાબશ્રી! દીક્ષા પ્રાય: ૧૯૪૦ ના શ્રાવણ માસમાં ભોગાવો નદી ઉતરીને લીંબડીમાં આપેલ છે......' આગળ વધીને તેઓશ્રીતો ત્યાં સુધીનું આપને લખવાની મને ભળામણ કરે છે કે' **પર્યુષણ પર્વના નામે શાસનમાં ભાગલા પડાવવા ઝંડો ઉઠાવ્યો! તમારા પહેલાં વિજયદાનસૂરિ, આત્મારામજી વિગેરે તમારા હિસાબે પાગલ જ હશે કે તેણે પર્વતિથિયોની હાનિ વૃદ્ધિ ન કરી! અને તમે તો છઠ્ઠા આરાના સર્વજ્ઞો હશો! જેથી અનફાવતું નાટક શરૂ**

કર્યું ! વિગેરે પ્રકારનું લખાણ આઠ આઠ દિવસે પ્રગટ કરશો ! દરેક પેપરમાં બહાર પાડશો.

**૫. પૂ. મુનિવર્ય શ્રી હેમસાગરજી મહારાજ શું કહે છે ?**

ખરેખરા ટાઇમે અપૂર્વ સાહિત્ય બહાર પાડીને અત્યુત્તમ ગુરૂ ભક્તિ કરી છે. અમો કાંઇ પણ કરી શકતા નથી ! આપને અમારા ઉરનાં અભિનંદન છે ?

**શ્રી જૈનધર્મવર્ધક સભા શું કહે છે ?**

મુંબઇ સમાચાર શનીવાર તા. ૫. જુન. ૧૯૩૭. માં. તા. ૩૦–૫–૧૯૩૭ ના રોજે મળેલી મીટીંગમાં આસભા જાહેર ઠરાવ કરે છે કે મુનિ શ્રી હંસસાગરજીએ 'રામચંદ્રસૂરિજી દિશા ફેરવો' એ નામની બૂક પ્રગટકરી જે જાહેર હિંમત બતાવી છે તેને આ સભા આવકાર આપે છે, અને તેનો બ્હોળો પ્રચાર કરવાની તેઓને ભલામણ કરે છે.

**મફતલાલ જી. શાહ શું કહે છે ?**

તા. ૨૮. મે. ૧૯૩૭ ના જૈન પત્રમાં સતત અનુમોદન પૂર્વક બ્હોળો પ્રચાર કરવાની દીલભર, ગર્ભિત છતાંપણ નીડર પણે સ્વતંત્ર આર્ટીકલ જ લખે છે ! ! !

**શ્રી જૈનધર્મ પ્રકાશ** નામનું ભાવનગરનું પ્રસિદ્ધ માસિક સંવત ૧૯૯૩ ના અશાડ માસના અંકમાં લખે છે કે 'દિશાફેરવો' ની ચોપડીના લેખકે જ દિશા બદલવાની જરૂર છે !' આથી ઉપર્યુક્ત માસીકના તંત્રી શ્રી ઉપર–" તે પુસ્તિકામાં પ્રગટ કરેલ આપની સમ્રાળીયે સાચી ભૂલોમાંથી ફક્ત, નીચેના નવ પ્રશ્નો તારવીને મોકલ્યા તેની વિગત......"

**૧ તદ્દન અયોગ્ય જાહેર થયલાને દીક્ષા આપવી એ શાસ્ત્રોક્ત છે ?**

**૨ રતાંધળાને દીક્ષા અપાય ? અપાય તો પાઠ આપશો ?**

**૩ અમારી માન્યતાઓ ખોટી છે, એમ સુરત મુકામે જાહેર વ્યાખ્યાનમાં બોલવાનું શ્રીદાનસૂરીશ્વરજીએ ત્રણ શ્રાવકો દ્વારા કહેવરાવ્યું જ હતું તે ખોટું છે ?**

૪ મફતલાલ ભાઈની ના છતાં પણ પંચનિર્ગ્રંથી પ્રકરણમાં તેઓએ છળ કરીને ખોટું જ લખાણ લખી નાંખ્યું તે વાત ખોટી છે?

૫ લીંબડી ગામે કમળસૂરિજીએ ચોમાસામાં દિક્ષા નથી આપી, પણ શ્રી મુળચંદજી મહારાજના તરફથી અપાઈ છે. એમ પૂ. પં. શ્રી ભુવનવિજયજી મહારાજ મને જણાવે છે. જેથી તે લખાણમાં સાહસ થઇ ગયું છે અને તે મને કબૂલ છે.

૬ ઉંટડીનું દુધ અભક્ષ્ય છે? અથવા અભક્ષ્ય જેવું છે?

૭ ઓળીમાં પણ કાલગ્રહણ લઇને આચાર્યપદ અપાય ખરૂં?

૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય ગ્રંથમાંના अतत्त्व વાળા પાઠનો તેણે કરેલો અર્થ જાઠો નથી?

૯ સંવત્સરી ખોટી રીતે કરી તેથી જ કલ્પિત પંચાંગો કાઢવા પડયાં–છે ને? તે પંચાંગોમાં થતી તિથીનો વૃદ્ધિ કાયમ રાખે છે, તે ઉત્થાપકતા નહિ?

આ પ્રમાણે નવ પ્રશ્નો પુછવા સાથે તંત્રીશ્રીજીને મેં લખેલું કે મારિ બૂકના ઉત્તરમાં 'લેખકે જ દિશા ફેરવવી રહે છે' એમ તમોએ લખવાથી શ્રી રામચંદ્રસૂરિ તે તે બાબતમાં સાચા છે, એમ ઘણાને સમજવા તથા બોલવાનું કારણ મળ્યું છે! જેથી નવ પ્રશ્નોના ખુલાસા માગું છું! તો તે તમારા માસીકમાં જ પ્રગટ કરશો! શાસન હિતની ખાતર ઉપરના પ્રશ્નોના ખુલાસા જરૂર પ્રગટ કરશો! મેં પણ શાસનહિતની ખાતર જ અને એમની વાગજાળ માત્રમાં જ શાસન ભરાઈ બેઠેલું છે, એમ માની લઈ અનેક સુપાત્રોની પણ અવહેલના કરવા ટેવાઇ ગયલા બાળજીવોના લાભની ખાતર જ તે બૂક પ્રગટ કરી છે! ઉપર જણાવેલા પ્રશ્નો તે રામસૂરિજીની માન્યતા અને પ્રચાર છે. અને એ તદન ખોટા છે એમ હું સમજ્યો છું, જેથી બૂક બહાર પાડી છે! તેમાં જે જે ભૂલો થઇ હોય તે પ્રગટ કરશો. શાસ્ત્રોક્ત પણે ભૂલો પ્રગટ થઇને તમારાથી પણ સુધરશે તો હું તમારો રૂણી થઇશ!!!

તા. ક. **આ સિવાય મારે બીજી પણ કઇ રીતે દિશા ફેરવવી રહે છે. તે જાહેર અથવા ખાનગીપણે જરૂર જણાવશો. હું ભૂલ જાણી જરૂર સુધારીશ!** લી. મુનિહંસસાગરના ધર્મલાભ.

**શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી શેઠ કુંવરજી આણુંદજીનો**

જવાબ.—મુનિરાજશ્રી હંસસાગરજી, શ્રી જેસર

આપે ભાઈ બાલુ ( નરોત્તમદાસ ) ના પત્રમાં જૈનધર્મ પ્રકાશમાં પ્રગટ કરવાનું જે લખી મોકલ્યું છે તેના સંબંધમાં લખવાનું કે અમે આપની **દિશા બદલો** એ નામની બૂકની પહોંચ આપતાં આપને જ દિશા બદલવાની જે સૂચના કરી છે, **તે આપની બૂકનું લખાણ અસત્ય છે એમ માનીને લખેલ નથી!** પરન્તુ એવા આગલા પાછલા લખાણથી પરસ્પર કર્મબંધ થાય તે અટકાવવાની અમારી ધારણાથી જ લખ્યું છે........**તેથી અમે આપની સત્ય હકીકતનું આચ્છાદન કરવા માગતા નથી**, પરંતુ અમારી (તે) વૃત્તિને ફેરવી શક્તા નથી. ધર્મ કાર્યે યાદ કરશો, લી. શે. કુંવરજી આણુંદજીની વંદણા.

**તે પત્રના ઉત્તરમાં**—પ્રસારક સભાને મેં એવું જણાવેલું કે તમારી વૃત્તિ એવા આગલા પાછલા લખાણથી પરસ્પર કર્મબંધ થાય તે અટકાવવાની જ છે, તો મેં લખેલ સત્ય બીના મારી ન જાય અને મને પણ અન્યાય ન થાય તેટલા માટે આવતા અંકમાં " સમાજની શાંતિને માટે કોઇની પણ ભૂલો જાહેર કરતાં અટકવું એ હિતાવહ છે." એમ પ્રગટ કરીને પૂર્વના લખાણની સ્પષ્ટતા કરવી અતિ જરૂરી છે!

તે પછી—પ્રસારક સભાના ભાદ્રપદના અંકમાં નીચે મુજબ સુધારો થયેલ છે! **સ્પષ્ટતા**–તમે અમારા ' અશાડ ' માસના અંકમાં પુસ્તકોની પહોચમાં ' દિશા બદલો ' એનામની બૂકની પહોચમાં ' લેખકે જ દિશા બદલવાની જરૂર છે ' એમ જે લખ્યું છે, તેનો અર્થ એ છે કે ' સમાજની શાન્તિને માટે કોઈની પણ ભૂલો જાહેર કરતાં અટકવું એ હિતાવહ છે. **તંત્રી**

( એ બૂકની અત્યંત આવશ્યકતા તથા પ્રમાણીક્તાને માટે બીજા પણ અનેક પૂરાવાઓ મોજુદ છે. )

**પરમ સત્ય સામે પણ બકવાદ હોય જ** તદનુસાર–વ્યભિચારી પાપાત્માઓના પાપોને પ્રોત્સાહન આપી પદપ્રદાન કરવાદ્વારા દુરાચારો સેવવાની મોકળ કરી આપવામાં સુલભ એવો ખંભાતને ખૂણે ભરાયેલ એ નામચીન લપધી–કપડવંજના એક શ્રદ્ધાલુ શ્રાવકને મુખે તત્ત્વશૂન્ય અવગણના કરી સ્વમુખે મેશનો કૂચડો ફેરવે છે ! દિશા ફેરવો ' બૂક બતાવીને શ્રાવક કહે પણ છે કે સાહેબ ! આમાં એક પણ અક્ષર ખોટો છે, એમ કહી શકો તેમ છો ? ત્યારે એ કંગાળ કહે છે કે ઉદ્ધત છે ! ખરેખર આવા પામરોનો બચાવ આ પ્રકારે જ હોઇ શકે છે.

બીજા નંબરમાંતો સાહેબજી ! એ કોણ ? એમ પ્રશ્નાર્થ કરીને વીરશાસનમાં આપે જ ભૂસ્કો માર્યો હોય ! કારણકે એ હેડીંગ નીચે રહેલું લખાણ દ્રવ્યથીતો આપનાનાં ઘણાયને ઘટે તેમ છે, પણ દ્રવ્ય અને ભાવ બંનેય રીતેતો આપને જ યથાર્થ ઘટે છે. **બનવા જોગ છે કે અનેક કુકૃત્યોનું ભાન થયું હોય, અને એ દ્વારા આપને–છો તેવા ઓળખી લેવા માટે આપે તેમ મોઘમ બહાર મૂકાવ્યું હોય !** ' મીઠી નહેરો છોડીને ગંદા ખાબોચીયાંમાં ' એ લખાણ હીણભાગ્યે આપ ગર્ભજપણું ન પામ્યા તેમાં ઘટશે ! અને કાયાનો વર્ણ–સુરત અને વઢવાણ જેવા સ્થળોના ' **मुलग्गी बोहिलाभस्स** ' વાળા **પ્રસંગથી મળી રહેશે !** આવી રીતે એ લખાણ મુજબ આપ યથાર્થ જ છો, એમ–આપે ગુઢ લખ્યું છતાં મને સમજાઈ ગયું એ આપનો જ પસાય ! આપની સામાન્ય છાયાપણ આટલી પ્રભાવક છે ! આપે જાત જાહેર કરવા આવું વીર્ય ફોરવ્યું તે જોઇ મને અતિ આનંદ થાય છે ! આટલી હિંમત કરી છે તો સાહેબ ! એ કોણ ? એ શબ્દ પ્રશ્નાર્થમાં જ ન પડયો રહે એટલા માટે ઉતર તરીકે–' **શ્રી રામચન્દ્રસૂરિજી** ' એમ આપ જ પ્રસિદ્ધ કરાવી નાખશો કે જેથી અજ્ઞાન જનોને એ કોણ હશે ? એવી થતી ચિંતા દૂર થાય !

તા. ક. પ્રથમ બહાર પાડેલી પત્રિકામાંની તા. ક. અહિં કાયમ રાખીને સૂચના કરૂં છું કે સાહેબ ! આ બીજી પત્રિકા સંવત ૧૯૯૪ ના જેઠમાસમાં જ આપના હસ્તમાં બિરાજમાન થઈ જાત, પણ પ્રેસમાં

ગયેલાં પ્રૂફો આપના કોઇ કૂડા ભકતે પાંચ માસ લગભગ દબાવ્યાં, છૂપાવ્યાં, સાંભળ્યા પ્રમાણે આપને પણ મોકલ્યાં, નકલ કરી લીધા બાદ પ્રેસવાળાને પાછા સોંપાયાં છે. આથી તે અવસરનું લખાણ આ વખતે રદપ્રાયઃ મનાવાના ભયે ફરીથી એજ પત્રિકામાં સુધારો વધારો કરીને બહાર પાડેલ છે. આથી આપની પાસે તે નકલ હોય અને તે નકલના લખાણ સાથે આ લખાણ મળતું ન આવેતો તે આપના કૂટનું જ પરિણામ માની ચિંતા મુક્ત થશો !

## અદ્ભૂત તર્કટતા ! આ શું સાધુતા ?

પ્રવચન વર્ષ ૮ અંક ૭ પૃષ્ટ ૯૩ પૂ. આગમોદ્ધારક દેવશ્રીને–આપ ચર્ચા માટે શરતની ત્રણ કલમ જણાવતાં તેમાં ભરડો છો કે–

૧ શ્રી જૈન પ્રવચનને અંગે આપ જે કાંઇ લખો તેમાં, શ્રી જૈન પ્રવચનમાંના જે જે વાકયો ને અંગે આપ લખતા હો, તે તે વાકયો તેના સંબંધને તોડયા વિના ટાંકો.

૨ શ્રી જૈન પ્રવચનમાંનાં વાકયો ઉપર મુજબ ટાંકયા પછીથી, એમાં આપને જે જે વસ્તુ જે જે રીતિએ શાસ્ત્રવિરૂદ્ધ લાગતી હોય તે જણાવો.

૩ એમ કર્યાબાદ શ્રી જૈન પ્રવચનના લખાણથી વિરૂદ્ધ જતા અને આપે જે લખ્યું તેને સંમત થઇ ટેકો જ આપતા શાસ્ત્રપાઠો અર્થાદિ સાથે આપો.

આપ આ રીતિએ એક સૂત્રાનુસારી સજ્જનને છાજતી પદ્ધતિથી ગમે તેટલું લખશો, તો પણ અમે તેને વધાવી લઇશું અને આની સામે એજ રીતિએ શાસ્ત્રપાઠાદિ આપવા સાથે ઉત્તરો અપાશે તેમ જ ભૂલ જણાશે તે વગર સંકોચે સ્વીકારાશે, એની અમે આપને ખાત્રી આપીએ છીએ શું આપ તેમ કરવાને હજુય તત્પર થશો ?

સાહેબ ! ઉપર્યુક્ત આપના લખાણના ઉત્તરમાં એ જ લખવું બસ થશે કે આપના ધડા વિનાના દરેક લપરડાઓમાં તત્ત્વ તો કાંઇ હોતું જ નથી. જયારે સિદ્ધચક્ર પાક્ષિક પ્રાયઃ તત્ત્વ સિવાય બીજી વસ્તુને

સ્પર્શતું પણ નથી. એ તો પ્રત્યક્ષ છે ને? આપે વારસામાં ઉતરેલું જૂઠ જીવાડવાજ તે તે ફરફરીયામાં જીવન વેડફવું ધાર્યું હોવાથી એજ રસ્તે વ્હેતું મૂકયું છે. અને એથી જ એમાં પોતે માનેલાની, પોતાની, અને વધીને પોતાના ફૂડમાં મ ુ મારનારાઓની જ પ્રાયઃ જીવનચર્યાઓ, આપ બડાઇઓ, અને કૃત્રિમ પ્રભાવનાઓ ઓપ ચઢાવીને ચીતરે રખાય છે! જ્યારે સિદ્ધચક્ર એવી જૂઠી પ્રણાલિકાને પાપ પ્રણાલિકા માને છે. આપ અત્યારે ખાત્રી આપવા તૈયાર થાવ છો. પણ સુરત છાણી તથા અમદાવાદ વિગેરે સ્થળે આપનું દ્વિજિ઼ાપણું **સિદ્ધચક્ર પાક્ષિકના માંધાતા** દ્વારા જગતે જાણ્યું છે. માટે એવી ખાત્રી સંબંધે વ્રતની ચિંતાવાળાનો જ વિશ્વાસ કરાય **એમ સિદ્ધચક્ર પાક્ષિકના માંધાતાએ નક્કી જ કર્યું છે.** આપના ફરફરીયાંઓમાં 'અમારા ફલાણા ફલાણા આવા આવા આચાર્યદેવેશ, આવા આવા તે ઉપાધ્યાયજી, આવા આવા શ્રી પંન્યાસ, આવા આવા મુનિવર્યો, અમુક સ્થાનેથી વિહાર કરી અ-મૂક દિશા તરફ ગમન કરી રહ્યા છે! ગામે ગામ ખૂબ ખૂબ ધર્મપ્રભા-વના ઉછળી પડી છે. જતાં જતાં અનેક ગામોના શ્રી સંઘોની વિનં-તિઓ ઉપરા ઉપર ચાલુજ છે! અમૂક અમૂક ગામે તો અમૂક અમૂક શેઠીઆઓ વાંદવા આવેલા હતા, અમુક ગામે તો જીવાભાઇ આદિ વાંદવા આવેલા! ગામે પહોંચતાં સેંકડો માણસો તો સામે લેવા પણ આવેલા! સહુએ ગુરૂદેવના જયનાદથી ગગન ગજાવ્યું! લોકોએ પૂજ્ય-શ્રીને ચોખાથી વધાવ્યા! ભારી ઠાઠથી સામૈયું થયું હતું! વરઘોડામાં આટલાં તો સાંબેલાં હતાં! (જો કે સાથે ખાણીયા કેટલા હતા એ તો લખતા જ નથી) બેન્ડ વાજાં પણ હતાં! ઉપાશ્રયના વિશાળ હોલમાં દેશના ઝીલવા માટે અગાઉથી જ હજારો માણસોની મેદની એકકાને સ઼ હતી! અંદર ફલાણા ફલાણા તો શેઠીઆઓ, અમૂક વકીલો, અરે અમૂક અમૂકતો મુસલમાનો પણ હતા! બુલંદ અવાજે દેશના આપવી શરૂ થઇ! બાર વાગ્યા તોય કોઇ ઉઠવા મન કરતું ન્હોતું! અન્તે સમયસૂચકતા વાપરી વ્યાખ્યાન સમાપ્ત કરવા જરૂર પડી! અન્તે અમૂક શેઠ તરફથી પતાસાંની તો પ્રભાવના થઇ હતી!

લોકોનો ઉત્સાહ ઘણો જ હતો! આગળ વિહાર લાંબો હોવાથી તેમજ આજુબાજુના સંઘોની ઘણી જ વિનંતિઓ હોવાથી, લોકોને આશ્વાસન આપી અમૂક ગામે વિહાર કરી ગયા છે! વીગેરે કંઈક ચાતરો છો, એ શાસન સેવા છે કે નરી ઘરસેવા? શ્રી. સિદ્ધચક્ર પાક્ષિકના માલીકને આ આપવઘારની કશીય પડી છે? તેના કોઈ પણ અંકમાં આવી હલકટતાની ગંધ પણ દીઠી છે? સાચા શાસન સેવકને આવી તુચ્છતા શોભે પણ ખરી? આવી ક્ષુદ્રતાને ઉછાળનારા શું શાસન સેવકો છે? 'ધર્મને નામે આપની આવી જ વિશિષ્ટતાઓને પુષ્ટ કરવા માટે તો એ આપના ફરફરીયામાં' અનેક કાલાં કઢાય છે! આવાં કુટિલ કાલાંનો મોંઘ શ્રી સિદ્ધચક્ર જેવું નામી પાક્ષિક લેજ શું કામ? આથી જ આપે લખેલાં ફકરાઓને ટાંકવાનું સિદ્ધચક્ર પત્રના નાયકને કશુંય જરૂરી જ નથી, સમજ્યા? એને એ તો જરૂરી નથી, પણ ખુદ એ તારકનું જ જીવન ચરિત્ર લખવા માટે બીજા અનેક મુનિવર્યો તથા ધર્મિષ્ઠ શ્રાવકોએ પણ એ તારકને ખૂબ જ આજીજી કરવા છતાં, તે તારકનું મતું મેળવવામાં પણ નિષ્ફળ જ નિવડયા છે। કારણ એજ કે એ તારકદેવશ્રીને મિથ્યા ડોળની કશીય કિંમત જ નથી! આમ છતાં પણ જો કે શા. જીવણચંદ સાંકળચંદ ઝવેરીએ ગુરૂભક્તિથી પ્રેરાઇને, બીજા બીજાઓને પુછીને પણ એ તારકની શુભ કાર્કીદીની સામાન્ય ઝાંખી કરાવે તેવી ઘણા પ્રયાસના ભોગે કેટલીક વાતોનો સંગ્રહ તો એકઠો કર્યો, પણ તે સંગ્રહ યથાર્થ છે કે કેમ? એમ જાણવા માટે એ તારકને દેખાડવા આવ્યા ત્યારે પણ એ તારકે એ સંગ્રહ હાથ પણ ઝાલ્યો નથી ખરેખર! મહન્તોની મહત્તા પણ એમાંજ છે. પોતાના ચરિત્રો પોતેજ લખાવીને પોતેજ પ્રસિદ્ધ કરે, ટાપટીપપૂર્વક અક્કડ બેસીને પોતાના જ ફોટુઓ પોતેજ ઓળખાવે, પડાવે. આ શું સાધુતા છે? નહિ જ! એતો ખુલ્લું મિથ્યાભિમાનતાનું દિગ્દર્શનજ છે! શ્રાવકોને ન્યાય સંપન્ન દ્રવ્ય ઉપાર્જવાનું કહેનારા પોતે જ એમના પરસીનાના

દ્રવ્યનો કમજાતની મિથ્યા કારકીર્દિમાં વ્યય કરાવનારાઓ 'નામે ધર્મગુરૂ કહેવડાવવા માત્રથી, આરાધકોનો ઓછો જ ઉદ્ધાર કરવાના હતા? આતે ધર્મ કે ધર્મના નામે ઢોંગ?' 'હું પામર ક્યાં, અને પૂર્વના મહન્ત પુરૂષો ક્યાં?' આવું જ જેના દીલમાં કાયમ રહે એ સાધુ, પૂર્વના મહન્તોને ક્યાંઇ ખૂણે છૂપાવે અને પોતાની એઠી જાતને 'હજારોના ખર્ચે પબ્લીકમાં મૂકી' ચોખ્ખી જણાવે, આના જેવી અધમતા બીજી કઈ? મહન્તો તો સમજે કે શ્રાવકમાં ભક્તિ હોય અને તેના ભાવ થયે પૂજામાં સ્વયં જોડાય કે પોતાના દ્રવ્યને પણ જોડે તે તેના લાભને માટે છે, પણ આપણે એમને ઇષ્ટપિષ્ટ સમજાવી, આંખે પાટા બાંધી, પોતાના ખોટા જ ચરિત્રો, ફોટુઓ કે મૂર્તિઓમાં એમના દ્રવ્યનો વ્યય કરાવવો એ તો સાધુતાનું નર્યું લીલામજ છે ને?

સાહેબ! આપ જ્યાં જ્યાં પધારો ત્યાં ત્યાં ધર્મપ્રભાવનાઓ ઉછળી જ પડે છે, તો બીજાઓ જ્યાં જતા હશે ત્યાં ધર્મ પ્રભાવનાઓ ઉધળીજ જતી હશે? આપને જતાં જતાં અનેક ગામોના સંઘોની વિનંતિઓ થાય છે તો બીજાઓ શું મોંઢા છૂપાવી છૂપાવીને જ ગામમાં પેસી જતા હશે? અમૂક અમૂક ગામે તો આપને અમૂક અમૂક શેઠીઆઓ વાંદવા આવે છે, તો બીજાઓને શું વેઠીઆઓ જ વાંદવા આવતા હશે? આપને જીવાભાઇ જેવા વાંદવા આવે છે, તો બીજાને શું મુવાભાઈ જેવા વાંદવા આવતા હશે? આપને સેંકડો માણસો સામે લેવા આવે છે, તો બીજાઓને શું સેંકડો માણસો હાંકી કાઢવા આવતા હશે? આપનામાં જયનાદથી લોકો ગગન ગજાવી મૂકે છે, તો બીજામાં લોકો ગધેડાં ભૂંકાવતા હશે? આપને લોકો ચોખાથી વધાવે છે, તો બીજાને શું ધોકાથી વધાવતા હશે? આપનાં ઠાઠથી સામૈયાં થાય છે, તો બીજાનાં શું વેઠથી સામૈયાં થતાં હશે? આપનો વર ઘોડો નીકળે છે, તો બીજાનો વર શું ખોડો નીકળતો હશે? આપનામાં સાંબેલાં લાવે છે, તો બીજામાં શું રાડાં લાવતા હશે? આપનામાં વાજાં લાવ્યા તો, બીજામાં શું ડબલાં લાવતા હશે? આપ

જ્યાં પધારો ત્યાં આપના પાદાર્પણ થાય છે, તો બીજા જ્યાં જ્યાં પધારતા હશે ત્યાં ત્યાં એના ઢીંચણાર્પણ થતાં હશે? દેશનાને માટે આપને વિશાળ હોલ મળે છે, તો બીજાને શું સાંકડા ઉકરડા મળતા હશે? આપનામાં હજારો માણસો આવે છે અને એક કાને સાંભળે છે, તો બીજામાં હજારો તીર્યંચો આવીને પણ એકાને સાંભળે છે એમ કહેવા માગો છો? આપના વ્યાખ્યાનમાં ફલાણા ફલાણા શેઠીઆઓ, વકીલો, અને બાકીના ગુસલમાનો હોય છે, તો બીજામાં શું ફક્ત વેઠીઆઓ, અસિલો અને મુશળમાનોજ હશે? આપના દરેકના બુલંદ અવાજો, તો બીજા દરેકના શું ઘોઘરા જ હશે? આપનામાં હજારો જન દેશના ઝીલવા આવે છે, તો બીજામાં ફેંકી દેવા જ આવતા હશે? દેશના આપતાં આપના બાર વાગી જાય છે, તો બીજાને કાંઇક તકલીફતો પડતી જ હશેને? આપનામાં કોઇને ઉઠવાનું મન થતું ન્હોતું, તો બીજામાં શું પડી પડીને ભાગવા જ માંડતા હશે? આપને સમય-સૂચકતા વાપરી વ્યાખ્યાન બંધ કરવું પડે, તો બીજા એવે પણ અવ-સરે આરડયા જ કરતા હશે? આપનામાં અમૂક શેઠ તરફથી પતાસાંની તો પ્રભાવના થાય છે, તો બીજામાં શું કોઇ રાંકાટ તરફથી કાંકરા વેંચાતા હશે? આપનામાં લોકોનો ઉત્સાહ ઘણો જ હોય છે તો બીજામાં તો લોકો હતાશ જ થઇ જતા હશે? આપને ઘણી વિનંતિઓ છતાં લાંબા વિહારને અંગે લોકોને આશ્વાસન આપીને વિહાર કરવો પડે છે. તો બીજાઓને ઓછી વિનંતિઓને અંગે ટુંકો વિહાર રાખી લોકોને પોક મૂકાવીને સ્થિરતા કરવી પડતી હશે?

**મારા સાહેબ! આપ શું સમજીને છાશવારે ને છાશવારે આવાં રાજીયાં ગવરાવો છો? શું આ મુનિનું કાર્ય છે? કાંઈ પણ સાધી જવાનું બાકી રહે છે કે નહિ? પુણ્યોદયે વેષ મળ્યો એનોય ઉપયોગ તો આને? મુનિવેષમાં પણ આવી ખોટી આપ બડાઇઓ કરતાં જે ન લાજે તે શ્યાથી લાજે? સાહેબ! આવી આપ બડાઇઓ વાંચીને જો કે હૈયા વિનાનાઓ તો મલકાય છે, પણ વિદ્વાનો પેટ પકડીને હસે છે! કાંઇક તો પાછું જુઓ! 'અમે આવા, અને અમે તેવા. અમે શું લડયા અને અમે**

અહિં મોથ મારી ' એવું બોલતાં તો સામાન્ય સદ્‌ગૃહસ્થ પણ લાજે ! આ હલકટતાએજ સિદ્ધગિરી જેવી દેવભૂમિમાં પણ પોતાના માનેલા તારકને પધરાવી દેવદ્રવ્યથી પણ પૂજા કરાવનારા કઠોર હૃદયના નિઘૃણ બનાવ્યા છે, હવે બાકી શું રહ્યું ? દેવદ્રવ્ય ભોગવતાંય જેને ઘૃણા નથી એ સમાજનું શું ઉકાળવાના ? ધર્મના બ્હાના નીચે આવા ઘોર અનાચારોને જ પોષનારા આપના ઘોઘરા પંપૂડાઓની નોંધમાં લેવાનું પણ શું છે ? અને એથી જ શ્રી સિદ્ધચક્ર પાક્ષિક તો ' સમાજને આપ જેટલા શ્રાપરૂપ હો, તેનીજ નોંધ લેઇને સુધારો કરાવવા ' આપને ઈસારા રૂપે જ જણાવે છે. સુધારો યા ન સુધારો !

આ પ્રમાણે એ મહાપુરૂષ આપની તુચ્છ પદ્ધતિની ઉપેક્ષા કરે છે–તેનો લાભ લઇને ' જગતમાં હુંજ સાચો છું ? એ ચાળો સિદ્ધ કરવા માટે જ જ્યારે આપ આવાં તરકટો રચો છો, ત્યારે જ મારે પણ આપની એ ત્રણેય કલમોને અનુસરીને જ લખવું રહે છે. નહિં તો તેવાં કૂડાં લખાણોની નોંધ શી ?

આપે જણાવ્યું કે ' સૂત્રાનુસારી સજ્જનને છાજતી પદ્ધતિથી ગમે તેટલું લખશો તો પણ અમો તેને વધાવી લઇશું ' સાહેબ ! આપના મતે તેવીજ પદ્ધતિતો આપે સ્વીકારી છે તે જ ગણાયને ? તો હવે એ આપનીજ દરેક પદ્ધતિને અનુસરીને જ હવે પછીનું લખાણ શરૂ કરીશ, તેની અહિં નોંધ લઇને પછી જ મારૂં લખાણ વાંચશો !

ફરક લાગે તો આપનાં ઝેરથી ચીતગયલાં અને ગાળોથી આળેખાયલાં પાનાં આની સામે જ રાખીને મેળવતા જશો ! આશા છે કે, પ્રાયઃ જરાય ફરક નહિ પડે ! એમ છતાં કયાંઇક વધી જાય તો લાભવાની માનશો !

વળી આપ લખો છો કે ' અને એની સામે એ જ રીતિએ શાસ્ત્રપાઠાદિ આપવા સાથે ઉત્તરો અપાશે તેમ જ ભૂલ જણાશે તે વગર સંકોચે સ્વીકારાશે, એમ અમો ખાત્રી આપીએ છીએ ' સાહેબ ! આપની ખાત્રી કેવી અવિશ્વસનીય છે, એ આગળ જણાવી જ ગયો છું. ' દિશા ફેરવો નાં ૧ 'માં પણ તદ્દન ચૂપ થઈ ગયા તેથી ભૂલો જણા-

ધ્ધજ છે, છતાં ખૂબ સંકોચ રાખીને જાહેર સ્વીકારી જ નથી ! વચનના પણ શાહુકાર હોત તો પંચાત જ શી હતી ?

છતાં આવું બોલનાર આપને પણ કોઇ સાચા માની લઇ ભ્રમમાં ન પડે એટલા માટે આ ‘ દિશા ફેરવો નં. ૨, ૩, ૪.’ માં આપની ભૂલોનાં આપનાં જ વચનો, તથા તેના ખોટાપણાની ખાત્રી માટે શાસ્ત્રના પણ પાઠો આપીને હજુ પણ પ્રગટ કરૂં છું, તેનો ‘ તંત્રી, સંપાદક આદિના પંછડા દૂર કરીને ’ પ્રગટપણે આપ જાતેજ સ્વીકાર કરશો ! જગતને ભ્રમમાં પાડનારા આપ, મારી આ બૂકના લખાણમાંથી એક બેજ ભૂલોની માફી માગીને બાકીની દરેક સાચી ભૂલોની ઉપેક્ષા કરવાનું કપટ કરો તો સાંગોપાંગ અક્ષરશઃ સત્ય સિદ્ધાંતને રજુ કરતી આ પવિત્ર બૂકને વિષે પણ કોઇ અજ્ઞાનો ભ્રમમાં પડે એવો ભય હોવાથી આપને ખાસ જણાવવું પડે છે કે, આપના ઘણાંય પાપો ખુલ્લાં કરનારી આ બૂક મળેથી ‘ આમાંની અમૂક વાતો તો સાચીજ છે, અને એ અમારી ભૂલ છે, વળી છદ્મસ્થ છીએ જેથી ભૂલ થઇ પણ જાય, પણ ભૂલ માલુમ પડે કે તુરત કબુલ કરવામાં ‘ જરાય નહિં ખંચકાનારા અમો સદાને માટે સજ્જ છીએ’ એવી વાગ્‌જાળના કુવ્યાપારમાં પડવું જ નહિં.

**એક બેજ ભૂલો હોય અને બીજી ન કબૂલ હોય તો, પ્રથમ તો જે ભૂલો કબૂલ ન હોય તેજ ભૂલો આપે પોતે જ જાહેર કરવી. આ સિવાય કબુલાતની વાયડાઈ કરવી જ નહિં.** આપ જે ઢબથી જવાબ માગશો તે ઢબે તો નહિં જ, પણ આપ જે ઢબથી મને જણાવશો તે ઢબથી જ તે મારા નક્કર લખાણની સત્યતા સિદ્ધ કરવા, હું આપની સામે સદાય તયાર જ છું, એની ખાત્રી માનશો. આમ ખુલ્લું કહું છું છતાંય આમ કર્યા સિવાય ‘ અમારે આ ચોપડીમાંની અમૂક ભૂલો કબૂલ છે, ’ એવું કોઈ પણ રીતિએ અંશ કબુલાતનું તર્કટ બહાર પાડશો તો તેથી આ મારા આખીય બૂકને આપે સાંગોપાંગજ કબૂલ કરી છે. એમજ હું માનીશ, અને તે પછી પબ્લીકને પણ એવી જ રીતે મનાવવાનો મારો હક્ક સદાયને માટે મારે સ્વાધીનજ રહેશે.

# 'દિશા ફેરવો' નાં-૩

## અહીં નામ છૂપાવ્યા છતાં એ વાત સિદ્ધ જ છે કે,

**એ અનુવાદ–શ્રી ગુણચંદ્રગણિ વિરચિત મહાવીર ચરિત્રનો જ છે !**
**શ્રી નયસારના વર્ણનમાં સેવેલું હડાહડ અભિનિવેશ !**
**શાસનના પરમસત્યોને ગુગળાવી નાખવા માટેનાં ભયંકર અડપલાં !**
**અભવીને પણ ભૂલાવે એવા આડા અને તેડા માર્ગનું શરણ લઈને**
**દુર્ગતિને જ આમંત્રણ આપવાની લત દૂર કરો.**

શ્રી ગુણચંદ્રગણિ વિરચિત મહાવીર ચરિત્ર શ્લો. ૪૭.

**अहवा पावाण कहायं होउ नियधम्मदूसण करीए !**
**आगच्छह आवासं कुणह पसायं ममेयाणि ॥ ४७ ॥**

અનુવાદ.

પ્રવચન વર્ષ–૭–અંક–૨૮,૨૯,૩૦, પૃષ્ટ ૩૨૬–' અથવા પોતાના ધર્મને દૂષણ લગાડનારી એવી પાપીઓની કથાથી સર્યું...આપ મારા આવાસે પધારો અને...મારી ઉપર અનુગ્રહ કરો !'

ઉપર મુજબ જ શ્લોક ૪૮, ૪૯ થી લઈ **गामचिंतगोऽवि कयत्थमप्पाणं मन्नंतो भोत्तूण समागओ तेसिं सगासे, भणिउंपवत्तो भवयं! आगच्छह तुम्हे जेण नगरगामिणि वत्तिणि उवदंसेमि, तओ पत्थिआ साहुणो तेण सद्धिं** ઈત્યાદિ.

અનુવાદ. પ્ર. અં. ૨૮, ૨૯, ૩૦.

'ગ્રામચિંતક નયસાર પણ પોતાના આત્માને કૃતાર્થ માનતા થકા ભોજન કરીને તે મુનિવરોની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે–હે ભગવન્ આપ પધારો કે જેથી આપને નગર પ્રત્યે જતી વાટને દેખાડું (તેથી) તે સાધુ મહારાજાઓ શ્રી નયસારની સાથે ચાલ્યા. ( સાહેબ ! આ આપના જ લખેલા દસ્કતો છે હો ! આ પછી ક્યાંઇ બેઠા અને મુનિવરોએ દેશના આપી, એવું આ આખાય ચરિત્રમાં ક્યાંઇ પણ લખેલું નથી અને સીધું દેશના જ શરૂ કરી એમ જ આવે

છે, છતાં પણ આપે બેસીને જ દેશના આપવાનું એકાન્ત વચન તો તુત રૂપે જ ઉભું કર્યું છે ને ?)

જુઓ—આ તુરત જ દેશના આપવાનું સૂચવનાર મૂળ પાઠ!

**तेसिंचमज्झे एगोमुणी धम्मकहालद्धि संपन्नो, तेणयणायं-जहा एस धम्म जोगोत्ति, ता अवस्सं सद्धम्मे निउंजियव्वो होइत्तिचिंतिउण भणिओ सो गामचिंतगो–भो महायस!** ઈત્યાદિ૦

અનુવાદ૦ પૃષ્ટ ૩૨૭ કોલમ પેલું ફકરો બીજો, ત્રીજો, તે મુનિવરોમાં જે મુનિવર ધર્મકથાના લબ્ધિ સંપન્ન હતા, તેઓએ જાણ્યું કે આ આત્મા ધર્મને માટે યોગ્ય છે. માટે એને સદ્ધર્મમાં અવશ્ય જોડવો જોઇએ! આવું ચિંતવીને ××× મુનિવરે ગ્રામચિન્તક શ્રી નયસાર પ્રત્યે કહ્યું કે–હે મહાશય! (જો કે અહિં સૂત્રમાંના **महायस** નો અર્થ મહાન્ યશસ્વી થાય અને આપે મન ઘડંત મૂકેલ **महाशय** એટલે મહોટા મનવાળો, મહોટા આશયવાળો થાય! બહાર જણાઇ આવતી અત્યંત શુભ કારવાહીથી જ આત્મા મહાન યશને પ્રાપ્ત કરે છે. આ શ્રી નયસાર તેવા છે! પૂ. શાસ્ત્રકારે પણ તેથી જ **महायस** કહ્યા છે, આને બદલે મહાશય કહીને સૂત્રકારનો મૂળ શબ્દ ઉવેખીને અને ઘરનું જ સૂત્ર ઘાલીને એમના પ્રગટ શુભ કાર્યોને છૂપાવવાનું પાપ વ્હોર્યું છે. ઉગવાને બદલે ઉંઘવા જેવી અનેકવાર ભૂલો કરનારા આપ પોતે જ છો એમ હજુયે સમજાય તો કેવું સારૂં ?

આ અંકના પૃ. ૩૩૩ કોલમ બીજું ફકરો પેલો પંક્તિ ૭થી તો સાહેબ! 'હાર્યો જુગારી બમણું રમે' એ કહેતી અનુસાર વ્રતને ખીતીએ મૂકીને જ આપે સ્વચ્છંદ વિહાર સેવ્યો છે! જુઓ! "સ્વચ્છન્દી કલ્પના કરનારે એમ પણ જણાવ્યું છે કે–'અવધિ કહો કે અપવાદ કહો, ગમે તે કહો, પણ સુવિહિત શિરોમણિએ કેટલાક ગ્રન્થકારોના જણાવવા પ્રમાણે માર્ગમાં ચાલતાં ઉપદેશ આપી શ્રી નયસારને સમ્યકત્વ પ્રાપ્ત કરાવ્યું છે' વસ્તુતઃ વિચાર કરવામાં આવે તો મારા ખ્યાલ મુજબ જે જે ગ્રંથો જોયા છે–તે પૈકીના કોઇપણ ગ્રન્થકાર મહર્ષીએ માર્ગમાં ચાલતાં નયસારને ઉપદેશ

આપવાનું જણાવ્યું નથી." સાહેબ! આ વાતમાં પ્રથમતો પૂ. આગમોદ્ધારક દેવેશ, એ જણાવે છે કે, કોઇ કોઇ ગ્રન્થમાં ચાલતાં દેશના આપવાનું કહ્યું છે! નહિં કે દરેક ગ્રન્થમાં! જ્યારે આપ જણાવો છો કે મારા ખ્યાલ મુજબ જે જે ગ્રંથો જોયા, તે પૈકીમાં તેવું જણાવ્યું નથી. સાહેબ! આથી આપના ખ્યાલ બહાર જે જે ગ્રંથો હોય તેમાં તો તેવું ખરૂં જ ને? અને જો તે ખરૂં જ છે તો આ પ્રસંગે ખ્યાલ બહારના ગ્રંથો તપાસી લઇને પછી જ પાટ ઉપરથી ફેંકે રાખવું વ્યાજબી હતું ને? આ કાંઈ ખોડી બામણીનું ખેતર છે? ચાલો! આ જે ચરિત્રનો ઝેર મીશ્રિત અનુવાદ આરંભ્યો છે. તે ગ્રન્થ તો જોયો છે ને? શ્રી કલ્પસૂત્ર સુબોધિકા વૃત્તિ પણ જોઇ જ છે ને? કે આમાં પણ ના કહેવા માટે આ અંકમાં મૂળ ચરિત્રકારનું નામ છૂપાવ્યું છે? અથવા તો આ બંને ગ્રન્થોની જવાબદારીમાંથી પણ અવસરે છટકી જવા માટે 'મારા ખ્યાલ મુજબ જે જે ગ્રન્થો જોયા છે' એમ બોલાયું છેને? સાહેબ! ચાલતાં ઉપદેશ આપવાનું ક્યાંઇ નથી જ, એમ જે સાચેજ બોલતો હોય તે આમ સાપની માફક વાંકો તેડો ચાલે?

ઉપર્યુક્ત આપની દાંભિક પ્રવૃત્તિને 'આપ જે ગ્રન્થનો અનુવાદ કરી રહ્યા છો તે ગ્રન્થ જ **तओ पत्थिआ साहुणो तेण सद्धिं** કહીને સીધું જ ચાલતા ઉપદેશ આપવાનું જણાવીને' મૂળમાંથી જ ઉખેડી નાખે છે. તેનું કેમ? શું આ ગ્રન્થમાં તેઓ ચાલ્યા પછી–ક્યાંઇ ઉભા રહીને, ક્યાંઇ બેસીને અથવા બીજી કોઇ રીતે પણ ઉપદેશ આપવાનું' કોઇ પણ સ્થાને શાસ્ત્રકાર મહારાજે જણાવ્યું છે? નહિં જ! જ્યારે ઉપદેશ આપ્યાનું તો સ્પષ્ટ જણાવે છે, અને તે પણ તેઓ ચાલ્યા પછી તુરત જ! આમ આ ગ્રન્થ જ ચાલતાં ઉપદેશ આપવાનું જણાવે છે. અને તેજ ગ્રન્થનો અનુવાદ કરી રહ્યા છો. છતાં–જૂઠું જ બોલવાનું કારણ શું? બીજાથી સુગાઇ ઉઠયા હો, તેથી વતે શું ગુન્હો કર્યો? સાહેબ! હડહડતા અભિનિવેશને શીંગ પૂછ ઓછાં જ હોય છે? ઉત્કટ માયામૃષાનું આનો ફક્ત સેમ્પલ જ ગણાય કેમ?

એ દાંભિક વૃત્તિની સાક્ષીમાં તે લખાણ પછીના જ પંક્તિમાં

તુરત જ આપ ઘરનું જ અને જુઠું સૂત્ર બનાવીને લખી બાફો છો કે, '**चलद्भिः साधुभिः धर्मदेशनया नयसारः सम्यक्त्वं प्रापितः** એવું ઘણા ગ્રન્થોમાંથી ક્યાંઇ જોવામાં નથી આવતું.' સાહેબ ! આપ આ બોલો છો કે બલો છો ? સ્વયં ઉભા કરેલા તુતના બચાવની, ગ્રંથો પાસેથી આશા કરતાં નાદાનને પણ લજ્જા આવે ! આપતો ભીત જ ભૂલ્યા ! સ્વયં કલ્પેલું અને તે પણ જુઠું–એવું સૂત્ર, સાચા ગ્રન્થ કારોએ પ્રરૂપેલા સાચામતમાં કદિયે હોય ? આપ કહેશોકે 'સૂત્ર' કલ્પિતતો ખરૂં, પણ જૂઠું કેમ ? તો જુઓ આપે રચેલ કૂડા સૂત્રમાં **साधुभिः** કરેલ છે, તે ન જોઇએ ! **साधुभि** જોઈએ, વળી તે પછી, **धर्मदेशनया** કર્યું છે તે પણ ખોટું છે, **धर्मदेशनया** જોઇએ ! કેમ સાહેબ ! સૂત્ર પણ જુઠું જ છે, એ વાત ખરી છે ને ? ( આ લોકના, લખવું જોઈએ, ત્યાં, આલોકના, લખાયલું ભૂલમાં જ રહી ગયેલું, તેટલા માત્રમાં પૂ. આગમોદ્ધારક દેવની સામે વ્યાકરણનું વામીટ ઓકવા તૈયાર થયેલનું કાળજું આ વખતે કયા ઝાડ ઉપર લટકતું હશે ? ' જો કે એ, આલોકના, માં કરેલ વ્યાકરણનો ઉપયોગ તો આપના તરફના ચાર પાંચ વખતના 'આલોકના'માં કરશું ) સાહેબ ! બે બૂકના અભ્યાસ માત્રમાં સૂત્ર ન બનાવાય ! આપે વ્યાકરણ કર્યું છે ? જો નહિં જ ! તો પછી અકાળે ગીતાર્થ કહેવરાવવાના ઉમળકા દફનાવી દઇ બોધ હોય એટલું બાફવું શું ખોટું છે ? સાહેબ કેવા સમર્થ છે ? આવા આવા સામે તો એજ ટકે ? એવું વાણીયાદ્વારા વખણાઇ પેટ ફુલાવવાથી ભવ નહિ ઘટે !

## અભવીને પણ અભડાવે એવા કાવાદાવા કરીને શ્રી સુબોધિકાવૃત્તિમાંનાં ચાલતાં ઉપદેશ આપવાના બીજા સાફ વિધાનને કેમ ઉઠાવો છો ?

આગળ વધીને આપ જણાવો છો કે '**गच्छद्भिः साधुभिः**' એમ આવેછે,અર્થાત્—'ચાલતા એવા સાધુઓએ' એમ નથી આવતું, પણ ' જતા એવા સાધુઓએ એમ આવે છે. ' ઠીક છે સાહેબ ! સીધે હાથે કાન પકડવા જન્મ્યા જ નથી એમજ ને ? ચાલતાને બદલે જતા

ઉપદેશ આપ્યાનો અર્થ બેસીને આપ્યા જેવા તફાવતવાળો નીકળે છે? નહિ જ, તો આ કુટિલતા શું કામ? તમો તો હવે બેસીને જ ઉપદેશ આપવાના મતમાં આવી ઉભા છો! અને એથી તો તેવા મતની જ પુષ્ટિ કરનારા ત્રણ ગ્રન્થોના (આપે આ અધિકારમાં) પાઠો પણ આપ્યા છે! તો હવે **गच्छद्भिः** નો અર્થ–ભાષા પ્રયોગને તજી **धात्वर्थः** માંજ રહીને, 'જતા' એમ કર્યેથી પણ આપને તો નફામાં જીભની ખજવાળ ઉતારવા સિવાય બીજો શ્યો લાભ છે, એતો કહો? 'જતા' અર્થ કરવાનો ફલિતાર્થ શું? ભવની જેણે ભીતિ છોડી તેને ખોટાંનો ડર શ્યો? સાહેબ! '**तओ पत्थिआ साहुणो तेण सद्धिं**' એમ કહેવાથી તો 'ચાલ્યા' એમ અર્થ થાય જ છે ને? કે અહિંથી પણ 'ગયા' એવો અર્થ કાઢવાનું મન થાય છે? હવે આપણે મૂળ વાત ઉપર આવીએ–કે સાહેબ! 'જતા એવા સાધુઓએ' એમ આવતું હોય તો પણ, જતા એવા મુનિવરોએ અમૂકને દેશના આપી' ત્યાં જતાનો અર્થ શું કરશો? બેસીને આપ્યો એમ? કહોકે 'ચાલતાં જ ઉપદેશ આપ્યો' એમ અર્થ લેવો જ યોગ્ય છે! **गच्छद्भिः साधुभिः**' એ પાઠ સુબોધિકામાંનો જ છે ને? અને એ આપે પર્યુષણામાં વાંચતી વખતે. 'સાધુઓએ ચાલતાં ઉપદેશ આપ્યો' એમ કહ્યું જ છે એવાત પણ સાવ સાચી જ છે ને? આ સૂત્રનો 'ચાલતાં ઉપદેશ આપ્યો' એવો જ અર્થ આપનામાં કાંઈક માનનારાઓ પણ કરે જ છે! શ્રાવક ભીમસિંહ માણેક તરફથી બહાર પડેલું શ્રી કલ્પસૂત્ર સુબોધિકા ટીકાનું ભાષાંતર કે જેની પાંચ પાંચ આવૃત્તિ બાળાવબોધમાં છપાઈ પ્રગટ થઈ ચૂકી છે! છેલ્લી આવૃત્તિ પ્રસિદ્ધ થયાને પણ અઢાર વર્ષ થયા છે! તે છેલ્લી આવૃત્તિમાં પણ પૃષ્ટ ૨૨ ની પેલી પુઠીની શરૂઆતમાં '**गच्छद्भिः साधुभिः** એ સૂત્ર નો 'ચાલતાં ધર્મ દેશના આપી' એમ જ અર્થ કર્યો છે! આ રહ્યા તે દસ્કત–**भोजन कर्या बाद ते साधुओने नमीने बोल्यो, महाभाग, चालो, आपने मार्ग बतावुं पछी मार्गमां चालता साधुओए 'आ योग्य छे' एमधारी धर्मनो उपदेश आपी तेने समकितनी प्राप्ति करावी.** (ઉંટડીના દુધને

અભક્ષ્ય કહેવાઈ ગયેલું અભિનિવેશથી પકડી રાખી બચાવમાં મેસાણાના ભંડારનો ટબ્બો પણ રજુ કરનાર આપને આવું પબ્લિક અને પ્રસિદ્ધ ભાષાંતર તો વિશેષે પ્રમાણ ભૂત લાગશે, એમ ધારીને ભાષાંતરનો પાઠ મૂકયો છે. )

**અહિં તેવોજ અર્થ લેવાય છે, એમ આવું લખતી વખતે પણ આપ જાણો જ છો ! એ વાત**

**આપે એ લખાણની નીચેજ જણાવેલી અસંગત યુક્તિ પણ પૂરવાર કરે છે ?**

સાહેબ ! આપના જૂઠાજ મતની પુષ્ટિ કરવા માટે જ્યારે સાચી યુક્તિ તો આપને શોધીય મળી નહિ, ત્યારે તદ્દન અસંગત જ કુયુક્તિ કલ્પીને ફેંકી છે ! અને તે આ રહી !–' ભાષામાં એમ કહેવાય છે કે– ઉપાશ્રયના માર્ગે જતા એવા માણસે દેહરે દર્શન કર્યાં ' ત્યાં એવો અર્થ ન થાયકે માર્ગમાં ચાલતાં ચાલતાં દર્શન કર્યાં. ' સાહેબ ! કેવી ભયંકર વક્રતા ? નાસ્તિકો પણ કાંઇક યુક્તિથી વાદ કરે, ચાલતાં ચાલતાં માર્ગમાં આવી ચડેલું સ્થિર એવું દેહરાસર કયાં, અને પ્રથમથી સાથે જ ચાલતા એવા નયસાર કયાં ? શું મુનિઓને માર્ગે ચાલતાં, નયસાર રસ્તામાં મળ્યા હતા ? નયસારમાં પેસીને, અને તે પણ પોતાને ઉપદેશ લેવો હતો ? દેહરાસરજીની માફક નયસાર,–કોઇ એક સ્થાને રહેલી અને અંદર પેસાય એવી પોલી અને સ્થિર એવી કોઈ વસ્તુ હતી ? કઇ જાતની શાણપત બતાવવા આ અણઘડ ગલોલો ફેંકી માર્યો ? હૈયું તો હાથ છે ને ? **આવું વેતરીને જગતમાં મુખ શું બતાવીશ, એમ પણ આપને નથી થતું ? કાંઇકિ પણ એમ થતું હોત તો અનિચ્છાએ પણ મકાઈમાં મજા માણવાની અણગમતી અને અકાળે આવી પડેલી મોજમાં મુંઝાવું જ ન પડત હો ! ક્યાં એ ગરવી ગુજરાત, અને ક્યાં કસડ ! ત્યાંના પદાર્પણો આ બાજુ તો થાય ત્યારે ખરા, કેવી દયામણી દશા ? હાથે કરીને વ્હોરી છે ને ? વાર્યા નરહ્યા પણ હાર્યા તો રહ્યાજ, પણ તે આ દશામાં !** વિનાશકાળે વિપરીત બુદ્ધિઃ ! ! !

**સાહેબજી** ! નયસાર જેમ મુનિરાજોની સાથે જ ચાલે છે. તેમ ખુદ ભગવાન જ મુનિરાજની સાથે ચાલતા હોય તો મુનિરાજે રસ્તે ચાલતાં પ્રભુના દર્શન કર્યાં એમ કહેવાય કે નહિ ? **ततः कूर्मग्रामं गच्छन् मार्गे तिलस्तम्बं दृष्ट्वा अयं निष्पत्स्यते न वेति गोशालः प्रपृच्छ, ततः प्रभुणा सप्तापि तिलपुष्पजीवा मृत्या एकस्यां शम्बायां तिला भविष्यन्तीति प्रोक्ते.** આ પાઠ શું સૂચવે છે ? ખુદ ભગવાને પણ, અને ગોશાલા જેવાની સાથે પણ, માર્ગમાં જતાં જતાં વાતચીત કરી જ છે ને ? શું આ વાતચીત ભગવાને ગોશાળામાં પેસીને કરી ? રસ્તામાં કોઈ જગ્યાએ બેસીને કરી ? આવી જ રીતે **ततः सिद्धार्थ पुरे व्रजन् गोशालेन स तिलस्तम्बो न निष्पन्न इत्युक्ते स एष तिलस्तम्बो निष्पन्न इति प्रभुः प्रत्याह,** આ પાઠ પણ ખુદ ભગવાને ચાલતાં જ વાતચીત કરવાનું સૂચવે છે કે ? જ્યારે નયસારને ઉપદેશ આપનાર મુનિવરોએ–" **गच्छद्भिः साधुभिः** વિગેરે સૂત્રોદ્વારા કોઈ કોઈ ગ્રન્થકાર" માર્ગમાં ચાલતાં ઉપદેશ આપ્યો તેમ જણાવે છે, આ પ્રમાણે શાસ્ત્રાનુસાર બોલનાર સામે ઉછળી પડીને, ઉંધા જઈને, ગ્રન્થકારના ધ્યેયનું પણ શા માટે ખૂન કરો છો ? આપનું આવું આવું હડાહડ ઝેર તથા અજ્ઞાનતા ભરેલું અસંગત જૂઠાણું પણ સાંભળવાં જ ટેવાઇ ગયલા હાજીયા શરણાંગતો યુક્તાયુક્ત વિચારવાની શક્તિને સાવ હણી બેઠેલા છે, એમ આથી ચોકસ માનવું પડે છે ! ઘાસ જેવી વસ્તુઓ આરોગીને તિર્યંચો પણ ઓગાળે છે, તેમ આવું તુચ્છ વદવું પીઇને એવા પણ કાંઇક ઓગાળવા લક્ષ આપે, તો તો આપની ભયંકર અનર્થકારી અજ્ઞાનતાને તેવાઓ પણ સહેજે જ પારખી લઈ ક્રમે આપની સમસ્ત પોકલતાના પણ સુપરિચિત થઇ જાય ! પણ એ દિન કબ ? ગોળ ખોળનો સાવ જ ભેદ ભૂલી ગયેલા બુદ્ધિહીન બાંગરાઓ આજે એ દશામાં મૂકાઈ ગયા છે કે–શાસનનું સત્યાનાશ વાળીને ફક્ત સંમૂર્છિમ જેવી જાતને પણ યેનકેન બચાવવાની જ ચિંતામાં શાસન ખુંદીને ચોગડદમ ધમસાણ ખેલી ધમચકડીના ચક્રાવામાં અનેક ધર્મીના ધર્મને પુરીને પછી પોતાની કુમાન્યતા રૂપી પાપ ઘંટીમાં

પીસીને, તે બનેલ આટા ઉપર આજીવિકા ચલાવનાર ઘોર કુવાદિ પાપાત્માને શાસનના પરમ ગીતાર્થોની સામે પણ બહુ બહુ બકતો દેખીને એને ગીતાર્થની સામે ગીતાર્થ ગણવા લાગ્યા છે! આવા કુવાદિમાં ગીતાર્થની ગંધ પણ ન હોય, એ ગમારોને જ્ઞાન ક્યાંથી હોય? એવાઓ તો કહી દે કે બંને જ્ઞાની છે! બંને ગીતાર્થ છે! બંને શાસનના સમર્થ સુભટો છે! શાસનને માટે બંને પ્રાણ પાથરી રહ્યા છે! પણ સાહેબ! આપતો સમજો જ છો ને? આવા લપોડને તેમજ ગપોડને ગીતાર્થ કહેવાય? કહેવાતા મધ્યસ્થો પણ આવી ઉચ્છૃંખલતાને ક્યાંથી પારખે? **આપને આવું અઘટતું ઉચરવું પડયું એ વાત જ જણાવે છે કે गच्छद्भिः साधुभिः નો અર્થ કુયુક્તિથી જ 'જતા એવા' એમ કરવાની સ્થિતિમાં આપ મૂકાયા છો! અને એથી આમ લખતી વખતે તો 'ચાલતા એવા' એવો અર્થ આપના મનમાં પણ છે એ સિદ્ધ જ છે!**

આ પછી પણ આગળ વધીને આપ કહો છો કે 'દહેરાસરમાં જઇને દર્શન કર્યાં હોય છતાં, એમ કહેવાય કે—મેં જતાં કે આવતાં દર્શન કર્યાં. એનો અર્થ એમ જ કરવો જોઇએ કે માર્ગમાં જતાં કે આવતાં જ્યાં દહેરાસર આવ્યું ત્યાં દહેરાસરમાં ગયો, દર્શન કર્યાં, પછી બહાર નીકળ્યો અને તે પછી ઉપાશ્રયે આવ્યો અને ગયો' સાહેબજી! શ્રોતાઓનું કેટલુંક હિત હણવું છે? આપને ભવભીતિ નજ હોયતો આપનું આપ જાણો, પણ એ બાપડાઓને તો છોડો! 'નયસારમાં પેસીને સમ્યક્ત્વ પમાડયું' એમ કોઇ કહે છે? નહિ જ! તો દહેરાસરજીમાં જઇને દર્શન કર્યાં હોય છતાં'—વિગેરે અસંગત અને એઠું જ શું કામ ઉચરો છો? શું દુનિયાના દરેક જનોને અક્કલહીણા માની લીધા છે કે, જેથી નશાવાનની માફક ફેંકયે જ રાખ્યું છે? **મારા સાહેબ! આવા ઉટપટાંગો મારીને વાણીયામાંજ વખણાવાના કોડ વિદ્વાનોના હૃદયમાંથી તો સદાય માટે સ્થાન ગુમાવ્યું!!!** આવુંજ જીવન જીવવું નકી કરી લીધું હોય તો પછી '**પૂ. પ્રવચનકારશ્રી શાસ્ત્રીય પદ્ધતિ મુજબ લેખિત ચર્ચા કરવાને તયાર છે'**

આવા અરધા ઇંચના લાંબા લીયાળા ચીતરીને ખોટી ડંફાશો શું કામ હાંકો છો ? બીજાને શાસનના સત્યના ચોર કહેનાર પોતે જ તેવો ન હોય તો ' ભસતો જ શ્વાન જેમ ભસતો જાય અને ભાગતો જાય, તેમ બકવાટ કરતો દૂરદૂરના પ્રદેશોમાં ઉંડો ઉંડો પેસી જ જતો જઇને ભાગતો ફરે કે, દુર હોય ત્યાંથી પણ ખેંચાઇને નજીક આવે ? સાહેબ ! ખૂબજ કરી, આવો કુટિલ વાદિ અદ્યાપિ પર્યંત શાસનને કોઈ સાંપડયો હોય એમ જણાયું નથી !

**લેખિત ચર્ચા કરવાની ડંફાશ પણ–' આવી તુચ્છ પદ્ધતિ સ્વીકારવી સુલભ બને ' એટલા માટે જ મારી છે ને ? શું આપની શાસ્ત્રીય પદ્ધતિ ! ! !**

એ પછી આપ વદો છો કે ' વચ્ચે ઉભા રહેવા છતાં પણ એમ કહેવાય છે કે–મેં જતાં જતાં અમુક કામ કરી લીધું ' શ્રીમાન્ ! આમ બોલીને આપશું કહેવા માગો છો ? જતાં જતાં એટલે ચાલતાં ચાલતાં નહિં જને ? ખૂબ જ વ્યાકરણ ખીલ્યું હો !

આવા અનેક ગપ્પાં મારીને શ્રી સુબોધિકા ટીકામાંનો ' **मार्गे गच्छद्भिः साधुभिर्योग्योऽयमिति धर्मोपदेशेन सम्यक्त्वं प्रापितः**' આ પાઠ ' માર્ગમાં ચાલતાં જ દેશના આપવાના સ્પષ્ટ વિધાન રૂપ હોવા છતાં, તે પણ ઉથલાવી નાખીને ' ચોર કોટવાળને દંડે ' એ ન્યાયે આપ એથી પણ આગળ વધીને વદો છો કે " આટલો વિચાર પણ વાકયાર્થ, મહાવાકયાર્થ, અને ઐદંપર્યાર્થની વાતો કરનારને ન આવ્યો, અને કહી દીધું કે, કેટલાક ગ્રન્થકારો માર્ગમાં ચાલતાં સુવિહિત શિરોમણિએ ઉપદેશ આપ્યો એમ જણાવે છે. ગ્રન્થકાર મહર્ષિઓના નામે ગ્રન્થમાં નહિ એવી બાબતો જણાવવી એય કોઇને પણ માટે યોગ્ય નહિ " સાહેબ ! **ઉપર્યુક્ત આપની માયાવી ગડમથલો ખુલ્લી કર્યા બાદ તો માણસાઇ હશે તો આશા છે કે આપને વિવેક ચક્ષુ ખોઇ બેઠેલો પણ કેટલોય ભદ્રિક વર્ગ જાણી શકશે કે પોતાનાં પાપો ઢાંકવા માટે અનેક પાપો કરીને પણ**

**ગ્રન્થમાં નહિં એવી વાતો કરનાર ખુદ આપ પોતે જ છો ! અને એથી જ આ બાબતમાં વિશેષ લખવું ઉચિત માન્યું નથી !**

**આ** દરેક વાતો અને આને લગતી આ પછીની વાતો પ્રવચન વર્ષ–૭ અંક ૨૮–૨૯ અને ૩૦. સં. ૧૯૦૨ પોષ શુદિ ૪ માંહેની જ રજુ કરૂં છું. જ્યારે સિદ્ધચક્ર પાક્ષિક વર્ષ ત્રીજું અંક ૫ સં. ૧૯૯૧ ના માગશર શુદિ ૧૫ ના અંકમાં પૃષ્ટ ૧૦૧ 'છતાં એક સુબોધિકાના લેખ ઉપરથી આગળ લખવામાં આવેલા નયસારના વિવેચનથી જેમ કોઇક મનુષ્યે જીભની ચળ ઉતારી લેખનના ગોદા માર્યા છે તેવી જ રીતે અહીં સમ્યકત્વના પ્રસંગમાં પણ જીભની ચળ ઉતારે નહિ અને લેખનના ગોદા નકામા મારી પોતાના પેપરને અધમસ્થિતિમાં મેલે નહિ ! એટલા માટે જણાવવું જરૂરી છે કે–કોઇક શાસ્ત્રકાર આહાર પાણીના દાન આદિથી સમ્યકત્વ થયું કહે છે, કોઈક આહાર પાણી થયા પછી માર્ગ બતાવવા પહેલાં દીધેલા ઉપદેશથી સમ્યકત્વ થયું કહે છે, વળી કોઈક માર્ગમાં જતાં વચમાં બેસી ધર્મોપદેશ આપ્યો તેથી સમ્યકત્વ થયું એમ કહે છે, જ્યારે કેટલાક શાસ્ત્રકારો માર્ગમાં ચાલતાં મુનિઓએ આપેલા ધર્મોપદેશથી નયસારને સમ્યકત્વ થયું એમ કહે છે. આવા સમ્યકત્વની પ્રાપ્તિના વિવિધ લેખોમાંથી તત્ત્વને અંગે કોઈ પણ જાતની વિરૂદ્ધતા ન દેખતાં કથાના પ્રસંગોમાં વિવિધપણું બનવું સ્વાભાવિક ગણી માત્ર માર્ગમાં ચાલતાં ધર્મોપદેશથી સમ્યકત્વ પમાડયું એ એક જ વાતને અહીં આગળ ઉલ્લેખમાં લીધેલી છે,' સાહેબ ! સં.૧૯૯૧ના માગશર માસમાં જણાવેલ આ સ્પષ્ટ ખુલાસાને સં.૧૯૯૨ ના પોષ માસે કેવી ભયંકર રીતે આપે ગુગળાવવાનું કારસ્થાન રચ્યું છે, એ જનતા સહેલાઇથી જાણી શકે તેટલા માટે અહિં રજુ કરેલ છે. તેર મહિના અગાઉ જ પૂ. **આગમોદ્ધારક દેવેશ ચોખું ફરમાવે છે કે 'ઉપર મુજબના અનેક વર્ણનમાંથી ફક્ત માર્ગમાં ચાલતાં ધર્મોપદેશથી સમ્યકત્વ પમાડયું એ એક જ વાતને અહિં ઉલ્લેખમાં લીધેલી છે,** સંયમને સળગાવીને જીવનમાં ફક્ત કીનો જ કકળતો રાખેલ હોવાથી આવા સાફ સાફ કથનોને જનતાના મગજમાંથી

વિસારે પાડવા માટે તેર તેર મહિના જેટલો લાંબો ગાળો વ્યતિત થવા દઇને પછીથી જ—અનેક સાથે નિષ્કારણ અફળાપ્ત અળખામણા બનેલા આળવિંતરા આપે—પૂ. આગમોદ્ધારક દેવે તે તેર મહિના પૂર્વે ભાખેલા ભવિષ્ય ઉપર 'કલમના ગોદા મારી જીભાનની ચળ ઉતારીને' સત્યતાની મ્હોર છાપ મારી છે! સાહેબ! **આવી નરાધમોને પણ અછાજતી અધમતાને શરણ પડી ભયંકર દુર્ગતિને નોતરી રહેલા રેઢીયાળોની કોને દયા ન આવે?**

આ અંકનાં પૃષ્ટ ૩૩૩ **માંજ** અને તે બીજા જ કોલમના બીજા ફકરામાં છેલ્લે આપ જણાવો છો કે 'માટે આ ચરિત્રના વર્ણન ઉપરથી, તેમાં સ્પષ્ટપણે નહિં જણાવેલ છતાં પણ 'માર્ગે ચાલતાં મુનિવરે ઉપદેશ આપ્યો, એવું કથન કરવું એ ખોટું ઠરે છે.' સાહેબ. આપ પણ કૂડા અને આપના કાટલાં પણ કૂડાં! બલ્કે જેણે મૂકી લા. જ એને આખી દુનિયાનું રાજ! સાહેબ! કયા ચરિત્રના વર્ણન ઉપરથી? ચરિત્રનું નામ ખુલ્લું આપવાને બદલે કેમ છૂપાવવું પડે છે? "જે ચરિત્રનો હું અનુવાદ કરી રહ્યો છું, તે શ્રી ગુણચંદ્ર ગણિએ રચેલું આ ચરિત્ર છે." એમ ખૂલ્લું કહેતાં તો તેમાં **तओ पत्थिआ साहुणो तेण सद्धिं** કહીને ચાલતાં દેશના આપવાનું સ્પષ્ટ વિધાન છે, તે બીજા કોઇ જાણી જાય, એટલે જ ખંચાવ છો ને? રંગ રાખ્યો! આનું નામ ગીતાર્થ! ન દેખ્યા હોય ભૂત તો દેખી લ્યો ભરવાડા! સાહેબ! કુટિલતાથી હઠે ભરાઇને આડું આરડતાં પેટપૂર પટકાયા છો! હવે શું કાંઇ બાકી છે? અહિં તો **पत्थिआ** નો અર્થ 'જતા' કરવાની હામ નથીને? સાહેબ! અહિં તો આપ ગળાબૂડ અફળાયા છો, અને તેથી જ પૂર્વે રચેલા **चलद्भिः साधुभिः** વાળા કલ્પિત પાઠની પેઠે અહિં પણ કલ્પી કાઢી લખી બાફ્યું કે—'તેમાં સ્પષ્ટપણે નહિ જણાવેલ છતાં પણ' સાહેબ! આથી આપ શું ભરડવા માગો છો? 'સ્પષ્ટપણે નથી જણાવ્યું' એનો અર્થ અસ્પષ્ટપણે પણ ચાલતાં જ દેશના આપવાનું જણાવ્યું છે એમજને? અને જો એમજ છે તો પછી તુરત જ આપ કાળું કૂટો છો કે 'માર્ગે ચાલતાં મુનિ-

વરે ઉપદેશ આપ્યો ' એવું કથન કરવું એ ખોટું ઠરે છે ' સાહેબ! સ્પષ્ટપણે નહિ જણાવેલ છતાં પણ તેવું કથન શાથી ખોટું ઠરે છે, એ તો કહો? આ ચરિત્રમાં એવો કોઈ આધાર છે, કે-મનઘડંત ફેંફે જ રાખો છો? કાંઇક પણ અર્થીપણું હોય તો જૂઠાણાની અવધિ બાંધો! સાહેબ! આવું જુઠું બોલતાં-**'ચાલતાં દેશના આપવાનું કહેનાર સૂત્રકારોના વચનોને જ આપ ખોટાં કહો છો એનોય ખ્યાલ રાખવાની પરવાર તો વૈરનીજ વકીલાતે ચઢેલા આપે રાખ્યો જ નહિં, એ પણ ભયંકર પાપચારિતા ખરીને?**

**આ** આપના લખાણની ઉપરની જ પંક્તિઓમાં આપ જણાવો છો કે-" પૃથ્વીના તલ ઉપર મસ્તક જે રીતિએ સ્પર્શાય તે રીતિએ ગુરૂચરણોને પ્રણમીને શ્રી નયસારે કહ્યું, શું ચાલતાં ચાલતાં આવા પ્રણામ શક્ય છે? નહિ જ!" સાહેબ! આવી રીતે ચાલતાં પ્રણામ શક્ય નથી જ ને? જુઓ આ પાઠ શું કહે છે?-**ततः सुरभीपुरं गच्छन्तं स्वामिनं पञ्चभी रथैर्नैयका गोत्रिणो राजानो वन्दितवन्तः '**

અર્થ—ત્યાંથી સુરભિપુર તરફ જતા સ્વામિ (વીરપ્રભુ)ને પાંચ રથોએ કરીતે સહિત એવા નૈયક ગોત્રના રાજાઓ વાંદતા હતા, આ સૂત્રનો-ખેમશાઇ ભાષાંતર પૃષ્ટ ૧૬૬ માં પણ આ પ્રમાણે અર્થ છે જુઓ-' ત્યાંથી સુરભીપુર તરફ જતા પ્રભુને પાંચ રથ યુક્ત નૈયક ગોત્રના રાજાએ વંદન કર્યું, ' આ આપના પ્રવચન પૃ. ૩૩૩ ના પેલા ફકરામાં પંક્તિ ૨૩ થી ૨૪ માં ખુદ આપ સાહેબ જ આવું બોલી રહ્યા છો, તે વખતે શું ચિત્તભ્રમ હતું? કિન્તુ ખુનશમાં ચડેલાની દશા જ અકથનીય હોય છે! ત્યાં આપ શું બોલ્યા છો, ખ્યાલ છે? જુઓ-' વચ્ચે ઉભા રહેવા છતાં પણ એમ કહેવાય છે કે મેં જતાં જતાં અમૂક કામ કરી લીધું ' આ આપના જ શબ્દો છે ને? આનો સીધો અર્થ એ જ છે ને? કે-વચ્ચે ઉભા રહેવાનું કલ્પીનેય ચાલતાં ચાલતાં પણ ઉપદેશ આપ્યો જ છે એમ માનવામાં કશોય વાંધો આવતો જ નથી! ચાલુ જ વ્યાખ્યાનમાં ફક્ત એક જ મીનીટ જેટલા ટાઈમ

પહેલાં જ આપના મગજમાં આ સમજણ હતી અને બીજી જ મીનીટે ' શું ચાલતાં ચાલતાં આવા પ્રણામ શક્ય છે ? ' આવું અજ્ઞાન ઉછાળનારી કમ અક્કલ કયા ઘોર અંતરાયના ઉદયે આવી ભરાણી ?

સાહેબ ! આપને અહિં પ્રશ્ન છે કે—આપ વિહારમાં ચાલ્યા જતા હો તે વખતે કોઇ ભક્ત સામેથી ચાલ્યો આવતો હોય, તેનું વંદન આપ ચાલતાં ચાલતાં ઝીલી શકો છો કે, કોઇ એક સ્થાને બેસીને પછી વંદન ઝીલો છો ? જવાબ આપશો કે ? જે વસ્તુ આચરો છો તેને પણ ઉંધી જ મરડવી એમાં કયું ખપી પણું આવી ભરાયું ? આત્મ સાધન તજી આ સ્થિતિમાં પટકાયલા આપને નફામાં તો વિદેશ ગમન જ ને ? જ્યારે કૂડાં કાટલાં કેળવીને પણ મેળવેલાં માનપાન પૂજાદિની સ્થિતિ તો—સાહેબ ! ' કીડી સંચે અને તેતર ખાય ' એજને ? લાલબાગ હજુ પણ બીજાં દશ વર્ષ એક ધરે રહે તોયે આપને તો ભુટાજને ?

આ પછી પૃષ્ટ ૩૩૩ ના છેલા ફકરાથી ૩૩૪ ના પેલા ફકરા સુધીમાં ' કલ્પકિરણાવલી, ત્રિષષ્ટિ પર્વ, અને શ્રી નેમિચંદ્રસૂરિના ગ્રન્થોમાંના ' વૃક્ષ નીચે બેસીને દેશના આપવાના પાઠો આપે છાપી નાખ્યા છે ! પણ સાહેબ ! બીજા કોઇ ગ્રન્થોમાં ' બેસીને દેશના આપવાનું ' વિધાન જ નથી એમ કદિયે કોઇએ કહ્યું છે ? નહિ જ ! તો આવી ઘેલછા શું કામ કરી ? વાણીયાને વિદ્વતા જણાવવા ? ' ચાલતાં જ દેશના આપી છે. ' એમ એકાંત તો કોઇ કહેતું નથી ! એમ જ જણાવ્યું છે કે ' કેટલાક ગ્રન્થકારોના જણાવવા પ્રમાણે માર્ગમાં ચાલતાં ઉપદેશ આપ્યો. ' સાહેબ ! તેર મહિના અગાઉ સિદ્ધચક્રમાં લખેલી તે સ્પષ્ટ વાતના ખુની બનીને દિનમાન પરવાર્યો હોવાથી વાણીયાને ન કહો તોયે આ વાકયમાંથી પણ ' કેટલાક જુદી રીતે પણ દેશના આપી એમ કહે છે ' એવું ધ્વનિત નથી થતું ? જો થાય જ છે તો અહિં તદ્દન બીન જરૂરી પાઠો છાપી મારવાની ધૂન શાથી ભરાઈ ? અમે પાઠથી જ લડીએ છીએ એમ વાણીયાને જણાવવા ? આમ તો કહો છો કે અમે વાણીયાને આધીન નથી અને બીજી બાજુથી આવું આવું

કરીને પુચ્છડી તો વાણીયા પાસેજ પટપટાવો છો ! અને તે પણ અ-જ્ઞાતોને ભરમાવવા ! સાધુ મહારાજાઓ તો આપની અધમતાને આકંઠ ઓળખી ગયા છે, અને એ વાત ખુદ આપ પણ પેટપૂર જાણ્યા વિના તો દક્ષિણ તરફ વહેતું ઓછું જ મૂકો ? વાણીયાને વફાદાર રહેનાર શાસનનું શું ઉકાળવાનો ? વાણીઆને જ રાજી રાખવા માટે તો લેખિત ચર્ચા કરવાનો સાડલો ઓઢો છો, એ કોણ નથી જાણતું ? એવાં લ-ખાણો તો ઉચ્છ્રંખલોએ છટકી છૂટવાનાજ એ કાવાદાવા છે, ચેલેંજ ફેલેંજ ન હોય !

એ દરેક વાત ઉપર પડદો પાડીને આપને હવે એ પણ પુછી લઉં કે સાહેબ ! વૃક્ષ નીચે બેસીને જ દેશના આપવાના એકાન્ત આ-ભિનિવેશની પુષ્ટિમાં તો આપે ઉપર્યુક્ત ત્રણ ગ્રંથના પાઠ આપ્યા, પણ સાથે આપ જેનો અનુવાદ કરી રહ્યા છો તે મહાવીર ચરિત્ર તથા સુબોધિકાવૃત્તિ વિગેરે ગ્રન્થો પણ એમજ સૂચવતાં હોય તો તેના પાઠો પણ અહિં કેમ ન મૂકયા ? બલ્કે તે બે ગ્રન્થોથી તો આ બધું બોલી રહ્યા છો, અને અહિં પાઠ મૂકતી વખતે તેને જ કેમ છૂપાવ્યા ? આ-પની મનઘડંત કલ્પનાથી તે ગ્રન્થો વિપરિત જ વદતા હતા તેથી ને ? સ્પષ્ટ કહીએ તો ચાલતાં જ દેશના આપવાનું વિધાન કરતા હતા તેથી જ ને ? ખરેખર ! કળા જ કરવાની ધૂનમાં ચડેલા મયૂરને પાછળનો શ્યો ખ્યાલ ?

આપની આવી જ કુટિલતાને તાદશ પીછાણીને જ. પૂ. આગ-મોદ્ધારક દેવેશ **શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજા** એ શાસન પ્રત્યનીકોની દશાના અતિ અનુભવથી પ્રાયઃ બે વર્ષ પૂર્વે '**દિશા પલટી પણ દેશ ન પલટવો પડે તો સારૂં**' એ સોનેરી સૂત્ર આપને ફરમાવ્યું હતું ખ્યાલ છે ને ? શું એ સત્ય કરી બતાવવા જ આપ ઉંડા ઉતરી રહ્યા છો ? ગમે તેમ હો પણ દેશ તો પલટયો એ વાત તો પ્રત્યક્ષ જ છે ને ? ભલેને 'અમોને ઘણાય વખતથી વિનંતિઓ હતી અને એમણે એવું સાંભળ્યું હશે' વિગેરે ખોટું લખીને લાગેલો ભય છુપાવો, તેથી શું ?

તે બાજુ આપને વિનંતિ જ કોણે કરી છે? જુઓ આપના જ પ્રવચન વર્ષ ૮ અંક ૬ માં પૃષ્ટ ૭૮ આપે જ શું લખાવ્યું છે? આ રહ્યા તે દસ્કતો–' હવે મુંબઇમાં પૂ. પ્રવચનકારના ગુરૂદેવને ચાતુર્માસ બાદ દક્ષિણ બાજુ પધારવાની વિનંતિ ચાલુ હોવાનો ધ્વનિ એ લખનારને કાને પહોંચ્યો હશે' સાહેબજી! જુન્નેરમાં કોન્ફરન્સ ભરાયા પછી તો તે દેશમાં કોન્ફરન્સ તરફથી થએલા આપની વિરૂદ્ધના સતત્ પ્રચારને અંગે સમસ્ત દક્ષિણ દેશ આપને તો લગભગ જૈન કોમના ડાયર તરિકે જ ઓળખતો હતો, અને એથી આપને તો દક્ષિણમાંથી કોઇએ વિનંતિ નથીજ કરી તે વાત તો, આપ ઉપર પ્રમાણે લખાણ ન કરાવો તો પણ ખુલ્લી રીતે જાણી શકાય છે, પણ કોઈ એકાદ બે ભક્તો એ જ, અને તે પણ માત્ર આપના ગુરૂદેવને જ દક્ષિણમાં આવવા વિનંતિ કરી હોવા છતાં કદાચ આપના ગુરૂદેવની આંગળીએ તો આપ જઇ પણ શકો, પણ ગુરૂદેવ રહ્યા લાલબાગમાં, અને આપ દક્ષિણ સિધાવ્યા તેથી આપ જે આમ વગર વિનંતિએ પોબાર ગણી ગયા, તે તો હવે અહીં રહ્યા તો દોકડા માટી છે' એવી ચોકખી સમજણનું જ પરિણામ છે, તથા વિનંતિઓની વાતો કરો તે તમારા જ દસ્કતથી જૂઠી છે એમાં ક્યાં ના કહેવાય તેમ છે?

**આપની એ હાલતમાં પણ--આપનાં જૂઠ્ઠાણાંને જીવતાં રાખ્યા વિના સ્વયં પણ સુહાલતે જીવવું ભારી જણાયેલછે જેમને, એવા આપના વડિલો તેમજ આપનામાં માનતા વારસદારોને–મોજીલો લાલબાગ હજુ પણ ગળે વળગ્યો છે! કારણ કે દશ દશ વર્ષથી પ્રાયઃપોતાનેજ ઘેર કરી રાખેલા એ સ્થાનમાં શાસનના સત્યને યથાર્થ છણનારા કોઈ મુનિરાજો આવી ચડે તો તો પછી ત્યાંની પાટેથી અનેક જૂઠાણાંઓ ફેંકીને મિથ્યાત્વમાં પટકેલા બાળજીવોનું અંતર ખુલી ગયેથી, દશ દશ વર્ષની મેળવેલી કમાઈ માટીમાંજ મળી જાયને? એકનેજ પનારે પડેલા શ્રોતાઓનું પણ કમ ભાગ્ય તો ખરૂં જ ને?** અને એનું પરિણામ એ આવ્યું કે રાગમાં પટકાયલા શ્રાવકો, તે પ્રાયઃ શ્રી રામ-

નાજ શ્રાવકો ! અમેજ મહાન્ સમ્યગ્દૃષ્ટિ, એમજ માની બેઠેલા ! કારણકે એમણે તો શ્રીરામના ઘરનું નૂતન સમ્યકત્વજ મેળવેલું છે ને ? એ બીજા ગમે તેવા મહાવ્રત ધારી હોય તેને સાધુ માને બાને નહિં ! કારણ કે તેઓ શ્રી રામની આજ્ઞાના તો નહિંને ! અને એથી એને વંદનાદિ પણ કરેજ નહિં ! કારણ કે એ સમકિત જાયને ! એ સમ્યકત્વ પીધેલ શ્રાવિકા પણ પોતાને સુલસા માની શ્રીરામની આજ્ઞાથી વિપરિતના મહાત્માઓને–પરીક્ષા માટે ચતુષ્રૂપધારી અંબડના રૂપો જેવા માને ! બીજામાં એ સાધુપણું માનવાની ભૂલ કરે બરે નહિ ! સાહેબ ! આવી આત્રી અભૂત પૂર્વ જમાવટો કરીને શ્રી વીરના બદલે ઘરનુંજ શાસન સ્થાપ્યું હોય તે જમીન દોસ્ત થઇ જાય ને ? આવી જમાવટો શ્યે છોડી જાય ? **આવા અનેક ભયને લીધે આ વર્ષે પણ ઉપાધ્યાય શ્રી ક્ષમાવિજયજીને તથા પન્યાસ મેરૂવિજયજીને આચાર્યાદિ પદના ઓઠાં નીચે આપે ત્યાં થાપણ તરીકે સ્થાવેલા આપના ગુરૂદેવશ્રીએ લાલબાગ હાથોહાથ સુપ્રત કરવા બોલાવી લીધા છે ! જો જો હો, રખે કોઇ બીજો પેસીને બાજી ઉંધી ન મારી જાય ! ખૂબ ખૂબ સાવચેત રહેજો ! સાહેબ ! જો લાલબાગ હાથમાંથી ગયો તો ઘર્યુ સોનું ધૂળજ થયું માની લેજો હો** ! જો કે ગુરૂજી પણ દક્ષિણ સાધે એમ લાગે છે.

ખરેખર ! સદ્‌ગૃહસ્થો પણ જે સ્થાનમાં જમાવટ પામ્યા હોય, તે સ્થાન પ્રાણાન્તેય છોડવા ઇચ્છતા નથી તો આપ તો છોડોજ કેમ ? આથી એનાએ સ્થાનમાં રહીને એનાએજ સેવકોને એનુંએજ ઝેર નિશદિન અને નિરંતર મળી રહ્યું છે, અને તેથી ત્યાં આવતા ભકતો આપને જ દેખે, આપનું જ ગાયું ગાય એમાં અલ્પેય આશ્ચર્ય નથી !

તીથીની ઉત્થાપકતાનું પાપ પણ તે સ્થાનમાંથી જ આપ વ્હોરી શકયા છો ! ન્હાય તેવું સ્થાપવા કે ઉત્થાપવાને અનુકુળ કરી મૂકેલ એ સ્થાન છે એટલે જ એ ‘ ડુબતાં ને ગળે શીલા ’ માફક છાતીએ ચોડયું છે ! આપની અર્થિતા તો આજ કે બીજી ? એ સ્થાનમાંથી આપે સમાજમાં ઉલ્કાપાત મચાવનારો એવો બેસુરો સુર કાઢયો કે

કોઇ પણ તીથીના ક્ષયે પૂર્વ તિથીનો ક્ષય કરવો એમ કહ્યું જ નથી. '**क्षये पूर्वा तिथिः कार्या**'નો અર્થ 'ક્ષય પ્રસંગે પૂર્વની તિથિએ ક્ષય તિથિનું આરાધન કરવું, એમ જ થાય! પૂર્વ તિથિનો ક્ષય જ થાય એમ તત્ત્વતરંગીણીકાર પણ કોઇ સ્થળે કહેતા જ નથી! અને એથી તિથિનો ક્ષય આવે તો પૂર્વ તિથિનો ક્ષય નહિં કરતાં બે તિથી ભેળી જ લખવી! આવું ધતિંગ કેં કર્યું તો ખરૂં પણ સાંભળનારા જીહા કરનારા, તેથી ત્યાં ઝીલાય તેમાં શું આશ્ચર્ય? બીજે કોઇ સ્થળે આવું પાપ ઉચરો કે તુરત સામેથી આપને સં. ૧૯૮૦ની સાલમાં આપનાજ શ્રીમુખે ઉચ્ચરેલા, અરે એટલું જ નહિં પણ લખીનેય બહાર પાડેલા **પ્રવચન વર્ષ ૬ અંક ૧૨, ૧૩, ૧૪, પૃષ્ઠ ૧૭૭ કોલમ પહેલામાંનો "એકજ દિવસે ત્રણ તીથિનો ભોગ આવતો હોય તો વચલી તિથિ ક્ષય તિથિ કહેવાય છે. તે તિથિ જો આરાધ્ય પર્વ કોટિની હોય તો પૂર્વની તિાથની જગ્યાએ તેનેજ કાયમ કરાય છે: કારણ કે તે ક્ષય તિથિની સમાપ્તિ પણ તેજ દિવસે થાય** છે. આ લખાણવાળો પાઠ રજુ કરે પછી શું બોલી શકો? કારણકે અહીં આરાધ્ય તિથિનાં ક્ષયે તો તે તિથિને જ પૂર્વની તિથિની જગ્યાએ કાયમ મૂકવાનું કહીને પૂર્વ તિથિનો ક્ષય કરવાનું આપ શ્રી મુખે જ કબૂલી રહ્યા છો! હવે ફર્યે શું દિ વળે? આથી ક્ષય વખતે એક સાથે બે તિથિ લખવાનું પણ તમારાથી ક્યાં બોલાય તેમ છે? તેમજ એ અંકના એજ પૃષ્ટના કોલમ બીજામાં પણ આપે સાફ સાફ લખી નાંખ્યું છે કે. '**પર્વતીથીના ક્ષયે પૂર્વ તિથીનો ક્ષય કરવો.' જુઓ! 'શ્રી તત્ત્વતરંગિણીનો આધાર તો સંવત્સરીની ચોથનાં ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે, કે જે નિયમ પ્રમાણે પહેલાં પણ વિક્રમ સંવત ૧૯૩૦માં વર્ત્તન થયું હતું**.' એમ પણ લખી ચૂકનાર આપજ છોને? એમ ચોખ્ખું જ ચોડી દો! પછી તો આપનું પાપ છુપું જ કેમ રહે? હજુ પણ દિનમાન ધરે હોય તો ઉત્થાપકતાનું કાળું કલંક ભુંસી નાખવા કમર કસીને આગળ આપ જ બોલ્યા છો તે પ્રમાણે વર્ત્તો, કે જેથી '**क्षये पूर्वा**'નો અર્થ પર્વતિથીના ક્ષય

વખતે પૂર્વ તિથીએ તે તિથીનું આરાધન કરવું એમ જ સૂચવે છે, તથા તત્ત્વ તરંગિણીકાર પણ તેવા પ્રસંગે પૂર્વ તિથિનો ક્ષય કરવાનું કહેતાજ નથી, વિગેરે નવોજ મત સ્થાપવાની રસિકતામાં આજે જે આપનાજ વચનથી વિપરીત બોલાયાને અંગે બે તિથી ભેળી લખીને પણ શેવલાં ખાધાંનું વહોરેલું ભયંકર પાપ ખપવા માંડે! સલાહ માનશો ? ૧૫ કે ૦))ના **ક્ષયે તેરશનોજ ક્ષય કરવો, ભાદરવા શુદિ ૫ના ક્ષયે ત્રીજનોજ ક્ષય કરવો, કોઇપણ પર્વતિથિ ક્ષયે પૂર્વાતિથીનો ક્ષય કરવો આવું ચોખ્ખા શબ્દોમાં જણાવનાર પૂર્વાચાર્યોની દશ દશ પ્રતો નીકળી, તોપણ કદાગ્રહી એવા આપે ગદ્ધાપૂંછ છોડયુંજ નથી,** તેથી મને તો જોકે આશાજ નથી કે આપ માનો ! છતાં પણ જો ઉપકાર થાય તો એક વાર આપને જ હાથે લખેલું ' ક્ષય કરવાનું ચોકસ વિધાન ' રજુ કરી છૂટવું, એમ ધારીને ' **શ્રી તત્ત્વતરંગિણીનો આધાર તો સંવત્સરીની ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે.** ' એ આપના જ દસ્કતો રજુ કર્યા છે! હવે કદાગ્રહ છોડો ન છોડો આપની મરજી ! કદાગ્રહ નહિંજ તજો તો પણ શાણાજનો તો આથી ખુલ્લુંજ સમજશે કે–હવે જે ફેરવીને આપ બોલો છો. કે તત્ત્વતરંગિણીમાં પર્વતિથીના ક્ષયે પૂર્વતિથીનો ક્ષય કરવાનો કહ્યોજ નથી,એવાત આપની સદંતર ખોટીછે ! આટલો પણ લાભ ઓછોનથી.

પ્રવચન વર્ષ ૭ અંક ૨૮, ૨૯, ૩૦, પૃષ્ટ ૩૩૪ કોલમ બીજામાં મોટા ટાઇપે હેડીંગમાં આપે લખ્યું છે કે–'એક પણ ગ્રન્થના ઉલ્લેખનો વાસ્તવિક પૂરતો ખ્યાલ સ્વચ્છન્દી કલ્પના કરનારને નહિ હોય એમ જણાય છે, સાહેબ ! આમજ છે એમ સમજીને જ આપ બોલ્યા હશો ને ? આથી રસ્તાના રખડતા રેઢીઆળમાંના કોઇ એક જણાવ છો, એમ પૂ. આગમોદ્ધારક દેવશ્રીની વિદ્વતા પીછાણનારા હરકોઈ આપને સહેજેજ કહી નાખે! હું તો એમજ કહું કે જેને મહાવ્રત હોય તે આવું ખોટું કદીય ન બોલે ! સાથે આપને એક અરજ છે કે જેને એક પણ ગ્રન્થના ઉલ્લેખનો વાસ્તવિક પૂરતો ખ્યાલ નથી, એવા વાદિને આપના જેવા કુવાદિએ જીતી લેવા તે તો આપને મન

સહેલ જ હોવું ઘટે! એને બદલે–વિનંતિ ગુરૂને અને દક્ષિણમાં પાદાર્પણ આપનાં! આવુ અઘટતું કરી ખોટાપણાંનું પ્રગટ બિરૂદ શું કામ લીધું? માટે હજુપણ તે થયેલી ભૂલને સુધારીને, એ આપના મતે ખ્યાલ વિનાના વાદિનો મદ ઉતારવા, આપ જરૂરજરૂર પાલીતાણા તરફ પધારશો! પહેલાં તો આપ જેવા જબ્બર કુવાદિને સામે આવતા જોઇને એ જ્યાં ત્યાં પણ ભાગી છૂટે તો આપની મહેનત માથે પડે એવો પણ આપને ભય હશે! પણ હાલ તો પ્રાયઃ **પાંચલા ખના ખર્ચે ત્રણ વર્ષ પર્યંત ચાલે તેવું જબ્બર આગમ મંદિરનું કાર્ય ઉપાડેલ હોવાથી, 'તે આપના મતે ખ્યાલ વિનાના વાદિ પાલીતાણા અથવા પાલીતાણા નજીકના પ્રદેશમાંથી** દૂર જઈ શકે તેમ નથી. માટે એમને સપડાવવાનો બરાબર મોકો છે! જરૂર જરૂર પધારજો! અમારા મોંઘેરા મેમાન બનીને પધારજો! અમો માન પૂર્વક સામે પણ લેવા આવશું! આપે આ બાજુજ પધારવાના મંગળ સમાચાર તારથી જ પહોચાડજો! વિનંતિ સ્વીકારશો કે આકાશ સામે જોવા માંડશો?

આપ પાલીતાણા તરફ પધારો ત્યારે સાથે કર્મપયડીમાં જૂઠી જ પ્રસ્તાવના લખાવી, દાદાના ખોટાજ ધોળ ગાવાના નશામાં **સંવત ૧૯૮૮માં સુરતમાં અષ્ટમવાદીને શાસ્ત્રના વિરોધો બતાવિ મૌન પકડાવવું** ' વિગેરે લખો મહાવ્રતને ખીતીયે લટકાવનાર ધૃષ્ટાત્માને પણ લેતા જ આવશો.

( સાહેબ ૧૯૮૮માં પૂ. આગમોદ્ધારક દેવ પાસે પૂ. દાનસૂરીશ્વરજી મહારાજને તો મારી બહુ બહુ વિનંતિને લીધે ફક્ત એકવાર અને તે પણ પ્રાયઃ એકજ કલાક આવવા ફરજ પડી હતી! એ વાત કર્મપયડીમાં કાજળ ઘુંટાવનાર સારી રીતે જાણેજ છે! તેઓશ્રીએ. એક પણ ગ્રંથ હાથમાં લઇ પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવેશ સામે ધરવાની હીંમત બતાવીજ નથી! બે ત્રણ દિવસ ચર્ચા થઇ તે પણ આ કર્મપયડીમાં કથીર કુટાવનાર ત્રેડાની સાથે જ! અને એનું પરિણામ એજ આવ્યું છે કે પૂ. દાનસૂરીશ્વરજી મહારાજે અમારી સાથે

કહેવરાવ્યું છે કે તમારી બધીય માન્યતા અમોને કબુલ છે! અને તે બદલ કહો તો હું જ, પણ તેને બદલે આપ કહો તો–એ જૂઠો, સુરતની વ્યાખ્યાન પીઠપર બેસીને એ મુજબ જાહેર કરે? આ પ્રમાણે શા અમીચંદ ગોવિંદજી, શા નેમચંદ નાથા, તથા શા મગન રણછોડ એમ ત્રણ નામી શ્રાવકોએ આવીને કહ્યું.' **આ પછી તો પુ. આગમોદ્ધારક દેવેશે પ્રગટ કરેલી ઉદારતા–દિશા ફેરવો નં. પહેલામાં હું જણાવીજ ગયો છું.** આ વાત સારૂંય સુરત જાણે છે, છતાં પણ એ પરવારેલ જ્યારે આવું હડહડતું જુઠું જ બફાવે છે, તેથીજ એને છે તેવો જણાવવો રહે છે. ખરેખર! જસલો જોગી એવીજ માલી મકવાણી, આપ એવા આપના સારથી! આમાં, કું કું કથરોટને હસે, એવું છે જ કયાં? આવાં તુતો ઉભાં કરીને કઈ લંકા હાથ કરવી ધારી છે? કરોળીઆની માફક ખૂબ જાળો રચશો તો તેમાં સ્વયં લપટાશો!?! આવું જુઠું જ, કરવું પોતે અને મૂકવું શ્રાવકને નામે બ્હાર, એ ઓછી અધમતા છે? **ધર્મી શ્રાવકો બાપડા શું જાણે? એતો મફતલાલ જેવા કોઇકજ ચતુર હોય કે એમને નામે પંચ સંયત પ્રકરણમાં આપે ખોટું જ લખીને પ્રસિદ્ધ કરાવ્યું તે પકડીજ પાડયું!¡!** ભેળા થઈ પૂ. આગમોદ્ધારક દેવેશને જીતી લેવાનો આ અપૂર્વ અવસર પણ 'તત્રી, પક્ષ, પ્રતિપક્ષ, લેખિત ચર્ચા કરો! વિગેરે વાયડી વાતોમાં પસાર કર્યો તો આપ સદંતર જૂઠાજ હોવાનું કારમું કલંક શાસનના છેડા સુધી વહોરી લેશો! માટે સત્વર અવસર સંભાળવા તૈયાર થશો!

મૂર્છિત દશાને પ્રાપ્ત થએલા આપના ગાફલો–પૃષ્ટ ૩૩૪ના પેલા કોલમની છેલ્લી સ્થિતિમાં આપને પ્રશ્ન કરે છે કે 'ચાલતાં ઉપદેશ આપવો એ અવિધિ નહિં? ઉત્તરમાં આપ છબરડોવાળો છો કે "જરૂર! ચાલતાં ઉપદેશ આપવો એ અવિધિ ગણાય! પરન્તુ આ તો ચાલતાં ઉપદેશ નહિં આપેલો છતાં જે ચાલતાં ઉપદેશ આપ્યો એમ જણાવે છે તેને અંગે આ વાત છે." સાહેબ! **गच्छद्दिमः** પાઠને અંગે આપના મતે ચાલતાં નહિં પણ જતાં ઉપદેશ આપ્યો છે, એમ કહેવા માટે જ

ઉપર મુજબ ઉચરો છો ને? વાત તો અહિં ચાલતાંને બદલે જતાં ઉપર આવીને પડી છે ને? ઉત્તરમાં ઉતરવું નહિં અને ચૂપ રહેવું નહિં, એવું એવું અનેકવાર આપે લખી મારેલ છે, તેમાં આવી જ પ્રકારે ઉત્તરમાં ઉતારવાની બદદ્યાનત હતીને? દિનમાન પરવાર્યો હોય તે આ હાલતના કઢંગા કુવાદિની સાથે ઉત્તરમાં ઉતરે! સાહેબ! અહિં મરડી મચડીને 'જતાં ઉપદેશ આપ્યો' એમ અર્થ કરો તો પણ– આપની માન્યતા તો જે વૃક્ષ નીચે બેસીને જ ઉપદેશ આપ્યો છે એમ ઘડાઈ ગઇ છે, અને તેને લઇને તે કુકલ્પનાના ઘોડાની પુષ્ટિમાં જે અહિં ત્રણ ગ્રન્થરત્નોના 'બેસીને જ ઉપદેશ આપવાનું સૂચવનારા' પાઠો મૂકયા છે તે મુજબ 'બેસીને જ ઉપદેશ આપ્યાની સિદ્ધિ તો હવામાં જ ઉડી જાય છે ને? અને ચાલતાં કહો કે જતાં કહો પણ તે અર્થાપત્તિથી તો, '**મુઆ નહિં પણ પાછા થયા**' જેવું જ છે ને? સાહેબ! આપનું ભેજું તો જબ્બર છે હો! અને આવા જબ્બર ભેજા વિના આટલી બધી કુટિલતા સમાય પણ કયાં?! સાહેબ! એક રસ્તો છે! અહિં **गच्छदिम:** વાળા પાઠનો અર્થ જતાંને બદલે 'વૃક્ષ નીચે બેસીને' કરી નાંખો તો તો આપના મંતવ્યને જરાય બાદ નહિં જ આવે! અને એવું તો હાલતાં કરી નાંખવું એ આપના જેવા વિદ્વાનને મન રમત છે, લીલા માત્ર છે, તેમજ અહિં તેવું કરો તો આપને માટે એ કાંઇ પહેલ નથી! માટે લાજ રાખવી હોય તો એમ રહેશે! સિવાય તો અહિં બીજો ઉપાય નથી.

**જૈન** પ્રવચન વર્ષ–૭ નો આ. ૨૮–૨૯–૩૦ નો ભેળો અંક એકજ, અને તે પણ આ અંકમાંનો આટલો જ વિભાગ તરકટ પૂર્ણ છે એમ નહિં! લગભગ આપનું સઘળુંય સાહિત્ય અજૈનપણું જ ઉભું કરે છે; અને તે જરૂર જણાયે કટકે કટકે બહાર મૂકવા ઉમેદ છે. હાલ તો આપની ભાન્કરતા સૂચવતી પ્રાયઃ હજારેક ભૂલો એકઠી કરી છે; તે ભૂલો જ 'આપ વળ છોડીને શાસન અને શાસનના સુકાનીઓના સાચા ઉપાસક નહિ બનો ત્યાં સુધીજ ખુલ્લી મૂકવાનો ઇરાદો રહેશે! અને તેનું કારણ પણ 'જાતના સાવમૂળ જૂઠા હોવા છતાં તેવી જે

જાતને પણ સાચી જ તરીકે ઓળખાવવાની ધૂનમાં ' આપે શાસનના પરમ સત્યોને જાનના પણ જોખમે ટકાવનારા પરમ ગીતાર્થોને-ખોટી જ રીતે ગાળો ભાંડીને ખૂબ જ કદર્થના પમાડી તેજ છે! આપે ખોટી રીતે આળેખેલા નયસારના આટલા જ વર્ણનમાં પણ પરમ પૂ. ગીતાર્થ મહાત્માને અનેક જૂઠા જ આરોપો મૂકીને આવું આવું કપરૂં ગાળોમય ઘણુંય લખી નાંખ્યું છે જુઓ–' નયસારના અધિકારમાં સંખ્યા-બન્ધ સ્વચ્છન્દી કલ્પનાઓ કરનારે આ વિષયમાં પણ શાસ્ત્ર કથનથી વિપરીત કથન કર્યું છે અને તે પછી અભિનિવેશિક પ્રવૃત્તિ આદરી હોય એમ જણાય છે × × × × અને એવી અભિનિવેશિક પ્રવૃત્તિમાં પડે તે સ્વપર હિતઘાતક નિવડી પોતાનાય અનન્ત સંસારના ચક્રાવા વધારનાર પણ થાય તો તે સ્વાભાવિક છે પૃ. ૩૧૪. ' આવી તદ્દન જૂઠી વાતો કરી રહ્યા છે, એ તેઓની દયાજનક દશાને જણાવનાર છે × × × × ' આવી રીતિએ સ્વચ્છન્દી કલ્પનાઓ કરનાર પોતાની ભૂલ છૂપાવી દેવાનો પ્રયત્ન કરી શકે છે અને અનન્તા શ્રી જીનેશ્વર દેવોની આશાતના કરી શ્રમણ સંઘની બહાર થવાને લાયકની પણ ગણાય તેવી સ્થિતિમાં મુંઝવણના યોગે ફેંકાફેંક કરી શકે છે તેમજ ભાંડણે નીતિ પણ અખત્યાર કરી શકે છે. આટલું જણાવવામાં પણ આપણી તો એજ ભાવના છે કે–તેવાઓ હજુ પણ વધારેને વધારે ઉન્માર્ગે ન ઘસડાઈ જાય અને સન્માર્ગનો સ્વીકાર કરે; જો તેવાઓ તેમ ન કરે તોય તેવા પાપથી કે પાપ સંસર્ગથી બચવા ઇચ્છનારા બીજા બચી શકે પૃ, ૩૨૪. ' જ્ઞાની ઘમંડ કરે નહિં અને ઘમંડ કરે તે સાચો જ્ઞાની નહિં. ૩૨૫. ' સ્વચ્છન્દી કલ્પનાઓ કરનાર જો આવી ઉપેક્ષાને પણ યોગ્ય હોત તો તેવા માટે પણ કદાચ કહેવાત કે–એવા પાપીઓની કથાએ કરીને સર્યું, પરન્તુ સ્વચ્છન્દી કલ્પના કરનાર આજે આડાટેઢા માર્ગો લઇને સીધા ઉત્તરો આપવાને તૈયાર નહિં થતાં અજ્ઞાન વર્ગને ભમાવવા જેવો પ્રયત્ન કરી રહેલ છે. પૃષ્ટ ૩૨૬. 'ગુણ કે જ્ઞાનનો ઘમંડ એ અછકલાપણું છે અને એ અછકલાપણું પરિણતિના અભાવને જણાવનારૂં છે પૃ. ૩૩૦, ' મેં મરૂં લેકિન તુઝે રાંડ

કરૂં ' એવી નીતિ ઘોર પાપોદય સિવાય સ્વીકારાય નહિ ૩૩૨. જેની આંખ, પરના રાઈરૂપ દોષને દેખે અને પોતાના દોષરૂપ પહાડને ન દેખે તેની દયા જ ચિંતવવી રહે છે ૩૩૪. ' તો પણ એવાઓનું પાપ એમને કયાં ઘસડી જશે ? એ વાત એવાઓએ ખાસ વિચારવા જેવી છે કારણ કે–પાપને શરમ નહિ આવે. ૩૩૩.

**સાહેબ ! નયસાર સંબંધીના આ લખાણમાં આપે સૂચવેલા આ દરેક વિશેષણો હવે તો યથાર્થ આપને જ ઘટે છે ને ? અને જો હા, છે તો આ બૂકમાં લખેલા ' નયસાર સંબંધીની આપની તદ્દન બેહુદી, અને અધમાત્માને છાજતી હીચકારી સ્વચ્છન્દી કલ્પનાઓ ' પૃથક પૃથક ફકરાઓને મથાળે તે દરેક વિશેષણો ખુદ આપને હાથે જ લખી નાખશો; અને જો તેમ કરતાં લજ્જા આવે તો તે દરેક ફકરા ઉપર ઉપર્યુક્ત હેડીંગો જ માની લેવા કૃપા કરશો !** બમણું આપવાની હાલશક્તિ નહિ હોવાથી હાલ તો આવ્યું જ પાછું વાળું છું એમ માનશો !

**આવો હીચકારો હુમલો કરવા છતાંય** 'તેઓ અમને ગાળો દે છે, અમે તો કાંઇ બોલતા **નથી** ' એમ બકયે જવું એ તો મુંબઈના નામચીન મવાલીની જ ઢબ ગણાયને ? આપ આપના અજ્ઞાન **પ્રશ્નકારને** જણાવો છો કે–" એવા મુનિવરો ઉપર અવિધિ સેવ્યાનો આરોપ શા માટે મૂકવો જોઇએ ? પરન્તુ શ્રી લલિત વિસ્તરાના પાઠનો તદ્દન જુઠો, ઉલ્ટો, અસંબદ્ધ અને અણસમજ ભરેલો **અર્થ** કરી અનન્તા શ્રી તીર્થંકરદેવોની ઘોર આશાતના કરતાં પણ જેઓ કંપ્યા નથી, તેમજ અપૂર્વ મુનિભાવને પામેલા શ્રીવાલી મુનીશ્વરના ઉપર દ્રોહિના દૂષનો તદ્દન જુઠો આરોપ મૂકતાં પણ જેમને કંપારી છૂટી નથી અને શાસ્ત્ર કથન તથા સિદ્ધાન્ત વિરૂદ્ધ પણ વાતો જેઓ વ્યક્તિ દૂષના કે બીજાના યોગે લખી શકયા છે તેઓ આ મુનિવરો ઉપર પણ અવિધિનો આરોપ મૂકે એમાં નવાઇ પામવા જેવું નથી. " વિગેરે

**સાહેબ ! હવે હૈયું હાથ રાખી, છાતી ખૂલી રાખી, સાન ઠેકાણે રાખી, વર્તનમાં માણસાઇ રાખી અને કાનના પૂંભા**

**કાઢી નાંખીને જ, આપની નરી અજ્ઞાનતાનો ઉભરો, છાકટાઈના છબકલાં, આડોડાઈના અડપલાં અને આપને હાથે જ આળેખલાં નફ્ટાઇનાં નખરાં સાંભળવા જ માંડો !**

૧ **નયસાર વિષે આપે ભરડેલ** વર્ણન કેટલું બેહદું છે એ તો જણાવી ગયો હોવાથી, તેવા મુનિવરો ઉપર અવિધિનો આરોપ મૂક્યો છે, કે સુબોધિકા વૃત્તિના આધારે યથાસ્થિત જ કહેવાયું છે, તે હવે ખુલ્લું જ થઇ ગયું હોવાથી આપનું આરોપ મૂકયાનું કથન તો તદ્દન જૂઠ જ છે એમ અતીવ સિદ્ધ થઇ ચૂકયું છે.

૨ **વાલી મુનિવર વિષે પરમ તારક આગમોદ્ધારક દેવેશે** 'પારિતાપનિકી ક્રિયા કોણ કરે?' એ એક જ પ્રશ્નદ્વારા—એ સંબંધી આપે કુટિલતાથી ભરડી ભરડીને બબ્બે વર્ષ પર્યંત ઓકીને એકઠા કરેલા કુચાતુરીરૂપ ઉકરડાને અંગારાની માફક મૂળમાંથી જ બાળીને રાખ કરી નાખેલ છે, એમ સારીય આલમ જાણે છે. આ વાત પ્રગટ છતાં તે સંબંધી હજુ પણ બોલવું તે, અવિચારે ખૂબ ખાધાના પરિણામે થયેલ ભયંકર અજીર્ણના ઓડકાર જેવું જ હોવાથી સુજ્ઞોએ તેવા લખાણની ગંધ પણ લેવી વ્યાજબી નથી.

૩ **તદ્દન જૂઠો ઉલ્ટો અને અસંબદ્ધ પાઠ તો આપનો જ** છે એમ તારક દેવશ્રીએ **अत एव** સંબંધી સવિસ્તર વિશાલ લેખ રજુ કર્યો ત્યારથી આખા જગતે જાણ્યું જ છે, અને એ વાત દબાવવા માટે ખૂબ જોર કરવા જતાં જ લાલબાગમાં કુટુંબ એકઠું થઇ, હવે તો જીવવું ભારે છે એમ ચિંતવી સૌએ છાને ખૂણે ચોફાળ ઓઢવાની તો દશામાં મૂકાયા, અને પરિણામે એ તોડ નીકળ્યો કે હમણાં આપે ગુજરાતના પ્રદેશમાં મુખ ન બતાવવું ! હવે આપ દૂર જઇને ગમે તેમ બોલો તેથી શું ?

૪ **હવે બાકી વાત રહી શાસ્ત્ર કથન તથા સિદ્ધાંત વિરૂદ્ધની !** સાહેબ ! તેમાં તો આપે તદ્દન વિરૂદ્ધ વર્તિને અનેક મહાપુરૂષો ઉપર જૂઠા જ આરોપના સંખ્યા બંધ ટોપલા ઠલવી

આભિનિવેશમાંથીય મિથ્યાત્વમાં જ ઝબોળાઇને ઉન્માદ ઉકાળ્યો છે. અને તે યથા તથ્ય આપના જ દસ્કતથી સિદ્ધ જ છે. નીચે તપાસો!

## ખુદ તીર્થંકર મહારાજ પર્યંતના મહાન્ આત્માઓ ઉપર મૂકેલા આરોપો !

પ્રવચન વર્ષ ૮ અં. ૩૩ પૃષ્ટ ૪૩૭ માં લખ્યું છે કે બળાત્કારથી દીક્ષાભ્રષ્ટ કરનારને લાગતા પાપ વિષે-શ્રી સાગરજી મહારાજે એવું જણાવ્યું છે કે-"સૂયગડાંગમાં મહામોહનીય બાંધવાના ત્રીસ સ્થાનોમાં એવું જણાવ્યું છે કે-બળાત્કારથી દીક્ષા લેનારને જે રોકે અને તોડાવે તે મહામોહની જ બાંધે બલ્કે ગણધર હત્યાના પાપનો ભાગીદાર થાય: અર્થાત્ તેને પ્રાય: ગણધર હત્યાનું પાપ લાગે: પણ બલાત્કારથી રોકનાર કે તોડાવનાર સીધો કે આડકતરી રીતે દીક્ષિત સાથે સગાવ્હાલાનો સંબંધ ધરાવનાર ન હોવો જોઇએ."

આ સવાલ ટાંકીને એના વિરોધમાં આપે એની નીચે ખૂબ લખાણ કર્યું છે. તે લખાણ વિસ્તારના ભયે અહિં મૂકતો નથી. પણ તે લખવામાં આપનો જે ભાવ છે તેને આ લખાણમાં રજુ કરૂં છું; અને તે આ રહ્યો! '**અને એથી જ એમ કહી શકાય નહિ કે-'બળાત્કારથી દીક્ષા લેનારને જે રોકે અને તોડાવે તેને પ્રાય: ગણધર હત્યાનું પાપ લાગે**' આમ લખી ફક્ત "મહામોહનીય કર્મ બાંધે' એમ કહેવાય, એવું સિદ્ધ કરવા માટે-શ્રી સમવાયાંગના લખાણનું સમર્થન કરો છો. તે પછી પણ વધીને તેવું કાર્ય કરતાં તેવું મહામોહનીય કર્મ દીક્ષાર્થીની દીક્ષા રોકનાર કે તોડાવનાર સંબંધી કે સગાવ્હાલાને પણ લાગે તેમ સિદ્ધ કરવા મથો છો!!!

આ પછી પ્રવચનના આ અંકના જ પૃષ્ટ ૪૪૨. પ્ર. ૪૪૩માં વળી **જુદું** જ લખોછો. જુઓ તેમાં (પૂ. **આગમોદ્ધારક દેવશ્રીની** ગણધર હત્યાનું પાપ કોને લાગે અને કોને ન લાગે તે વસ્તુ, તથા તેવું પાપ લાગે તેને પણ પ્રાય: લાગે! આવું વચન પણ ઉડાડી જ દેવાની અહિં અધમતા સેવીને) લખ્યું છે કે-સાગરજી મહારાજ કહે છે કે—
—'બળાત્કારથી દીક્ષા ભ્રષ્ટ કરનારને ગણધર હત્યાનું પાપ લાગે,' આ

પ્રશ્ન લખી તેની નીચે ઉત્તર તરીકે, પ્રવચનકાર કહે છે કે–એમ કહે-વાય નહિઃ કારણકે મહામોહનીયનાં ૩૦ નિમિત્તો એક સરખાં પાપ જનક નથી.

**ઉપર્યુક્ત હુમલામાં તો આપ તદ્દન ખોટા છોજ, તેની ખાત્રી માટે અહિં આપનાજ વચનો રજુ કરૂં છું, અને તેમાં પણ આપ ખોટાજ છો !**

પ્રવચન વર્ષ ત્રીજું અંક ૫. પૃષ્ટ ૫૮ " શ્રી ગણધરદેવ એટલે ભગવાન્ શ્રી જીનેશ્વરદેવના હસ્ત દીક્ષિત, દ્વાદશાંગીના સ્વયં પ્રણેતા, શાસનના પરમ આધારભૂત એવા મહર્ષિ, તેને હણી નાંખનાર જે જાતિનું કર્મ બાંધે તે જાતિના મહામોહનીય કર્મને સંયમ લેવા તૈયાર થયેલાને બળાત્કારે પતિત કરનાર બાંધે. આ બાબતને બતાવતી ચોથા અંગ સૂત્ર શ્રી સમવાયાંગ સૂત્રની મૂળ ગાથા આ રહી"–વિગેરે

**સાહેબ હવે 'એમ કહેવાય નહિં' એવું જે કહો છો તે આમ જાણતા છતાં કહો છો. જેથી આપ પોતે પ્રગટ આભિનિ-વેશિકખરાને ?** અને આગળ બોલ્યું ભૂલી ગયા હો તો પણ આ વચન શાસ્ત્ર અને સૂત્ર વિરૂદ્ધજ બોલ્યા છો એ પણ ખરૂંજને ? છતાં શાસનના પરમગીતાર્થની એ આપના જૂઠાજ વચનના જોરે કદર્થના કરી, હેલના કરી, ખોટી રીતે જ રંજાડયા–તેથી મહામિથ્યાત્વમાં પણ પેઠા કે નહિં ? જો કે ઉપરની પણ આપની વાતમાં 'સંબંધીને ઓછું પણ લાગે ? અને જેને તેવું કર્મ લાગે તેને પણ 'તેવું કર્મ પ્રાયઃ લાગે' એ ખુલાસો તો આપ કરીજ શકયા નથી, તેથી ઉપર આપેલ પ્રવચન વર્ષ ત્રીજા અંક ૫ નો પાઠ પણ અજ્ઞાનતામાંથી જ નીતરેલ છે, જેથી તેની ખબર અવસરે !

ઉપર્યુકત પાઠ અધુરો જ છે એમ એ પાઠ મૂકયા પછી આપને પણ શંકા થઇજ છે. અને તેથી તેજ લખાણની નીચે ચાર ફકરા છોડીને આપે જ શંકાનું સમાધાન કરવું પડયું છે ! જુઓ આપે ઉઠા-વેલ શંકા–'સ્વાર્થને વશ થઈ પોતાનાં બાળબચ્ચાંને રોકવા પ્રયત્ન કરે એને કર્મ બંધ થાય ? આ શંકાનું આપ જ સમાધાન આપતાં

કહો છો કે–' હા, દુનિયા સ્વાર્થ શિવાય બીજી કયી વાસનાથી રોકે છે ? વગર સ્વાર્થે, વગર કારણે, લેવા દેવા વિના રોકતા હોય એ વળી તીવ્ર બાંધે, સંબંધીઓ, જેને સ્વાર્થ, રહેલો છે તે, બળતે હૃદયે– દુઃખિત હૃદયે રોકવાના પ્રયત્ન કરે તેને મંદ કોટિનો કર્મબંધ થાય, પણ જેને કાંઇજ લાગતું ન હોય એવાઓ જો સંયમની ઇચ્છાવાળાને કે સંયમ લઇ ચૂકેલને પતિત કરવા પ્રયત્ન કરતા હોય તો તે ગાઢ મોહનીય બાંધે.

સાહેબ ! આ પાઠ પણ અધુરો અને અતિરેકતા સૂચક છે પણ તે અવસરે ! હાલ એટલું તો આ પાઠમાંથી 'મહામોહનીય કર્મ તેને લાગે કે બળાત્કારથી રોકનાર કે તોડાવનાર સીધો કે આડકતરી રીતે દીક્ષિત સાથે સગા વ્હાલાંનો સંબંધ ધરાવનાર ન હોવો જોઇએ." એ પૂ. શ્રી આગમોદ્ધારક દેવેશનું વચન સિદ્ધ થયું જને ? છતાં હવે આપને " પ્રવચન વર્ષ ૮ અંક ૩૩ પૃષ્ટ ૪૩૭માં 'અભયદેવસૂરિજી મહારાજાએ રચેલી વૃત્તિમાં ' સંબંધી ન હોય તેજ મહા મોહનીય બાંધે, એવું જણાવવામાં આવ્યું નથી " એવુંજ જ્ઞાન કયા પાપના ઉદયથી આવ્યું ? ઉપરના શંકાના સમાધાનમાં તો કથી ગયા છો કે સંબંધીને મંદ કોટિનો કર્મ બંધ થાય ! જ્યારે અત્યારે દીક્ષાથી પાડનાર સંબંધ વિનાનો હો કે સંબંધી હો, તે સહુયે મહામોહનીય બાંધે, એમજ કહો છો ! તો જો આ સાચું કહેવા માગશો તો પહેલાંનુ જૂઠું, અને પહેલાંનું સાચું કહેશો તો આ નવું જુઠું, એમ તો ખરૂંજ ને ? આપનો મને થયેલ અનુભવ પ્રમાણે તો સાહેબ ! સમજ અને આવડતતો પહેલેથીજ ઓછી છે, પણ પહેલાં આપને શાસ્ત્રની, સૂત્રની, અને શાસનના ગીતાર્થોની પણ કાંઇક પરવા હતી, અને તેનું કારણ પણ ફકત એકજ લાગે છે કે–આપ જાણતા જ હતા કે હજુ હું ઉછરતો ખદ્યોત છું ! આથી તે વખત તો એ ત્રિકની સોડમાં સંતાયા ! એ તારક ત્રિકની હુંફે જ્યાં યુવા પામ્યા કે તુરત માતેલા બની ઉન્માદે ચડયા, અને પછી તો એ તારક ત્રિકનેજ ફેંદી નાખવાના સન્નિપાતે ચડીને ઇજત વેડફી, ગીતાર્થ રૂપ સૂર્યની હરિફાઈ

કરવા જતાં દક્ષિણ સાધ્યો, મધ્યાન્હ પછી તો અસ્ત સમયજ ગણાયને? શાસનદેવ! સહુને સદ્‌બુદ્ધિ આપો!

સાહેબ! પ્રવચન વર્ષ ૩ અંક ૧૪ પૃષ્ટ ૧૫૯માં તો દીક્ષિતને પતિત કરનારને ગણધર દેવને હણવાનું પાપ લાગે, એમ લખી, પછી જાણે હજુ કાંઇ તેમાંય કહેવું અધુરૂં રહી જતું હોય એમ સમજી આગળ જતાં ચોથા ફકરામાં તો તેઓને 'મોટા ટાઈપથી' ગણધર ભગવાનનું ખુન કરવાનું પાપ જણાવો છો–જુઓ "શ્રી ગણધર દેવ એટલે ભગવાન્ શ્રી જીનેશ્વરદેવના હસ્ત દીક્ષિત, દ્વાદશાંગીના સ્વયં પ્રણેતા, શાસનના પરમ આધારભૂત એવા મહર્ષિ, તેને હણી નાંખનાર જે જાતિનું કર્મ બાંધે તે જાતિના મહામોહનીય કર્મને સંયમ લેવા તૈયાર થયેલાને બળાત્કારે પતિત કરનાર બાંધે. આ બાબતને બતાવતી ચોથા અંગસૂત્ર શ્રી સમવાયાંગ સૂત્રની મૂળગાથા આ રહી–વિગેરે.

તેથીય આગળ વધી જતી તે પછીના ચોથા ફકરામાં આપે કરેલી બીજી વાત! "આ રીતિએ એક દિક્ષા લેવાને તૈયાર થયેલા આત્માને બળાત્કારે પતિત કરનાર વ્યકિતને, શ્રી 'ગણધર ભગવાનનું ખુન' કરવાથી જે દોષ લાગે તે દોષ લાગે."

બસ સાહેબ! આ આપનાજ શબ્દો છે ને? હવે 'એવું' બોલાયજ નહિં, મહામોહનીયનાં ૩૦ સ્થાનો છે! વિગેરે? મિથ્યાત્વમાંજ જઇને સાવ જુઠું જ બોલો છો તે એકને એક બે જેવીજ વાત છે ને? હવે તો આપ જૂઠા જૂઠા જૂઠા અને તદન જૂઠા ખરાજને?

**દીક્ષામાં પરીક્ષાનો હાઉ પણ ખોટોજ ઉભો કરીને મહા-મિથ્યાત્વ વ્હોર્યું છે। દીક્ષા પહેલાં એક દિવસની પણ પરીક્ષા આપ માનતાજ ન્હોતા જુઓ તે આપના જ દસ્કત!**

પ્રવચન વર્ષ ૪ અંક ૭ પૃષ્ટ ૮૨ કોલમ બીજું પ્રશ્ન તેરમો–

'શિષ્યને ગુરૂ દીક્ષા આપ્યા પહેલાં કેટલા દિવસ પરીક્ષા માટે રાખે? આ પ્રશ્નનો ઉત્તર પૃષ્ટ ૮૩ કોલમ પહેલું.

**'વ્હેપારી ગ્રાહક સાથે માલની લેવડ-દેવડ કેટલા સમય પછી કરે? કહેવુંજ પડશે કે-પ્રતીતિ ન જાગે ત્યાં સુધી ન કરે, કોઈની સાથે એક મીનીટમાં. કોઈની સાથે પા કલાકમાં અને કોઈને ઉઠાડી પણ મૂકે. તેવી રીતે દીક્ષા લેવા આવેલ યોગ્ય ન હોય તો કાઢી પણ મૂકે. પોતાની પ્રતીતિ ન થાય ત્યાં સુધી પરીક્ષા કરે અને પ્રતીતિ થઈ જાય તો તુરત પણ આપી દેવાય તે દિવસે, મહિને, છ મહિને અને છ મહીના પછી પણ ન આપ્યાના દાખલા છે, પણ આટલા દિવસ રાખવો જ જોઈએ એવો કાયદો નહિં.**

કેમ સાહેબ! આ પણ આપના જ દસ્કતો છે ને? હવે નવું જ ડહાપણ આવ્યું એમ ભાસ કરાવતા. પ્રવચન વર્ષ ૮ અંક ૩૩ પૃષ્ટ ૪૨૧ ક માં આપ જણાવો છો કે **દીક્ષામાં પરીક્ષા કરવાનું વિધાન શાસ્ત્રોમાં સ્પષ્ટ દર્શાવેલું હોવાથી જેઓ દીક્ષામાં પરીક્ષાની પરવા કરતા નથી તેઓ વસ્તુતઃ પ્રભુ માર્ગના અનુયાયીઓ જ નથી."** એમ જે આપ બોલો છો તેથી તો તેવા-'પણ આટલા દિવસ રાખવોજ જોઈએ એવો કાયદો નહિં, એ આપના ઉપર્યુક્ત વચનથી તો' આપજ ખરાને? **આપ પ્રભુ માર્ગના અનુયાયી નહિં પણ શ્રીરામપંથનાજ પૂજારી છો એ હવે તો ખરુંજને? અને પ્રથમ આપ પરીક્ષા માનતાજ નહોતા એ વાત પણ સાચીજને? હવે આપ કહો કે અમો તો પ્રથમથીજ પરીક્ષા માનીએ છીએ. એ આભિનિવેશીક જુઠાણું ખરુંજને?** પ્રવચન વર્ષ ૭ અંક ૨૮, ૨૯, ૩૦ પૃષ્ટ ૩૭૬થી૩૭૭માં જૈન પત્રના અધિપતીને શાહ કેશવલાલ ધારશીભાઈ મારફત જે આપે લખાણ કરેલ છે. તે લખાણને મથાળે મ્હોટા ટાઈપ મોટું હેડીંગ કરીને. **પૂજ્યપાદ પ્રવચનકાર મહાત્મા, દીક્ષા પહેલાં દીક્ષાર્થીની પરીક્ષા કરવાનું પણ શાસ્ત્ર વિધાન છે-એમ પહેલેથી માનતા હતા અને માને છે, એમ કહેલ છે. તે હવે તો હડહડતું જુઠાણુંજ છે, એમ સિદ્ધ થયુંને?** જૈન પત્રકારે પણ તા. ૧ લી ડીસેમ્બર ૧૯૩૫ના અંકમાં આપને

જણાવેલ કે 'પહેલાં તેઓ પક્ષ શુદ્ધિ અને પરીક્ષાની આવશ્યકતા નહોતા સ્વીકારતા અગર એક દિવસેય પરીક્ષા કરવા મુદ્દલે તૈયાર ન હતા ' એ વાત પણ આપના ઉપર્યુક્ત દસ્કતથી સાવ સાચી છે ને? છતાં પણ તેમને આપે–પ્રવચન વર્ષ. ૭ અંક ૨૮, ૨૯, ૩૦ના પૃ ૩૭૭ કોલમ ૧માં 'પૂજ્યપાદ પ્રવચનકારશ્રી પ્રથમથી જ દીક્ષા આપતાં પહેલાં પરીક્ષા કરવી જોઈએ એવું માનનારા છે, ++ અવસરે ઘણી-વાર પહેલાં દીક્ષાર્થીની પરીક્ષા પણ કરવાનું શાસ્ત્ર વિધાન છે, એમ જણાવ્યું છે.' વિગેરે લખી, તેની પાસે સાચા થવા માટે પ્રવચન વર્ષ ૪ અંક ૧૮, વર્ષ ૫ અંક ૩૦, અને વર્ષ ૫ અંક ૪૦માં પણ અમોએ પરીક્ષાની વાત કહીજ છે જુઓ ! વિગેરે કહીને પરીક્ષાના વિધા-નને પ્રથમ અમો માનતા જ નહોતા એમ કહેવું તે સત્યથી વેગળું છે, એમ લખી તો નાખ્યું. પણ સાહેબ ! **તેની સાથે પ્રવચન વર્ષ. ૩ અંક ૭ પૃષ્ટ ૮૨ પ્રશ્ન ૧૩ના ઉત્તરમાં આપ બોલ્યા છો કે 'અમો એક મીનીટમાંય આપી દઈએ, પા કલાકમાંય આપી દઈએ, કોઇને ઉઠાડી મૂકીએ, પણ આટલા દિવસ રાખવો જ જોઇએ, એવો કાયદો નહિં. એવું પણ એક વખત બોલનાર અમેજ હતા ! એ કેમ ન લખ્યું ? બલ્કે પરીક્ષાની પ્રથમનીજ માન્યતા છે એમ સાચ પછાડવા જૈન પત્રને ચોથા અને પાં-ચમા વર્ષના અંકો જોઈ લેવા સૂચવ્યું પણ આ ત્રીજા વર્ષનો સાતમો અંક કેમ છૂપાવ્યો ?** સાહેબ ! આપની ગીતાર્થતા તો આ ને ? અર્થીપણું પણ આવુંજ છે ને ? વ્રતો પણ આવાંજ છે ને ? ગીતાર્થની સામે હુમલા પણ આ અભિનિવેશિકપણાથીજ કર્યા છે ને ? શાસનના સત્ય સામે ચેડાં કરવાં તે અગ્નિ સામે ચેડાં કરવા જેવું છે ' એવું **જે આગમોદ્ધારક દેવની સામે** પુઠ પછાડીને બોલ્યા છો તેમાં પણ હેતુ તો વાણીયામાં યેનકેન સાચો બની જાત ટકાવી રાખું એજને ?

**સાહેબ ! 'દીક્ષા પહેલાં દીક્ષાર્થીની પરીક્ષા પણ કરવાનું શાસ્ત્રવિધાન છે, એમ હવે આપ હર વખતે જણાવો છો તેમાં**

'પણ' શબ્દ કેમ જોડવો પડે છે? દીક્ષા પહેલાં પરીક્ષા ન કરે તો પણ ચાલે એટલાજ માટેને? જો એમ ન હોય તો, અને દીક્ષા પહેલાં પરીક્ષાનું વિધાન છેજ,–એમ આપ ચોક્કસ જ માનતા હો તો, એ ઉપર્યુક્ત વાક્યમાં 'પણ' શબ્દની જરૂરીઆત જ ક્યાં છે? માટે 'પણ' શબ્દથી જ આપનો મત જીનશાસનથી જુદો છે એમ સ્પષ્ટ થાય છે. એટલે કે જીનશાસનતો દીક્ષા પહેલાં પરીક્ષાની સાફ ના કહે છે, જ્યારે આપતો પ્રવચન વર્ષ ૩ અંક ૭ થી, તથા અહિં 'પણ' શબ્દથી, પણ દીક્ષા પહેલાં પરીક્ષાની તો ના કહોજ છો, અને દીક્ષા પહેલાં પરીક્ષાનું પણ કહો છો! આથી આપ તથા આપનામાં માનનારા પ્રભુમાર્ગના અનુયાયી નથી જ એ પણ ચોક્કસ સિદ્ધ થયુંને?

પ્રવચન વર્ષ–૩ અંક ૭ પૃષ્ઠ ૮૩ પ્રશ્ન ૧૪૮ કાચી દીક્ષા પછી પાકી દીક્ષા દેતાં કેટલું અંતર જોઇએ? અને તે ખાસ પરીક્ષા માટે છે કે કેમ? આ પ્રશ્ન આપની જ માન્યતાનુસાર આપે જ ઉભો કરીને તેનો આપેલો ઉત્તર "વડી દીક્ષા આપતાં વચમાં ઓછામાં ઓછા ચૌદ દિવસનું અંતર જોઇએ. એ પરીક્ષા માટે નથી, કેમકે કરેમિભંતે તો પહેલી જ ઉચરાવવામાં આવે છે, પરંતુ સંયમ પાળવા માટે જે વિધિવિધાનો છે, તેનાથી પરિચિત કરવા માટે રાખવામાં આવે છે. વધારેમાં વધારે ૭ માસ સુધી પણ રાખી શકાય."

સાહેબ! આપેતો જુલમ જ કર્યો છે ને? આ વર્ષ ૩ અંક ૭ પૃષ્ટ ૮૨ પ્રશ્ન ૧૩ માં આપે જેમ કાચી દીક્ષા પૂર્વે પરીક્ષાની ના કહી છે, તેમ અહિં પાકી દીક્ષા પૂર્વે પણ પરીક્ષાની ના કહી નાખી છે! એટલે આપના આ ૧૩ અને ૧૪ પ્રશ્નના ઉત્તરોથી ચોખ્ખું જ થયું કે આપ કોઇ પણ વખતે જૈનશાસનમાં દીક્ષાર્થીની પરીક્ષા જ નથી એવું જ માનનારા છો! અને એમ આથી નકી છે કે પ્રવચન વર્ષ ૮ અંક ૩૩ પૃષ્ટ ૪૨૧ માં આપ મોટા હેડીંગ નીચે જણાવો છો કે 'પરીક્ષાની પરવા ન કરે તે પ્રભુમાર્ગના અનુયાયી નથી' આ વાત પણ હવે સચોટ રીતે 'આપજ પ્રભુમાર્ગના અનુયાયી નથી,' એમ જ સૂચવે છે ને? પરીક્ષાને માટે

"શ્રી આવશ્યક વૃત્તિ, શ્રી ધર્મબિન્દુ, શ્રી પંચસંગ્રહ, શ્રી પંચાશકજી, શ્રી પંચવસ્તુક અને શ્રી માર્ગપરિશુદ્ધિ વિગેરે ગ્રન્થોને પણ–હવે દીક્ષા પહેલાં પરીક્ષાનો ચાળો ઉપાડયા પછીજ આગળ ધરોછો ને? આગળ તો આ દરેક ઉપકારી ગ્રન્થોને છડે ચોક ખુંદીનેજ, વર્ત્યા છો એ ખરૂં જ છેને? **હવેજ આપનું બધુંય પોકળ સમાજ પણ જાણી શકશે!**

સાહેબ! આપને એ કોડ હતા, કે 'પ્રવચનમાં લખાયલી પંક્તિઓ ટાંકીને પછી અમારી ભૂલ બતાવો? આથીજ આ પ્રયાસ કરવો પડયો છે નહિં તો આપના 'અગડં બગડં સાડી બેતાલીશ'ની પદ્ધતિએ ચીતરેલાં કાળાં ને હાથમાં ઝાલવાનીય કોને પડી છે? સાહેબ! આપ પ્રવચન વર્ષ ૮ અંક ૩૩ પૃ. ૪૨૦ કલમ ૫ માં જણાવોછો કે 'દીક્ષા દીધા પૂર્વે જ સામાયિકાદિ સુત્રનું દાન આપવાનું પંચવસ્તુકમાં જણાવેલું છે' તો અહિં પ્રવચન વર્ષ ૩ અંક ૭ પૃષ્ટ ૮૩ પ્રશ્ન ૧૪ ના ઉતરમાં' તો આપ 'કેમકે કરેમિભંતે તો પહેલીજ ઉચ્ચરાવવામાં આવે છે' એમ કહી વડીદીક્ષા પૂર્વે થયેલી કાચી દીક્ષામાંજ સામાયિક સૂત્રદાન કરવાનું જણાવો છો તેથી હવેનું આપનું 'દીક્ષા લીધા પૂર્વે જ' વાળું પણ કથન ખોટું જ ઠરે છેને? અહિં કરેમિભંતે સૂત્રને 'કેવી' ન કહેવાય, 'કેવું' કહેવાય! વાતવાતમાં લિંગનું બીજાને સૂચવનારા આપને આવી ભૂલ થાય તે તો બે બૂકના પણ કાચા જ્ઞાનને લીધેજને? **આ હાલતમાં પૂ. આગમોદ્ધારક દેવને કહેવા માંડવું કે** 'અહિં વ્યાકરણનો દોષ છે! ન સમજાય તો અમને પુછાવવું' **એતો ગમારતાજ ગણાયને?** જેને બે બૂક પણ પાકી કરવા માટે કોઇનું શરણું જરૂરી છે. એવી હાલતવાળો આવા સગર્થ ગીતાર્થને ભણાવવાની વાયડાઇ કરે તે શું ઓછો ઉન્માદ ગણાય?

પ્રવચન વર્ષ ૮ અંક ૩૩ પૃષ્ટ ૪૨૦ **ઞ**, અને **ઞ**માં લખો છો' કે 'પંચવસ્તુકમાં સ્વચર્યાપ્રદર્શન આદિ દ્વારાએ પરીક્ષા કરવાનું જણાવ્યું છે, અને એ પરીક્ષા દીક્ષા પહેલાંજ કરવાની છે, એમ પણ શ્રી પંચવસ્તુકકાર મહાપુરૂષે સ્પષ્ટ જણાવેલું છે' સાહેબ! અહિં પણ 'એમ પણ' શબ્દ કઇ કુટિલતાને દાબવા માટે મૂકો છો એ કહોને? મનમાં ભીતિ જ હોય કે હું આ ભરડું તો છું પણ સ્વચર્યા પ્રદર્શનાદિ દીક્ષા પહેલાં ઘટે જ

કેમ? તો આવાં પેટ ચોળીને શૂળ શું કામ ઉભાં કરો છો? જુઓને, પ્રવચન વર્ષ ૩ અંક ૭ પૃષ્ટ ૮૩ ના પ્રશ્ન ૧૪ ના ઉત્તરમાં તો આપ તેવું બોલ્યા જ છોને કે 'વડી દીક્ષાનો તે ગાળો પરીક્ષા માટે નથી પણ સંયમ પાળવા માટે જે વિધિ વિધાનો છે, તેનાથી પરિચિત કરવા માટે રાખવામાં આવે છે.' અને જો એમ જ છે તો હવે વળી દીક્ષા પહેલાં જ સ્વચર્યા પ્રદર્શનાદિનું ધતીંગ શું કામ લાવ્યા? ભવમાં ભટકવું ઇષ્ટ ન હોય તો હજુ પણ ચૂપ જ થવું સારૂં છે, માનશો? વર્ષ ૩ અંક ૭ ના પૃષ્ટ ૮૨ પ્રશ્ન ૧૩ ના કાચી દીક્ષાના પ્રશ્નના ઉત્તરમાં પણ સ્વચર્યાપ્રદર્શનાદિ દીક્ષા પહેલાં જણાવ્યું જ નથી તે પણ ખરૂંને? આભિનિવેશમાં ગળાબુડ ડુબેલા હોવાથી અમે શાસ્ત્રોના મરડી મચડીને પણ ત્રેડા જ અર્થો રજુ કરીએ છીએ એમ હવે તો બોલશોજને? કુટિલતા છૂપાવવા નહિ બોલો તો આ આગળ બોલેલી વાતો જૂઠી પડશે જ? તેમાં ના કીધે થોડું જ ચાલે તેમ છે?

પ્રવચન વર્ષ ૮ અંક ૩૩ પૃષ્ટ ૪૨૨ માં હવે આપ પ્રશ્નવિધિને તો પરીક્ષાવિધિ માનતા જ નથી, અને તે કુકલ્પનાને સાચી કરવા 'કાચી દીક્ષા પછી જ સ્વચર્યા પ્રદર્શનાદિ વડે પરીક્ષા કરવાનું વિધાન સુચવનાર ધર્મબિન્દુના ભાષાન્તરને પણ 'બીનફેરવર જતું જોઇ' જુઠું કહેવાની ધૃષ્ટતા કરી છે! અને પછી તો પ્રશ્ન શુદ્ધિથી પસાર થએલા દીક્ષાર્થીને માટે શ્રી પંચવસ્તુમાં આવતા પ્રવ્રજ્યા વિધાનમાં **अभ्युपगत**નો અર્થ–દીક્ષા આપવી, એમ હવે છોડીને–'તે દીક્ષા લેવાની ઇચ્છાવાળાનો પ્રશ્ન શુદ્ધિ તરીકે '**अभ्युपगत** એટલે' સ્વીકાર કરવો! આવું જૂઠું ભરડવાની કપરી સ્થિતિમાં આપ મૂકાયા છો!

સાહેબ! જૈન પત્રને આપના સાચની સિદ્ધિ માટે આપે બતાવેલ પ્રવચન વર્ષ ૪ અંક ૧૮ પૃષ્ટ ૪૧૦ કોલમ પેલું ફકરા છેલ્લામાં "તો એ દીક્ષાનો અભિલાષી પ્રશ્ન શુદ્ધ ગણાય અને તે દીક્ષા આપવા માટે યોગ્ય છે અને એવો ઉત્તર નહિં આપનાર અન્ય માટે ભજના, એટલે કે યોગ્ય લાગે તો આપવી અને અયોગ્ય લાગે તો ન આપવી. આ વાત પણ પ્રસંગથી જણાવવી યોગ્ય છે, કારણ કે પંચકવસ્તુક નામના પ્રકરણમાં કહ્યું છે કે–તગરાનગરીમાં હુ 'કુલપુત્રક' તરીકે ઉત્પન્ન થયો

છું અને અશુભ એવો જે સંસાર તેના ક્ષય નિમિત્તે જ હે ભગવન્! હું દીક્ષા અંગીકાર કરૂં છું–આ પ્રમાણે પ્રશ્નના ઉત્તરમાં જે કહે તે ગ્રહણ કરવા યોગ્ય છે, અને એથી જે ઉલટા હોય, એટલે કે–અકુલક પુત્રક હોય અથવા તો અન્ય કોઈ નિમિત્તે દીક્ષા અંગીકાર કરવા આવ્યા હોય, એવા આત્માઓ માટેની ભજના, એટલે યોગ્ય જણાય તો અપાય અને અયોગ્ય જણાય તો ન અપાય." **એમ જણાવી પ્રશ્ન શુદ્ધિવાળા ને તો દીક્ષા આપવી જ. પણ પ્રશ્નશુદ્ધિમાંય જે પસાર ન થયો હોય તેને પણ યોગ્ય જણાય તો દીક્ષા આપે એમ આપના દસ્ક-તોથી જણાવી ચૂકયા છો કે? અહિં પ્રશ્નશુદ્ધિ પછી કાચી દીક્ષા આપવા અગાઉ પરીક્ષાની અપેક્ષા આપે પણ રાખીજ નથી એ તો ખરૂંજને? હવે તો પૂ. આગમોદ્ધારક દેવશ્રી તથા ધર્મબિન્દુનું ભાષાંતર તદ્દન સાચાં જ છે ને? મિચ્છામિદુકડં કેદિ આપશો?** શ્રી પંચવસ્તુક કારના **'प्रव्रजामि अहं भदन्त इति, एवं ब्रुवन् ग्राह्यः' આ ग्राह्यः નો અર્થ 'ગ્રહણ કરવા યોગ્ય છે' એમ કહીને આપે અહિં 'ગ્રહણ કરવા યોગ્ય' શબ્દનો અર્થ પણ '(દીક્ષા) આપવી' એમજ કરેલ છે ને? પ્રશ્નશુદ્ધિમાં પાસ નહિં થયેલાને પણ અહિં આપ દીક્ષા આપવામાં ભજના જણાવીને ચોખ્ખું જ લખો છો કે 'યોગ્ય જણાય તો (દીક્ષા) અપાય, અને અયોગ્ય જણાય તો ન અપાય,** હવે આપ જે પ્રશ્નશુદ્ધિથી પરિક્ષાવિધિ ભિન્ન હોવાનું જણાવી, કાચી દીક્ષા પૂર્વે પ્રશ્નશુદ્ધિ પછીથી પણ પરીક્ષા તો કરવીજ જોઈએ, વિગેરે જે નવુંજ જણાવો છો તે આ ઉપર્યુકત આપનાજ વચનથી સદંતર ખોટું જ છે કે? પ્રશ્નશુદ્ધિમાં પાસ થયે, શાસ્ત્રકાર મહારાજા 'તે પ્રશ્નશુદ્ધ ग्राह्यः' એમ જે ફરમાવે છે, તે વાકયનો **અર્થ–તેને દીક્ષા આપવી, તેને દીક્ષા અપાય, એમ અહિ આપે જ કહ્યા પછી, હવે એ વાત આખીય ઉલટાવી નાખીને 'એવી રીતે પ્રશ્નશુ-દ્ધિમાં પાસ થએલાનો દીક્ષા નહિં આપતાં ફકત પ્રશ્નશુદ્ધ તરીકેજ સ્વીકાર કરવો' એમ બોલવા માંડીને પ્રથમ ग्राह्यः નો અર્થ–'દીક્ષા આપવી' કર્યો હતો. એનો નાશ કરી નાખીને જ અહિં**

**ग्राह्य**નો અર્થ 'સ્વીકાર કરવો' એવું બોલી પરીક્ષા વિષેની આ આખીયે ખોટી લડતમાં અહિંથીજ આપે આપના માટે મોટો ખોપ ખણ્યો છે!–પહેલાં યુવકસંઘમાં ભળેલાઓએ પણ અહિં **ग्राह्यः** નો અર્થ 'સ્વીકાર કરવો' એમ કરીનેજ દીક્ષા પહેલાં પરીક્ષાની જરૂરીઆતના શાસનપક્ષ સામે મોરચા માંડયા હતા' અને તે વખતે તો આપ તેમની સામે 'અમૂક દિવસ રોકવો જ જોઇએ એવો કાયદો નહિં' એમ પ્રવચન વર્ષ ૩ અંક ૭ પૃષ્ટ ૨૨ માં ચોખ્ખું બોલી ગયા છો! અને તેજ વાતની ઉત્તરોત્તર પુષ્ટિમાં આપે અહિં પ્રવચન વર્ષ ૪ અંક ૧૮ પૃષ્ટ ૨૧૦ માં તે **ग्राह्यः** શબ્દનો અર્થ પણ 'સ્વીકાર કરવો' એમ નહિં કરતાં 'દીક્ષા આપવી' એમજ કરેલ છે, છતાંય હવે મિથ્યાત્વમાં જવાથી '**ग्राह्यः**' નો 'દીક્ષા આપવી' એમ પોતેજ કરેલો અર્થ ફેરવીને અને યુવક સંઘના નેતાઓની માફક 'સ્વીકાર કરવો' એમ કરીને આપે યુવકસંઘના નેતાઓ કરતાં પણ શાસનના ભયંકર શત્રુની ગરજ સારી છે, એતો દીવા જેવું છેને? કારણકે આપને તો કઇક ભોળા ધર્મીઓ હજી શાસનના માને છે! યુવકસંઘના નેતાઓને માટે તે માન્યતા નથી! આથીજ આપને માનનારી ભોળી સમાજ ખૂબ કુટાણી!

પ્રવચન વર્ષ ૪ અંક ૧૮ પૃષ્ટ ૨૧૦ કોલમ પેલાના છેલા ફકરામાં તો આપ સાફ જણાવી રહ્યા છો કે–'**તો એ દીક્ષાનો અભિલાષી પ્રશ્ન શુદ્ધ ગણાય અને તે દીક્ષા આપવાને માટે યોગ્ય છે અને તેવો ઉત્તર નહિં આપનાર અન્યને માટે ભજના, એટલે કે યોગ્ય લાગે તો આપવી અને અયોગ્ય લાગે તો ન આપવી**' સાહેબ! આપ આવું ચોખ્ખું બોલી ગયા પછી 'પ્રશ્નશુદ્ધની પણ પરીક્ષા તો બાકીજ રહે છે અને તે પરીક્ષા કાચી દીક્ષા પહેલાંજ થવી જોઈએ' તથા **ग्राह्यः** નો અર્થ સ્વીકાર કરવો' એવું બોલવાનું કયા ભયંકર મિથ્યાત્વના ઉદયે સૂઝયું?

**સાહેબ**! પ્રશ્નશુદ્ધને '**एवं ब्रुवन् ग्राह्यः**' એ વાકયનો **અર્થ**–

દીક્ષા આપવી, એમજ આપે જે પ્રવચન વર્ષ ૪ અંક ૧૮ ૨૧૦ કરેલ છે, તે બોલ ઉપર જ જો ઉભા રહો તો તો '**अभ्युपगत**' શબ્દનો અર્થ પણ 'દીક્ષા આપવી' એવો જ થાય છે ને? પણ તે જેને બોલની કિંમત હોય તેને!

**શ્રી** પંચવસ્તુકાર મહારાજ–ગાથા ૧૧૭ની વૃત્તિમાં **प्रव्रज्यामि अहं भदन्त इति, एवं ब्रुवन् ग्राह्य**:–એટલે હે ભગવાન્ હું દીક્ષા લેવા માગું છું, એ પ્રમાણે બોલતાને–'**ग्राह्य**: શબ્દનો દીક્ષા આપવી એવો આપે જ કરેલ અર્થ મુજબ' દીક્ષા આપવી એમ અહિં નક્કી થયું.

એ પ્રમાણે દીક્ષા આપ્યા પછી તે દીક્ષિતને ગાથા ૧૧૮ માં **कथयेत्–दुरनुचरां × × × क्षुद्रसत्त्वानां सुसाधुक्रियामिति** એમ ફરમાવે છે. **એટલે કે દીક્ષિતને ક્ષુદ્ર પ્રાણીઓથી દુઃખે પાળી શકાય તેવી સુસાધુની ક્રિયાને કહેવી.** (અહિં સામાન્ય જન પણ સમજી શકે તેમ છે કે સાધુની ક્રિયા સાધુ બનેલાને જ કહેવાય ગૃહીને આવી ક્રિયા કહેવાનું પ્રયોજન જ નથી. કારણ કે તેમાં ઉભયને હાની છે. મુનિરાજોની કેટલીય ક્રિયાઓ એવી છે કે ગૃહસ્થને કહેવામાં આવે તો ઉલટો અધર્મ પામે! તેમાંયે જે કુળનો ન હોય તેવાને તો ચારિત્રના પરિણામ થયા હોય છતાં પણ દીક્ષા લીધા પહેલાં જ મુનિની ક્રિયાઓ સાંભળીને પામેલું પણ વમી નાખે! દાખલા તરીકે–સ્થંડિલમાં ડગલ, માત્રાવાળા હાથ સૂકાયા પછી અસઝાય નથી, શ્લેષ્મ ખેરીઆમાં ચોળી નાંખવું, મુખ શુદ્ધિની ના, સ્થંડિલમાં આટલું જ પાણી વાપરવું, પાદ ધોવન તો નહિ જ! ખેરીયામાં શ્લેષ્મ ભરાઈ જાય પછી એનો કાપ કાઢી નાખવા માટે હાથમાં લઈને ચોળવું પડે, તેમાં વડિલોનાં ખેરીયાં તો પહેલાં જ લેવાં પડે, કપડાં જેમ બને તેમ વધારે જ મેલાં રાખવાં, દુર્ગંધ ઉછળે તોય અલ્પય દુગંછા ન લાવવી તેમાં જ સંયમ ખીલે છે. ગોચરી વાપરતાં કોઈ અકળાયો હોય તો તેનું એઠું ય બીજાએ વાપરી જ જવું પડે પણ પરઠવવાનું નહિંજ! વામીટ થયું હોય તો રાખમાં હાથે કરીનેજ તે વામીટ ચોળી નાંખવું! ગોચરીમાં કીડી, મકોડી, ધનેરાં રંધાઈને આવી ગયેલ હોય તો તે કાઢી નાખીને ગોચરીનું શું કરવું તે, કોઈને

અચાનક અથવા ગ્લાનાદિ કારણે સ્થંડિલ થઈ જાય તો કુંડીમાં લઇ પરઠી આવવું, ગ્લાનાદિના કપડાં સ્થંડિલાદિથી બગડી ગયાં હોય તો કાપ કાઢી આપવો, વિગેરે સુસાધુ મુનિરાજોની અનેક ક્રિયાઓ નવા દીક્ષાભિલાષીને કહી નાખવાનું બની શકે જ નહિં. અરે કુળનાઓ પણ કોઈ કોઇ તો 'અમુક કાર્ય તો મારાથી નહિ થાય' એમ કહીને દીક્ષા આપનારો તેને મુનિરાજોની ક્રિયા કાંઇ પણ ન જણાવે તોય પોતાની દીક્ષા પહેલાં કેટલીય છૂટની ચોખવટ કરવા માંડે છે! આવે પ્રસંગે તેને સુસાધુઓની ક્રિયા જણાવવાનું તો બાજુયે જ રહી જાય છે! ઉલટું અનેક બાબતની રાહતની કબૂલાતો આપીને પણ એને ચારિત્રમાં જોડાય છે. આ વસ્તુ સહુય મુનિરાજોને અને વિશેષે કરીને આપને અનુભવ સિદ્ધ જ છે, છતાં આજે કયા ભયંકર પાપના ઉદયે શાસ્ત્ર અને અનુભવ બંનેયથી વિરૂદ્ધ જઈને દીક્ષા પહેલાં સુસાધુ ક્રિયા પણ કહી નાખવાનો બકવાટ કર્યો છે? આ વાત પણ આપ પ્ર૦ વર્ષ ૪ અં. ૧૮ ના આપના 'દીક્ષા આપવી' એ બોલ ઉપરથી સમજો જ છો એમ માનવું બરાબર જ છે કે?

ઉપર મુજબ ગાથા ૧૨૨ સુધી તે દીક્ષિતને કથા કહેવાનું શ્રી પંચ વસ્તુકકાર મહારાજા ફરમાવીને ગાથા ૧૨૩ માં ફરમાવે છે કે '**अभ्युपगतमपि सन्तं पुनः परीक्षेत प्रवचनविधिना–स्वचर्या प्रदर्शनादिना, कियन्तं कालं यावदित्याह षण्मासं यावदासाद्य वा पात्रमद्धायाः अल्पबहुत्वम्**'

અર્થ—દીક્ષા આપ્યે છતે પણ સાધુચર્યા દેખાડવા આદિ વડે કરીને (તેની) ફરીથી પરીક્ષા કરવી અને તે કેટલા કાળ પર્યન્ત? તો કહે છે કે–યાવત્ ૭ માસ પર્યંત અને પાત્રની અપેક્ષાએ ઓછો વત્તો કાળ પણ પરીક્ષા કરવી.

કેમ સાહેબ! આપના એ ચોથા વર્ષના ૧૮ મા અંકના આપનાજ લખાણ મુજબ અહિં પણ '**अभ्युपगत**'નો અર્થ 'દીક્ષા આપવી' એમ કરો તોજ આ દરેક વાતનું ઠેકાણું પડે છે ને? આગળ **ग्राह्यः**નો અર્થ 'દીક્ષા આપવી' એમ કરી ગયા છો, અને તે દીક્ષા

આપ્યા પછી તો તેને સાધુ ક્રિયા કહી છે, અને એ પછી ' જે ચર્યા ગૃહસ્થના દેખતાં કરે તો શ્રી હરીભદ્ર સૂરીશ્વરજી મહારાજના અષ્ટકજીમાં શ્રી જીનેશ્વરસૂરિજી મહારાજા-**मुमुक्षोर्मतं प्रच्छन्न भोजनम्** × × × **एतेन हि साधु सामाचार्यां यत्प्रकट भोजनं तज्जन्यो यः प्रवचनोपघात: स्वपरार्थ निबन्धनभूतो अप्रशमबाह्यो जिनाज्ञाभङ्गरूपः सोऽवश्यं परिहार्य इत्यावेदितं भवति । निषिद्धं च जिनागमे प्रगट भोजनम्, यदाह । छक्काय दयावन्तो वि संजओ दुल्लहं कुणइ बोहिं । आहारे नीहारे दुगंछिए पिण्डगहणे य ॥** વિગેરે કહીને, બોધિ દુર્લભતા ફરમાવે છે ? તેવી પ્રચ્છન્ન પણ સાધુચર્યા બતાવવા માટેનું **अभ्युपगतं** એટલે ' દીક્ષા આપેલાને જ અહિં પરમર્ષિ સૂચવે છે, એમ માનવામાં અહિં શું આંકળી આવી ? સાધુની ચર્યા વિગેરે–કે, જે પૂજવું, પ્રમાર્જવું, આહાર, નીહાર, વીહાર, સારણા, વારણા, ચોયણા, પડિચોયણા, સ્વાધ્યાય, વિનય, વયાવચ્ચ, જ્ઞાન, ધ્યાન, સમિતિ, ગુપ્તિ ઈત્યાદિનું ગૃહસ્થને અદર્શન પણ કેમ કરાવી શકાય, એ વિચારવાની તો જરાય આવશ્યકતા માની જ નહિં ને ? આપની આ મુજબની કુટનીતિ ભરી તદ્દન પોકલ ગોડીયાબાજી પ્રગટ કર્યા છતાં પણ આપ વળ નહિં મૂકો તો પબ્લીક તો સમજશે જ કે સાધુ ચર્યા સાધુ જ જોઈ શકે ! આ બધુંય હવે આપ ન જ વિચારો તો પણ ઉપર મુજબ **अभ्युपगम**નો અર્થ આપના જ મતે પણ ' દીક્ષા આપવી ' એમ સિદ્ધ જ છે. અને એ સિદ્ધ છે તો, યાવત્ છ માસ પર્યંતની જે પરીક્ષાની વાત છે તે પણ, 'કાચી દીક્ષા પછીની જ છે' એજ કથન શાસ્ત્ર સંગત હોઇને તદ્દન સાચું સાચું અને સાચું છે; એમ આપને હવે તો માન્યા વિના થોડો જ છૂટકો છે ! અને એ માન્યું એટલે એ પછીનું બધું જ માન્યું !!!

અહિં ફરીથી પણ યાદી આપવાની જરૂર છે કે આગળ તો આપે 'અમુક દિવસ રોકવો જ જોઇએ એવો કાયદો નહિં' એમ બોલીને દીક્ષા પહેલાં આપના સગા હાથે પરીક્ષા તો ઉડાવી જ છે, પણ તે પ્રવચન વર્ષ ૩ અંક ૭ માં આપે કાચી

**દીક્ષા પછીની યાવત્ છ માસ પર્યંતની પરીક્ષાની શાસ્ત્રોક્ત આજ્ઞાનો પણ છડેચોક ભંગ કર્યો છે! આથી આપ કેવા વીતાર્થ છો એ આપ નહિં જ સમજો તોય જૈન જગત તો આપને ખુલ્લે ખુલ્લા જાણીજ લેશે, અને એને અંગે અનેક ભવ્યાત્માઓ આપના પાપ સંસર્ગથી બચશે, એ પણ અતીવ લાભ છે!**

**પ્રવચન** વર્ષ ૮ અંક ૩૩ પૃષ્ટ ૪૨૨ માં આપ 'પરીક્ષાદિ વિધાનના પાલન માટે જ દીક્ષા રોકાય તે આજ્ઞાપાલનઃ' એવું અસંબદ્ધ જ હવે ઉચ્ચરો છો તે—આપે જ ઉચ્ચરેલી પ્રવચન વર્ષ ૩ અંક ૭ માંની વાત જોડે કોઈ પણ રીતે સંગત થાય છે? નહિં જ! તો એવું હવે મિથ્યાત્વમાં પટકાયા પછી જ ઉચ્ચરાય છે અને તે નરી મૂઢતા જ છે એમ ખરૂં કે? સાહેબ! મૂઢતા અને મોહાન્ધતામાં કેટલો ફરક? અને એ મૂઢતાના જોરે 'પરીક્ષાદિને માટે જ જરૂર જણાય તેટલો કાળ દીક્ષાર્થિને દીક્ષા ન અપાય, એમાં દોષ છે જ નહિં, પણ આજ્ઞાપાલનનો એકાન્તે લાભ જ છે' એવું 'જ' કાર પૂર્વક જુઠું જ ભણવા માંડી, દીક્ષાર્થીને રોકવાનો મિથ્યા સિદ્ધાંત ઘડતાં તો ઘડી નાંખ્યો, પણ તેનો અમલ કરો તો આપ—દીક્ષાર્થીને બળાત્કારાદિ વડે રોકનારાથી કેટલું ઓછું મહા મોહનીય બાંધો? મને તો પ્રગટ ઠગ કરતાં સફેદ ઠગ મહા ભયંકર લાગે છે!

**સાહેબ!** આમ જ્યારે ઉંધા જ કૂટાયા, અરે મિથ્યાત્વમાં પટકાયા ત્યારે તો 'પ્રવચન વર્ષ ૪ અંક ૧૮ પૃષ્ટ ૨૧૦ માં આપે જ લખેલી' **'તો એ દીક્ષાનો અભિલાષી પ્રશ્નશુદ્ધ ગણાય અને તે દીક્ષા આપવા માટે યોગ્ય છે અને એવો ઉત્તર નહિ આપનાર અન્ય માટે ભજના, એટલે કે યોગ્ય લાગે તો આપવી અને અયોગ્ય લાગે તો ન આપવી'** આ વાતને જ યથાર્થ જણાવતી **પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવેશની** વાતને તમોએ ભયંકર રીતે કુઠાર ઘાત કરી કારમા હૃદયે કુટી જ નાખી! કેટલી નરાધમતા?

**પૂજ્ય આગમોદ્ધારક દેવશ્રીએ** આ વિષે શું ખોટું કહ્યું? અને

કેવી દુષ્ટતાથી પોતાના જ એ વચનોથી વિરૂદ્ધ જઇને આપે ઉંધું કૂટયું તે જુઓ ! પ્રવચન વર્ષ ૮ અંક ૩૩ પૃષ્ટ ૪૨૩. ઠ.માં આપે લખ્યું છે કે ' શ્રી સાગરજી મહારાજે એવું જણાવ્યું છે કે–'**અશુભ ભવ ક્ષયને માટે હું દીક્ષા લઉં છું–એમ કહેનારો દીક્ષાર્થી ગ્રહણ કરવા યોગ્ય છે, અર્થાત્ દીક્ષા આપવા યોગ્ય છે. ને તેને ગ્રહણ કરવામાં (દીક્ષા દેવામાં) ભજના નથી.** ( એટલે કે એવો ઉત્તર નહિ આપનાર અન્ય માટે ભજના ) **એમ પંચવસ્તુકાર ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી સ્પષ્ટ જણાવે છે.** આની સામે પૂ. પ્રવચનકારશ્રીનું કહેવું એવું છે કે " શ્રી પંચવસ્તુક પ્રશ્નવિધિમાં ' **एवं ब्रुवन् ग्राह्यः, भजनाशेषेषु** ' એમ જણાવ્યું છે, તેનો અર્થ એ નથી કે–' તેને ગ્રહણ કરવામાં ( દીક્ષા દેવામાં ) ભજના નથી ! **ત્યાં તો પ્રશ્નશુદ્ધ તરીકે જ ગ્રહણ કરવાનો નિર્દેશ છે.** દીક્ષા દેવાને અંગે તો પ્રશ્ન પછી આચાર કથન, પરીક્ષાદિ જણાવ્યા બાદ ' **चत्यवंदनं करोति रजोहरणमर्प्पयति अष्टा ग्रहृणाति** ' વિગેરે સ્પષ્ટ જણાવેલ છે, માટે પ્રશ્નશુદ્ધને આચાર કહ્યા વિના દીક્ષા દઈ જ દેવી એમ શ્રી પંચવસ્તુકારના નામે કહેવું તે ખોટુ છે.

કેમ સાહેબ ! વર્ષ ૪ અંક ૧૮ ના ઉપર લખેલા આપના જ બોલમાં અને વર્ષ ૮ અંક ૩૩ ના પણ આ આપના બોલમાં કાંઈ પણ તારતમ્યતા સૂજે છે ? તે વખતે મિથ્યાત્વ હતું કે આ વખતે આવ્યું ? પૂ. આગમોદ્ધારક દેવશ્રી ફરમાવે છે તે પ્રમાણે જ વર્ષ ૪ અંક ૧૮ માં તો ' અને તે દીક્ષા આપવાને માટે યોગ્ય છે, અને ભજનાવાળાને પણ યોગ્ય લાગે તો દીક્ષા આપવી એમ પોતે જ બોલ્યા છો ને ? જ્યારે હવે ' ત્યાં તો પ્રશ્નશુદ્ધ તરીકે જ ગણવાનો નિર્દેશ છે' વિગેરે બોલવા માંડી ' દીક્ષા આપવા યોગ્ય છે ' એ આપના જ શબ્દો ઉડાડીને હવે વચ્ચે આચાર કથન પરીક્ષાદિ ઘાલ્યું એ મિથ્યાત્વ નહિં ?

પ્રવચન વર્ષ ૪ અંક ૧૮ પૃષ્ટ ૨૧૦ કોલમ બીજામાં પણ આપ ' પ્રશ્ન શુધ્ધ તરીકે જ ગ્રહણ કરવો ' એમ તો જણાવતા જ નથી, પણ સાફ સાફ દીક્ષા આપવાનું જ જણાવો છો. જુઓ ' પંચ

વસ્તુક ' નામના પ્રકરણમાં કહ્યું છે કે–' તગરા ' નગરીમાં હું ' કુલ-પુત્રક ' તરીકે ઉત્પન્ન થએલો છું અને અશુભ એવો જે સંસાર તેના ક્ષય નિમિત્તે જ હે ભગવન્ હું દીક્ષા અંગીકાર કરૂં છું ! આ પ્રમાણે પ્રશ્નના ઉત્તરમાં જે કહે તે ગ્રહણ કરવા યોગ્ય છે, ( અર્થાત્ આપના જ વચન મુજબ તો એ દીક્ષાનો અભિલાષી પ્રશ્નશુધ્ધ ગણાય અને તે દીક્ષા આપવા માટે યોગ્ય છે ). **આ આપની વાત પણ " અશુભ ભવ ક્ષયને માટે હું દીક્ષા લઉં છું–એમ કહેનારો દીક્ષાર્થી ગ્રહણ કરવા યોગ્ય છે–અર્થાત્ દીક્ષા દેવા યોગ્ય છે "** એમ ફરમાવનાર **પૂ. આગમોદ્ધારક દેવશ્રીની** આ નક્કર વાતને જ જણાવે છે કે ? આમ છતાં પણ હવે વિરૂધ્ધ જઇને કેટલો ઉન્માદ કર્યો ? સમાજને કેવો લાભ આપી રહ્યા છો, એ તો સમાજ હવે જ સમજશે ! પોતાનું ય ઓળવે એ બીજાનું શું ઉકાળવાનો !

## પરીક્ષાની પુષ્ટિ માટે ફેંકેલો ગલોલો !

પ્રવચન વર્ષ ૫ અંક ૩૦ પૃષ્ટ ૩૩૯ કોલમ પહેલામાં મોટા અક્ષરે લખી માર્યું છે કે " પરીક્ષાના વિધાનને પુષ્ટ કરતો સ્પષ્ટ ઉલ્લેખ " **वच्छ! कओ चेव तुह मए अणुग्गहो। किंतु एसा समयट्टिइ अम्हाणं, जं संसिउण थेवमागमत्थं सिक्खाविउणाऽऽवस्सयं अइक्कन्तेसु कइवयदिणेसु तओ दिक्खज्जइ त्ति।** વિગેરે !

**સાહેબ !** આવાં ગપ્પાં અણઘડોમાં ચાલે, સમજ્યા ? શ્રી શીખી-કુમાર શ્રી સમરાદિત્યના ત્રીજા ભવમાં થએલ છે ! અને તે શીખીકુમાર જે ક્ષેત્રમાં છેદોપસ્થાપનીય ચારિત્ર છે જ નહિં. તે પશ્ચિમ મહાવિદેહે કોસંબ નામના ગામે અજીતસેન રાજાના બુદ્ધિસાગર નામે પ્રધાનના પુત્ર બ્રહ્મદત્તના પુત્ર પણે ઉત્પન્ન થયા છે, અને તે પશ્ચિમ મહાવિદે-હમાં જ વિચરતા 'વિજયસિંહ' નામે આચાર્ય મહારાજાની દેશનાથી વૈરાગ્ય પામી ત્યાં જ ચારિત્ર લેવાની માગણી કરે છે, એવા શીખીકુમારને ગુરૂમહારાજા–આપે ઉપર રજુ કરેલો જ ઉલ્લેખ જણાવે એજ વ્યાજબી લાગે છે. કારણકે એવો ત્યાંનો એજ નિશ્ચિત આચાર છે. કારણકે બાવીશ તીર્થંકરોના વારાની માફક ત્યાંનાં જીવો રજુ અને પ્રાજ્ઞ હોવાથી તેને

માટે છેદોપસ્થાપનીય ચારિત્રની જરૂર નથી! જે આત્માઓ વક્ર અને જડ છે એને સામાયિક ચારિત્ર પછી પણ સંયમ વિરાધવું સહેજે બની આવતું હોવાથી તેના ચારિત્ર પછી પરીક્ષા કરવી રહે જ છે, અને તેમાં જીવ વિશેષે ૭ મહિના યાવત્ અને ઓછાવત્તો પણ કાળ પરીક્ષા કરાય છે. આ પછી સાધુને યોગ્ય બનેલા એવા તેને છેદોપસ્થાપનીય ચારિત્ર અપાય છે અને તેનો દીક્ષાપર્યાય પણ વડી દીક્ષા પછી જ ગણાય છે, અને એથી એની વડી દીક્ષા એજ વાસ્તવિક દીક્ષા છે. જ્યારે મહાવિદેહના રૂજુ અને પ્રાજ્ઞ આત્માઓનો દીક્ષાપર્યાય સામાયિક ચારિત્ર આપે ત્યારથી જ ગણાતા હોવાથી એને માટે સામાયિક ચારિત્ર એજ વાસ્તવિક દીક્ષા છે. આમ હોવાથી વાસ્તવિક દીક્ષા પૂર્વે 'પરંતુ અમારા આગમની મર્યાદા એવી છે કે થોડા આગમનો અર્થ કહીને, આવશ્યકાદિ શીખવાડીને, કેટલાક દિવસ વ્યતિક્રમવા પછી દીક્ષા અપાય' એમ જે વિજયસિંહ સૂરીશ્વરજી ફરમાવે છે તે યથોક્ત જ છે, અને એ રીતે અહિં પણ વાસ્તવિક દીક્ષા પૂર્વે વર્તાય જ છે. જેથી આ પાઠ જે અહિંના જીવોને માટે તેમજ કાચી દીક્ષા પૂર્વે રજુ કર્યો, તે ખોટો ગલોલો જ છે, આ રીતે કાચી દીક્ષા પૂર્વેજ પરીક્ષા માટે ફેંકેલો આ ગલોલો પણ કાચી દીક્ષા પછીથીજ પરીક્ષાના શાસ્ત્રોક્ત કથનની પુષ્ટિમાં તો અપૂર્વ સિદ્ધાંત રૂપજ હોવાથી આપને તો ઉંધુ વેતરવા જતાં 'નમાજ પઢતાં મસીદ કોટેજ વળગ્યા' જેવુંજ બન્યું છે! ખોટું તે કેટલુંક નભે?

પરીક્ષાના વિષયમાં પ્રવચન વર્ષ–૫ અંક ૪૦ પૃ. ૪૫૯ પ્રશ્ન ૧૪ માં પણ પૂ. આગમોદ્ધારક દેવની એ ને એ વાત આપે મુકી છે, અને તારકદેવના સૂત્રસિદ્ધાંતના નક્કર નીચોડ રૂપ એ વાતને જ યથાર્થ અનુસરતી પ્રવચન વર્ષ ૪ અંક ૧૮ પૃ. ૨૧૦ તથા ૨૧૧ ની વાતને એમા ઉત્તરમાંજ રજુ કરવાને બદલે ત્યાંથી ઓળવીને તે પ્રશ્ન ૧૪ના ઉત્તરમાં આપે મિથ્યાત્વ જ ઓક્યું છે કે? **તે મિથ્યાત્વને અસ્પર્શ્યજનો દ્વારા ઉપડાવીને તે સ્થાને આપનાજ શ્રી મુખમાંથી નીકળેલ પ્રવચન વર્ષ–૪ અંક ૧૮ ના વચનો ગોઠવી દો, તો તો પૂ. આગમોદ્ધારક દેવનું કથન યથાર્થ જ છે ને?** સાહેબ! જાતે આવા ચોખ્ખા અજ્ઞ

છતાં, અભિનિવેશક છતાં; ધમંડી છતાં; કુવાદિ છતાં; તર્કટી છતાં; ઉન્માદિ છતાં, સ્વચ્છન્દી છતાં, મીથ્યાભિમાની છતાં, મહા મિથ્યાત્વમાં ગળાબૂડ ગરકાવ થયા છતાં, શાસનના પરમ શત્રુની ગરજ સારવા છતાં, સંમૂર્છિમ જાતને જ ઓપ ચડાવવાની ધુનમાં-શાસનના પરમ ગીતાર્થની; 'ગાળો દઇને પણ પેટપૂર' અપભ્રાજના કરવામાંજ ભવ વેડફીને ભયંકર દુર્ગતિને હવે કોણે નોતરી ગણાય? હજુ પણ સમજાય છે કાંઇ?

પ્રવચન વર્ષ-૭ અંક ૨૩, ૨૪ પૃ. ૨૮૧ કોલમ પેલામાં શ્રી ધર્મસંગ્રહમાંનો **'स च दीक्ष्योऽन्यस्तु भजनीय इति प्रसङ्गतो ज्ञेयम् ।'** એ પાઠ રજુ થતાં તો પરીક્ષાને માટે આજ સુધી જે ખૂબજ મિથ્યાત્વ બાફ્યું, તે તો એકદમ ઢીલું થઇ આપના હાંજાંજ ગગડી ગયા છે ને? માટેજ-'હે ભગવન્ હું કુળપુત્રક છું, સુંદર ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલો છું અને સંસાર એ અશુભના ઉદ્ભવ રૂપ તેમજ વ્યાધિસમ છે એમ હું માનું છું માટે તેના ક્ષય નિમિત્તે દીક્ષા લેવાને ઉદ્યત થયો છું' 'તેવો પુણ્યાત્મા દીક્ષ્ય ગણાય, એ સ્વાભાવિક જ છે.' એમ પાછું બોલવું પડયું જ ને? (કેમ સાહેબ! હવે તો **अभ्युपगत** નો અર્થ 'દીક્ષા આપવી' એમ કબૂલ છે ને?) જો કે-પ્રવચન વર્ષ ૭ ના અંક ૨૩, ૨૪ માં તો ઉપરના વાકયથી આપ ખુબજ સપડાયા છો, અને તેથી પરીક્ષાના વિષયમાં આપે અત્યાર સુધી જે કુદાકુદ કરી છે તે બધીય ત્યાં 'તેવો પુણ્યાત્મા દીક્ષ્ય ગણાય' એમ કહીને ઓકી તો નાખી જ છે, છતાં હજુ શેવલાં ખાધાં એમ જણાવવા માટે અહિં નીચે હજુ પણ આપ કાચી દીક્ષા પહેલાં પરીક્ષાના નશાને આગળ ધરીને કહો છો કે 'શાસ્ત્રકાર મહારાજાએ **ग्राह्य:** જણાવેલ છે. પણ દીક્ષા આપવી એમ જણાવેલ નથી.' સાહેબ! **ग्राह्य:** શબ્દનો અર્થ 'દીક્ષા આપવી' એમ અહિં નથી જ થતો તો પ્રવચન વર્ષ-૪ અંક ૧૦ પાને ૨૧૦ આપે જ 'દીક્ષા આપવી' એમ કર્યો છે! તેનું કેમ? દોરી બળે તોય વળ મૂકે નહીં!!!

દિક્ષા મોક્ષનું સાધન હોવાથી નિશ્ચિત પતિતને પણ અપાય, એવું આપ પણ માનોજ છો! મહામિથ્યાત્વના ઉદયે 'તેવી રીતે

**નજ અપાય' એમ તદ્દન શાસ્ત્ર વિરૂદ્ધ હવેજ બોલવા માંડયું છે!**

પ્રવચન વર્ષ–૮ અંક ૩૩ પૃ. ૪૨૬ આંક નંબર ૮ના ઉત્તરમાં મિથ્યાત્વમાં ડૂબ્યા પછી આપ ભણો છો કે–' શ્રી નંદિષેણની દીક્ષાથી એમ કહી શકાયજ નહિં કે 'દીક્ષા મોક્ષનું સાધન હોવાથી નિશ્ચિત પતનવાળાને પણ દીક્ષા આપી શકાય! કારણ કે જો તેમ હોત તો ભગવાન્ પહેલાં નિષેધ કરત નહિં' આ પ્રમાણે અનેક વાર કહીને નિશ્ચિત પતિતને ભગવાન્ દીક્ષા આપેજ નહિં' એવું જે મિથ્યાત્વ ડહલવવા માંડયા છો, તે સાચું જ હોય તો આગળ શું ખોટું જ બોલતા હતા? આગળ ખુદ આપજ શું વદતા હતા, તે વચનો જુઓ આ રહ્યાં!–પ્રવચન વર્ષ બીજું, અંક ૩, પૃષ્ટ ૩૨, કોલમ પેલું પંક્તિ ૨ થી ૬ '**કેવલજ્ઞાનીઓ પણ ભવિષ્યમાં પતિત થનારને સંયમ દેતા: એકજ બુદ્ધિ કે–પામી જશે તો લાભદાયી થશે. અભવિની વાત જુદી છે. પામેલો નીકળશે તો પણ એને સ્વાદ રહેશે. જે સંયમ અભવિને પણ નવ ગ્રૈવેયકના સુખનો સ્વાદ ચખાડે, તે સંયમનું ભવિ આત્મા માટે તો પુછવું જ શું? તથા—**

પ્રવચન વર્ષ ૨ અંક ૪૨ પૃષ્ટ ૫૦૨ કોલમ બીજું '**દીક્ષા કેમ આપી**' 'આજે આપણે સાધુઓ ઉપર એક એવો આરોપ મૂકીએ છીએ કે 'દીક્ષા લઇને ઘણા પડી જાય છે–ભાગે છે, સાધુઓ દીક્ષા આપે છે શું કામ? આવો આરોપ મૂકનારને હું કહું છું કે '**ઋષભદેવ સ્વામી તો કેવળજ્ઞાની હતા. તેઓ જાણતા હતા કે મરિચી પતિત થશે. છતાં ભગવાને જાણીને તેને દીક્ષા કેમ આપી? મુદ્દો એ છે કે સંયમના પરિણામથી જે સંયમ લેવાય છે, અને તેનું જેટલું પાલન થાય છે તે કાંઈ નકામું જવાનું નથી. અરે, તેમાં તો એ આત્મા પોતાનું કામ કાઢી લે છે.**

કેમ સાહેબ! આમાંથી તત્ત્વ શું નીતરે છે? એજને કે નિશ્ચિત પતિત થવાનો છે એમ જાણતાં છતાં 'દીક્ષા એ મોક્ષનું સાધન હોવાથી' ભગવાન પણ નિશ્ચિત પતિતને પણ દીક્ષા આપતા, તો અમો તો આ પડશે કે નહિં એ કાંઇ જાણતા નથી માટે કોઈને પણ દીક્ષા કેમ ન

આપીએ ? કારણકે એ નિશ્ચિત છે કે ' કદાચ એ પડયો તો પણ ' તેનું જેટલું પાલન થાય છે તે કાંઈ નકામું જવાનું નથી. અસ્તુ.

જ્યારે પૂ. આગમોદ્ધારક દેવ શું કહે છે ? એજને કે 'પડવાના નિશ્ચિત ભયવાળા નંદિષેણુ, મરિચી, વિગેરેને ભગવાને પોતે દીક્ષા આપી તો અમારાથી તો હરેક સમયે કોઇને પણ આપી શકાય."

સાહેબ ! આ વાતમાં અને પ્રથમ વદેલી ઉપરની આપની એ વાતમાં કશોય તફાવત છે ? બલ્કે પહેલાં તો પૂ. આગમોદ્ધારક દેવનુંજ અનુકરણ કરાયું છે ને ? જ્યારે હવે આ આપનાજ બોલોથી વિરૂદ્ધ જઈને પ્રવચન વર્ષ ૮ અંક ૩૩ પૃષ્ટ ૪૨૪ આંક નં. ૭ ની નીચે તથા વર્ષ ૬ અંક ૨૯ પૃષ્ટ ૩૫૯ ફકરા ત્રીજામાં આપે શું ભરડવા માંડયું છે ? જુઓ ' અમારાથી તો હરેક સમયે કોઇને પણ દીક્ષા આપી શકાય !–આમ કહેવું, એ આજ્ઞા વિરૂદ્ધ છે,××× પડવાનું નિશ્ચિત જાણવા છતાં, માત્ર દીક્ષા મોક્ષનું સાધન હોવાથીજ દીક્ષા આપવાની હોત, તો ( નંદિષેણને ) પહેલાં ભગવાન નિષેધત નહિં.' કેમ સાહેબ ! હવે તો નિશ્ચિત પડનારને પણ ભગવાને આપી, માટે અમોતો હરેક વખતે કોઇને પણ આપીએજ, કારણકે જેટલું પાલન થાય છે તે કાંઈ નકામું જવાનું નથી, આ પ્રમાણેજ બોલવું છેને ? કે આગળ બોલ્યા તે સ્વાહા ?

**સુધારો—આ બૂકના પૃષ્ટ ૧૮; મુનિશ્રી હેમસાગરજી લખેલ છે ત્યાં મુનિશ્રી દર્શનસાગરજી વાંચવું.**

ॐ

# દિશા ફેરવો નં. ૪

## શ્રી નયસારનો આત્મા સમ્યકત્વ પામ્યા પૂર્વે પણ ઉત્તમ હતો, તેમ કહેવામાં અનંતા તીર્થંકરોની અવગણના કરી એવું જ્ઞાન ધરાવનાર આપે નીચે મુજબ ભૂંસીને કેટલા તીર્થંકરોની આશાતના કરી?

## ભગવાન્ મહાવીર પ્રભુના નયસારના ભવને ચઢિયાતો ન કહેવાય, પણ સમ્યકત્વ પામ્યા પૂર્વેના દરેક તીર્થંકરોના ભવને કાંકરા કહેવાય ! એ શ્રી રામનું શાસન.

જુઓ પ્રવચન વર્ષ–૨ અંક ૪૬ પૃષ્ટ ૫૫૮ 'પ્રભુ શ્રી મહાવીર દેવના બાકીના અનંત ભવોને ગણ્યા કેમ નહિ ? સમ્યકત્વ પામ્યા પૂર્વેના ભવ કિંમત વિનાના છે. ગણવા બેઠયે પાર આવે એમ નથી. રૂપીઆ ગણાય, ઉતરતે ઉતરતે પૈસા પાઇ, દોકડા ગણાય: પણ કાંકરા ગણાય ?'

પ્રવચન વર્ષ–૮ અંક ૩૩ આંક ૪૪ ની નીચે હવે તો 'શ્રી લલિત વિસ્તારના મજકુર પાઠથી તો એ સિદ્ધ થાય છે કે–શ્રી તીર્થંકરદેવના આત્માઓ સમ્યકત્વ પ્રાપ્તિ પૂર્વે પણ પુરૂષોત્તમપણાની ઉત્તમત્તા, કે જેમાં પરાર્થ વ્યસનીપણું આદિ શાસ્ત્રકાર મહારાજે જણાવ્યું છે, તેને ધરનારા હોય છે, એમ જણાવો છો. **સાહેબ ! આપનું આ સાચું કે ઉપરનું ? ઉપરનું પણ મિથ્યાત્વથી તો નહિ જ બકયા હોને ?** તો હવે તે પ્રવચન વર્ષ–૮ ના લખાણ સાથે એ મેળાવો ! 'જે શ્રી તીર્થંકરદેવોના આત્માઓને હવે સમ્યકત્વ પ્રાપ્તિ પૂર્વે અને ઠેઠ નિગોદાવસ્થામાં પણ પુરૂષોત્તમ હોવાથી ઉત્તમ માનવા મંડાયા છો, તેજ દરેક તારકોના પૂર્વ ભવોને પહેલાં તો કાંકરા જ કહી નાખ્યા છે ને ? **आकालमेते** ના પ્રસંગમાં શ્રી નયસારને સમ્યકત્વ પ્રાપ્તિ પૂર્વે પણ પરાર્થવ્યસની કહ્યા એમાં તો 'દરેક તીર્થંકરોની આશાતના કરી' એવો આંધળો બકવાટ શરૂ કરી, દારૂ પીધા પછી વીંછી ડંખેલ વાનરની

માફક કંઈક અડપલાં ઓકી નાંખ્યા છે એ ખ્યાલ છે ને? પૂ. આગમોદ્ધારક દેવશ્રીએ તો શ્રી નયસારને જ સમ્યક્ત્વ પ્રાપ્તિ પૂર્વે ઉત્તમ કહ્યા, અને આપના નાદાન મત અનુસાર બધાયને ઉત્તમ ન કહ્યા એજ અપરાધ, અને એ અપરાધના બદલામાં જે શ્રી રામશાસન દરેક જીનેશ્વરોની આશાતના કરવાનો પેગામ પટકે, તે શ્રી રામશાસન–'સમ્યક્ત્વ પ્રાપ્તિ પૂર્વે દરેક તીર્થંકર મહારાજાઓના અનંતાય ભવોને કાંકર કહે' ત્યારે તે પોતાને તો હવે અનંતા સંસારનો જ પેગામ પાઠવશે ને?

પ્રવચન વર્ષ ૨ અંક ૪૭ પૃષ્ટ ૫૬૧ 'એટલા માટે નયસારના આત્માને યોગ્ય માની કાંઈક દેવાનો મુનિઓ વિચાર કરે છે. મુનિએ નવકાર મંત્ર દીધો અને એ વસ્તુના વિચારમાંને વિચારમાં ભગવાનનો આત્મા સમ્યગ્દર્શન પામ્યો!' કેમ સાહેબ! બેસીને જ દેશના આપવાના એકાંત આગ્રહમાં તણાએલ આપ, અહીં વળી આ રીતે સમ્યક્ત્વ પામ્યાનું ક્યાંથી લાવ્યા? બેસીને જ દેશના આપવાની પુષ્ટિમાં ત્રણ પાઠ મૂકયા ત્યાં ચોથો આ પાઠ તો મૂકવો જરૂર જ હતો ને? પણ જ્યાં માન્યતા એક તરફી જ ઘસડાઈ ગઈ હોય ત્યાં સમ્યક્ત્વ પામવા સંબંધમાં આવી વિધવિધ વાતો પાપાત્માઓએ છૂપાવવી જ પડેને? બીજી વાત એ છે કે–ઉપરની વાત પણ કયા ગ્રંથમાંથી લાવ્યા છો? રજુ કરો! કારણકે એ વાત 'મુનિએ સમ્યક્ત્વ પમાડયું એમ નથી જ કહેતી! મુનિએ તો ફક્ત નવકાર મંત્ર જ આપ્યો અને સમ્યક્ત્વ તો શ્રી નયસાર પોતાની મેળે જ પામ્યા એમ સૂચવે છે! એથી એ વાત ઠંડા પોરનો ગપોડો પણ કેમ નહિં? અને જો એમ જ છે તો અહિં બે ગુન્હા કર્યા ગણાય, એક તો મુનિએ કરેલો ઉપકાર ઓળવ્યો અને બીજું ભગવાનના આત્મા નયસારને માથે 'પોતાની મેળે સમ્યક્ત્વ પામવાની જૂઠી જ સામર્થ્યતા સૂચવતો' જૂઠો જ આરોપ મૂક્યો! 'એક તીર્થંકર મહારાજની વિશિષ્ટતા ગાવા જતાં અન્યની આશાતના થઈ જાય છે'' એવી લબાડ માન્યતાવાળા જ આપ હોવાથી અહિં આપને વિચારવું જરૂરી હતું કે નહિં?

પ્રવચન વર્ષ–૭ અંક ૨૮–૨૯–૩૦ પૃષ્ઠ ૩૩૫ કોલમ બીજું ફકરો ૩ 'જીનશાસનની પ્રભાવના કરતા નયસાર, **પોતાના કાળને પસાર** કરે છે.' સાહેબ! લખવામાં કાંઈ ભાન છે કે નહિં? શું નયસાર પોતાના મૃત્યુને પસાર કરે છે–તેની નીચેના જ ચોથા ફકરામાં લખો છો કે 'આ બધી વસ્તુઓ સમ્યકત્વને નિર્મળ કરનારી છે તેમજ **જીવના અન્તને નિકટ લાવનારી** છે, સાહેબ! કાંઈક ભણીને પછી પાટ ઉપર બેસો! જીવને માનવાવાળો 'જીવનો પણ અન્ત હોઈ શકે' એમ કદિયે માને? નજ માને! તો પછી જે તેવી માન્યતાવાળા હોય તેના ગુરૂ બનો, કે જેથી આપનો ઉપદેશ કામે લાગે.

સાહેબ! આ બધું પણ નયસાર માટે જ બોલ્યા છો, માટે આમ બોલીને આપે કેટલા તારકોની આશાતના કરી? **સાહેબ! આવી 'ગાડાને બદલે ગાંડા જેવી' સોમલને બદલે સો, મલ જેવી, આપની હજારો ભૂલો થઈ છે તે અવસરે શરણે ધરીશ!**

---

## ભગવાને ગર્ભમાં અભિગ્રહ કરવાનું કારણ મોહનીય કર્મ છે.

પ્રવચન વર્ષ ૫ અંક ૪૩ પૃષ્ઠ ૪૯૩ કોલમ બીજું 'જે ભગવાન ઉપદેશ દે કે–'મોહમાં ફસાશો નહિં' તેજ ભગવાન વિચાર વિના મોહમાં ફસી પડે, એ બને?' સાહેબ! અહિં આપે 'ભગવાન મોહમાં ફસી પડયા' એમ તો જણાવ્યું જ છે! હવે 'વિચાર વિના' નો અર્થ તો માતાપિતા જીવતાં ન રહે એજને? સોપક્રમ ચારિત્ર મોહનીયના કારણે, ધારે તો જલદિ પણ આવી જાય તે સંયમને 'માતા પીતાની લાગણીની ખાતર' વહેલું આવતું અટકાવવા માટે સંસારમાં રહેવાનો અભિગ્રહ ધારણ કરવામાં, '**પ્રભુનું મોહનીય કર્મ**' એજ કારણ છે, એ સીધું માનવાને બદલે પ્રવચન વર્ષ–૫ અંક ૩૮–૩૯ પૃષ્ઠ ૪૩૮ કોલમ પેલામાં '**ભગવાન્ શ્રી મહાવીરદેવે અભિગ્રહનું ગ્રહણ જેમ જ્ઞાનપૂર્વક કર્યું હતું**' આવું શાથી વદો છો? આ અંકમાં 'જ્ઞાનપૂર્વક અભિગ્રહ કર્યો' એમ કહો છો, જ્યારે પાંચમા વર્ષના અંક ૪૩ માં 'વિચાર વિના મોહમાં પડે, એ બને?' એમ કહો છો! આમ

એ વાત કહેવામાં ભેદ તો પ્રથમ 'ભગવાને જ્ઞાનપૂર્વક અભિગ્રહ કર્યો' એમ કહેવાઈ ગયું તે ભારી ભૂલ થઇ છે, એવું ચોખ્ખું સમજાયું તેજ છે ને? હવે બીજી વાત 'વિચાર વિના મોહમાં ફસી પડે' એ વિચાર ઉપર આવીએ. સાહેબ! હવે 'વિચાર' એ જ્ઞાન તો નહિં જ ને? જો વિચાર એ જ્ઞાન કહેશો તો પ્રથમ 'જ્ઞાનપૂર્વક' એ વાક્ય અહિંથી ખસેડયું શું કામ? વળી ભગવાને જે કાર્ય જ્ઞાનપૂર્વક કરેલું હોય તે કાર્ય ભગવાનને કદિએ મોહમાં ફસાવી પાડે? શું ભગવાનને મોહમાં ફસાવી પાડે એવું પણ ગર્ભમાં ભગવાનને કોઇ પ્રકારનું ચોથું જ્ઞાન હતું, એમ માનો છો? નહિં જ! તો પછી અહિં 'વિચાર વિના' એ શબ્દોની પાછળ જ મોહમાં ફસી પડે!' એ શબ્દો મૂકયા છે. તો એ વિચાર વડે જ ભગવાન્ મોહમાં ફસ્યા. એમજ એ વાકયનો સીધો અર્થ છે ને? આ 'વિચાર' તે છે કે 'માતા પિતા કાળ ન કરી જાય' એ ચિંતાથી ભગવાનને સંયમ આવી જતું અટકાવવા અભિગ્રહ કરવા જરૂર લાગી! તો સાહેબ! કોઈ પણ કારણ હો, પણ સંયમ અટકાવવા અભિગ્રહ કરવો, એ મોહનીય કર્મનું જોર નહિં? આથી એ સિદ્ધ જ છે કે ભગવાનને તે ટાઇમે મોહનીય કર્મનો ઉદય છે. અને તેની આધીનતાને યોગે ભગવાને સંયમ જેવી તારક વસ્તુ અટકાવવા અભિગ્રહ કર્યો છે. અને આથી જ શાસ્ત્રકારોએ અભિગ્રહ કરવાનું કારણ, મોહનીય કર્મ, કહેલું છે! આમ પોતાના જ વચનથી 'ભગવાને અભિગ્રહ કરવાનું કારણ મોહનીય કર્મ જ છે' એમ યથાર્થ સિદ્ધ થતું હોવા છતાંય, મિથ્યાત્વમાં જઈને પ્રવચન વર્ષ ૮ અંક ૩૩ આંક નં. ૩૨ ની નીચે–" એમ હોવાથી જ ગર્ભાવસ્થાથી આરંભીને સદા ઉચિત ક્રિયાવાળા એવા ભગવાને અભિગ્રહ કર્યો હતો. આમ અવધિજ્ઞાનના ઉપયોગપૂર્વક કરાએલી વિવેકકરણીને મોહના ઉદયથી થએલી કહેવી, એ માત્ર અજ્ઞાનતા જ નથી, પણ ભગવાનની ઘોર આશાતના આદિ પણ છે. વિશેષમાં આવી પાપમય વાતો મહાપુરૂષોએ જણાવેલી ન હોય તે છતાં પણ મહાપુરૂષોના નામે જાહેરમાં મૂકવી અને એ દ્વારા પોતાની થઈ ગએલી ભૂલનો બચાવ કરવા બહાર પડવું, એ કોઈ

પણ પાપભીરૂને છાજતું કાર્ય નથી." આ પ્રમાણે લખી નાખ્યું, એ પાપભીરૂતા ? પ્ર૦ વર્ષ ૫ અંક ૩૮, ૩૯ માં 'ભગવાને જ્ઞાનપૂર્વક અભિગ્રહ ગ્રહણ કર્યો' એમ કહ્યા પછી વર્ષ ૫ અંક ૪૩ માં તો એ ગલ્લું ફેરવી તોળીને 'તેજ ભગવાન્ વિચાર વિના મોહમાં ફસી પડે, એ બને ?' એમ કહીને 'જ્ઞાન' શબ્દ કાઢીને 'વિચાર' શબ્દ ગોઠવ્યો, અને એ વિચાર શબ્દની પાછળ (ભગવાનના અભિગ્રહને અંગે તો) 'મોહમાં ફસી પડ્યા' એય જાહેર કરી દીધું છે ! આ પછી પણ અભિગ્રહ સંબંધમાં અવધિજ્ઞાનથી વાત કરતાં કાંઇ પણ વિચાર જ નથી આવતો ! સાચી વાત કહેનારને અજ્ઞાન કહીને ભગવાનની ઘોર આશાતનાનો હાઉ બતાવવા કરતાં આપનું કાંઇ વિચારી લ્યો ! ભવ ભારી ન પડી જાય તેનો ખૂબ ખ્યાલ કરો ! અગડંબગડં ગબડાવ્યે વાણીયા તો કદાચ રીઝશે પણ ભોગવવાનું તો જાતે જ છે ને ? માટે સાહેબ, તેડાઇ છોડીને સીધુંજ કહી દ્યોને કે–**ભગવાને અભિગ્રહ કરવાનું કારણ મોહનીય કર્મ જ હતું !**

**સાહેબ ! આજ સુધી તો હું ઉલટો જઇને 'ભગવાને જ્ઞાનથીજ અભિગ્રહ કર્યો છે' એમજ બોલ્યો છું હવે એ મારૂં વચન ફેરવીને સાચું પણ બીજાનું વચન કેમ બોલું ? એજ આપના મનને અહમિન્દ્રતા સુઝતી હોય તો આગળ આપજ તેવું બોલેલા છો તે બોલો !** જુઓ–પ્રવચન વર્ષ–૩ અંક ૧૩ પૃષ્ટ ૧૫૬ કોલમ પેલું '**ચરમ તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માએ માતાપીતાના જીવિતવ્ય સુધી દીક્ષા નહિ લેવાના અભિગ્રહને શાસ્ત્રકારોએ 'મોહનીય કર્મ'નું કારણ દર્શાવ્યું છે' સાહેબ ! આ આપનાજ હાથે દસ્કત છે:** એ મળ્યા પછી તો મિથ્યાત્વમાંથી નીકળીજ જાવ તો હજુ પણ લાભજ થાય ! અહિં '**મોહનીય કર્મ**' એ શબ્દો તો આપે તે આપના પાઠમાં મ્હોટા ટાઇપેજ મૂકયા છે ! '**અભિગ્રહ' એ મોહનીય કર્મનું કારણ છે એમ** જાણતાં છતાં છૂપાવે એ કેવો આભિનિવેશિક ? અને એની જગ્યાએ 'અવધિજ્ઞાનને' ગોઠવે, એ કેવો ઉત્સૂત્રી ? ગધેડી ગંગાયે જાય તોય શું પાવન થાય ?

સાહેબ ! આપતો ભગવાનને 'દીક્ષા લીધી ત્યાં સુધી પણ મોહમાંજ પડેલા માનો છો, તો ગર્ભમાં 'મોહમાં પડ્યા' એમ માનવામાં મુઝવણ શું થાય છે ? જુઓ પ્રવચન વર્ષ પેલું અંક ૪૫ પૃષ્ટ ૫૧૯ "દીક્ષાનો સમય છતાં ભગવાન્ રહ્યા હતા '—એવું કહેનારા ખોટા છે. ભગવાને બરાબર દીક્ષાના કાળેજ સંયમ લીધું છે. **અનાદિકાળથી પોતાનો આત્મા મોહની પરતંત્રતાની બેડીમાં ફસાયો હતો, તેને સદાનો સ્વતંત્ર બનાવવા સંયમ અંગીકાર કર્યું.'** કેમ સાહેબ ! હવે તો ભગવાને મોહના ઉદયથી એ અભિગ્રહ કર્યો છે એમ માનવુંજ પડશેને ? ખૂબ ડોળ્યું પણ શું ચોળ્યું ? ધ્યાન રાખજો કે હજુ પ્રભુનું શાસન પંચમઆરાના છેડા પર્યંત અવ્યાબાધ છે, માટે શાસનના સત્યોની સામે અળખામણાં અડપલાં કરવાં છોડીજ દેજો, નહિં તો ભાવિ ભયંકરજ સરજાયલું છે. હજુ પણ સીધા રહો તો દક્ષિણમાં પણ સુખે રહેવાશે, સમજ્યા મારા સાહેબ ?

---

**શ્રીરામશાસને કર્મ ખપાવવાને માટે ખોલેલી શાળા !**
**'તીર્થંકરો સંસારિક વિષયોને કર્મ ખપાવવા સેવે છે'**
**હડહડ મિથ્યાત્વ ભરેલાં વચનો શાસ્ત્રાધાર માગે છે !**
**'જૈન જગત આજે એમજ કહે છે કે—'**
**આવા વિદ્વાન કરતાં વાંઝીઆપણું ઘણુંય સારૂં !**

એક વાર 'અભિગ્રહ' કરવામાં 'મોહનીય કર્મ' કારણ છે એમ કહ્યું, વળી બીજી વાર, દીક્ષા લીધી ત્યાં સુધી મોહમાં ફસેલા હતા એમ કહીને ભગવાનને માટે પણ આખોય સંસાર એતો મોહનુંજ સ્થાન છે એમ પણ ખુલ્લે ખુલ્લુંજ જણાવ્યું છે ! **તોયે પાછો કુંશળીનો ઓડકાર આવે છે !** તે જુઓ—પ્રવચન વર્ષ—૮ અંક ૩ પૃષ્ટ ૨૯ "શ્રી તીર્થંકરદેવોનું, એ તારકો જન્મ્યા પછીથી દીક્ષિત થાય ત્યાં સુધીનું જીવનસંબંધી અંગ પણ જરૂર વિરાગી છે, તીર્થંકરદેવોના આત્મા સંસારમાં રહેવા માટે રહેતા નથી પણ રહેવું પડે છે માટે રહે છે.××××××× ત્યાં શાસ્ત્રકાર પરમર્ષિઓ લખે છે કે—જ્યારે શ્રી તીર્થંકરદેવો જાણે કે એ વિના મારૂં ભોગાવલિકર્મ ખપે એવુંજ નથી, ત્યારેજ એ આત્માઓ પરણે

**છે. સ્ત્રી પરણવા વડે જ પૂર્વના ભોગાવલિ કર્મનો જય થઈ શકે એમ છે, એવું તેઓ જાણે તો તેઓ યથાવિધિ વિવાહને પણ સ્વીકારનારા હોય છે. કોઈ કહેશે કે-કર્મશત્રુને જીતવા માટે આવો ઉપાય ? હા, એવા પણ શત્રુ હોય કે જેને જીત્યા વિના ચાલે તેમ ન હોય તો અધમ ઉપાયનો પણ આશ્રય લઇને શત્રને જીતવા પડે, પાણી ગ્રહણ કરેલી સ્ત્રી સાથે, કર્મ ખપાવવાને માટે, શ્રી તીર્થંકરદેવના આત્માઓ સાંસારિક વિષયને પણ સેવે.** કારણ કે–નીચ ઉપાય વડે પણ કોઈ વખતે શત્રુને જીતવો પડે છે. આવો શાસ્ત્રકાર પરમર્ષિ ખુલાસો કરે છે, વિગેરે" સાહેબ ! જીનેશ્વરો જાણે કે એ સિવાય ભોગવાળી ખપે એમ નથી માટેજ પરણે છે ! તેમાં હેતુ તો એજ છેને ? કે-ભોગાવળી સિવાય એ તારકો સંસારમાં રહેતાજ નથી ! અને જો એમજ છે તો ચારિત્ર મોહનીય જેમનું સોપક્રમ છે એવા શ્રી મહાવીર પ્રભુએ કયા ભોગાવળી બાકી હોવાથી અભિગ્રહ કર્યો હતો ? જવાબમાં ભોગાવલી બાકી ન હોવા છતાં પણ અભિગ્રહ કર્યો છે એમજ કહેવું રહે છે તેથી તો હવે ગર્ભમાં પ્રભુએ અભિગ્રહ કર્યો, તેમાં ભગવાને મોહના ઉદયને આધીન થઇને જ તે અભિગ્રહ કર્યો છે એમ ચોખ્ખું જ છે ને ? શાસ્ત્રકાર તો ચોખ્ખું ફરમાવે છે કે '**मोहनीय विशेषोदय एव तस्यावस्थानम् !**' બીજું આપ જે કહો છો કે 'સ્ત્રી પરણવા વડે જ પૂર્વના ભોગાવલિ કર્મનો જય થઈ શકે એમ છે, એવું તેઓ જાણે તો તેઓ યથાવિધિ વિવાહને સ્વીકારનારા હોય છે.' આમ કહીને પણ કહેવા તો એજ માગો છો ને ? કે ભગવાન ભોગાવલિ કર્મનો જય કરવા માટે જ સાંસારિક કૃત્યો કરે છે ! હું આપને પૂછું છું કે ભગવાન્ ઋષભદેવ સ્વામિએ વિવાહ, શિલ્પકલાદિ તેમજ, રાજ્યાદિ વ્યવહારો વિગેરે કયા ભોગાવલીનો જય કરવા કર્યું ? શાસ્ત્રકારો તો "**अधिकतरानर्थ परिहार लक्षणोपकार करणाय भगवतस्तत्र प्रवृत्तिरिति भावना,** એમ કહીને તે તે કાર્યો–' લોકોને વિષે તેથી થતો અધિકતર અનર્થનો પરિહાર કરવા મ.ટે તે વિવાહાદિ કાર્યોનાં વ્યવહાર સ્થાપવામાં ભગવાનની

પ્રવૃત્તિ થઇ છે, એમ કહે છે! અને તે વાત ઉપર 'માતા ખાડામાં પડી ગએલા પુત્રને ખાડામાં રહેલા સર્પથી બચાવવા માટે ઉતાવળી દોડી જઇ પુત્રને ખાડામાંથી એકદમ ખેંચી કાઢે, તેમાં પુત્રના હાથ-પગાદિ અવયવો છોલાય છતાં એ કાર્ય કરવું એ જ માતાને હિતાવહ છે' એમ તીર્થંકર દેવોને પણ આ કાર્ય કરતાં--એટલે શિલ્પાદિ કાર્યો બતાવતાં, તેવું બતાવવું તે 'સામાન્ય દોષરૂપ હોવા છતાં બહુ દોષ નિવારવાના હેતુભૂત હોવાથી નિર્દોષ રૂપ છે. બલ્કે તીર્થંકર ભગવાનનું શુભ કર્મ એ વડે જ વિપાકને પામે છે. એટલે કે તે શુભકર્મ એવી જ રીતે પોતાનું ફળ તેને આપે છે." એમ જ જણાવે છે! જ્યારે આપ તો તે દરેક કર્મો ભોગાવલીનો જય કરવા માટે તીર્થંકરો કરે છે એમ કહો છો! અરે કર્મ ખપાવવા માટે કરે છે એમ પણ કહો છો! આમાં પરના હિત માટે, અને લાભાલાભની વિચારણા તો કોરે જ મૂકાઈ ગયું છે, અને તેને બદલે અહિં સંગત જ નહિં એવું તે કાર્યો દ્વારા પોતાનાજ કર્મ ખપાવવાનું કયાંથી કાઢયું? કહોને કે એ તો વાદિનો કંડીયો! ફાવે તો નોળીઓ, અને તે ન ફાવે તો સાપ પણ કાઢું! શું શાસ્ત્રાધીનતા? આ પછી આગળ વધીને આપ કહો છો કે 'કોઇ કહેશે કે—કર્મશત્રુને જીતવા આવો ઉપાય? હા, એવા પણ શત્રુ હોય કે જેને જીત્યા વિના ચાલે તેમ ન હોય તો **અધમ** ઉપાયનો પણ આશ્રય લઇને શત્રુને જીતવા પડે, **સાહેબ! તમારી માન્યતા મુજબ—દરેક તીર્થંકરોએ સંસારમાં રહીને રાજ્ય વિવાહાદિ જે જે કાર્યો કર્યાં તે તે દરેક અધમ કાર્યોજને? હવે ભગવાનને 'ગર્ભાવાસથી ઉચીત પ્રવૃત્તિવાળા છે, એમ તમારાથી તો બોલાશે જ નહિં!** સંસારના કાર્યોને પણ કર્મ ખપાવનાર ગણવાના મિથ્યાત્વમાં ગયા ત્યારે જ ભગવાનના એ તીર્થંકર નામકર્મના પુણ્યાનુબંધી પુણ્ય વિપાકોદયને વેદવાના પરમ કારણભૂત કાર્યોને પણ અધમ મનાવવા પડયાને? ભગવાનના ગર્ભાવાસમાં થએલ અભિગ્રહને મોહોદય, મોહોદયની આધીનતા વિગેરે કહેવામાં અનંતા જીનેશ્વરોની આશાતના થઈ, જ્યારે તમારા કૂટ મતે 'કર્મ ખપાવવા માટે જ છતાંય, ભગવાને જે સંસારી વિષયો સેવ્યાં તે તો કર્મ ખપાવવાનાં અધમ ઉપાયોજ લીધા એમજને?' એમ કહીને

'સંસારમાં પણ કર્મ ખપાવવા માટે જ રહે છે' એવી ઝેરી ધૂનમાં દરેક તીર્થંકર મહારાજાઓના તમામ સાંસારિક કાર્યોને અધમ કીધા, એ ખળાત્માએ કેટલા તારકોની કેટલી ભૂત્ ભવિષ્યની અંનંતાન્વનંતી ચોવિશીની આશાતના કરી? જવાબ આપશો કે ચૂપાચૂપ? '**પાણી ગ્રહણ કરેલી સ્ત્રી સાથે, કર્મ ખપાવવાને માટે, શ્રી તીર્થંકર દેવના આત્માઓ સાંસારિક વિષયોને સેવે? આમ કહેનારો ૧૬૦૦૦ ગોપીઓને સેવનારા કૃષ્ણજીને બ્રહ્મચારી માનનારા મૈશ્રીમાંથી કેમ જાય?** ભગવાનને તેમાં સંગી છતાંય વિરાગી માનીને, સંગ પણ કર્મ ખપાવવા માટે જરૂરનો માનો છો? એ કોઇ જૈનની માન્યતા તો નજ હોય! જીવને કર્મ ખપાવવા જેમ સંયમ જરૂરનું છે. તેમ પ્રભુને કર્મ ખપાવવા તે સ્ત્રી આદિ સંગ જરૂરનો હતો, છતાં તે ભગવાને છોડયો એ મોટી ભૂલજ કરીને? શું ગપાટા હાંકયા છે! જોખમદારીનું જરાય ભાન રાખ્યું છે? આનું નામ તે ગીતારથ કે ઘેટારથ?

**અક્કલના એઠવાડની ઉછળતી ઉપર્યુક્ત બદબોને પૂ. આગમોદ્ધારક દેવેશે અનેક સૂત્રપાઠો દ્વારા ઝાડી કાઢી ત્યારે પણ વક્રતાથી ફેરવી તોળાય છે?**

પ્રવચન વર્ષ–૮ અંક ૯ પૃષ્ટ ૧૧૨ માં આપે ફેરવી તો તોળ્યું પણ જાતનો સાપ હોય તે દર વિના સીધો ચાલે? જુઓ આપે ત્યાં લખ્યું છે કે '**જે બનાવો બન્યા તે કર્મના ઉદયથી બન્યા એની ના નથી. તેવા કર્મ ન હોત તો ન બનત. પણ એ વખતે ભગવાન મોહને આધીન બનેલા હતા એમ કહેવું એ પાપ છે. પરણવું એ મોહની ક્રિયા ખરીને? ખરી, છતાં મોહાધીન બની પરણ્યા એમ ન કહેવાય × × × એ તારકે મોહનીને ટકાવી રાખવાની પણ ક્રિયા કરી છે. કેમ કરી? એ ન પૂછાય. એમને માટે એમ ઉચિત હતું માટે એમ કર્યું.** આજે ભગવાનની અમૂક ક્રિયાને મોહાધીનતાથી થએલી ઠસાવવાના પણ કારમા પ્રયત્ન થાય છે. મોહોદયથી અને મોહાધીનતાથી એ બે વચ્ચે ઘણોજ ફરક છે. × × × મોહની ક્રિયા મોહોદયથી પણ બને, મોહાધીનતાથી જ બને એમ નહિ. વિગેરે'

**કેમ સાહેબ! ભગવાનના જીવનમાં સંસારીપણે જે જે બનાવો બન્યા તે કર્મના ઉદયથી બન્યા એમ માન્યુંજ ને? 'પ્રભુ કર્મ ખપાવવાને માટે સાંસારિક વિષયો સેવે' એવું હવે ફરીથીતો નહિંજ બોલોને? પહેલાં જે બોલાયું તે ખરેખર ભૂલજ થઇ છે, એમ અહિં સમજાયું એય ધન્યભાગ્ય! પરણવું એ મોહની ક્રિયા માની તો સ્ત્રીઆદિના ભોગો કરવા તે મોહાધીનતા વિનાજ બનતું હશે કેમ?** અહીં મોહોદય તો માન્યોજને? જેમ આગળ ભગવાનને સંસારમાં સંગી છતાંય વિરાગી માનવામાં થપ્પડ ખાધી, તેમ અહિં પણ પ્રજોત્પત્તિ જેવા કાર્યમાં જોડાતી વખતના જીવનને પણ રાગાધીનતાદિ નહિં માનવામાં બને છે' રાગાધીનતા માનો એટલે તેની પાછળ મોહાધીનતા તો ખેંચાઇને જ માનવી પડે! **સ્ત્રીઆદિના 'ભોગો પણ અનિચ્છાએ બને છે, એવો પાઠ આપશો કે ગપ્પાં જ હાંકવાં છે?**

**रागोऽङ्गना सङ्गमनानुमेयो द्वेषो द्विषद्दारण हेतुगम्यः**
**मोहः कुवृत्तागम दोष साध्यो नो यस्य देवः स स चैवमर्हन्**

વિતરાગ પ્રભુની ઉપર મુજબની સ્તુતિ કયારે થાય છે એ ખ્યાલ છે? **'यस्य संक्लेश जननो रागो नास्त्येव सर्वथा'** ઇત્યાદિ વચનો વડે પ્રભુ કેવલી બની તીર્થ સ્થાપે છે પછી! સમજ્યા? સંસારમાં રહેલા પ્રભુ સર્વથા રાગદ્વેષ કે મોહથી મુક્ત નથી જ! સંસારમાં પણ રાગ, દ્વેષ રહિત છે, એમ આપના સિવાય બીજો કોણ માને? સંસારમાં પણ રાગદ્વેષ, મોહ વિગેરેથી રહિત માનવા જેવી કપરી દશામાં મૂકાયા છો ત્યારે તો પ્રભુનું આખુંય અન્તિમ જીવન આરાધ્ય છે' એવું મૂર્ખાઇ ભર્યું કૂટવાનો પડારો કરી રહ્યા છો! અને એ પડારાને અંગેજ 'ભગવાન કર્મ ખપાવવાને માટે સ્ત્રી સાથે વિષયો ભોગવે છે' એવી કૂડી માન્યતા ભર્યા મિથ્યાત્વ રૂપ વિષ્ટાના ઉકરડામાં આભવ પર્યંત ડૂબ્યા! માટે સાહેબ! એ બધોય દુરાગ્રહ ઓકી નાખીને અહમિન્દ્રતાને આઘી મૂકીને, માનને મોડી નાખીને, દંભને દૂર કરીને, માયાનું મોત કરીને, કપટનો કૂટો કરીને, ક્રોધનું મુખ કાળું સમજીને, રાગને

રાતો મૂકીને અને દ્વેષને પોતાના જ આત્માના હિતના માટે દળી નાખીને ધમપછાડા ધીમા પાડવા માટે સાંભળો! સાહેબ! તીર્થંકર મહારાજાઓ પણ ભોગાવલીના ઉદયે જ્યાં સુધી સંસારમાં રહે છે ત્યાં સુધી રાગ, દ્વેષ કે મોહથી સર્વથા રહિત છેજ નહિં! ભોગાવલીનો ઉદય છતાં તેઓ પરણવાની ના કહેવામાં ઉચિતવૃત્તિ જ જાળવે છે, જો સદંતર નાજ હોય તો શ્રી મલ્લિકુમારી આદિની માફક સહુ તારકો પરણતજ નહિં! પરણ્યા પછી પણ રાગાદિને આધીન ન હોત તો સ્ત્રી સંગાદિમાં જોડાય નહિં. '**रागोङ्गना सङ्गमनानुमेयो**' હા! એમ કહી શકાય કે "કામાદિ વિકારો રાગાધીન બન્યા વિના થતાજ નથી, પણ આ તારકો ઉત્તમોત્તમ હોવાથી તેમાં રાચતા નથી, એટલે કે ભોગને રોગ ગણીને સંગમાં રહે છે. તેમના કામ ક્રોધ મોહાદિ બહુતર પાતળા જ હોય છે.' આવી જ રીતે ઉત્તમ પદાર્થના જ્ઞાનને આચ્છાદન કરવાના સ્વભાવવાળો મોહ પણ તારકોને તે સ્થિતિમાં હોય જ છે! કારણ કે ચોથું પાંચમું જ્ઞાન તે વખતે નથી જ. મોહ હોય તો મોહાધીનતા છેજ એમાં પુછવું જ શું? અને એથીજ ઋષભદેવ ભગવાન જેવાએ તો ૮૩ લાખ પૂર્વ જેટલો કાળ સંસારમાં વ્યતિત કરવો પડયો! આ કર્માધીનતા નહિં? જો તેમ ન હોય તો આવા તારકો આવો લાંબો કાળ સંસારમાં રહે? અને એ કર્મોમાં આઠે કર્મોની આધીનતાને અંગે ભગવાનને જે સંસારના વિષયો સેવવા પડયાં તે, કર્મ ખપાવાના સાધનભૂત નથી જ, કારણકે વિષયો પોતે જ આશ્રવસ્થાન છે! હવે સમજ્યા?

**શ્રી તીર્થંકર દેવોનાં સાંસારિક દરેક કાર્યોને આપે પોતેજ આશ્રવનાં સ્થાનરૂપ કહીને તજવા લાયક કહ્યાં છે! હવે અન્તિમ ભવ આખો જ્ઞાનપ્રધાન કહેવાની ધુનમાં, એ દરેક કાર્યોને મોહને આધીન બન્યા વિના કર્યાં, કરવું ઠીક લાગ્યું એટલે કર્યાં, અરે! કર્મ ખપાવવાને માટે કર્યાં, વિગેરે અસ્તવ્યસ્ત વદતાં મહામિથ્યાત્વમાં પટકાઇને સમાજને મોટો અનર્થ કર્યો છે! સમાજમાં અકાળેજ મ્હોટો દાવાનળ સળગાવ્યો છે! શાસનના સાચા સ્થંભોને કોતરીખાવા ઝેરી કીડાની ગરજ**

**સારી છે ! બને તેટલું મવાલી બળ એકઠું કરીને નક્કર સત્યોને ચગદી નાખવા આંકેલ સાંઢની ગરજ સારી છે ! અનેક પ્રકારે શકય અધમતાનો ઉપયોગ કરી મુખે સદાયને માટે મેશ ભરી છે!**

જુઓ ! પ્રવચન તા. ૬–૧૦–૨૯ પૃષ્ટ ૧૭૩ કોલમ પહેલું–પ્રશ્નકાર ભગવાન્ શાન્તિનાથ, કુંથુનાથ, અરનાથ ચક્રવર્તી હતાને ? ઉત્તરમાં કહ્યું કે–એમણે યુદ્ધો પણ કર્યા હતાં, બધું કર્યું હતું, એ વાત ખરી, રાજ્ય કર્યા, સંસાર સેવ્યો, પણ આખરે એ બધી સાહ્યબી છોડીને નીકળ્યા કે તેમાંને તેમાંજ રહ્યા ? અને એ તીર્થપતિઓએ પણ એ રાજ્યને, એ સંસારને, અને ચક્રવર્તિપણાને આશ્રવના સાધન કહ્યાં કે સંવરના ? જો સંવરનાં જ સાધનો હતાં તો પછી તેને છોડવાની જરૂર શી ? **કેમ સાહેબ ! તીર્થંકરદેવોએ સંસારમાંના દરેક કાર્યો મોહને આધીન બન્યા વિનાજ વિરાગભાવેજ અને કર્મ ખપાવવાને માટેજ કરેલાં છે, તો તે વળી આશ્રવનાં સ્થાન કયાંથી બની ગયાં ?** કેમ ! હવે તો સંસારના વિષયો 'કર્મ ખપાવવા માટે નહિં' પણ મોહાધીનતાને અંગે સેવાયાં છે, એમજ બોલવું છે ને ? મોહાધીનતા વિના, વિરાગ ભાવે, કર્મ ખપાવવાને માટે, વિગેરે યદ્વા તદ્વા ભરડીને દારૂડીયાની માફક ગપ્પાં જ હાંકયાં છે કે બીજુ કાંઈ ? **આવા ગપાટામાં અંજાઇ જઈને આપનો એક ભક્ત આદમી–'પાલીતાણે પૂ. રંગવિજયજી મહારાજને' પાંચ સાત એમના સાથીદારોની સાથે વાંદવા આવેલો હતો તે કહેતો હતો કે શું મહારાજશ્રીનું ( આપનું ) જ્ઞાન ! ફક્ત કેવળજ્ઞાન બાકી રહ્યું છે ? સાહેબ ! આ બિચારા મૂઢને શું માલુમ કે હજુ કેવળજ્ઞાન પણ બાકી** જ છે. આવી તદ્દન અજ્ઞાન દશા ઉપર અંધેરપીછેડો કરવા માટે જ–**પરમતારક, બહુશ્રુત, પરમગીતાર્થ, શાસનના અજોડ સત્યસ્થંભ, પરમપૂજ્ય ધર્મધ્વજ આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજા** પ્રત્યે 'અનંતા તીર્થંકરોની આશાતના કરનાર છે, આજ્ઞાલોપક છે, ચર્ચાની જવાબદારીમાંથી છૂટવા અધમ પ્રયાસો કરે છે, ઘમંડ કરે છે, દુર્ગતિને નોતરે છે, શાસ્ત્રોમાં

કોણ જાણે કેટલાંય ગપ્પાં માર્યાં હશે, ડૂબતો તણખલું ઝાલે છે, ટચુ-કડી વાતો કરીને લોકોને ભ્રમણામાં નાંખે છે, સિદ્ધાંતના અર્થો ખોટા કરે છે, એક પણ વસ્તુનું વાસ્તવિક ભાન હોય એમ જણાતું નથી, લખે છે પોતે અને તંત્રીને નામે પ્રગટ કરે છે, પોતાના જીવનચરિત્રમાં ખોટુંજ લખાવી નાખ્યું છે, **अभ्युपगम**નો અર્થ પણ જૂઠોજ કરે છે' વિગેરે અનેક પ્રકારે ઝેરી આક્ષેપો ઘડી કાઢીને–આપે શાસન-સ્થંભને કોતરી ખાવા ઝેરી કીડાની ગરજ સારી છે. આપને તથા જૈન જગત્‌ને હવે જ જણાશે કે એ અંધેરપીછેડો હવે તો ઉપડયોજ!

**જાત ઢાંકવા માટે ખૂબ ઉન્માદ કરવા, પુત્ર છતાં પણ પોતાના મોટા દાદાને માથે જ એ ટોપલો મૂકવાની અધમતા કરનારા આપે,** 'કોણ કહે છે કે રાંપીનો ઘા' એ કહેવત અ-નુસાર કુળને આમૂળથી જ તેવું ખુલ્લું કરી નાખવામાં અપૂર્વ ભાગ ભજવ્યો છે! અને તેમાં આપના આવા કારમા કારસ્થાનોએ મદદ કરી છે! **પૂ. આગમોદ્ધારક દેવનું જીવનચરિત્ર શું વસ્તુ છે, એ જોવાની 'શાસનના પરમ સત્યોની જ રક્ષાની અહોનીશ તમન્નાવાળા એ તારકને' કશીય પડીજ નથી.** એ કાર્ય તો 'અમે કેવા સુંદર આળેખાયા છીએ' એવી જ હલકટ લતમાં જીવતા આપના જેવાઓને જ એમણે સુપ્રત કર્યું છે. જ્યાં જઇએ ત્યાં અમને પધારો કહે છે. ચોખે વધાવે છે, પતાસાં વેંચાય છે, નગારાં વાગે છે, મોટા ઘરની બાઇઓ પણ વરઘોડામાં હતી. મોટા શેઠીઆઓએ પણ વ્રત લીધાં. વિગેરે હલકટ આદમીને છાજતી તુચ્છ વાતોમાં જ મોજ માણ-નારા આપને એવી હલકટ જાહેરાતો માટે તો બે પંપૂડાં રાખવાં પડયાં છે. બાકી તો એ બંને પંપુડાં શાસનનું શું ઉકાળે છે એ તો જગ જાહેર છે. બસ! ગામો ગામ જઇને પોતાની અને પોતાના દાદા પર દાદાઓની કૃત્રિમ આપ બડાઇઓના ધોળ ગાવા અને પોતાના પ્રતિ-પક્ષી હોય તેને ભાંડવા, આ શિવાય એ પંપૂડા શું ધોળે છે? આ ધંધો ભાંડ કરતાં કઇ રીતે ઉતરતો છે. કર્મ પયડીમાં પણ કુટિલે દાદાના ખોટા જ ધોળ ગાઇને બીજાને નામે જુઠું જ ઓકયું છે ને?

એક જાત એવી છે કે ' નાગું ન્હાય ને ખોટું ગાય ' જ્યારે આતો ન્હાય જ નહિને ખોટું ગાય! વારસો કોણ છોડે? એક કવિ અને એક ભાટ, એમ બે જણ એકઠા થયા, ભાટ કહે છે કે આપ કાંઈક કાવ્ય જોડો! કવિ કહે અર્ધું હું જોડું અને બાકીનું અર્ધું તું પુરૂં કર! ભાટ કહે ઠીક છે. બોલો! કવિ કહે છે કે–' ભાટ ભાટ ભાટુડી, કોટે બાંધી ચાટુડી. હવે અર્ધું કાવ્ય તું પૂરૂં કર! ભાટ કહે છે કે 'ચારણ ચારણ ચાટુડી, ગળે ઘંટીનું પૈડું! કવિ કહે છે કે બેસતું નથી આવતું. ભાટ કહે ' બેસતું નહિ આવે તો ભારે તો મરશે! સાહેબ! આપે પણ અત્યંત અનર્થ જનક વાદો ઉભા કરવા જતાં અનેક કપટો એકઠા કરીને આવુંજ ગાયું છે, એમાં હવે કોણ ના કહેશે?

**પ્રવચન** તા. ૬–૧૦–૨૯ પૃષ્ટ ૧૭૩ માં તે પછીના બીજાજ પ્રશ્નના ઉત્તરમાં તો પ્રભુના અભિગ્રહને અંગે જ વાતો કરતાં કરતાં આપે ચોખ્ખીજ રીતે કહ્યું છે કે–**કર્મના ઉદયથી આસક્તિને આધીન થએલા ગૃહસ્થને દુનિયાદારીની ક્રિયાઓ કરવી પડે!** જુઓ આ રહ્યા તે દસ્કત ' પ્રશ્ન૦ મહાવીરે દીક્ષા ન લેવાનો અભિગ્રહ લીધો, એ કેમ લીધો? 'ઉત્તર'–ભાઇ ઘણાજ આડા જાવ છો. એક પણ વાત ઉપર તમે સ્થિર નથી રહી શકતા. આ રીતિએ સમજ વગરની વાત ન થઈ શકે. આગમમાં કોઇ પણ જગ્યાએ એમ લખવામાં આવ્યું છે અગર ખુદ ભગવાન્ મહાવીરદેવે એમ ફરમાવ્યું છે ખરૂં કેઃ–' હરેકે મારી માફકનો અભિગ્રહ લેવો?, જો નહિજ તો એવી વાતો કરવી વ્યર્થ છે. માટે તમે મુળ વસ્તુને સમજો–**કર્મના ઉદયથી આસક્તિને આધીન થએલા ગૃહસ્થને દુનીયાદારીની ક્રિયાઓ કરવી પડે એટલા માત્રથી** ( તેના સમ્યક્ત્વ આદિને પણ ) **જો એ ગૃહસ્થ એ આશ્રવની કરણીને સંવરની કરણી માને, ધર્મમાને, કરવુંજ જોઇએ એમ માને તો તેની દેશવિરતિએ જાય અને સમ્યક્ત્વ પણ જાય, એમાં કશુંજ આશ્ચર્ય પામવા જેવું નથી?** અહીં કાંઉસમાં મૂકેલ વાકય પ્રવચન ભાગ પેલામાં આપે પણ કાઢી જ નાંખેલ છે. કેમ સાહેબ! અહિં પ્રભુ મહાવીરે ગૃહસ્થ પણે જે કરેલી કરણીને,

તેને કર્મના ઉદયથી તથા આસક્તિને આધીન બનીને થએલી માની-જને ? આડું પડે ત્યારે ખોટાંજ વચનોનો શિરપાવ કરવા માંડીને પ્રશ્ન કર્તાને ભોંઠો પાડવાની કુટિલતા તો આપને વરેલી જ છે. જેથી 'પ્રશ્નકારે શું ખોટો પ્રશ્ન કર્યો, કઇ રીતે આડા ગયા, કઇ રીતે એક વાત ઉપર સ્થિર ન રહ્યા, સમજ વગરની વાત કરવાનું શાનું બોલાય છે? વિગેરેનું તો' આપને લખવું જ શું ?

'મહાવીરે દીક્ષા ન લેવાનો અભિગ્રહ લીધો, એ કેમ લીધો ?' એવો સીધો પ્રશ્ન કરતાં પ્રશ્નકારે ઉંધું શું કહ્યું કે આટલા છંછેડાઈ જવું પડે છે ? પણ એ ચૂંથણાં અહિં છોડી દઉં છું. સાહેબ ! મહાવીર દેવે 'હરેક મારી જેમ અભિગ્રહ ન કરવો' એવું કોઈ સ્થળે કહ્યું છે ? નહિંજ, તો સાંભળો માતાપિતાનો ઉદ્વેગ દૂર કરવા તેવો અભિગ્રહ પણ કરવો એવી વ્યવસ્થા કરવાને માટે પણ ભગવાને એ અભીગ્રહ કર્યો છે. એટલે કે બીજા પણ મોટા પુરૂષો આ પ્રમાણે કરે એવોજ હેતુ શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે જુઓ-' **तथा महतां-महापुरुषाणाम्, स्थितिसिद्धये-व्यवस्थासाधनाय, अन्येऽपि महान्तो मातापित्रुद्वेगनिरासेन प्रवर्तन्तामित्येतदर्थं प्रधानमार्गानुसारित्वाज्ञमस्येति,** અર્થ-તથા મહા પુરૂષોની વ્યવસ્થા સાધવા માટે-એટલે કે બીજા પણ મહાપુરૂષો, માતા પિતાનો ઉદ્વેગ દૂર કરવા માટે (આ પ્રમાણે) પ્રવર્તો ! એ પ્રમાણેનો માર્ગ લોકોને પ્રધાન માર્ગાનુસારિ પણાવાળો હોવાથી આ અર્થ છે.' આમ છતાં 'આગમમાં કોઈ પણ જગ્યાએ એમ લખવામાં આવ્યું છે ? એવો સૂકો અને તદ્દન ખોટો દમ મારીને પ્રશ્નકારને દબાવવામાં આપ જાતે જ જૂઠા છો ને ? આમ છેતો 'તો એવી વાતો કરવી વ્યર્થ છે, એમ શું જોઇને બલો છો ? પ્રશ્નકારની વાત વ્યર્થ છે કે આપની ? પ્રભુનો અભીગ્રહ સમજાવતાં પ્રશ્નકારને કહો છો કે-'માટે તમે મૂળ વસ્તુને સમજો' આમ કહીને પ્રભુના અભીગ્રહને ગ્રહસ્થાશ્રમના કાર્યમાં લીધો છે ને ? અને પછીજ કર્મના ઉદયથી આસક્તિને આધીન થએલા ગૃહીની ક્રિયા ગણાવી છે કે ? અને ઉપરના પ્રશ્નોત્તરની જેમ અહિં પણ ભગવાનની દુનીયાદારીની કરણીને

આશ્રવની જ કરણી કહી છે ને? અને તે કરણીને જે સંવરની કરણી માને તેની દેશવિરતિયે જાય એને સમ્યક્ત્વ પણ જાય એમ પણ આપેજ કહ્યું છેને? જ્યારે હવે આપે પોતેજ પ્રભુની સાંસારિક કરણીને કર્મક્ષયના કારણભૂત કહીને સંવરનીજ કરણી માની છે તો, આપનું શું શું જાય, એ વિચારી લ્યો! કાંઈ પણ બાકી રહે છે?

---

**શ્રી નયસાર ગ્રામચિંતક છતાંય એને રાજાજ ગણાવવા કોશીશ કરી છે! છતાં પાપ કેમ છૂપાવાય છે?**

પ્રવચન વર્ષ ૮ અંક ૩૦માં જણાવો છો કે અમોએ 'ગ્રામરાજાજ' અર્થ થાય એમ કહ્યું નથી. તલાટી અર્થ ન થાય એમ કહ્યું છે. ગ્રામપતિનો અર્થ તલાટી થાય જ નહિં 'જન સમૂહને ખોટી રીતે જ ઉશ્કેરવાનો' આરોપ તદ્દન કલ્પિત છે.' સાહેબ! આ વાકયોમાં કેટલું વાક્છળ ભર્યું છે? કેટલી હલકટતા નીતારી છે? કેટલી ક્ષુદ્રતા ખરચી છે? કેટલી અધમતા ઓકી છે? કેવા ભયંકર બની વાગ્દેવતા વટલાવી છે? અહિં 'ગ્રામરાજાજ' અર્થ નથી કહેતા, પણ એમજ સૂચવો છો કે ગ્રામચિન્તકનો અર્થ તલાટી ન થાય! અને પછી પાછું 'ગ્રામપતિનો અર્થ તલાટી થાય જ નહિ.' એ ગલોલો કયાંથી માર્યો? 'ગ્રામપતિનો' અર્થ કોઇએ તલાટી થાય એમ કહ્યું છે? નહિંજ! તો પછી ગ્રામચિન્તકને તમોએજ ગ્રામપતિ કીધા છે કે? અને જો હા છે, તો 'ગ્રામપતિ'નો અર્થ શું 'ગ્રામરાજા' નથી થતો? થાય જ છે! અને ગ્રામચિન્તકનો સીધો અર્થ જે તલાટી થાય છે, તે ઉલટાવીને 'પૂ. આગમોદ્ધારક દેવેશ ઉપર જનતાને ઉશ્કેરવા માટેજ 'ગ્રામરાજા' અર્થ કરી નાખ્યો એમાં શક કયાં છે? 'ગ્રામરાજા' ને તલાટી કેનાર કેવા ખોટા છે?' વિગેરે આપનાં જૂઠાણાં સાંભળીને જનતાને રોષ થાય એ સ્વાભાવિક જ છે, અને એ પ્રમાણે જનતાને ખોટી રીતે ઉશ્કેરવા માટેજ આપે, પ્રવચન વર્ષ ૭ અંક ૧૨ નામુખ પૃષ્ટ ઉપર લખી પણ માર્યું છે! જુઓ–' **ગ્રામ ચિન્તકનો સામાન્ય અર્થ એ થાય છે કે–ગામની ચિન્તા કરનારાઃ અર્થાત્–જેમને**

**શિરે પૃથ્વિપ્રતિષ્ઠાન ' ગામની રક્ષાનો બોજો છે; શત્રુમર્દન રાજાદ્વારા જેમને ' પૃથ્વી પ્રતિષ્ઠાન ' ગામની રક્ષા આદિનો અધિકાર સોંપાયો છે, તેવા શ્રી નયસાર હતાઃ આથીજ કેટલાક સ્થળોએ તેઓને ' ગ્રામાધિપ ' બલાધિપ અગરતો ગ્રામપતિ વગેરે તરીકે પણ વર્ણવવામાં આવ્યા છે '** કેમ સાહેબ! હવે તો ગ્રામ-ચિન્તકનો અર્થ ગ્રામરાજાજ કરવાની ધુનમાં છોને? અને જો એમ જ હો તોજ ' ગ્રામપતિનો અર્થ તલાટી થાયજ નહિં ' એવું બકાય છેને? તો આવું દુષ્ટ વાતાવરણ ખડું કરનાર પાપાત્માના પાપને ' એમ પ્રવચનકારે જન સમૂહને ખોટી રીતે જ ઉશ્કેરવા જણાવ્યું છે; એમ સાચે સાચુ કહીને ' ખુલ્લું કરનારના તો આપે પગના તળીઆં ચાટવા જોઈએ, એજ ન્યાય છે ને? છતાં અનેક પાપ વ્હોરીને દિન પ્રતિદિન અન્યાયમાંજ શું કામ પડતું મૂકો છો? હજુ પણ એ રસ્તો લ્યો! ' ગ્રામરાજા ' મનાવવા, અને તે દ્વારા જનતાને ઉશ્કેરવાની વાનરનીતિમાં પટકાઈ પામર બનેલા આપશ્રી તો, એક વખત શ્રી નયસાર ને તળાટી તો શું, પણ સામાન્યમાં સામાન્ય સ્થિતિના પણ જણાવનાર છો! જુઓ પ્રવચન તા. ૧૮-૮-૧૯૨૯ પૃષ્ટ ૧૧ કોલમ બીજું પંક્તિ ૨૪થી ૨૬-' **નયસારના ભવમાં પણ એ કંઈ રાજા મહારાજા નહોતા. ગામના માલીકના હુકમથી અટવીમાં એમને લાકડાં કાપવા જવું પડે એ એમની સ્થિતી હતી** ' કેમ સાહેબ! આ આપના વચનોથી તો નયસારને એક કાષ્ટ કાપવા જેવા તુચ્છ કામનોજ અધિકારી જણાવ્યો છે ને? અહીં મ્હેલ માટે લાકડાં, મ્હોટા હોદ્દેદાર, શ્રેષ્ઠાદિ કશુંજ નથી ને? હવે વર્ષ ૮ અંક ૩૩ પૃષ્ટ ૪૪૧ આંક ૩૦ નીચે ' **ગ્રામપતિનો અર્થ તલાટી થાયજ નહિં', એવું લપોડની માફક બોલી ગ્રામચિન્તક નયસારને ગ્રામપતિ ઠસાવવાનીજ ઘેલછાનું પ્રદર્શન કરાય છે એ ચોખ્ખુંજ છે ને?** અને એ ઘેલછાનો લોકને ઉશ્કેરવામાં સતત્ ઉપયોગ કરવા માટેજ ' નયસારને તલાટી જેવા કહેવાય જ નહિં, એ કાંઇ સામાન્ય આદમી નથી, વિગેરે કહીને પ્રવચન વર્ષ ૮ અંક ૩૩ પૃષ્ટ ૪૩૩ નં. ૩૦ નીચે શ્રી

સુબોધિકાવૃત્તિમાં કહેલ '**ग्रामपति**,' સ્તવનમાંનો 'રાય નામે નયસાર' વિગેરે શબ્દો આગળ ધરીને (જો કે તે ગ્રામરાજાજ છે એમ મનાવવા આગળ ધર્યાં છે છતાં ગ્રામચિન્તકનો **અર્થ** ગ્રામપતિ તો નહિંજ થતો હોવાથી, એ પાપ ઉભરો દાબી દઈને પણ) 'તલાટી કહેવાય નહિં' વિગેરે બોલાયું છે. તે ગ્રામરાજાજ ઠસાવવાને માટે છે, એમ ચોક્કસજ છે ને? **જે માણસ આમ કહેવાયજ નહિં એવું બોલવામાં સાચો હોય તે પ્રવચન તા. ૧૮–૮–૨૯માં નયસારને એક અદના આદમી તરીકે કદીય ઓળખાવે?** 'નયસારના ભવમાં એ કાંઇ રાજા મહારાજા નહોતા. ગામના માલીકના હુકમથી અટવીમાં એમને લાકડાં કાપવા જવું પડે એ એમની સ્થિતી હતી, એવું બોલ્યા ત્યારે 'શ્રી નયસારને **ग्रामपति, ग्रामस्वामि**, રાયનામે નયસાર, વિગેરે કહેનારા, ગ્રામચિન્તક શબ્દનો અર્થ કરવામાં ભૂલ્યા લાગે છે એમજ આપે માન્યું હતું એ વાત સાવ સાચીજ છે કે? તે તે પૂર્વપુરૂષોએ ગમે તે કારણે એવા શબ્દો મૂકયા હોય, પણ તે અર્થ સંગત નથીજ, એમ સમજીને જ આપ 'તેઓનાં નામો આડાં ધરીને પણ 'આ પ્રમાણે તેઓ કહે છે' એમજ કહો છો કે? તળાટી નહિંજ કહેવાની હઠમાં બીજાનાં **ग्रामपति** વિગેરેવચનો આડાં ધરવા છતાંય, શ્રી નયસાર ગ્રામરાજાજ છે, એમ ચોખ્ખું કહેતાં ખચકાઈનેજ ગ્રામચિંતક કહેવા માંડયા છો કે? જો ગ્રામચિંતકજ કહેવા છે તો 'અમૂક આમ પણ કહે છે' એવું આડું ધરવાની લબાડતા શું કામ કરી? કોઇએ કહેલ 'ગ્રામપતિ' આદિ પણ માનવું નથી, તેમજ 'તલાટી' પણ માનવું નથી; ફક્ત મૂળ શબ્દનેજ પકડી રાખવામાં ત્રિશંકુનીજ દશા થઇ છે કે? આ હાલતમાં–'બીજાઓ પણ આમ કહે છે' એમ કહીને ઝેરની લાળો ઝેરવી, અને પોતે શું કહે છે એ બોલવુંજ નહિં, આના જેવો કુટિલ બીજો કોણ? કહોને કે–હું ચોખ્ખું નથી બોલતો એમાં મારો ઉદ્દેશ પણ પૂ. આ. દેવથી વિરૂદ્ધજ બોલવાના હેતુથી ગ્રામરાજાજ કહેવાનો છે, અને તેથી પ્ર. વ. ૮ અંક ૩૩માં 'ગ્રામપતિને તલાટી કહેવાય નહિં' એવું મેં જણાવી પણ દીધું છે! સાહેબ! આવી કારમી કુટિલતા લોકોને ઉશ્કેરવા માટે નથી, એમ કોણ કહેશે?

## શ્રીમહાવીરદેવના પરમભક્ત અને આવતી ચોવિશીના આદ્ય તીર્થપતિ શ્રી શ્રેણિક મહારાજાના આત્માને સાતમી નારકીએ મોકલે છે!!! આવા લપોડને તીર્થંકરોની આશાતનાનો ડર શ્યો?

"પ્રવચન વર્ષ ૮ અંક ૪૪ પૃષ્ટ ૫૭૦ કોલમ પહેલું 'ભગવાન શ્રી મહાવીર પરમાત્માના પરમભક્ત રાજા શ્રેણિકને પણ પોતાના પાપ યોગે સાતમીએ જવું પડયું! 'પોતે મરીને નરકે જશે'—આવું ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શ્રીમુખે સાંભળીને શ્રી શ્રેણિકરાજા કંપી ઉઠયા છે. × × × આની સામે ભગવાને કહ્યું છે કે × × × આગામિ ચોવિશીમાં તુંજ પ્રથમ જીનેશ્વર થનાર છો. × × × ખુદ મહાવીરદેવનો આત્મા પણ સમ્યકત્વ પામ્યા પછી અને તીર્થકર થવા પહેલાં સાતમીએ નથીજ ગયો એમ નહિં."

સાહેબ! બે શંખ હતા, એમાં એકનું નામ દક્ષિણાવર્ત્ત અને બીજાનું નામ લપોડ હતું. દક્ષિણાવર્ત્ત છે, તે તેને વિધિપૂર્વક આરાધનારને પણ તેની યોગ્યતા વિચારી જરૂરી કાંઇ આપે, જ્યારે લપોડ છે તે વિધિ કે અવિધિએ, આરાધક કે અનારાધકની યોગ્યતા કે અયોગ્યતા જોયા વિનાજ—'યાચક માગે લાખતો કહે લે સવા લાખ' એમ ખાલી વાગ્ વિલાસીજ હતો. આમ હોવાનું કારણ—દક્ષિણાવર્ત્તને બોલ્યું પળવાનું હતું, જ્યારે લપોડને 'નાગો ન્હાય શું અને નીચોવે શું?' એવું હતું! અર્થાત્ લપોડને દેવા લેવાનું કાંઇ હતુંજ નહિં. **પૂ. આગમોદ્ધારક દેવેશ** તથા આપ, એ બંનેના બોલમાં પણ આવું અંતર છે. પ્રથમના તારકદેવને જે વદવું તે શાસ્ત્ર સન્મુખજ દૃષ્ટિ રાખીને પણ સિદ્ધાંતના નીચોડરૂપે તત્ત્વ પૂરતુંજ બોલવું પાલવે છે, કારણ કે બોલવું તોળવું પડે છે. કોઈ પૂછે કે આ કયાં છે? તો તુરતજ 'અમૂક ગ્રન્થમાં' એમ હાજર જવાબ આપવા સદાય સજ્જ

રહેવું પડે છે. દરેક બાબતમાં એ તારકની વાતો ટચુકડી હોવાનું કારણ પણ આજ છે. જ્યારે આપને તો ઉદારતાનો પારજ નથી, એમાં પણ કારણ તો–'લેવા દેવાના સોગન' એજ છે. એક ટચુકડીનાજ ઉત્તરમાં એથીજ આપને પ્રાયઃ પચીશ પચાસ પાનાં ચીતરવાં પડે છે. કોઇ પૂછે કે સાહેબ આ કયાંથી કાળાં કર્યા છે? તો જવાબમાં પ્રાયઃ તેથીજ 'ધકકેલ પંચા દોઢસો' હોય છે, અથવા તો અણધાર્યોજ અળખામણો હુમલો હોય છે. અગાસમાં રાજચંદ્રપંથીઓ સામે અને દક્ષિણમાં દિગંબરો સામેના વાદમાં પણ એજ તરી આવે છે! વાણીયાની હુંફના પ્રતાપે સામાના સત્યોને ગુગળાવી, વેસરતાને તેજી ઘોડામાં ઓળખાવવા આકાશ પાતાળ એક કરો છો તો પણ, તેથીજ તરફડતા ટટ્ટુ જેવુંય દશ્ય પામતા નથી. આપનું બહુ બોલવું એ માટેજ હોવાથી તે બોલતાં આપે તોળવાનું તો હોતુંજ નથી! કારણ કે બોલ્યું પળવું હોય એને એ પંચાત છેને? ઉપર્યુક્ત યુક્તિમાં આપ ઉભયને રોજ્યા વિના–જે મૂર્ખાએ, રામ અને રાવણની યુક્તિમાં જોડયા છે; તેણે તો આપને ભારી અન્યાયજ કર્યો છે. 'ગમે તેવો, પણ ધોળ ગાય એ પોતાનો' એ દૃષ્ટિવાળા આપને આવો ખ્યાલ નજ આવે એ પણ સ્વાભાવિક છે! જુઓ–એક તો આપને રામ કહીને સીતાના પતિ બનાવ્યા! રાવણની ઉપર ચઢાઇ કરી કરોડની કતલ કરનારા ગણ્યા! સીતાજીની દીક્ષા થતી જોઇને પણ હજારોને હણી નાખવાની ભાવનાવાળા જણાવ્યા! સીતાજી જેવા મહા સતીજીને પણ ભયંકર જંગલમાં રખડતી મૂકનારા ગણાવ્યા! દાદાએ આપેલ નામ પાછળના ચંદ્રનો પણ લોપ કરી અમારા પૂજ્ય ગુરૂદેવને પણ અન્યાય કર્યો અને દાદાની ભાવનાનો પણ ભૂકો કર્યો! એકલું નનામીના પ્રસંગે જરૂરી એવું લુખું નામ રાખીને રામ નામને પણ કલંકિત કર્યું! આવા તો અનેક દોષો તે મૂર્ખાએ ઉભા કર્યા છે. આ બધુંય અસહનીય છતાંય તે સામે તો આપે એક શબ્દય ઉચાર્યો નથી એ ઓછી મોહાંધતા છે? 'કયાં એ રામ અને કયાં હું' એમ પણ આપે બોલવું જ ઘટતું હતું કે નહિ? શું આપ તેવા છો? નહિજ! તો પછી ત્યાં કેમ મૌન સેવાયું?

## લપોડની ઘટનાજ યથાર્થ છે.

સાહેબ! શ્રી શ્રેણિક મહારાજાને સાતમીએ પહોંચાડી દેતાં–'કયા શાસ્ત્રનું એ કથન છે? એમ કોઇ આપને પૂછે, તો ઉત્તરમાં શું કહો? ચૂપજને? આ કથન જૈન શાસનનું છે કે રામશાસનનું? બોલશો કાંઈ? ગર્ભજ આવું બોલે? જવાબદારીનું આ કથન હોઇ શકે? કેટલું ફેંકાફેંક કરાય છે, કાંઇ ખ્યાલ આવે છે? હજીય આંખ ખૂલશે? અનન્તા તીર્થંકરોની આશાતના આનેજ કહેવાયને? આજ આપની આજ્ઞાધીનતાને? 'કહ્યું તે કરવું, કર્યું તે નહિંજ' એવું એક પક્ષી વાક્ય પણ પોતાનું જ કહ્યું કરાવવા માટે ફેંકે રખાય છે ને? "શાસનના સત્યો સામે ચેડાં કરવાં તે અગ્નિ સામે ચેડાં કરવા જેવું છે" એવું દંભથી બાંગરનાર પોતેજ આવું બોલે ત્યારે તો તેણે ઘર વસાવવા માતા સાથે પુનર્લગ્ન 'કરનારા પામરથી' કેટલુંક ઉતરતું કર્યું ગણાય? ઉત્સૂત્ર ભાષી શિરોમણિ પણ આનું જ નામ ને? કોઈપણ પ્રકારના સ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ આપનેજ નથી, એ હવે કબૂલ છે ને? આખાય સોરઠને આ રીતિએ જ અનાર્ય કહેવાયો છે, એમજ બોલ્યા હોત તો કાળજુનો પડદો આજે જે ખૂબ ઉપડયો, તે બનવા પામત? આપ કહો છો કે 'શત્રુંજયને અનાર્ય કહ્યો જ નથી' એનો અર્થ–જે દેશમાં શ્રી શત્રુંજયગીરિ વિરાજે છે, તે આખાય સોરઠ દેશને અનાર્ય કહ્યો છે એમજ થાય છે ને? પોતાને જ સમૂચ્છિમના સંતાન કહ્યા એટલા માત્રથી 'અમારા દરેક વડિલોને તેવા કહ્યા' એમ મનાવવા જે સજ્જ થાય, તે આત્મા સોરઠ દેશને અનાર્ય કહેવાથી, તે દેશની જ અંદર આવેલા સિદ્ધગીરિને તો અનાર્ય સહેજે કહ્યો ગણાય, આવી સામાન્ય વાતને સમજવાની તૈયારી કેમ નહિં રાખતો હોય? અર્થાત્ તેવું ચોખ્ખું સમજે છે છતાં વક્રતાથી ત્રેડોજ તૂક્કો ઉભો કર્યો છે. બાપનું નામ લેવા જેવીય દશામાં કોણ નથી, ખ્યાલ આવે છે? ધારોકે એક આત્મા એવા કોઇનું નામ લેવા જેવી દશામાં નથી, તેથી તેનું નામ પણ લેતો નથી અને એક આત્મા નામ સ્મરણમાંય દુર્ગતિ સધાય એવાનું જ નામ વારે તહેવારે આગળ કરી, એ નામની જ પ્રભાથી જીવવામાં આબાદિ

માને, આ બેમાં કયોઆત્મા ઉત્તમ ? બોલશો કાંઈ ? **શ્રી શ્રેણિક મહારાજાને સાતમી એ મોકલ્યા પછી** પાછું ભગવાન કહે છે કે તું જ પ્રથમ જીનેશ્વર થનાર છો ' એમ આપ શું સમજીને બોલો છો ? સાતમીનું આયુષ્ય ઉત્કૃષ્ટ ૩૩ અને જઘન્ય ૨૨ સાગરપરોમની સ્થિતિનું છે, તેનાથી–ઉત્સર્પિણીના બીજા આરાને છેડે–એટલે જે કાળ હવેથી લગભગ સાડી એકાશી હજાર વર્ષનો જ છે, તે પછી' શ્રેણિક મહારાજાનો આત્મા શ્રી પદ્મનાભ સ્વામી તરીકે ઉત્પન્ન થશે ' એમ કથન કરો છો, તે સંગત કઈ રીતે કરશો ? સાતમી બોલતાં તો સાહસ કર્યું પણ અહિં અથડાયા એનું શું ? ચકરડી વાજાંની માફક વાગે જ જવું, એવુંજ રાખ્યું છે કે શું ? કેટલો ભમરડો વાળ્યો ? આ હાલત છતાંય ગીતાર્થનો ફાંકો રાખવો એ ઓછું હાસ્યાસ્પદ છે ? આનું નામ તે ગીતાર્થ કે વીતાર્થ ? આ પછી પણ શ્રી શ્રેણિક મહારાજાની સાતમી ઉપર ' શ્રી મહાવીર દેવનો આત્મા પણ સાતમીયે નથી જ ગયો એમ નહિં એમ કહીને શ્રેણિક મહારાજાને સાતમીની જ દૃઢતા કરનારી મહોર છાપ મારી છે, અહહહહ કેટલી અજ્ઞાનતા ? શ્રી નયસારને સમ્યકત્વ પૂર્વે ફક્ત ઉંચાજ કહ્યા છે, એમાં પણ જેને અનન્તા તીર્થંકરોની આશાતના લાગી તેને શ્રી તીર્થંકર દેવના આત્માને પેલીમાંથી સાતમીમાં મોકલતાં કેટલી અનંતાનંતી ચોવિશીની આશાતના લાગી હશે ? ખરેખર ! વિનાશ કાળે વિપરિત બુદ્ધિઃ ? ? ?

**સાહેબ** ! આપે શ્રી રાધનપુર મુકામે શ્રી આત્મારામજી મ. ની જયંતિ પ્રસંગે એમને હાથીની અને એમની ભૂલો જણાવનારને શ્વાનની ઘટના કરતાં છતી કરેલી શ્વાનતા વખતે આપને શું માલુમ કે હાથના કર્યાં હૈયેજ વાગશે ! જો કે આપે તે વખતે કરેલી તે ઘટના જ અજ્ઞાન મૂળ છે. ખરી વાતતો એ છે કે શાસનના વાસ્તવિક મહારથીઓ સામે ' જાત માટે જ મરી ફીટીને ચેડાં કાઢનારા સ્વાર્થાંધો સીંહ સામે વાંદરાં જેવા છે ! એ જાતને એવો સ્વભાવ વારસામાંજ ઉતરેલો હોય છે કે–ભય પ્રસંગે દૂર દૂર ભાગતો જાય અને ડાકીયાં કરતો જાય !

## શ્રી વાલી મુનીશ્વર જેવા પરમ મુનિવર ઉપર ગંભીર આરોપ ! સામાન્ય મુનિની ગણત્રીમાંથી પણ રદ કર્યા.

પ્રવચન તા. ૧૮-૮-૧૯૨૯. 'વાલીએ રાવણને દબાવ્યો એનો હેતુ? આ પ્રશ્નના ઉત્તરમાં આપ જણાવો છો કે આનો ઉત્તર ખાસ સમજવા જેવો છે. ××× રાવણ શાસનનો અપરાધી હતો. ત્યાંએ એના માટે અશુભ વિચાર તો નજ આવે. પણ એ રાવણ તીર્થનો નાશ કરી **પોતાના આત્માનો ઘાત ન કરે,** એ બચાવ માટે મુનિવર વાલીનો વિચાર હતો; સાહેબ ! સામાન્ય મુનિ પણ પોતાની આત્મઘાત બચાવવા માટે પર ને લોહી વમતો કરે, તો તેનું મુનિપણું રહે? નહિ જ, તો આવા પરમ દશાને પ્રાપ્ત થએલા મુનિ 'પોતાના આત્માનો ઘાત ન કરે, એ બચાવ માટે રાવણને લોહી વમતો કરવાની હદસુધી પહોંચીને પીડવાનો વિચાર કરે ખરા? આવા પરમ પુરૂષ ઉપર આપે આ કેવો ભયંકર આરોપ કર્યો? શું આપ જેવા એમને ધાર્યા? આવા મુનિવરોને જે આવું તુચ્છતા ભર્યું વિશેષણ કલ્પે તે, સીધો પોતાને જ માથે બંધબેસતો ટોપલો પોતાના વડાદાદાને માથે જ મૂકવાની ધૃષ્ઠતા પોતાને જ હાથે કરે તેમાં આશ્ચાર્યજ નથી. બીજીવાત અહીં એ છે. કે શ્રાવકને સવાવસો દયાની ગણત્રીમાં જે **सावराहा निरवराहा** પદ આવે છે તેમાંનું **सावराहा** કહેતાં અપરાધીને શીક્ષા કરતાં શ્રાવકને પણ પાંચ વસામાંથી અઢીવસા દયા ઓછી થઈ જાય છે, તો અહિં શ્રી વાલી મુનિવરે ' જો કે તીર્થને માટેજ હોવાથી પ્રશસ્ત હોવા છતાંય ' જે અપરાધી રાવણને શીક્ષા કરી તેથી તે આલોચનીય પણ ખરીજને? આપના હીસાબે તો અહીં પોતાની પણ રક્ષા માટે એ શીક્ષા કરી છે જેથી મહોટા પ્રાયશ્ચિતનું પણ કારણ ખરીજને? 'આવા મુનિવર ઉપર પણ દ્વેષનો આરોપ મૂકે એ બીજાને શું ન કરે?' એવું જે પૂ. **આગમોદ્ધારક દેવેશ** પ્રત્યે બોલ્યેજ રાખ્યું છે તે, લોકોને તેઓ પ્રત્યે ઉશ્કેરવા માટેજ ને? આ પ્રવચનમાં અહીંજ આગળ વધીને આપ લખો છો કે-'મુનિ પોતાની જાત પરનાં ઉપસર્ગોને સહે પણ સાથેના મુનિને ઉપસર્ગ આવે તો, એમ કહે કે ભલે સહે,

કર્મક્ષય થશે, એમ ? અને છતી શક્તિએ ઉભા રહી જોયાજ કરે ? હરગીજ નહિં. સાહેબ ! આ ફકરામાંજ સામાન્ય માટે પણ 'જાત પરના ઉપસર્ગને સહે તે મુનિ' એવું વિધાન આપ જાતેજ અહીં બાંધો છો, તો વાલીમુનિવર તો તેમાંથીય જાય તેવા હતા એમજ અહીં માન્યું ને? આ વાત બરોબર ખ્યાલ પૂર્વકજ કરી છે એવું જણાવવા માટેજ હોય નહિં શું, તેમ આ અંકોની છપાયલી અને આપના ખુદ હસ્તે સુધારેલી 'જૈન પ્રવચન ભાગ પહેલો' નામની ચોપડીના પૃષ્ટ ૩૩૯ ઉપર પણ આ વાત તેને તે હાલતમાં મૂકી છે. કેટલી અવિચારિતા ? "શ્રી વાલી મુનિવરે અંગત રાગદ્વેષ વિના રાવણને જે દબાવ્યો તે દ્રોહીના દ્વેષનું કારણ ગણાય, અને તે પરિતાપનિકી ક્રિયા હોવાથી આલોચનીયજ ગણાય'" આ વાત પૂ. **પરમતારક આગમોદ્ધારક દેવેશે** કરી, તેમાં નરી સિદ્ધાંતિક સત્યતાજ તરી આવતી હોવા છતાંય-તે તારક ઉપર હીચકારો હુમલો કરવાની હલકટ દાનતનાં હલેસાંદ્વારા 'આવા પરમદશાને પામેલા મુનિવરો ઉપર પણ આવો આક્ષેપ મૂકે એ બીજાને શું ન કરે ? માટે એવા પાપીઓથી, એવાના પાપ સંસર્ગથી દૂર રહેવું' વિગેરે પ્રકારે બબડાડ કરનાર આપને હવે તો જરૂર ભાન આવવું ઘટે કે-**વસ્તુને વસ્તુરૂપેજ જે પ્રરૂપી છે તે આરોપ નથીજ પણ, આપના ગપોડ ગપાષ્ટકમાંથી ઉછાળેલો 'આવા મહામુનિને પણ હલકા હૃદયના આળેખનારો' આ જે બોમગોળો છે, તેજ મહાભયંકર આરોપ છે. સાહેબ ! હવે કોણ પાપી ?**

## મિથ્યાત્વી રામશાસન કહે છે કે-
## શ્રી આત્મારામજીના ભક્ત છે તે ભગવાન શ્રી મહાવીરના ભક્ત છે ! બીજા નહિં !

પ્રવચન વર્ષ-૮ અંક ૪૬ પૃષ્ટ ૫૯૬ કોલમ બીજું પંક્તિ ૫ થી ૧૦ " મહારાજશ્રી આત્મારામજીના ભક્ત છે તે ભગવાન શ્રી મહાવીરના ભક્ત છે. × × × × × અર્થાત્ મહારાજ આત્મારામજીને માનનાર એટલે આપણે ભગવાન શ્રી મહાવીર ખૂદના માનનાર છીએ."

કેમ સાહેબ ! આતો આપનામાં ઠાંસી ઠાંસીને ભરેલ મિથ્યાત્વનું સેમ્પલજ છે કે ? શ્રી આત્મારામજી મહારાજના જે ભક્ત ન હોય તે તો મહાવીરના ભક્ત નથીજ ને ? બોલતાં કાંઇ શરમ આવે છે કે નહિ ? હાલ વિદ્યમાન પ્રાયઃ સાતસો મુનિવર્યોમાંના પ્રાયઃ **પાંચસો જેટલા મુનિવરો તો–શ્રી આત્મારામજી મહારાજને** " ગણિ વિદ્યમાન છતાં એમની પાસે જોગ કરવાની પરવા રાખ્યા વિના અને પોતે કરે છે તેજ. વ્યાજબી છે એવું જણાવવા જોગનેજ ઉત્થાપીને સહુથી મ્હોટા બનાય માટે સૈકાઓમાં પણ નહિંજ બનેલી એવી વગર જોગની આચાર્યપદવીને શ્રાવકોદ્વારાજ સ્વીકારી લઇને આપના અનેકને એવીજ રીતે પદવી લેતા કર્યા તેથી, તથા સોરઠ દેશને અનાર્ય કહેવા વડે શાશ્વત્ તીર્થ શ્રી સિદ્ધગીરિજીને પણ અનાર્ય કીધો–વિગેરે વાતો ખૂબજ પ્રગટ થઇ ગઇ હોવાથી " ભગવાનની આજ્ઞાને ખૂબ પીડા કરી એમ માનતા હોવાથી તેઓશ્રીના ભક્ત નથી, એ ખરૂંજ છે ને ? તેમજ ઉપર્યુક્ત બ્હોળા મુનિવરોની આજ્ઞામાં રહેલો લગભગ પંદરસો જેટલો સાધ્વીજીનો સમુદાય તથા લાખો શ્રાવક શ્રાવિકા વર્ગ પણ એમનો ભક્તવર્ગ નથીજ એ સાચું છે ને ? આ દરેક મહાત્માઓ એમના ભક્ત નથી એટલે તેઓ ભગવાન શ્રી મહાવીરના ભક્ત નથીજ ને ? મિથ્યાત્વના જોરે કેટલા મહાત્માઓની ભયંકર આશાતના કરી છે ? ઉત્સૂત્ર બોલનાર અને બોલ્યા પછી તેનેજ સાચું મનાવનાર કદિયે ભગવાન મહાવીરનો ભક્ત હોઇ શકે ખરો ? ઉત્સૂત્ર બોલનાર ભક્તને મહાવીરનો ભક્ત કોણ ગણે ? **શ્રી આત્મારામજી મહારાજના સમુદાયમાંના પણ, શ્રી વલ્લભસૂરિજી આદિ**–આપના મતે તો તેઓના ભક્ત નથી તેથી તેઓ પણ મહાવીરના ભક્ત નહિંજ ને ? **શ્રી લબ્ધિસૂરિજીએ પણ** આપનામાં આવતાને દીક્ષા આપી તથા આપે માનેલ અયોગ્યને પદપ્રદાનાદિ કર્યા તેથી વહેવાર બંધ કરીને તેઓના રચેલાં સ્તવનાદિની પણ આપે અવગણના કરી કોઇને પણ તે બોલતાંજ અટકાવવાની જે સખ્તાઇ રાખી છે, તે પણ 'મહારાજ આત્મારામજીના ભકતો હોય તે આમ ન કરે, એમ માનીનેજ ને ? જો હા

છે તો તેઓ પણ શ્રી મહાવીરના ભક્ત નહિંજ ને? (રહી રહીને હાલમાં મસકારૂપ એમના વિહાર વર્ણનો તેમજ સ્તવનાદિને આપના પત્રોમાં મુખ પૃષ્ટ ઉપર પણ પ્રગટ કરવા માંડયા છે, એ તો બધાની સામે બહુ બાંગરા બનવાને પરિણામે સહુથી આંતરિક તિરસ્કાર પામીને નિરાધારપણે દક્ષિણ સાધવાની સ્થિતિમાં મૂકાયા પછી 'એમને પણ સાથમાં રાખવાથીજ ટટ્ટુ ટકશે' એવી સાન આવ્યાનુંજ પરિણામ છે ને? સાહેબ! આપના જેવો રમતિઆળ બીજો તો સાધુ ન હોય. અયોગ્ય પદપ્રદાનાદિથી સુગાઈને દૂર ખસનારા આપ વઢવાણ ઓછા અયોગ્ય ઠર્યા છો? કુંડું કથરોટને હસે તેવું કયાં છે? હવે **શ્રી પ્રેમસૂરિજીને માટે** પણ–'ગુરૂદેવની આજ્ઞાથી, ગુરૂદેવની આજ્ઞાથી' એમ મોભો ટકાવવા માત્ર પૂરતું લખ્યે તો રાખો છો, પણ અંતર સ્થિતિ તો એ છે કે ગુરૂજીનું કહ્યું આપને માન્યજ નહિં હોવાથી ગુરૂજીને પણ આપ પ્રત્યે આદરજ કયાં છે? જો તેમ હોય તો કાંકરા કરાવવા દક્ષિણમાં જવા ફરજ પાડે? તિથિચર્ચા કરવાની પણ ગુરૂજીએ તો નાજ કહ્યા છતાં આપે કરીજ ને? અન્તે ફળ શું કાઢયું? આપને લાગે છે કે એ તિથિનું મિથ્યા તૂત સમાજમાં લાંબો કાળ નભે? થોડા દિવસ તો અળશલાંય જીવતાં રહે! આ પ્રમાણે ગુરૂજીનું પણ વર્ત્તન અને કથન, જો શ્રી આત્મારામજી મહારાજના વર્ત્તન અને કથનને અનુસરતુંજ હોય તો આપ અનાદર કરો? આથી આપના મતે ગુરૂજી પણ એમના ભકત નહિ એટલે ભગવાન મહાવીરના ભક્ત નહિંજ ને? (તિથિ ચર્ચા આપે એમની અનિચ્છાએ પણ ઉપાડી ત્યારે મોભો જાળવવા ગુરૂજીએ પણ ગળામાં પડેલાં જોતરાંને ઘરેણાં મનાવવા મુંબઈ સમાચારનું શરણું લીધું હતું, બાકી વાતમાં કાંઈજ માલ નથી. પોતાની લાજ ટકાવવા પાપના ડર વિના બીજા ઉપર ભયંકર આરોપ ભર્યું પણ ખોટું, છપાવીને તુરત બહાર પાડવાની ગુરૂજીને કાળ જુની ટેવજ છે અને તે ટેવનો તેઓએ ગીર્વાણવિજયના પતન પ્રસંગે અમારા હાથેજ અનુભવ કરાવેલ હોવાથી આ વાત મારા તથા પ. પૂ. મુનિવરશ્રી ભદ્રંકરવિજયજીના અનુભવ સિદ્ધ છે.

આપ પાસે વિરાજતા મુનિવરશ્રીને તે પૂછી ખાત્રી કરશો.) હવે રહ્યા જંબૂ૦ વિ૦, એમને અને આપને તો પ્રથમથીજ બારમો છે. એ તો રહી રહીને મધલાળે, અનુવાદક તરીકે અને કર્મપયડીમાં નકામા કૂટાઇને કાયમને માટે કલંક વ્હોરી બેઠા. આપનામાં એમનું લેખુંજ શું છે? હાલમાં પણ એમને ખસતા મૂકીને ઉ. ક્ષમા વિ. ને આચાર્યપદ આપી દેવાની ધાનતે શ્રી પ્રેમસૂરિજીએ શ્રી ક્ષમા વિ. ને મુંબઈ બોલાવી લીધા છે. પાકા સમાચાર સાંભળ્યા છે કે પોતાનાજ ગુરૂ પોતાને પરસમુદાયના કરતાં નાનો કરે છે, એ સાંભળીને શ્રી જંબૂ વિ. ને ઘણુંય લાગી આવ્યું છે! ખૂબ કકળી ઉઠયા છે. મધલાળે પણ કોની પાછળ ઘસડાઇએ છીએ એ પહેલાં ખ્યાન રાખવું ઘટે ને? શ્રી લબ્ધિસૂરિજીને પણ પોતાની ચર્ચામાં પટકવા માટે 'શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા' એવું લખીને એવાં કંઈક કૌતુક કરી ચૂકયા છે. પણ તેઓએ એક દસ્કત પણ મત્તામાં બહાર પાડયો છે? સમદાયની લાજે ચાલ્યા ગમે તેમ! આ રીતે શ્રી જંબૂ વિ. વર્ત્યા હોત તો મુનિસમાજમાં કાયમને આટે ત્રિશંકુની દશા ન પામત! આ રીતિએ ગુરૂજીને પણ જેમના ઉપર અપ્રીતિ પ્રગટજ છે, તેઓ પણ શ્રી. આ. મ. ના ભકત હોત તો તો આવું નજ બનત ને? આથી તે પણ આપના મતે શ્રી મહાવીરના ભકત નહિંજ ને?

**જ્યારે આપ તો શ્રી આ. મ. ના ભક્ત છોજ કયાં?** સીધા ભકત તો શ્રી વલ્લસૂરિજીજ ગણાય, કારણકે પદ પ્રકારમાં તો તેઓશ્રીએ પણ તેઓશ્રીની માફકજ આચરણ કર્યું છે! આથી સાચા પટ્ટધર પણ એજ ગણાય! જોગ કરવા માત્રથી પોતાને પ્રમાણિક પટ્ટધર મનવશો તો, શ્રી આત્મારામજી મ. નેજ પ્રમાણિકપણે આચાર્ય થયાનું માનવામાં મોટો વાંધો આવશે! પોતાના દાદાએ કર્યું તેજ જે દીકરાએ કર્યું તેને હઠે ચડીને પ્રમાણિક પટ્ટધર ન માનો, અને દાદાએ કર્યું તેથી વિપરીત કરનારાને પ્રમાણિક પટ્ટધર માનીને જગતને તેવુંજ મનાવવા અનેક કૂડાં કાટલાં એકઠાં કરો; તેથી સમજુ

મનુષ્યો તો આપને સીધા પટ્ટધર માની શકે તેમ છેજ નહિ. હું તો એમજ કહું છું કે પટ્ટધર મનાવવા માત્રમાં કોઇનુંય કલ્યાણ નથીજ! પટ્ટધરને લાયકના આચરણમાં કલ્યાણ છે, અને એ આચરણો તો આપે દાદાથી તદ્દન વિપરિત અને અસઝાયમાં કાલગ્રહણ લઇ જૂદી રીતેજ જોગ કરીને, તેમજ જૂદી રીતેજ પદવીઓ લઇને કયારનાંય તજ્યાં છે, એ કોણ નથી જાણતું? આ રીતિએ શ્રી આ. મ. થી જુદુંજ વર્તન કરનારા આપ પણ એમના ભકત રહી શકતાજ નથી. જ્યારે આપ પણ એમના ભકત નથીજ ત્યારે ભગવાન શ્રી મહાવીરના પણ ભકત આપ તો નહિંજ ને?

આ રીતિએ શ્રી આ. મ. ના કુલ પ્રાયઃ દોઢસો અને પચાશેક ફાજલ મુનિવરો અને તેનો સાધ્વી તથા શ્રાવક શ્રાવિકા વર્ગ પણ આપનીજ માન્યતા તથા વિરૂદ્ધ આચરણ મુજબ આપનાજ મતે એમની આજ્ઞામાંનો આપને નહિંજ જણાય તેથી આપે શું એમજ ધાર્યું છે કે ભગવાનનું શાસન અત્યારેજ વિચ્છેદ ગયું? **આપની આવી ઉચ્છૃંખલતાનો જવાબ શ્રી સકલસંઘ લેજ! આપના 'આત્મારામજી મહારાજનો ભક્ત તે શ્રી મહાવીરનો ભક્ત' આ ઝેરી વાકયે શ્રી મહાવીર પ્રભુના પરમ ભક્ત શ્રી ચતુર્વીધ સંઘનું ખરેખર ભયંકર અપમાન કર્યું છે. અનેક ગચ્છોદ્વારા આરાધાઈ રહેલ શાસનને સેવનારા દરેક મુમુક્ષુઓ પોતપોતાના ગચ્છનાયકનાજ ભક્તો હોય છે, આ વાત પ્રગટ છતાં, તે દરેક શ્રી આત્મા૦ મ૦ ના ભક્ત નહિં હોવા માત્રથી તેઓને ભગવાન શ્રી મહાવીરના ભક્ત જ નહિં મનાવવા જેવો–ત્રણ કાળના શ્રી સંઘ ઉપર આપના તરફથી થએલો આ અતિ ક્રૂર હલ્લો છે! દક્ષિણનો ખૂણો છોડી ગુજરાતમાં પાદાર્પણ કરી નાખો, પછીજ શું સ્થિતિ થાય છે તે પ્રત્યક્ષ અનુભવાશે, સમજ્યા? ગમે તેની સાથે અડપલાં કરતાં કરતાં એટલા ઉચ્છૃંખલ બની જવાયું છે કે શ્રીસંઘ શું વસ્તુ છે એનું પણ**

ભાનજ ભૂલી ગયા છો. શ્રી આ. મ. ના ગુરૂ શ્રી બુટ્ટેરાયજી મહારાજના ભકતો તે પણ શ્રી મહાવીરના ભકતો નહિં ને? બુટ્ટેરાયજી મ. ના શ્રી આ. મ. કરતાં પણ અગ્રગણ્ય શિષ્યો શ્રી મુક્તિવિજયજી (મુળચંદજી) ગણી, શ્રી વૃદ્ધિચંદજી મહારાજ, શ્રી નીતિવિજયજી મ., પં. આણંદવિજયજી અને શ્રી મોતીવિજયજી મ. વિગેરેના પણ ભકતો શ્રી મહાવીરના ભકતો નહિં ને? **શ્રી આત્મારામજી મ. અગાઉના પણ દરેક શાસન ધુરંધરો શ્રી આ. મ.ના તો ભક્ત હતાજ નહિને? આથી તે દરેક તેમની પૂર્વેના મહાપુરૂષો પણ શ્રી મહાવીરના ભક્ત નહિજ ને? સાહેબ! વર્તમાન સંઘનેજ નહિં પણ ભૂતકાળના શ્રી ગણધર મહારાજા પર્યંતના શ્રી પૂજ્ય સંઘને આપે ભયંકર રીતે અવગણ્યો છે, અને ભવિષ્યંનો સંઘ પણ એમનો ભક્ત રહેવાનોજ નથી એ પણ નિશ્ચય હોવાથી એ સાથે ભવિષ્યના સકળ ચતુર્વિધ સંઘની પણ આપે ભયંકર અવગણના કરી છે. પ્રભુ આજ્ઞાના કેવા કુટિલ આરાધક છો એ હુવેજ જગત જાણશે. છે ભવનો ભય?**

**આ** અંકના પૃષ્ટ ૫૯૫ કોલમ બીજું પંક્તિ ૧૪ થી ૧૬ માં પણ "આ પ્રભાવક સૂરિ પુરંદરના જીવનમાં અને ખૂદ શ્રી તીર્થંકર દેવોના જીવનમાં પણ એ એજ વાત દેખવામાં આવે છે." **એમ લખીને પણ એમને શ્રી તીર્થંકરદેવોની સમાન ગણાવવાનીજ કારમી કોશીષ કરી છે. શ્રી તીર્થંકરદેવોની પણ આમ સામાન્ય જન સાથે સરખામણી કરીને ભયંકર આશાતના કરી છે!** આથી કેટલા અનન્તા તીર્થકરોની આશાતના કરી તે શ્રી કેવલિ મહારાજા જાણે! **જ્યારે શ્રી સંઘ આ બાબત જાગશે અને ઝડતી લેશે ત્યારે સ્પષ્ટ લાગે છે કે રામશાસનની લીટ પણ નહિં રહે! ઓછી છબાબલાઇ કરી છે?**

**શ્રી આત્મારામજી મ. ને શ્રી તીર્થંકર દેવ જેવા ગણાવવાની ધૂનમાં–ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલનારા નહિં પણ**

## ભગવાનના માર્ગે ચાલનારા ગણાવ્યા છે! આથી પણ એમને શ્રી તીર્થંકરદેવ જેવાજ મનાવવાની કોશીષ કરી છે. અને તે ભયંકર છે!

આ અંકના પૃષ્ટ ૫૯૫ કોલમ પહેલું ફકરો બીજો પંક્તિ ૨૧ થી ૨૩ "અનંત જ્ઞાનીઓના માર્ગે ચાલનારા આત્મારામજીના માર્ગે ચાલવાનો દાવો કરનારા તેમનાજ પરિવારના" સાહેબ! આપ તો કહો છો ને, કે શ્રી તીર્થંકર દેવોના માર્ગે કોઇથી ચલાયજ નહિં? તો ભગવાનને માર્ગે ચાલનાર આ કયાંથી નીકળ્યા? લોકોમાં એમને તીર્થંકર દેવ સમાન ગણાવવાની અવિચારી ધૂનમાંજ આવું બકાયું છે ને? આવું બોલીને 'આણા એજ ધર્મ' એ વાકય શ્રી આ. મ. માટે નહોતું માટેજ તેઓને રૂચ્યું તેમ કર્યું, એ પણ ખુલ્લું કરવા માગો છો ને? શ્રી સિદ્ધગીરિજી ઉપર એમની મૂર્તિ પધરાવીને દેવદ્રવ્યથી પણ એટલેજ પૂજાવો છો !!! સાહેબ! આપના પુણ્ય પુરૂષ જન્મથી ચાર, દેવકૃત ઓગણીશ, અને કર્મ ખપ્યે અગીયાર અતિશયના ધારક નહોતા, પાંત્રીશ ગુણયુક્ત વાણી નહોતી, આઠ મહા પ્રાતિહાર્ય યુક્ત ન્હોતા, જઘન્યથી ક્રોડ દેવો સેવામાં ન્હોતા, મોક્ષે તો જાય ત્યારે ખરા—આ બધું કેમ ભૂલી જાવ છો? (વળી એમણે જે કાંઇ નવું કર્યું તે તો હવે આપ પણ કરવા માગતા નથી, આવા આપના પુણ્યપુરૂષને અનન્ત જ્ઞાનીઓને માર્ગે ચાલનારા ગણાવાય? એમને માર્ગે ચાલવાનો દાવો તો હવે આપ પણ કરતા નથી તેથી પણ આપ તેમના ભક્ત નહિંજ હોવાથી ભગવાન શ્રી મહાવીરના ભક્ત પણ આપ તો નથીજ એ તો ચોખ્ખું થયુંજ ને? જેમનું કર્યું અને કહ્યું, એમના ગુણગાન ગાનારા પણ તજે એવુંજ હોય, તે બીજાને તો આદરણીય હોયજ શાનું?)

## શ્રી આત્મારામજી મ. ને તીર્થંકરદેવ જેવા ગણાવવાની ધૂનમાં

આ અંકના પૃષ્ટ ૫૯૩ ફકરા બીજામાં એમના જીવનમાં જે કાંઇ હતું તે કહીને "ભગવાન શ્રી તીર્થંકર દેવોના જીવનમાં પણ

બીજું શું છે?" એમ કહી નાખતાં પણ તેઓના જીવનને અને ભગવાન શ્રી તીર્થંકરદેવોના જીવનને સમાન ગણાવવાની ભયંકર કોશીષ કરી છે! સાહેબ! શ્રી આ. મ. ના જીવનમાં જે કાંઈ હતું તે તીર્થંકરદેવોના જીવનમાં હતું એવું ગણાવતાં શરમ નથી થતી? આવા લબાડ વક્તાની શ્રી જૈનશાસનને જરૂરજ નથી સમજ્યા? શ્રી તીર્થંકર દેવોને ઓળખ્યા છે કે ઓળખ્યાજ નથી? મેરૂ અને સરસવના પણ અનન્તમા ભાગને, મણી અને ફૂટલ કાચને કોઈ સમાન ગણાવે, એના જેવુંજ આ ગાંડપણ આદર્યું છે ને? કોની સરખામણી કોની સાથે થાય એય ભાન નથી?

## શ્રી રામશાસન-શ્રી આત્મારામજી મહારાજની કીર્તિ ગાતુંજ નથી. એતો એમની કીર્તિ વધારવાજ પ્રયત્ન કરે છે!

### —આમ હોવાથી—

### શ્રી આ. મ. ને શ્રી તીર્થંકર દેવ જેવા ગણાવે છે.

**આ** અંકના પૃષ્ટ ૫૯૫ ફકરો બીજો પંક્તિ ૯ થી ૧૨ 'બાપની કીર્તિ વધારવા માટે, સુબાપના પરાક્રમી અને પુરૂષાર્થશાલી બાપના દીકરા—યોગ્ય માર્ગે ચાલેલા મહા પુરૂષોના શિષ્યોએ યોગ્ય માર્ગની પુષ્ટિ માટે પ્રયત્ન કરવોજ જોઇએ' **સાહેબ! આપ જે કાંઇ યોગ્ય માર્ગની પુષ્ટિ માટે કરતા હો તે પણ ફક્ત બાપની કીર્તિ વધારવા માટેજ ને?** કોઇનાય કલ્યાણને માટે તો આપનો પ્રયત્ન નથીજ એ વાત તો અહીં આપના ખૂદ હાથ દસ્તકથી આપેજ ખુલ્લી કરી નાખી છે ને? ભલે જાણી જોઇને, પણ આવું ચોખ્ખુંજ બોલી જતા હો તો આપને ઓળખવામાં તો જગત્ મૂંઝાય નહિ. 'સુબાપના પરાક્રમી અને પુરૂષાર્થશાલી બાપના' આ વાક્ય આપે લખ્યું તે તો અર્થશૂન્યજ છે ને? એમાં કયો વ્યાકરણ પ્રયોગ કર્યો છે? બોલશો? બાપની યેનકેન કીર્તિ વધારવી છે કેમ? અને તેથી જ એમને શ્રી તીર્થંકર દેવ સમાન ગણાવવા માંડ્યા છે કેમ? આ પ્રમાણે ગણાવવા જતાં આપે એમની કીર્તિ વધારી, કે હતી તેનોય

લોપ કર્યો ? એમને શ્રી તીર્થંકર દેવ જેવા–કોઇ ડાહ્યો ગણાવે કે મૂર્ખો ? કીર્તિ જેવી હોય તેવી ગાવી, એમાં સત્યતા છે કે ઉછીની ઉમેરવામાં ? શ્રી તીર્થંકર દેવોની પણ કીર્તિ જેવી છે તેવીજ ગવાય છે કે ઓપ ચઢાવીને ? કોઇની કીર્તિ વધારવા માટે પ્રયત્ન કરવો તે ખોટાને સાચો મનાવવા જેવું નથી ? આવું કરે તે પરાક્રમી અને પુરૂષાર્થશાલી દીકરા, કે હીણકર્મી અને પુરૂષાર્થગાલી દીકરા ? કીર્તિ વધારવા પ્રયત્ન કરવા વડે આપે ગુરૂમાં જે કાંઇ હતું એ ગાયું કે ન્હોતું તે જાહેર કર્યું ? જે જયંતિમાં આવું કૂડ સેવાય તે, જયંતિ કહેવાય કે ક્ષયંતિ ? જેનામાં જે ન હોય તે બોલનારમાં વ્રત કેટલાં ? ઘરની એબો ઢાંકવા પૂરતાજ આ આપના દરેક પછાડા હતા અને છે, એ વાત તો હવે ખુલ્લીજ છે ને ?

ઉપર્યુક્ત આપનું આ લખાણ કર્યા પછી ત્યાં સીધુંજ આપે લખ્યું છે કે '**આ પ્રભાવક સુરિપુરંદરના જીવનમાં અને ખૂદ શ્રી તીર્થંકર દેવોના જીવનમાં પણ એ બેજ વાત દેખવામાં આવે છે.** છતાંય ન માલુમ કે એમનાજ અનુયાયી કહેવાતાઓમાં' સાહેબ ! આ શું સૂચવે છે ? આજ્ઞાધીનતાની બૂમ મારનારા આપની આજ્ઞાધીનતા તો આવીજ છે ને ?

**શ્રી કલ્પસમર્થન ગ્રન્થમાં આપને યથાર્થજ વર્ણવ્યા છે.**

**આપનામાં** વારસાહક તરીકે લદાયલી આવી અનેક ઉચ્છંખલતા, ઉત્સૂત્રિતા, શાસ્ત્રવિરૂદ્ધતા, અસંબદ્ધ અર્થિતા, ઉન્માર્ગગામિતા તથા આકંઠ અજ્ઞાનતાભરી તિથિલોપકતાને પણ ઢાંકવા માટે આપે આ પ્રકારનીજ કૂટ નીતિરીતિથી શાસ્ત્રના અનેક અર્થો ઉંધા કરીને પણ પોતાનુંજ સાચું મનાવવા શાસનના ધુરંધર ગીતાર્થોને પણ ભાંડવાની અધમનીતિ વડેજ જીવવાનો એકરાર કર્યો છે, તેને અંગે આપને–

**किं च नैते संमूच्छिमाचाय तत्परम्परानुगतयावज्जम्बूकसमा-मिथ्याख्याति संतोषिणः, न च शास्त्रानुसारि परंपरागतमत-लोपकाः, यथेदानींतना उपस्थापनोत्थापकपानकाकारापलापि पवित्रतमसौराष्ट्रनार्यताप्रतिपादक योगोत्थापना प्रवीणात्मारा-**

**मानुगताः शास्त्रानुसारिपरंपरागततिथिमर्यादालोपलोलुपा अष्ट-माष्टामेदवादिनो दानप्रेमरामजंबूकाद्याः** ' આમ કહીને શ્રી કલ્પ સમર્થન નામના ગ્રન્થરત્નની પ્રસ્તાવનામાં યથાર્થજ પ્રગટ કર્યા છે, એમ હવે પણ કોણ નહિં માને? આવા પરમ તારકો ન હોત તો આવી જાતને યથાર્થ કોણ ઓળખાવત? છે કોઈનીયે તાકાત? ગૃહે શૂરા કોણ નથી?

**'શ્રી નવપદ સ્વરૂપ દર્શન' નામની સામાન્ય પુસ્તિકામાંય શાસ્ત્રવિરૂદ્ધ કેટલાંય ગપ્પાં મારીને ભારી ભમરડા ભૂંસ્યા છે, (:છતાં એ ગપ્પપૂરાણનાં ૧૯૯૪ ના ચૈત્રની ઓળીમાં રાધન-પુર ખાતે ભેટણાં કર્યાં છે!)**

**તેમાં વેરેલું મિથ્યાત્વ સુધારીને પટેલોને ઘેર પહોંચતું કરજો.**

**'અણસમજે પડખામાં પટકાયલાને પોક'**

(કહેવડાવવું જૈન પ્રવચનના વક્તા, અને બનવું છે પ્રવચન ભોક્તા? એ કેમ બને?)

પુસ્તિકા પૃષ્ટ ૧ પંકિત ૯ 'જીવ અને કર્મનો યોગ એજ સં-સાર છે' સાહેબ! આ કથન અજ્ઞાનનું છે–કર્મ પુદ્ગલો ચૌદરાજમાં ભરેલા છે, અને તેથી સિદ્ધના આત્માઓના સંબંધમાં પણ તે આવે જ; તો શું તેઓનેય સંસાર છે?

પુસ્તિકા પૃષ્ટ ૧ પંકિત ૧૦ 'અને જીવ અને કર્મના યોગનો સર્વથા વિયોગ એજ મોક્ષ છે' સાહેબ! આપ કયા પંથના છો? જીવ અને કર્મના યોગનો સર્વથા વિયોગ, કે જીવને લાગેલા કર્મના યોગનો સર્વથા વિયોગ? સામાન્ય તત્ત્વનુંય ભાન છે કે નહિં? 'પૂ. પ્રવચનકાર ચર્ચા કરવા તૈયાર છે, લેખીત ચર્ચા કરવા સદાય સજ્જ' વિગેરે તો ખોટાં બણગાંજ હતાને? તૈયારી તો આવીજ છે ને?

પુ. પૃષ્ટ ૧ પંક્તિ ૧૧ 'સંસાર દુઃખમય છે' દુઃખફલક છે અને દુઃખપરંપરક છેઃ' સાહેબ! 'દુઃખફલક અને દુઃખપરંપરક' એવું બોલાય કે દુઃખાનુબંધક બોલાય?

પુ. પૃષ્ટ ૧ પંક્તિ ૧૨ ' જ્યારે મોક્ષ એકાન્ત સુખમય છે ' સાહેબ ! સંસાર જેમ એક વિષમ સ્થાન તરીકે આત્માથી જુદો જ-ણાવ્યો, તેમ મોક્ષ વસ્તુ પણ અનન્ત સુખરૂપ એક સ્થાન તરીકે અહિં આત્માથી જુદોજ જણાવ્યો છે તે કેટલી પામરતા ? શું 'મોક્ષ' એ આત્માથી જુદિ વસ્તુ છે એમ માનો છો ?

પુ. પૃષ્ટ ૨ પંક્તિ ૧ થી ૪ ' જડના યોગથી આત્માનો સર્વથા વિયોગ એજ મુક્તિ છેઃ અને એવી મુક્તિ આત્મા જ્યાં સુધી ન મેળવે ત્યાં સુધી તે પોતાની રૂદ્ધિસિદ્ધિનો સાચો ભોક્તા બની શકતો નથી ' સાહેબ ! આવું ગપ્પપુરાણ ક્યાં સુધી હાંકવું છે ? યોગનો વિયોગ એટલે શું ? યોગદશાની વાત તો દૂર રહી પણ સંયોગીબંધક છે ત્યાં પણ અનન્ત જ્ઞાનસિદ્ધિ છેજ કે ? એ વખતે તે રિદ્ધિસિદ્ધિનો સાચો ભોક્તા નથી ?

પુ. પૃષ્ટ ૨ પંક્તિ ૮ થી ૯ ' એ વિષેનો વાસ્તવિક ખ્યાલ, એનુંજ નામ સમ્યગ્ દર્શન છે ' સાહેબ ! આપ બોલો છો કે બકો છો ? ખ્યાલ એ જ્ઞાન કહેવાય કે દર્શન ? કોને જ્ઞાન અને કોને દર્શન કહેવાય એનાય ભાન વિનાનાએ પાટે બેસવું તે વ્યાજબી છે ? પન્નારે પડેલા પોકજ મૂકશોને ?

પુ. પૃષ્ટ ૨ પંક્તિ ૯ થી ૧૦ ' સમ્યગ્ જ્ઞાન તરીકે ગણાતી દ્વાદશાંગી ' સાહેબ ! ભણવું ઘણુંય બાકી રહ્યું છે છતાં હવે કોની પાસે ભણો ? બેસવાની ડાળ તો કૂહાડે કાપી ! હજુય ચરણો ચુંબીને માફીજ માગો તો કાંઇકે બચાવ છે ! શું દ્વાદશાંગીજ સમ્યગ્ જ્ઞાન ગણાય છે ? મતિ, અવધિ, દશપૂર્વ અને તેનાથી આગળનું જે જ્ઞાન છે તેને તો હવે સમ્યગ્ જ્ઞાન તરીકે માનશોજ નહિં ને ? ' એક હતો ચકો અને એક હતી ચકી ' એવું પોપટીયુંજ ;એકઠું કર્યું છે તેથી હમણાં ખૂબ પઢી લ્યો ! પાટની લત છોડો ! મારા સાહેબ ! કોઇપણ શ્રુતનું સમ્યગ્ હોવું તે સમ્યગ્ જ્ઞાનજ છે, સમજ્યા ?

પુ. પૃષ્ટ ૨ પંકિત ૧૪ થી ૧૬ ' એ દર્શન, એ જ્ઞાન અને એ ચારિત્ર ત્રણનો જ્યારે સમુચિત યોગ થાય છે, ત્યારેજ આત્મા

પોતાની મુકિત સાધવાને સમર્થ બની શકે છે.' સાહેબ! એક પણ પંકિતનું તો ભાન નથી, અને **आकालमेते** નો અર્થ કરવાના ચાળા કરવા ગયા એથી શ્રી તીર્થંકર દેવોના આત્માને નિગોદાવસ્થામાં પણ દેવગુરૂબહુમાનિનઃ આદિ ઠરાવવા ઉત્સૂત્રતાના પાપ ઢગને વ્હોર્યો! પરિણામે જૂઠા ઠર્યા ત્યારે ખળની માફક પાપ ઢાંકવા પ્રયત્ન કરીને તે દેવગુરૂબહુમાનિપણું નિગોદાવસ્થામાં કારણરૂપે ઘસડયું! રંગ રાખ્યો! આપનું ખપીપણું તો આજ ને? અને એમ ઘસડીને એ વાતને નિશ્ચય નયમાં પણ નાખી, જે શબ્દો શાસ્ત્રના તો નથીજ! કેવી કારમી કુટિલતા? નિશ્ચયનયે નિગોદાવસ્થામાં કારણ ભાવે દેવગુરૂ બહુમાનિપણું દરેક ભવિને નથી? અહીં પણ આપ 'સમુચિત યોગે મુકિત સાધવાને સમર્થ બની શકે છે' એવું જે બોલ્યા છો તે નરી અણઘડતા છે. મદમાં માતેલા બનીને ફેંકવાજ માંડયું છે. એ ત્રણના સમુચિત યોગે મોક્ષ થાય છે, કે મોક્ષ સાધવા સમર્થ બની શકાય છે? કાંઈપણ પરિણમ્યું છે અને બોલાય છે કે ખાલી ફોનુગ્રાફની ચકરડી? સાહેબ! એ ત્રણના સામાન્ય યોગે આત્મા મોક્ષ સાધવાને સમર્થ બને છે એમ બોલો! સમુચિત યોગે તો મોક્ષ થાય છે, સમજ્યા? ઉંદરડે સીંહના દાંત ગણવાના મનોરથની માફક આ અવસ્થામાં આપે સમર્થ ગીતાર્થ સામે શીંગડાં માંડતાં શરમ ન આવી? પરિણામે–પરવંચનતા, પરવચનતા, પ્રવંચનતા વિગેરે ખુલ્લુંજ થઈ ગયું એજ સાર કાઢયો ને?

પુ. પૃષ્ટ ૨ ફકરો ત્રીજો 'જે આત્માની દર્શન મોહનીય–ઉપશમ, ક્ષયોપશમ યા ક્ષયભાવને પામી હોય' સાહેબ! પ્રવચન વર્ષ ૮ અંક ૭ પૃષ્ટ ૯૨ માં 'આ લોકના' શબ્દ પ્રત્યે તો ખૂબજ વ્યાકરણ ઓકીને લીંગનું દિગ્દર્શન કરાવવા અકાંડે વિદ્વતા ઉછાળી છે, જ્યારે અહીં દર્શન મોહનીયને સ્ત્રીલિંગે લઈ જવામાં એ વિદ્વતા કેમ ગીરો મૂકી? અહીં વિદ્વતા દેખાડી કે ગમારતા? એ ભૂક પણ કાચીજ છે એની તો આ પંચાત છે! હરપળે વ્યાકરણની વાયડાઈ કરો છો તેથી પુછવું પડે છે કે, સાહેબ! આપ આ ભવમાં વ્યાકરણ

ભણ્યા છો ? જો નહિંજ, તો વાણીઆઓને જૂઠીજ હોંશીઆરી બતાવવા માટે વ્યાકરણને નામે વાતો કરતાં લજ્જા કેમ નથી પામતા ?

પુ. પૃષ્ટ ૨ ફકરો ત્રિજો, પંકિત ૩ ‘ એવો ઉપશમ, એવો ક્ષયોપશમ અને એવો ક્ષય થવો ’ સાહેબ ! એમ ન બોલાય ! ‘ઉપશમ, ક્ષયોપશમ, કે ક્ષય થવો ’ એમજ બોલાય, સમજ્યા ? એવો, એ વિશેષણ દરેકને જોડતાં એ ત્રણેય જુદી જુદી જાતનાંજ હોવા છતાં, તે એક બીજાને એક બીજાના જેવાજ માન્યા ગણાય. એટલે કે જેવો ઉપશમ એવોજ ક્ષયોપશમ કે ક્ષય ! એમ માન્યા ગણાય. આવું અર્થ શુન્ય અને ઉલટુંજ વેતરવું એ અક્કલ હીનનેજ શોભે, સમજ્યા ? વળી એવો એટલે કેવો ?

પુ. પૃષ્ટ ૨ ફકરો ત્રીજો, પંકિત ૫ થી ૬ ‘ જે આત્માઓની દર્શન મોહનીય ’ આવું લખીને અહીં પણ લીંગનું લીલામજ કર્યું છે.

પુ. પૃષ્ટ ૩ પંકિત ૫ થી ૬ ‘ કે જે આત્માઓ પોતાની દર્શન મોહનીયનો ’ અહીં પણ પૂર્વવત્ લિંગનું લીલામજ કર્યું છે! શું વૈયાકરણીય !

પુ. પૃષ્ટ ૭. ‘ શ્રી અરિહંતપદે આવનારા આત્માઓને, નિશ્ચયનયે અનાદિથી સઘળાએ ભવ્યોમાં ઉચ્ચ કોટીના આત્માઓ તરીકે વર્ણવ્યા છે ’ સાહેબ ! અહીંઆં ‘ નિશ્ચયનયે ’ શબ્દ કયાંથી ઘુસાડયો ? શા માટે ઘુસાડયો ? **आकालमेते** વાળું કારણભાવમાં ધસડેલું પાપ ઢાંકવા માટે ને ? કોઇ પણ શાસ્ત્રમાં ‘ નિશ્ચયનયે ’ એવું વાકય કોઇપણ ઠેકાણે છે ? હોય તો જાહેર કરવું. સાહેબ ! હજુ સાડાઅઢાર હજાર વર્ષ સુધી તો રામશાસન નહિંજ સ્થપાય સમજ્યાને ? પોતાનાં પાપો ઢાંકવા માટે શાસ્ત્રોમાં નહિં, તેવાં ઘરનાં વાકયો ગોઠવવા કરતાં ભૂલો કબૂલવામાંજ મજા છે, એમ હવે તો સમજો ! આપ કેવાક જ્ઞાની છો એતો હવે જાહેર થઈ ગયુંજ છે, ઉંડા ઉતરી જઇ મ્હોં સંતાડયે કાંઈ ભવ સુધરશે ? કદાચ પશ્ચિમમાંય ચાલ્યા જાવ, પણ તેથી શું ? સાહેબ ! અહીં શ્રી અરિહંતપદે આવનારાઓને અનાદિથી સઘળાએ ભવ્યોમાં ઉચ્ચકોટીના આત્માઓ તરીકે વર્ણવ્યા

છે, તેથી શું તેઓ અનાદિથી સયોગી કેવલી કે કેવલી તીર્થંકર મહારાજા વિગેરે ભવ્યોમાં પણ ઉચ્ચકોટીના છે એમજ કહેવા માગો છો ને? એમ કદિયે હોય? નહિ! તો આવું બકાય? અજ્ઞાનની પણ અવધિ હોવી જોઇએ.

પુ. પૃષ્ટ ૭ ફકરો બીજો અન્ય આત્માઓ જે ભવમાં મુક્તિ પામવાના હોય તે ભવમાં પણ સમ્યકત્વ પામે; જ્યારે શ્રી તીર્થંકર દેવોના આત્માઓ સિદ્ધિ ગમનના ભવથી ત્રીજે ભવે તો નિયમા સમ્યકત્વ પામેજ.' સાહેબ! આથી શું કહેવા માંગો છો? આવું ત્રેડું વેતરવાજ ભેજું સરજાયું છે કે શું? કોઇ આત્મા સમ્યકત્વ પામીને તે ભવમાંજ મુકિત જાય એ ઠીક નહિં? જો ઘણુંજ ઠીક છે તો શ્રી તીર્થંકર દેવોની છતી વિશિષ્ટતાને બીજાની લઘુતાઇ કરીને શું કામ ગાવ છો? 'જે આત્માઓ ત્રીજે ભવે સમ્યકત્વ પામે તે દરેક સિદ્ધિ ગતિ પામે, યા ન પણ પામે, પણ શ્રી તીર્થંકર દેવોના આત્માઓ તો નિયમા સિદ્ધિ પામે' આમ બોલો—કે જેથી સીધું બોલ્યા ગણાવ.

પુ. પૃષ્ટ ૭ ફકરો બીજો પંક્તિ ૪ થી ૭ 'અન્ય આત્માઓ કોઇ પણ લિંગે કેવળજ્ઞાન અને સિદ્ધિ પામે: પણ શ્રી અરિહંત દેવોના આત્માઓ તો શ્રી જીન લિંગેજ સિદ્ધિ પામે' સાહેબ! અહીં પણ સૂત્ર અને સિદ્ધાંતને ચગદી નાખીને જૂઠુંજ લખી માર્યું છે. શું ગણધર દેવોના આત્માઓ પણ કોઇ પણ લિંગે સિદ્ધિ પામે છે? પ્રત્યેક બુદ્ધના આત્માઓ પણ કોઇ પણ લિંગે કેવળજ્ઞાન અને સિદ્ધિ પામે છે? જવાબ આપો! અથવા સ્વચ્છંદતાથી ઉત્સૂત્ર બોલી ભવ વધારતા અટકો.

પુ. પૃષ્ટ ૮ પંક્તિ ૫ થી ૯ 'અરિહંત દેવોના આત્માઓનું વર્ણન, ભવ્યત્વને ખીલવવામાં સહાયક બની શકવાની જેટલી તાકાત ધરાવે છે, તેવા સહાયક બની શકવાની તેટલી તાકાત અન્ય આત્માઓનું વર્ણન ધરાવતું નથી, સાહેબ! **શું સિદ્ધ પરમાત્માઓના વર્ણનથી ભવ્યત્વ ન ખીલે? જો ખીલેજ, તો આવું એકપક્ષીય વદિને અનન્તા શ્રી સિદ્ધ પરમાત્માઓની લઘુતા ગાવા**

**વડે ભયંકર પાપ વ્હોર્યું, એનું પ્રાયશ્ચિત લેશે। કે આવતે ભવે જવાબ આપશે। ? આ અનન્તા સિદ્ધ પરમાત્માની આશાતના ખરીને ?**

પુ. પૃષ્ટ ૧૦ ફકરે। બીજો 'તારકો, પોતાનાં પૂર્વના કર્મોને સ્ત્રીના સ્વીકારથીજ જીતવા લાયક જાણે છે તોજ તેઓ વિવાહને પણ સ્વીકાર કરે છે' રંગ રાખ્યો સાહેબ! સ્ત્રી આદિના ભોગો સંયમસ્થાનો છે ને ? આગળ એ ભોગોને આપજ આશ્રવના સ્થાનો કહી ગયા છો, એ તો ખ્યાલમાંજ છે ને ? કર્મને જીતવાની આવી શાળા તો શ્રી રામશાસનનેજ મુબારક! આમ સમજતા હોવાથીજ વઢવાણ કીર્તિ કાઢી કેમ ? ખૂબજ જ્ઞાન ખીલવ્યું હો!

પુ. પૃષ્ટ ૧૦ ફકરે। બીજો 'કોઈ શત્રુને નીચ ઉપાયથી પણ જીતવો પડે,' સાહેબ! આપના મતે કર્મને જીતવા માટે સ્ત્રી આદિના વિવાહ કર્યા તેથી તે નીચ ઉપાય ગણાવતાં, અહીં ભગવાનના પુણ્યાનુબંધી પુણ્યના ભોગવટાનેજ નીચ ગણાવ્યો, એ ઓછો જુલમ કર્યો છે? બીજી વાત એ છે કે એ સિવાય બીજાં સત્કાર્યો દ્વારા કર્મને જીતવામાં તો આપે ભગવાનનેય અશક્ત માન્યા ને ? જે સામગ્રીઓ ઉત્તરોત્તર મોક્ષ મેળવી આપે તે સામગ્રીઓને પણ નીચ ઉપાય તરીકે વર્ણવીને હૃદયમાં ભરેલી આકરી અધમતાનુંજ પ્રદર્શન કરાવ્યું છે.

પુ. પૃષ્ટ ૧૧ પંક્તિ ૬ થી ૮ 'દીક્ષિત થયા પછી સંયમ પાલનના યોગમાં એકતાન હોઈ, છ્ઠે ગુણસ્થાનકે રહેવા છતાંપણ, એ તારકોના આત્માઓ અપ્રમત્ત જીવનને જીવનારા હોય છે.' સાહેબ! છઠે ગુણસ્થાનકે છે છતાં શું સાતમું ગુણઠાણું છઠ્ઠામાં સેવી લ્યે છે, એમ કહેવા માગે છો ? વિશિષ્ટતાય ગાતાં આવડે છે કે નહિં ?

પુ. પૃષ્ટ ૧૧ ફકરે। બીજો 'એજ કારણે મહાપુરૂષો માત્ર ઉત્સાહ પેદા કરવાના હેતુથીજ, તે તારકોને કોઈ કોઈ સ્થળે અનુકરણીય તરીકે ઓળખાવે છે.' કેમ સાહેબ! આપતો 'પ્રભુએ કર્યું' તે કરવાનું

છેજ નહિં ' એમ કહીને અંશેય અનુકરણ કરવાની ના કહીને જનોને પ્રભુના અનુકરણ પ્રત્યે તદ્દન નિરૂત્સાહી બનાવતા હતા એ મિથ્યાત્વજ હતું એટલી વાત અહીં આપના હાથેજ સિદ્ધ થઈ ને? હવે તત્ત્વતરંગીણીમાંનો ' આજ્ઞાજ પ્રધાન છે ' એમ સૂચવનારો પાઠ બીજાની અપકીર્તિજ કરવા જ્યારે ત્યારે રજુ કરવા મંડાયા હતા તે ભૂલજ થઇ છે એમ ' આ ઉત્સાહ માટે પણ અનુકરણની આપેજ રજુ કરેલી વાત ' સ્પષ્ટજ જણાવે છે ને? જો કે બહુ ત્રેડા ચાલવા જતાં કરોળીયાની જેમ બહુ ફસાયા ત્યારેજ આ પ્રમાણે પણ અનુકરણ કબૂલ્યું છે, પણ સર્વથા અનુકરણ નજ માનો ત્યાં સુધી તો ઉદ્ધારજ નથી. પરમગીતાર્થવર્ય, મહામહોપાધ્યાયજી, મહારાજા શ્રી ધર્મસાગરજી મહારાજાએ શ્રી તત્ત્વતરંગીણીમાં રજુ કરેલ ' આણા એજં ધર્મ- વાળી ' વાત પણ પર્યુષણાની પંચમીની ચર્ચા પૂરતીજ છે કે? પગના આભૂષણો ગળામાં અને ગળાનાં પગમાં ઘાલે તે કેવો ગણાય? દંભ પોષવા માટે જાતે બાવરા બનીને જગતને પણ બાવરૂં બનાવવા પૂ. શાસ્ત્રકારોના વચનોને યોગ્ય સ્થાને જોડવાનું છોડી દઇને પોતાનાં જૂઠાણાંની પુષ્ટિમાં જોડે, એના જેવો નરાધમ કોણ? જો આણા એજ ધર્મ છે, તો અહીં જે ઉત્સાહ માટે પણ બતાવેલું અનુકરણ તે ધર્મ નહિં? સાહેબ! સમાજને ખૂબજ રંજાડી છે! પહેલાં તો એમજ ભરડયું છે કે અંશયે અનુકરણ ન થાય, પછી ભરડયું કે અ- નુકરણ આજ્ઞામાં આવીજ જાય છે, એમાંય ન ટકયા ત્યારે હવે ભરડો છો કે એ તો ઉત્સાહ પેદા કરવા માટે અનુકરણ કરવાનું કહે છે. આમ ફરતું ફરતું બોલનારનું માને કોણ? એને સાંભળે કોણ? એની કિંમત શી? હવે ભરડવા માંડયું છે કે એવી વસ્તુને કોઇ અંશે અનુકરણ કહે તો ભલે કહે, બાકી પ્રભુનું સર્વથા અનુકરણ તો થઈ શકેજ નહિં, સાહેબ! સર્વથા થઇ શકે કે નહિં તે વાત અહીં નથી. એટલુંજ મનાવવું છે કે પ્રભુનું અનુકરણ સર્વથા કરવાલાયક છે! અને એ હમણા નહિં બોલો તો પછી પણ બોલેજ છૂટકો છે! ચર્ચા–સર્વથા થઇ શકે કે નહિં તેની છે, કે સર્વથા કરવાલાયકની? લોચાવાળ્યે શું વળશે?

આ પછી પણ મેળમાં તો આવવા માગો જ છો જેથી એ પણ ફેરવીને કહેવા માંડયું છે કે–'શ્રી જીનેશ્વર દેવનું અનુકરણ જ કહી શકાય એવી રીતિએ સંપૂર્ણપણે વર્તી શકાય નહિં' કેમ સાહેબ! એવી રીતે વર્તી શકાય નહિં પણ તેથી ઓછી રીતે પણ પ્રભુની જેમ વર્તી શકાય, એતો કબૂલ થયું જ ને? હવે 'આણા એજ ધર્મ, કર્યું તે અંશેય કરવાનું નથી' એ મિથ્યાત્વ કઈ દિશા સાધશે? સાહેબ! **આમ જુદું જુદું નાચતાંય આપને અંકુશમાં લાવનાર તો પ. પૂ. શ્રી આગમોદ્ધારક દેવેશની ટચુકડીજ ને? મ્હોટાં મ્હોટાં કોલમો કાળાં કરીને કહેતા હતાને, કે ટચુકડીમાં કાંઇજ નથી? ટચુકડીમાં કેવી તાકાત છે? સાહેબ! મૂર્ખાની બેતાલીસસો વાતોને ભૂંસી નાખવા બેરીસ્ટરની એકજ ટચુકડી બસ છે, આ વાત શું આપના ખ્યાલમાંજ ન્હોતી?** 'આણા એજ ધર્મ' કહીને અનુકરણના વૈરી બનેલા આપશ્રી હવે શ્રી તત્ત્વતરંગીણીમાંની '**तेषां आज्ञायाः प्रमाणत्वात्, न तु तत्कृत्यस्य× × × ग्रन्थादावपि आज्ञाया एव प्रधान्यं उक्तं न तु तत्कृत्यस्य**' એ વાતને આપના જ ઉપર્યુક્ત વચનો સાથે સંગત કરી આપો! જો સંગત ન થાય તો આપ ઉપર ફરતું ફરતું પણ જે અનુકરણ તો કબૂલી જ રહ્યા છો, તેમાં પણ ખોટા કે નહિં? પ્રથમ તો આપને આ પાઠજ માન્ય હતો એતો પ્રસિદ્ધ જ છે ને?

પ્રવચન વર્ષ ૩ અંક ૪૭ પૃષ્ટ ૫૫૮ કોલમ બીજું 'કૃતકૃત્ય એવા ભગવાન શા માટે તીર્થને પ્રણામ કરે છે? એ પ્રશ્નના ઉત્તરમાં આપે **બીજું લોક, પૂજિત પૂજક છે. એટલે વિશ્વપૂજ્ય એવા ભગવાન્ પણ જે તીર્થની પૂજા કરે છે તે તીર્થની અમારે પણ પૂજા કરવી જોઇએ (એવું જાણી લોકો તીર્થની પૂજામાં પ્રવૃત્તિ કરે) આમ માની આ તારકો તીર્થની પૂજામાં પ્રવૃત્તિ કરે'**–અહીં કાંઉંસમાં લીધેલી વાત આપે આપના પત્રમાં બફમતાઈથી તજી દીધી છે પણ 'પૂજિત પૂજક લોકને તીર્થની પૂજામાં પ્રવર્તાવવા માટે જ તારકો તીર્થને પ્રણામ કરે છે' એ શબ્દો જ કાંઉંસની વાત માગી લે છે. આપ પણ

તે લખાણુની નીચે બીજા નંબરમાં '**બાંજુ' પૂજિત પૂજક લોકને સર્વશ્રેષ્ઠ શ્રી તીર્થંકરપણાને પણ પમાડનાર એવા પરમ તીર્થની પૂજામાં પ્રવૃત્તિ કરાવવા માટે**' એમ જણાવીને મેં કાઉંસમાં કહેલી વાતને જ જણાવો છો. પ્ર. વ. ૮ અં. ૩૪ પૃ. ૪૫૩ માં પણ તેમજ જણાવ્યું છે. સાહેબ ! **આ રીતિએ ખુદ ભગવાન જ લોકોને પોતાનું અનુકરણ કરવા જણાવે છે તે લોકો ન કરી શકે તેવું છે, છતાં જણાવે છે? આ પ્રમાણે લોકો પણ તીર્થને અંશે નમન કરી શકે કે સર્વથા** ? આ તો સર્વથા અનુકરણને જ સિદ્ધ કરનારા આપનાજ દસ્કત છે ને ? આથી 'સર્વથા અનુકરણ જ કહી શકાય તેવું કોઇથી વર્તી શકાય જ નહિ' એ આપનું વાકય પણ મિથ્યાભિનિવેશમાંથી જ નીતરેલું ગણાય ને ? **આ પ્રમાણે પ્રભુ તીર્થને નમસ્કાર કરે છે. તે માત્ર લોકોને ઉત્સાહ પેદા કરાવવા કે પોતે કર્યું તે પ્રમાણેજ કરાવવા? પોતે કર્યું તે પ્રમાણેજ 'ખુદ પ્રભુ પણ' લોકો પાંસે કરાવવા માગે જ્યારે આપ તો પ્રભુએ કર્યું તે કરવાની નાજ કહો છો એતો આપ કવળજ્ઞાની એટલેજ ને? આ અનુકરણ કરવાનું પણ પ્રભુએ કહેલું જ હોવાથી તે પ્રભુની આજ્ઞામાં તો આવી જ જતું હતું, છતાં ખૂદ પ્રભુએ લોકોને કરીને શું કામ બતાવ્યું ? પ્રભુએ કર્યું તે કરાવવા માટે જ ને ?** આજ સુધી ઉંધું બોલીને ભારે થયા તે પાપથી સત્વર છૂટવા પ્રાયશ્ચિત લ્યો, અને હવેથી પ્રભુએ કર્યું તે પણ કરવા લાયક જ છે એમ ખુલ્લં ખુલ્લા બોલો ! આપે વળી ત્રેડા જઇને હવે શાસ્ત્રની પ્રભુના અનુકરણની વાતો ભલે આજ્ઞામાં ઘાલવાનું તૂત કર્યું પણ તે આજ્ઞામાં ઘાલેલું ય અનુકરણ તો ભગવાનનું જ ને ? ભગવાનનું અનુકરણ નજ થાય. એ આપનો કૂડો બોલ તો એથી પણ મરણ શરણ જ છે ને ? આશ્ચર્યની વાત છે કે જે અનુકરણની શાસ્ત્રો પણ હા કહે તે અનુકરણને 'આજ્ઞામાંનું સમજાવવાની કુટિલતા નીચે' કરવાની રામશાસન ના કહે છે !!! **જે પુરૂષોનું અંશેય અનુકરણ શકય નથી એમ ભૂંસેલું તેનું ય અનુકરણ શકયજ છે એવું જે સમજાવવા માંડયું તે તો**

**પૂ. આગમોદ્ધારક દેવેશની ટચુકડીનો જ પ્રતાપ છે ને ? અનુકરણને** પણ આજ્ઞામાં ઘાલવા મોકલનાર તો એ ટચુકડી જ ને ? ' ભગવાનની કરણી અને કથની ભિન્ન નથી ' એ વાત ખૂબ ઉંધા પટકાયા પછી હવે આડે હાથે કાન પકડીનેય ' સ્વીકારી તો છે જ; હવે કોઇ દિવસ ' ભગવાને કર્યું તે કરાય જ નહિં ' એવું મિથ્યાત્વ ઉછાળશો ?

**ભગવાને કર્યું તેજ કરવા કહ્યું છે. કારણ કે શાસ્ત્રમાં અનુભવો જ ગોઠવ્યા છે. આથી અનુભવ્યું જુદું અને કહ્યું જુદું એમ મનાવનાર નીબીડ મિથ્યાત્વી છે.**

**સાહેબ** ! આપના તરફથી બહાર પડેલ 'નવપદ માહાત્મ્ય વર્ણન નામની ચોપડીના પૃષ્ટ ૧૧૧ માં ખુદ આપ જ જણાવો છો કે **'શાસ્ત્રનાં વચનોમાં અનુભવો જ ગોઠવેલાં છે. શ્રી તીર્થંકર દેવે અનુભવો કહ્યા: એ અનુભવોને વાણી રૂપે શ્રી ગણધર દેવે ગુંથ્યા છે. અનુભવીની વાણી એજ અનુભવ × × × × × અનુભવીની વાણીરૂપ અનુભવના અખતરા ન હોય. આગમ એ અનુભવીની વાણી** છે, એમાં ત્રિકાલાનુભવ છે. અનુભવથી નીસ્તીર્ણ થએલી વાણીના અનુભવના અખતરાની વાતો કરનારા, ખરેખર બીન અનુભવી છે' કેમ સાહેબ ! ભગવાને કર્યું અને જોઇને અનુભવ્યું તેજ કહ્યું છે ને ? હવે તો કહેણી અને કથનીને જુદિ નજ બોલાય એમાં જ શોભા છે ને ? ' ૭ માસી તપનું ચિંતવન શ્રી ભગવાન નહોતા કરતા ' એવું જાત સદશ કુટિલ કથન–પ્રવચન વ. ૮ અં. ૩૩ પૃ. ૫૪૦ પ્રશ્ન ૧૩ માં કથીને માર્ગાનુસારિમાંથીય ગયા છો કે ? ૭ માસી તપ એ ભગવાનનો અનુભવ જ છે કે ? અને તે તપ કરવા માટે જ ચિંતવાય છે કે ? આથી એ ભગવાનનું જ અનુકરણ છે ને ? **અનેક પાઠોથી હૈયું હેબતાઇ ગયું એટલે જ બચાવમાં ભગવાન ચિંતવન નહોતા કરતા ? એવો મહામૂર્ખાઈ ભર્યો કુતુહળી ગોળો ગબડાવીને અહિં ઘોર અજ્ઞાનતાનું પ્રદર્શન કર્યું ને ? વિનાશ કાળે વિપરિત બુદ્ધિઃ**

**જો** આપને મન આજ્ઞા એજ ધર્મ છે તો, શ્રી જીનકલ્પની તુલના કરનાર આર્ય મહાગીરિજી મહારાજાના વર્તનને અધર્મજ કહેશોને ?

ભગવાન શ્રી રૂષભદેવજી મહારાજા સાથે ચારિત્ર લેનાર ચાર હજાર મહાત્માઓએ જે ચારિત્ર પાળ્યું તે પ્રભુની આજ્ઞા મુજબ કે અનુકરણથી ? 'આણા એજ ધર્મ.' એમ કહીને એકાન્ત જતાં અનુકરણનો સર્વથા નિષેધ કર્યો છે તે ભૂલજ થઈ છે કે? 'ગોશાલો અહીં આવે છે. કોઇએ એની સાથે ભાષણ પણ કરવું નહિં, સર્વે અહીં તહીં ખસી જાવ.' વિગેરે વચનોદ્વારા ભગવાને ખસી જવાની આજ્ઞા કરવા છતાંય આર્ય સુનક્ષત્ર અને સર્વાનુભૂતિજી, પ્રભુ પાસેથી નજ ખસ્યા તેમજ બોલવાની ના કહ્યા છતાં ગોશાલા સાથે બોલ્યા જેથી એમણે તો 'આણા એજ ધમ્મો' એ સૂત્ર એકાન્ત છે એમ માન્યું નથીજ કે? આને શું આપ ધર્મ કહો છો કે અધર્મ ?

પ્રવચન તા. ૨૩-૬=૧૯૨૯ પૃષ્ટ ૩ કોલમ બીજું 'દેવ પણ **મૂકીને નીકળેલા અને ગુરૂપણ મૂકીને નીકળેલા. ભગવાન મહાવીરને પણ ઘર નહિં અને એમની આજ્ઞામાં વિચરતા સાધુઓને પણ ઘર નહિં'** કેમ સાહેબ? આ રીતિએ પ્રભુનું અનુકરણ આપેજ જણાવ્યું છે કે? આ અનુકરણ અંશે છે કે સર્વથા? જવાબ આપશો કે ચૂપ?

પ્રવચન તા. ૨૩-૬-૧૯૨૯ પૃષ્ટ ૮ કોલમ પેલું 'દીક્ષાથી તમે ભડકો છો. હું કહું છું કે તેને લીધા વિના તમારા બાપનો એ છૂટકો નથી. **તમારા તારકે લીધું તે તમારે લેવું જ પડશે.** ? કેમ સાહેબ ! અહીં કહ્યું તે કરવું જ પડશેને બદલે 'લીધું તે લેવુંજ પડશે' એમજ કહીને આપે પણ પ્રભુએ કર્યું તે કરવાનુંજ જણાવ્યું છે કે? અને તે અનુકરણ પણ અંશે છે કે સર્વથા? ( અહીં નીચે બીજા ફકરામાં 'અમારો ઓઢો અને તમારૂં તીલક' એમ આપે કહ્યું છે તે, ઓઘાને ઓઢો ન કહેવાય પણ ઓઘોજ કહેવાય, એવુંય ભાન નથી એમ જણાવે છે. )

**હવે તો એજ રામશાસન કહે છે કે ભગવાનનાં બધાંય અનુષ્ઠાનો આચરણીય છે.**

ભગવાનના દાન, શીલ, તપ, ભાવનાદિ અનુષ્ઠાનોનું અનુકરણ

આપણાથી થાય જ નહિં, અંશેય ન થાય–એવું અનેક વખત ભરડનાર આપ, પ્રવચન વર્ષ ૫ અંક ૨૪ પૃષ્ટ ૨૭૦ કોલમ બીજામાં લખોજ છો કે '**આ ઉપરથી સ્પષ્ટ છે–કે 'શ્રી તીર્થંકર મહારાજાએ શ્રી તીર્થંકરપણાના ભવમાં આચરેલ દાન, શીલ, તપ અને ભાવઆદિ સઘળાં જ અનુષ્ઠાનો મોક્ષાર્થી આત્મા માટે અવશ્ય આચરણીય છે એમાં કોઈ પણ જાતની શંકા નથી ?** કેમ સાહેબ! એ બધું આણામાં જ આવી જતું હતું ને? અહીં આણાથી જુદું, આચરણીય રૂપેજ કેમ બતાવવું પડયું ? હવે તો ' આણા એજ ધમ્મો ' એ એકાન્તવાદને છોડશો જ ને ? **આ રીતિએ શ્રી તીર્થપતિની દરેક જ આચરણા સર્વથા અવશ્ય આચરણીય** તરીકે **કબૂલ કબૂલ કબૂલ કબૂલ અને કાનબુટ્ટી કબૂલ કરવાની ફરજમાં મૂકાઈ જ ગયા છો, છતાંય હજુ આજ્ઞાનો જ ચાળો સાચવવો છે ને ?** અને એથી જ અહીં આગળ વધીને પાછું ભૂંસવા માંડયું ને ? ' પણ એ અનુષ્ઠાનો આચરતાં તે તારકની આજ્ઞાને જ પ્રધાનતા આપવાની છે. આ વાત બરાબર યાદ રાખવાની છે. ' કેમ સાહેબ ! હજુ પણ પહેલી વાત યાદ રાખવા લાયક નથી એમજ કહેવું છે ને ? આર્ય સુનક્ષત્ર અને સર્વાનુભુતિજીએ, આર્યમહાગીરિજીએ, ૪૦૦૦, ભગવાન રૂષભદેવ સાથના દીક્ષિતો વિગેરેએ શું યાદ રાખવાનું ? ચોક્કસ સમજાય છે કે સમજ્યા પછી પણ ઘુસેલું કાઢવું અને મરવું એ આપને મન બરાબર છે **વળી પાછા અહીં અનર્થ કરતા આપ લખો છો** કે ' આચાર્ય મહારાજાઓ માટે એમ કહેવામાં આવે છે કે ' **મહર્ષિઓ અમૂક અમૂક બાબતમાં શ્રી તીર્થંકર દેવનું અનુકરણ કરનારા હોય** ' એ સંબંધમાં પણ આચાર્ય ભગવાન શ્રી મલયગારિજી મહારાજા ફરમાવે છે કે " **इयं हि तीर्थकृतामाज्ञा-यथोक्तप्रकारेण ममानुकारिणा आचार्येण भवितव्यम्** " અર્થાત્ શ્રી તીર્થંકર દેવોની આ આજ્ઞા છે કે–આચાર્યે ઉક્ત પ્રકારે મારા અનુકરણ કરનારા થવું ' સાહેબ ! ઉપર મુજબ ફરી પાછું લખીને ' અમૂક રીતે ધર્મ કરવો એવી જેમ પ્રભુએ આજ્ઞા કરી છે. તેવીજ રીતે પોતાનું અનુકરણ કરવાનું પણ ખૂદ તેઓએ જ ફરમાવ્યું છે ! તેથી ' ભગવાનની

આજ્ઞાજ પાળવી પણ અનુકરણ તો અંશેય કરવાની ઘેલછા ન જ કરવી' એવી રીતે બોલીને જે સમાજમાં મિથ્યાત્વ વેરીને ખડા કરેલા પાપ કિલ્લા તૂટી જ પડે તેમ છે, એમ સમજીને જ જૂના મિથ્યાત્વને ઓપ ચઢાવવા અહીં અનુકરણ આજ્ઞામાં ઘાલો છો ને? 'આણા એજ ધર્મ' એમ એકાન્ત કૂટનારને–પ્રભુનું અનુકરણ પણ ધર્મજ છે, એમ હું જ નથી કહેતો પણ ખૂદ શ્રી તીર્થંકર દેવો જ કહે છે! એમ કહીને અનુકરણની સિદ્ધિ માટે જે શાસ્ત્રપાઠ વાદિએ જ તમારી સામે ખડો કરવો જરૂરી છે, તે પાઠ–ફક્ત 'આજ્ઞા એજ ધર્મ'ની પોક મૂકનાર અનુકરણને આજ્ઞામાં ઘાલવા પ્રતિવાદી રજુ કરે એ ઓછી અધમતા છે? વાદિનું સત્ય છુંદીને પણ અનુકરણને ભલે આજ્ઞામાં ઘાલ્યું તેથી શું? અહીં તો કર્યું તે પણ કરવા લાયક જ છે એ પ્રભુની જ આજ્ઞાથી પણ ખૂદ આપે જ જાહેર કર્યું છે ને? આપનો તો મત જ એ હતો કે પ્રભુની કરણી પ્રભુ જ કરે બીજો કરવા જાય તો કાછડી છોડીને ભાગેલા કણબીની દશા પામે એમ કહેતા, એ કોણ ભૂલે? કરણી અને કથની બંનેય એકજ છે એમ પ્રથમથી જ બોલતાં આવડયું નથી એની જ આ પંચાત છે. અહીં આ પાઠથી તો–મેં કહેલો ધર્મય કરવો અને મારૂં અનુકરણ પણ કરવું એવી ચોખ્ખી ભગવાનની જ આજ્ઞા છે એમજ સિદ્ધ થયું છે. અને તેથી **પરમગીતાર્થવર્ય–તારક શ્રી આગમોદ્ધારક દેવેશશ્રીનું જે પ્રથમથી જ કથન હતું** કે 'ભગવાનની કરણી અને કથની ભિન્ન નહિં હોવાથી તે બંનેય ધર્મ જ છે' **એ વાતની નક્કર સત્યતા ઉપર ઉપર્યુક્ત પાઠે મહોર છાપ મારી છે!!!**

**'પ્રભુએ આચરેલા દાન, શીલ, તપ, ભાવ આદિ સર્વ અનુષ્ઠાનો મોક્ષાર્થિ આત્માઓ માટે અવશ્ય આચરણીય છે. એમાં કોઈ પણ જાતિની શંકા નથી'** આવું **શ્રી આગમોદ્ધારક દેવેશના** પ્રતાપે જાણીને ખુલ્લે ખુલ્લું બોલી પણ ચૂકયા પછીય શ્વાપૂછવત્ વક્તા નહિં તજતાં '**એ તારકોએ કર્યું તે કરવાની વાતો કરનારા પ્રભુ શાસનમાં રહી જ શકતા નથી**' એવું બોલીને હજુ પણ કપટ કેળવીને બીજાઓ પ્રત્યે અનેક પ્રકારનાં જૂઠાં જ આળો

ચડાવવા મથવું એ તો સાચી સંમૂર્છિમ દશાનું પ્રગટ દિગ્દર્શન જ છે ને? તારકોએ આચરેલાં દરેક અનુષ્ઠાનો નિઃશંક આચરણીય છે એમ હવે વાતો કરનારા આપ જ આ આપના કથનાનુસાર પ્રભુશાસનમાં રહી જ શકતા નથી ને? કારણ કે અહીં પ્રભુએ કર્યું તે સર્વ નિઃશંકપણે કરવા યોગ્ય જ છે એમ આપે જ જણાવ્યું છે.

### હવે પછી પણ એ નવપદ પુસ્તિકામાં

પુ. પૃષ્ટ ૧૨ ફકરો બીજો 'જન્મથી ચાર અને કર્મક્ષયથી ત્રીસ એમ ચોત્રીસ અતિશયોના પ્રતાપે' સાહેબ! કર્મ ખપ્યાથી ત્રીસ તો રામશાસને જ સ્થાપ્યાં લાગે છે! જીનશાસન તો કર્મક્ષયે અગીયાર જ ફરમાવે છે. અને જે વાત આ લખાણની ઉપર જ આપે પણ જણાવી જ છે. શાસન જ જુદું સ્થાપવાની ધૂનમાં એ કોણ યાદ રાખે? પુ. પૃષ્ટ ૧૨ ફકરો બીજો 'એમ ચોત્રિસ અતિશયોના પ્રતાપે તે તારકો આ પૃથ્વી ઉપર જે જાતિના ઉપકારો કરે છે.' સાહેબ! જેના પુણ્ય પ્રતાપે તો એ ચોત્રિસ અતિશયો હાજર થયા છે. એવા એ તારકોના પુણ્ય પ્રતાપને હેલીને ઉપકારમાં એમના અતિશયોનો પ્રતાપ આગળ કર્યો, એ તો માને મૂકીને કુતરીને ધાવવા જેવું જ કર્યું ને? પ્રભુનો તો પ્રતાપજ નહિ ને? ચોત્રીસમાંના કેટલાક અતિશયો તો એવા છે કે તે ઇન્દ્ર જાળીઆઓ પણ બતાવી શકે, એથી જો અતિશયોમાં જ ઉપકાર કરવાની તાકાત માનવી હોય તો આપે ઇન્દ્રજાળીઆ આદિના પણ વિકુર્વેલા અતિશયો માનવા પૂજવા પડશે. માટે સાહેબ! પોતાનું નજ સ્થાપવું હોય તો એવું ઉંધું મારવા કરતાં આ વાતમાં પરમાત્માના આત્મ લક્ષણરૂપ ચાર સહજાતિશય લ્યો, કે જેથી માર્ગમાં રહેવાય!

પુ. પૃષ્ટ ૧૩ 'કેવળજ્ઞાન થયા પછી નિર્વાણ થાય ત્યાં સુધી હંમેશને માટે ચોત્રિશ અતિશયોથી શોભતા અને સુરેન્દ્રોથી સેવાતા એ તારકો વિચરે છે.' **સાહેબ! આવી નાની :સરખી એક જ પુસ્તિકામાં પણ પગલે પગલે આવું ને આવું જુંઠું જ ભરડયું છે, કેટલુંક લખવું?** સાહેબ! કેવળ જ્ઞાન પછી. ૧ નિર્વાણ સુધી હંમેશને માટે ચોત્રીશ અતિશયોથી શોભતા, ૨ હંમેશને માટે સુરેન્દ્રોથી

પૂજાતા અને ૩ હંમેશને માટે એ તારકો વિચરતા હોય છે. તેવો કોઇ સ્થળેથી પાઠ આપશો કે ગપ્પાં જ હાંકે રાખીને નવું શાસન જ સ્થાપવું ધાર્યું છે? ૧ ચાતુર્માસમાં સમવસરણ ત્રિગડોગઢ આદિ હોય? દરેક ભગવાનના નિર્વાણ પ્રસંગે સમવસરણ ત્રિગડોગઢ આદિ હોય જ? ભગવાનનું જે સ્થાને એકવાર સમવસરણ થયું હોય તે સ્થાને ફરીથી સમવસરણાદિ રચાય જ? ભગવાનને દેશના ન આપવી હોય ત્યાં સમવસરણાદિ રચાય? **જો હા તો પાઠ જાહેર કરવા, લોચાવાળવા નહિં. અને જો નજ રચાય, તો 'ચોત્રીશ અતિશયો નિર્વાણ પર્યંત હંમેશને માટે હોય છે' એ કહેલી જૂઠી વાતને, શરમ છોડીને સુધારવા ધ્યાન દેવું. ૨ શું ભગવાનને કેવળજ્ઞાન થયા પછી નિર્વાણ સુધી હુમેશાં પૂજવા સૂરેન્દ્રો પાસે જ રહે છે? પાઠ આપવો. ૩ શું પ્રભુ કેવળજ્ઞાન પછી નિર્વાણ સુધી હંમેશાં જ વિચરે છે?**

**વેદનીય આદિના ઉદયે શારીરિક પીડામાં પણ એને સ્થિર રહેવાનો નિયમ નહિંજને? ગોશાળાએ મૂકેલી તેજોલેશ્યા પછી લોહીખંડવાડાથી પીડાતા ભગવાન હંમેશાં વીચર્યા જ કર્યા છે? ચાતુર્માસમાં પણ વિચર્યા જ કરે છે ને? તેવો પણ પાઠ આપવો!** એ સિવાય તો મળેલી સામગ્રીનો શાસનના સત્યોનું ખૂન કરવામાં જ ઉપયોગ કરી રહ્યા છો, એમ કોણ ન માને?

પુ. પૃ ૧૩ પંકિત ૭ થી ૮ 'આ રીતિએ અનેક વિષયોમાં પ્રાણીમાત્રથી સદાને માટે વિશિષ્ટ અવસ્થાને ભોગવતા' સાહેબ! તીર્થંકર મહારાજા કેવળ જ્ઞાન પામ્યા પછી પણ પ્રાણીમાત્રથી તેમજ સદાને માટે વિષયોમાં 'વિશિષ્ટતા ભોગવે' એ જૈનનું વાકય છે? બોલતાં કાંઇ વિચાર કર્યો છે?

પુ. પૃષ્ટ ૧૩ ફકરો બીજો પંકિત ૩ થી ૬ 'શ્રી અરહિંતદેવના આત્માઓ પ્રત્યે, સાચો ભકિતભાવ જાગ્યા વિના, જીવનમાં ધારેલી કોઇપણ ઇષ્ટની સાધના સુંદર રીતિએ સફળ થવી, એ શકયજ નથી, સાહેબ! કોઇપણ ઇષ્ટની કહેવાથી' જેઓને શ્રી અરહિંત દેવ પ્રત્યે સાચો ભક્તિભાવ જાગે તેઓને બાયડી છોકરાં, અસિ, મસિ, કૃષિ,

હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, અદત્તાદિ પણ ઈષ્ટ હોય તો તે માટે પણ તેમને ભજવા, જેથી તેની પણ સિદ્ધિ થાય, એમજ શ્રી રામશાસન હવે ફરમાવે છેને?

પુ. પૃષ્ટ ૧૬ પંક્તિ ૨ થી ૩ 'શ્રી સિદ્ધ આત્માઓને રહેવાનું જે સ્થાન, એને શ્રી સિદ્ધપદ કહેવામાં આવે છે' સાહેબ! એને સિદ્ધ• પદ કહેવાય કે સિદ્ધ શિલા? આવું બોલે છો ત્યારે શું નશો બશો કરેલો હોય છે? વળી શ્રી સિદ્ધ જ ચક્રયંત્રના બીજા પદમાં શ્રી સિદ્ધના આત્માઓને રહેવાનું સ્થાનજ લેવું એમજ ધાર્યું છેને? નવું ન કરો તો શ્રી રામશાસન કેમ કહેવાય?

પુ. પૃષ્ટ ૧૬ પંક્તિ ૮ 'અને શ્રી અરહિંત થવા પછીનો શ્રી અરહિંતપણાનો જે અમલ' સાહેબ! આ શું? અરહિંતપણાના અમલ અગાઉનું અરિહંત પણું કયું? અરિહંત થયા પછીનો અરિહંતપણાનો અમલ, શ્રી અરિહંતથી કેવોક વિશિષ્ટ હશે? આમાં તો બુદ્ધિજ ચાલતી નથી, માટે આપજ ખુલાસો કરશો.

પુ. પૃષ્ટ ૧૬ પંક્તિ ૧૯ થી ૨૧ "આત્માને પીડનારી આધિ, વ્યાધિ કે ઉપાધિ પૈકીની કોઇ પણ વસ્તુ શ્રી સિદ્ધપદમાં નથી" સાહેબ! ખૂબજ ભણી કાઢયું ખરૂંને? શું સુંદર સિદ્ધપદની સાહ્યબી બતાવી છે! આપનામાં માનનારાને તો ઘડીક એમ પણ થઇ જાય કે આ-હા...હા...હા...હા. શું સાહે...બ. આમ છતાંય અહિં એક વસ્તુનો તો જવાબ આપે આપવો રહે છે. અને તે એકે–સાહેબ! અરિહંત-પદમાં તો આત્માને પીડનારી આધિ, વ્યાધિ કે ઉપાધિ પૈકીની કોઇ પણ વસ્તુઓ હજુ બેઠીજ છેને? રંગ રાખ્યો, રે રંગ! ઝેરવેરમાંજ જીંદગી સમર્પણ કરવાને અંગે તો મળેલું પણ ગુમાવ્યું એ ખ્યાલ છે? અહિં આગળ વધીને આપ કહો છો કે આ હેતુથી શ્રી સિદ્ધપદનું સ્મરણ પણ આત્માને અનન્ત સુખમાં નિમગ્ન કરનાર છે.' સાહેબ! આ પત્રિકા પૃષ્ટ ૮ માં તો 'ભવ્યત્વ ખીલાવવામાં અરિહંત દેવોના આત્માના વર્ણન જેવી તાકાત અન્ય કોઇપણ આત્માઓનું વર્ણન ધરાવતું નથી એમ બોલ્યા છો. તે વાત અહિં કેમ સંગત કરશો? બીજી વાત છે એ કે સિદ્ધપદમાં આધિ, વ્યાધિ, ઉપાધિ પૈકીની કોઇ વસ્તુ નહિં હોવાના

હેતુથી સિદ્ધપદનું સ્મરણ આત્માને અનન્ત સુખમાં નિમગ્ન કરે છે. તો અરિહંત પદમાં તો તેવું દરેક હોવાથી સિદ્ધના આત્માની જેમ તે અનંત સુખમાં નિમગ્ન કરી શકે તેમ નથી એમજને ? કારણ કે આતો શ્રી અરિહંત પદરૂપી બીજના ફળ તરીકે શ્રી સિદ્ધપદનું વર્ણન ચાલે છેને ? અને એથી બીજ કરતાં ફળની વિશિષ્ટતાનેજ દર્શાવતાં આમ બોલો છોને ? આથી ફળ અને બીજનું સમાનપણું પણ આપથી અહિં ગણાવાય તેમ છે જ નહિં. **पाप नहि कोइ उत्सूत्र भाषण जिसो, धर्म नहि कोइ जग सूत्र सरिखो । सूत्र अनुसार जे भविक किरिया करे, तेहनो शुद्ध चारित्र परखो ॥**

પુ. પૃષ્ટ ૨૦ ફકરો બીજો ' કેવળજ્ઞાન કેવળ દર્શનદ્વારા સમસ્ત વિશ્વને જાણનારા હોવાથી બુદ્ધ છે. ' સાહેબ ! કેવળ દર્શનદ્વારા જાણનારા એમ ન બોલાય, જોનારા એમ બોલાય સમજ્યા ? હવે સુધારીને બોલજો !

પુ. પૃષ્ટ ૩૪ ' આ રીતિએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ એક રત્નત્રયદ્વારા કેવળ ' સાહેબ ! અહિં ' એક રત્નત્રય' એટલે શું ? શું એક રત્નત્રય, બે રત્નત્રય, ત્રણ રત્નત્રય વિગેરે વિધવિધ રત્નત્રયીઓ પણ આપે સ્થાપી જ નાંખી છે કે શું ?

**ઉત્સૂત્રની અવધિ !**

**અમે કોઈ જુદા જ છીએ એમ જાહેર કરો, અથવાતો આવી ભયંકર ભૂલો કરતાં અટકો.**

પુ૦ પૃ. ૫૭ ફકરો બીજો ' તપના બાર ભેદો ક્રમસર પ્રધાનતા ભોગવે છે. અનશન કરતાં ઉનોદરી પ્રધાન છે, ઉનોદરી કરતાં વૃત્તિ સંક્ષેપ પ્રધાન છે અને વૃત્તિસંક્ષેપ કરતાં રસત્યાગ પ્રધાન છેઃ એ રીતિએ જેમ જેમ આગળના ભેદમાં જઇએ, તેમ તેમ તેની પ્રધાનતા જણાય છેઃ પણ એ પ્રધાનતાનું ભાન તપના સાચા પ્રેમીને થાય, પણ બીજાને નહિ.' સાહેબ ! **તપના બારે ભેદમાં એક એકથી જેમ જેમ આગળ આગળ જાય તેમ તેમ પૂર્વનાં કરતાં પછીનાની પ્રધાનતા, મિથ્યાત્વીનેજ જણાય ! અને એમ હોવાથી–આવી રીતે પછી પછીના**

**તપની 'શ્રી રામશાસને સ્થાપેલી' પ્રધાનતાનું ભાન પણ સાચા તપની શ્રદ્ધાથી પરવારેલાને જ થાય. બીજાને નહિં, સમજ્યા?** તપના સાચા પ્રેમીઓને તો તપના બાહ્ય છ ભેદમાં પશ્ચાનુપૂર્વીએ પૂર્વ પૂર્વના તપની પ્રધાનતાનું જ ભાન છે (એટલે કે સંલીનતા કરતાં કાયકલેશ પ્રધાન છે, કાય કલેશ કરતાં રસત્યાગ પ્રધાન છે, રસત્યાગ કરતાં વૃત્તિસંક્ષેપ પ્રધાન છે, વૃત્તિસંક્ષેપ કરતાં ઉનોદરી પ્રધાન છે, અને ઉનોદરી કરતાંય અનશન પ્રધાન છે, એમ જ ભાન છે.!) અને અભ્યંતર તપના છ ભેદોમાં તો કોઈનાથી કોઈની પ્રધાનતા જ નથી બલ્કે પરસ્પર સાધન સાધ્યતા રૂપ જ છે, એવું જ ભાન છે! શાસ્ત્રકાર મહારાજાઓ પણ બાહ્યતપોમાં પૂર્વનો તપ કરવા જે અશક્ત હોય તેને જ ઉત્તરનો તપ કરવા ફરમાવે છે, તથા પ્રાયશ્ચિતાદિ અભ્યન્તર છ ભેદોમાં પરસ્પર સાધ્ય સાધનતા જ જણાવે છે! **અંશે પણ જૈન શાસ્ત્રો માન્ય હોય તો રામશાસનનો મોહ છોડીને** જુઓ–'**अणसणे 'त्तिभोजननिवृत्तिः, तच्चेत्कर्तुं न शक्नोति तदा किं कार्यमित्याह–' अवमोयरिअ 'त्ति अवमोदरस्य करणमवमोदरिका–ऊनोदरतेत्यर्थः, उपलक्षणत्वाच्चास्य न्यूनोपधिताऽपीह द्रश्येति, तत्राशक्तस्य यत्कार्यं तदाह–' भिक्खायरिय 'त्ति वृत्ति संक्षेप इत्यर्थः, तत्राप्यशक्तस्य यत्कार्यं तदाह–' रसपरिच्चाए 'त्ति तत्राप्यशक्तस्य यत्तदाह–'कायकिलेसे', तत्रापि यत्तदाह–' पडिसंलीणय 'त्ति,** અર્થ–' અનશન ' એટલે ભોજન ત્યાગ, ભોજન ત્યાગ ન કરી શકે તો ઉનોદરી કરવી, ઉનોદરી પણ ન કરી શકે તો વૃત્તિ સંક્ષેપ કરવો, વૃત્તિ સંક્ષેપ પણ ન થઇ શકે તો રસત્યાગ કરે, તેય ન બને તો કાયકલેશ કરવો, તેય ન બને તો સંલીનતા કરવી. કેમ સાહેબ! તપના બારે ભેદમાં આગળ આગળના ભેદની પ્રધાનતાની મિથ્યા વાતને પ્રકાશિત કર્યા અગાઉ અહિં બાહ્ય છ ભેદમાં પણ પૂ. શાસ્ત્રકાર મહારાજા પૂર્વ પૂર્વની જ પ્રધાનતા જણાવે છે કે? હવે તપના અભ્યંતર છ ભેદને માટે પણ પૂ. શાસ્ત્રકાર મહારાજા શું ફરમાવે છે તે જુઓ **' प्रायच्छित्तं 'त्ति अतिचारविशुद्धिः, सा च वन्दनादिना विनयेन**

**विधीयत इत्यत आह-'विणओ'त्ति कर्मविनयनहेतुर्व्यापार विशेषः, तद्वानेव च वैयावृत्ये वर्तत इत्यत आह-'वेयावच्चं'त्ति भक्तादिभि रुपष्टम्भः, वैयावृत्त्यान्तराले च स्वाध्यायो विधेय इत्यत आह 'सज्झाओ'त्ति शोभनो मर्यादया पाठ इत्यर्थः, तत्र च ध्यानं भवतीत्याह-'झाणं'त्ति, शुभध्यानादेव हेयत्यागो भवतीत्यत आह 'विउस्सग्गो त्ति,** અર્થ-' પ્રાયશ્ચિત ' એટલે અતિચારની વિશુદ્ધિ અને તે વિશુદ્ધિ વન્દનાદિરૂપ વિનયો વડે કરાય છે, એથી કરીને તે પછી અહિં વિનય કરવાનું ફરમાવે છે. અને જેનામાં વિનય હોય તેજ વૈયાવૃત્યમાં પ્રવૃત્ત છે, તેથી તે પછી ' વૈયાવચ્ચ ' એટલે ભક્તપાનાદિ વડે બીજાઓને સંયમમાં અપાતો આધાર-' એટલે કે બીજાઓની સુશ્રુષા કરવામાં જોડાય, અને એમ સુશ્રુષા કરતો એવો તે વચ્ચે વચ્ચે સ્વાધ્યાય પણ કરે તે જરૂરી હોવાથી તે પછી કહે છે કે ' સ્વાધ્યાયઃ ' એટલે મર્યાદાવડે કરીને સુંદર એવો જે પાઠ, તેને કરે! અને પાઠ કરતાં એમને શુભધ્યાન થાય છે, તેથી તે પછી ' ધ્યાન ' બતાવે છે. શુભધ્યાનથીજ હેય પદાર્થોનો ત્યાગ થાય છે, તેથી તે પછી શાસ્ત્રકાર મહારાજા કાઉસગ્ગ કરવા ફરમાવે છે. સાહેબ! આ મુજબ અહિં તપના અભ્યંતર છ ભેદ કોઇ કોઇથી કોઇ પ્રધાન રૂપ નથી પણ પરસ્પર સાધન સાધ્યતા રૂપજ છે! **જ્યારે આપના કેવળજ્ઞાનમાં તો આ છ ભેદો પણ ક્રમસર પ્રધાનતા ભોગવતા દેખાયા, એ કેમ? આનાથી ભયંકર બીજી ઉત્સૂત્રિતા પણ કઈ? સત્યનું સત્યાનાશ જ વાળ્યું છેને?** હવે પ્ર. વર્ષ. ૧૦ અંક. ૧૨-૧૩ માં પૃ. ૧૩૭ ખુદ આપનીજ સહીથી " આ ગ્રન્થમાં શ્રી જીનાજ્ઞાથી વિરૂદ્ધ એવી કોઇ પણ વસ્તુ આવી છે-એમ કોઇ પણ શાસ્ત્રવેદિને જો લાગે, તો તેઓ મને અવશ્ય જણાવે એમ ઇચ્છું છું. મને જો તેઓનું જણાવેલું યથાર્થ સમજાશે, તો સ્વપર-કલ્યાણને માટે હું મારી ભૂલ જાહેર રીતિએ પણ સુધારીને આનંદ પામીશ એવું પણ જે ભરડયું છે, તે ' લોકમાં પોતાની સરળતા રજુ કરીને એ દંભ નીચે બીજાની સત્યતાનું કરપીણ રીતિએ ખૂન કરવા માટે જ છે ને? પાપે પલટો ખાધો હોય અને હૃદય સાચે જ

ઢીલું પડયું હોય તો પ્રથમ આ એકલા આપને જ નહિં પણ આખીય દુનીયાને દીવા જેવી જણાઈ આવે એવી આપની સેંકડો પ્રગટ ભૂલોને સ્પષ્ટ પણે જણાવતી આ બૂક મળ્યા પછી આપે સહીથી બહાર પાડેલું પ્રમાણ કરવા આપની દરેક જ ભૂલો જાહેર રીતિએ સુધારી બતાવો! અમોને તો આશા જ નથી કે તેવું પણ આપ પાળવા માટે બોલ્યા હો! બોલની કિંમત હોય તે સુરત, છાણી, અમદાવાદ વિગેરે સ્થળોમાં પોતાની ભૂલોની અનેક વાર કબૂલાતો કર્યા પછી પણ સ્વપૂચ્છપણું દેખાડે? અરે અત્યારે દક્ષિણનો દેશવટો પણ સમજેલી ભૂલોનું શાશ્વત પરિણામ જ છે ને? આજે ભૂલો સુધારવાની કાળજી બતાવાય છે તે જૂઠો જ નહોય તો અત્યાર અગાઉ પણ જાહેર થયેલી આપની હજારો ભૂલોની માફી માગી હળવા થવાનું હાથમાં જ હતું. આમ થયું હોત તો આ દશા ન થાત! બધુંય ઢંકાઇ જાત! અને ગૌરવની પણ ગૌણના ન થાત! એમ કર્યું હોત તો ભૂલ કાઢનારને પણ મારીને રોવા જેવું થાત! હવે તો માફી માગો તોપણ રાંડયા પછીનું જ ડહાપણ ગણાય! સુજ્ઞેષુ કિં બહુના? જોકે આપે કરેલી આ જાહેરાતમાં પણ 'મને યથાર્થ સમજાશે તો' એમતો ઘાલ્યું.

## તિથિ ઉત્થાપકતાનું વ્હોરેલું કારમું કલંક

પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિનો ક્ષયજ કરાય, એમજ આપ બોલતા ત્યારે તો 'ક્ષયે પૂર્વા તિથિઃકાર્યા'નો અર્થ 'ક્ષયમાં પૂર્વની તિથી કરવી' એમજ કરતા હતા. હવેજ 'કાર્યા'નો અર્થ 'આરાધવી' એમ કરવા માંડયા છો! સામાન્ય બુદ્ધિનો આત્મા પણ 'કાર્યા'નો અર્થ આવો કરે? એ બૂક પણ આવી જ ભણી કાઢી છે ને? પર્વ તિથિના ક્ષયે પૂર્વતિથિનો ક્ષય જ કરાય એમ આપ બોલ્યાજ છોને? જુઓ. પ્રવચન વર્ષ. ૬ અંક ૧૨-૧૩-૧૪ પૃષ્ટ ૧૩૦ 'એક દિવસે ત્રણ તિથિનો ભોગ આવતો હોય તો વચલી તિથિ ક્ષયતિથિ કહેવાય છે. તે તિથિ જો આરાધ્ય પર્વ કોટિની હોય તો પૂર્વની તિથિની જગ્યાએ તેનેજ કાયમ કરાય છે કારણ કે તે ક્ષયતિથિની સમાપ્તિ પણ તેજ દિવસે થાય છે. તત્ત્વગ્રાહી

**આત્માઓને આ વસ્તુ સ્પષ્ટ સમજાય તેમ છે.**' કેમ સાહેબ! આપે અહિં 'કાર્યા'નો અર્થ 'કરાય છે' એમ જ કર્યો છે કે? હવે 'આરાધવી' એમ અર્થ કરો છો તેમાં તો મિથ્યાત્વ' એજ કારણ છે ને? **અહિં 'ક્ષય થતી તિથી જો પર્વકોટિની હોય તો તે તિથિનેજ પૂર્વની જગ્યાએ કાયમ રખાય છે'** એમ કહીને અહિં પંચમી આદિના ક્ષયે 'ચોથ પાંચમ' આજે ભેળી લખવા માંડી છે, તે ખોટુંજ છે એમ સ્પષ્ટ જણાવતાં પૂર્વની વિદ્યમાન એવી જે ચોથ આદિનો ક્ષયજ કરવાનું સૂચવીને તેને સ્થાને ક્ષયવાળી પંચમી આદિ તિથિનેજ કાયમ રાખવાનું સાફ સાફ જણાવ્યું છે ને? **તો હવે પર્વતિથિના ક્ષય પ્રસંગે બેતિથિ ભેળી ભૂંસવા માંડી છે તે શાસ્ત્ર, પરંપરા અને રામશાસનથી પણ વિરૂદ્ધનું નવુંજ ધતીંગ છે** ને? પર્વતિથિના **ક્ષય પ્રસંગે પહેલી તિથિનોજ ક્ષય કરવાની વાત જેને સમજાય તેઓજ આપના વચનાનુસાર તત્ત્વગ્રાહી ઠરે છે, એ પણ અહિ ચોકખું થયું ને?**

પ્રવચન વર્ષ–૬ અંક ૧૨–૧૩– ૧૪ પૃષ્ટ ૧૭૭ કોલમ બીજું **'શ્રી તત્ત્વતરંગીણીનો આધાર તો સંવત્સરીની ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે, કે જે નિયમ પ્રમાણે પહેલાં પણ વિક્રમ સં- ૧૯૩૦ માં વર્ત્તન થયું હતું'** કેમ સાહેબ! હવે તો આપ 'તત્ત્વતરંગીણીમાં 'કાર્યાનો પર્યાય (**ग्राह्या**) કહીને ક્ષય પ્રસંગે પૂર્વ તિથિએ તે ક્ષયતિથિ આરાધવાનું કહે છે, પણ પૂર્વતિથિનો ક્ષય કરવાનું તો તત્ત્વતરંગિણીમાં કયાંય કહ્યું જ નથી; અને તેથી પર્વતિથિના ક્ષયે 'તિથિનો પણ ક્ષય થતો જ હોવાથી' બે તિથિ ભેળી જ લખાય!' એમજ કહેવા મંડાણા છો ને? પહેલાં મિથ્યાત્વ હતું એ ખસીને હવે સમ્યકત્વ આવ્યું કે પહેલાં સમ્યકત્વ હતું એ ખસીને હવે મિથ્યાત્વ આવ્યું?

ઉપર મુજબ પ્રવચન વર્ષ ૬ ના અંક ૧૨–૧૩–૧૪ ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યાનો અર્થ 'પર્વ તિથિના ક્ષયે પૂર્વ તિથિનો ક્ષય કરવો, એમ સ્પષ્ટપણે ખુદ આપજ બોલનારા હવે મિથ્યાત્વમાં પટકાયા પછી પ્રવચન વર્ષ ૮ અંક ૨૪ પૃ. ૨૯૫ '**ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા**' **આનો**

અર્થે 'પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પુર્વની તિથિનો ક્ષય કરવો આવો કરનારાઓ તે વિષયમાં તદ્દન અજ્ઞાન જ છે. 'ક્ષયે પૂર્વા તિથિ કાર્યા વૃદ્ધૌકાર્યા તથોત્તરા' એનો સાચો ભાવાર્થ એટલોજ કે જ્યારે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેના પર્વની આરાધના પૂર્વની સૂર્યોદયને સ્પર્શેલી તિથિએ કરવી' એ પ્રમાણે બોલો છો, તો આપના તરફથીજ થએલા પરસ્પર વિરોધી આ નાટકીયા અર્થોમાં તમારા તરફનું જગતે સાચું શું માનવું? 'કાર્યા'નો અર્થ કરવી' એમ કરનારને આજે અજ્ઞાનજ કહીને નાચનારા નાટકીઆઓજ અજ્ઞાનથી ઠાંસીઠાંસીને ભરેલા છે એમજ ને? 'કાર્યા'નો અર્થ 'કરવી' એમજ અનેકવાર સ્વયં કહ્યા અને માન્યા છતાંય, હવે તેજ 'કાર્યા' શબ્દનો 'આરાધવી' એવો અર્થ કલ્પી કાઢીને તિથિનો પણ ક્ષય અને વૃદ્ધિ લખવાના હરામ ચસકે ચઢેલાઓ–રામપંથ સ્થાપવાની ધૂનમાં--સાચો અર્થ કહેનારાઓને 'તે વિષયમાં તદન અજ્ઞાન જ છે' એમ કહેવા અળશીયાંની માફક ઉભરાઇ તો નીકળ્યા હતા પણ એમને એ ખ્યાલજ નથી કે હવે આમ કહેવા તો માંડયા છીએ, તેથી મિથ્યા-ત્વરસિકતામાં એકને માથે અજ્ઞાનતા રૂપી એઠનો ટોપલો ઓઢાડવા જતાં, તે ટોપલો સીધો અમોને તથા અમારા બાપદાદાઓનેજ ઉપાડવો પડશે, અને પરિણામે ચોમાસું વિત્યે અમારી પણ વિદાયગિરીજ સર્જાયલી છે.' સાહેબ ખરેખર! બન્યું પણ તેવુંજ! કોઈ પોલપર પડદો પાડવા લાંબા કાળને માટે દક્ષિણ સાધે છે, કોઇને લાલબાગ પણ લૂખો લાગે છે! કોઈ ડભોઇમાંજ ડોકીયાં કરે છે. કોઇ પંજાબ પધારે છે. કોઈ અમદાવાદથી અલગ થાય છે. કોઇ ગયેલી વાળવા માળવા દેખે છે. શ્રીમાન્ કોઇ એક દેશમાં કંગાળ થયા છે! કોઈ ઇડરના લીડર બને છે. અમૃતનાં પાણી થયાં છે. તટસ્થ જનક– વટસ્થ પનક બને છે. અવલોકનકાર તો અપલપન કારજ ઠર્યા છે. U. M. S નો બૂરખો બદલીને અજ્ઞાન તિમિર ભાસ્કરનો ચોફાળ ઓઢનાર તો પાલીતાણામાંય અજ્ઞાન તિમિર વાસકરજ ઠર્યા છે. પુણ્ય માફી માગ્યા પછી પણ પાપમાં પડયા છે. જી. ગી. ગીગી જણાય છે. કિં-

બહુના? પૂ. આગમોદ્ધારક દેવેશના અજોડ સત્ય સિદ્ધાંત ઉપર મ્હોર છાપ મારનારી પૂ. પૂર્વાચાર્યોની દશ દશ પ્રતો નીકળી પડયા પછી તો એ ઉભરાયલાં અળશીયાં એકદમ અદૃશ્યજ થયાં છે, કેવી ભવાઈ!

## તિથિ ચર્ચાનો કઢંગો કુમત

ચર્ચાની શરૂઆત કર્યા પહેલાં તો એજ પુછું છું કે આપના
દાદાગુરૂ સુધીના આપના વડીલોએજ કોઈએ પણ
તિથિ નો ક્ષય પણ હોઈ શકે છે અને વૃદ્ધિ
પણ હોઈ શકે છે એમ કહિયે
કહેલુ કે કરેલુ છે?

અને જો તેઓએ તો નથી જ કરેલુ કે કહેલું તો "આજે પણ શાસનસંઘ જે પ્રમાણે તિથિ ક્ષયે અને વૃદ્ધિએ પૂર્વતિથિના જ ક્ષય અને વૃદ્ધિ કરતા આવ્યા છે અને કરે છે" તે પ્રમાણે જ તેઓ પણ કરતા અને વર્તતા કે જુદી જ રીતે?

**જો તે પ્રમાણેજ વર્તતા!** અરે આપ પણ છેલ્લાં બે વર્ષ પર્યંત તો તે પ્રમાણે જ વર્તતા! તો છેલ્લા બે વર્ષ અગાઉં સુધી આપને મતે આપના દરેક વડિલ વંશ જ અને આપ સુદ્ધાંત મિથ્યા-મતવાળા ખરા કે નહિ?

**જો મિથ્યામતવાળું ઘરજ** છે તો આજે નવો મત સ્થાપતાં આપે આપને ભલે સાચો લાગતો હોય, તો પણ તેથી તે મતદ્વારા પરને શું કામ ભાંડવા જોઇએ? સત્યવાદિ હો તો ઘરને ભાંડવું એ ઠીક છે, એમ સાચી સલાહ પહેલી તકે જ શીરે ચડાવશો! કારણ કે બે વર્ષ અગાઉ સુધી તો આપના વડિલોએ જ આપના નવીન મતથી વિરૂદ્ધ વર્તીને આપને મિથ્યાત્વમાં નાખ્યા! માટે આપના ખરેખરા ગુન્હે-ગારો તો તેજ છે! આપશ્રી જો તેઓના પંજામાં ન હોત અને છૂટાજ ચરતા હોત તો આપે આપનો મત કયારનોયે સ્થાપ્યો હોત! આ રીતે બીજા ઉપરના વેગથી પાછા હઠી હવે તો આપના મતે ખરા ગુન્હેગારોનીજ ઝડતી લેવામાં રોકાઇ જાવ! અથવા તો એ કારણે આજ સુધી અણ-

સમજથી બીજાને નિષ્કામ ભાંડયા છે, તેનું મિથ્યા દુષ્કૃત આપીને તે ભાંડચેષ્ટાથી થએલા ભાંડણનો સમસ્ત હવાલો એ આપના ખરા ગુન્હેગારોને જ ખાતે ચડાવીને ભૂલ્યા ત્યાંથી ફરી ગણો ?

**શાસનસંઘની દૃષ્ટિએ તો આમાં પણ આપ તિથીના ઉત્થાપક માર્ગલોપકજ છો ! કારણ કે**

આપણી સમાજમાં જૈન જ્યોતિષકારો હાલમાં તથાવિધ હસ્તિમાં નથી. એવા સંયોગોમાં પર્વતિથિના આરાધનની સવળતા માટે આપણે અન્યમતિના પંચાંગ અનુસાર જ તિથિ આરાધનની પ્રવૃત્તિ કરવાની ફરજમાં મૂકાયા ! તે પંચાંગોમાં તિથિઓની પણ ક્ષય વૃદ્ધિ આવે છે. તે આપણી સમાચારી મુજબ ન હોવાથી આપણને ઇષ્ટ નથી. આથી પર્વતિથીની સ્વતંત્રતા સાચવવાનેજ માટે તો પ. પૂ. ઉમાસ્વાતિજી મહારાજને 'ક્ષયે૦ વૃદ્ધૌ૦' વાળો પ્રઘોષ ફરમાવવો પડયો ! એ પ્રઘોષનો આશ્રય લઇનેજ આપણે તિથિપાતે પૂર્વતિથિનો ક્ષય કરતા અને કરીએ પણ છીએ એટલે કે ચંડાશુચંડુમાં થતા તિથિના ક્ષય અને વૃદ્ધિમાં–પ્રઘોષાનુસાર સં, ૧૯૯૧ સુધી તો આપણે દરેક જણ–પૂર્વની તિથિનાજ ક્ષય અને વૃદ્ધિ કરતા એ તો આબાલ પ્રસિદ્ધજ છે ને ? **સં. ૧૯૯૨થી આપની બુદ્ધિ બગડી !** પ્રઘોષ અનુસાર ક્ષય પ્રસંગે પૂર્વનીતિથિનો ક્ષય થાયજ, એ વાત તો પ્રઘોષને માનનાર બાળક પણ સમજી શકે તેવી છે ! પૂર્વતિથિનો ક્ષય ન કરે તેને બે તિથિ ભેળી લખવી પડે ! અને એમ કરવા જતાં એક વારે બે તિથિ ભેળી ગણવાની આપત્તિ આવે ! **ચતુર્દશીના ક્ષયે તેરશને તેરશ નહિંજ બોલવાનું ફરનાવનાર મહોપાધ્યાયજી ધર્મસાગરજી મહારાજની** આજ્ઞાનો લોપ થાય ! બહુળતાએ તે ઉપકારીનાજ ગ્રંથના આધારે તિથિનો નિર્ણય કરી શકીએ, તેવા સંયોગમાં મૂકાયલા આપણે એમનીજ આણ લોપીએ તો આપણા જેવું વિરાધક કોણ ? પૂર્ણિમા તથા અમાવાસ્યાના ક્ષય પ્રસંગે–ચૌદશ, પુનમ, ચૌદશ, અમાસ. ભેળાં લખતાં તે દિવસે કઇ તિથિનું આરાધન કરવું ? એ મુંઝવણ થાય ! છઠ્ઠવાળાને,

બારતિથિ સચિત્ત ત્યાગવાળાને, અબ્રહ્મના ત્યાગીને, પૌષધવાળાને, પુર્ણિમાએ ચાતુર્માસ બદલનારને, પુર્ણિમાએ યાત્રાવાળાને આપત્તિ આવે છે? ચૌદશના ક્ષયે તેરશ ચૌદશ ભેળી લખીને ચૌદશને જ માનશે તો ૧૩ ના દિને થતા પાર્શ્વનાથ પ્રભુના ચૈત્યવંદન, થોય, સ્તવન અને સઝાયનો વિધિ જ ઉડી જશે! કારણકે આપના મતે છતી ઉદયવાળી ૧૩ ને બારશે તો લઇ જવાશેજ નહિં! કારણ કે એ વાંધાથી તો સંવત ૧૯૮૯ના ભાદ્રપદ શુદિ ૫ ના ક્ષય વખતે ચોથ ઉદયવાળી હોવાથી તમોએ ખસેડી ન્હોતી! જ્યારે પાંચમની પણ વિદ્યમાનતા લોકોને દેખાડવીજ પડે એટલે તે ટાઇમે વળી આપે ચંડાશુચંડુને પણ તિલાંજલી આપીને 'બીજા પંચાંગમાં છઠનો ક્ષય છે એમ હંકારીને' ચંડાશુચંડુમાં પાંચમનો ક્ષય હતો છતાં તે પાંચમ દેખાડવા જતાં પરંપરાથી માન્ય થએલા પંચાંગને લોપવાથી પરંપરાના લોપક થયાજ! પણ અત્યારની માફક તે પાંચમના ક્ષયે ચોથ પાંચમ ભેળાં કરવાનું 'તો બોલી શકયાજ નથી! એ તો આસ્તે કૂડ કેળવતા જઇ, સમાજનું પાણી માપતા જઈ, પૂ. દાનસૂરીશ્વરજી મહારાજને વિદાય થવા દઈ, અને સહાયકો સાધીને પછીજ આ મિથ્યાત્વનો ભડકો કર્યો છે!!! એટલે કે છઠવાળા ને એક ઉપવાસથી, બારતિથિવાળાને ૧૧ તિથિજ સચિત ત્યાગથી એમ અનુક્રમે એકેક દિનનું ધર્મારાધન શમી જાય! નાશ પામી જાય! એના કારણભૂત આપણે થઇએ! આવી રીતે અનેક આપત્તિઓ પ્રગટજ છે. તેમજ ચૌદશ આદિના ક્ષયે તેરશ આદિના દિવસે ચૌદશ આદિનુંજ આરાધન ચૂકી ન જવાય તે માટે તો તેરશ ચૌદશ ભેળાં લખવાં તે ઇષ્ટ છે! તો પંચમીના ક્ષયે પણ પંચમીનુંજ આરાધન ચૂકી ન જવાય તેટલા માટેજ આપને ચોથ પાંચમ ભેળાં લખવા પડયા છે! આમાં તો આપનાથી કશુંયે બોલાય તેમ નથીજ! અને તેથી ભાદ્રપદ શુદિ ૫ ના ક્ષયે તેમ કરવા જતાં ભા. શુ. ૫ ના આરાધન માટેજ ભા. શુ. ૪ ને દિને પાંચમ લખાણી છે! એમજ સિદ્ધ થયું! જ્યારે શુ. ૪ તો ઉદયવાળી છે! તે કાંઇ આપના કુમત પ્રમાણે ત્રીજમાં તો આપનાથી લઇ જઇ શકાય તેમ છેજ નહિં!

**એટલે હવે સીધુંજ કહીદ્યો ! કે અમો સંવત્સરી પર્વના પણ લોપકજ છીએ ! ! ! જોકે ૧૯૮૯ માં પાંચમના ક્ષયે તો તેવું બોલ્યા નથીજ !** પણ હવે ખોટું જીવતુંજ રાખવા કદાચ એમ બોલો કે તે દિવસે ચોથ અને પાંચમ બંનેનું આરાધન આવી જાય છે. તો જેને છટ્ઠનું પ્રાયશ્ચિત, બે દિવસનું બ્રહ્મચર્ય પાળવાનો નિયમ બે પૌષધ વિ૦ નો નિયમ હોય તે દરેક જણ તે એક દિવસેજ કરી લે તો વાંધો નથી ને ? બંને દિવસનું આરાધન થઇજ ગયું ને ? " કયા ભવને કાજે ધાપેધાપ ચલાવો છો ? કાંઇ તો ભવનો ભય રાખો ! **શાસનની અંદર નફ્ફટ થઈને નાચનારા નઘરોળોનો તો નાશજ લખાયો છે ! એ સાચું સત્ય નોંધીજ રાખજો !** બાળ જીવોના ભાવ પ્રાણ હણાય છે એજ અફસોસ છે ! " તેમજ તે દિવસે ચતુર્થી કહેશો કે પંચમી ? તો પણ આપત્તિ છે ! કારણ કે પાંચમના આરાધન માટે જો પંચમી કહો તો ચોથ વાર્ષિક પર્વની ગૌણતા થઇ જાય છે. કારણ કે આપ તે દિવસે ગૌણ મુખ્ય ભેદેજ ચોથ પાંચમ કહો છો ! ચોથ છે. એમ કહો તો પાંચમની વિદ્યમાનતા રાખવા માટે તો ચોથ પાંચમ ભેળાં લખવાં પડયાં છે, એ હેતુજ ઉડાડી દઇને મૃષાવાદિ બનો છો ! તેમજ ચૌદશના ક્ષયે તમારા મતે ( **કારણ કે પૂ. ઉ. ધર્મસા૦ તો તે દિને તેરશ નામ પણ લેનારને મૂર્ખ શિરોમણીજ કહે છે** ) તેરશની ગૌણતા અને ચૌદશની મુખ્યતા છે જ ! તેવીજ રીતે પાંચમના ક્ષયે તમારા મતથીજ તે દિને ચોથની ગૌણતા અને પાંચમનીજ મુખ્યતા હોવાથી આજે ગૌણતાએ ચોથ છે અને મુખ્યતાએ પાંચમ છે એમજ કહેવું પડે, તે પણ અહિંઆં તો એમ નહિંજ કહી શકો ! કારણ કે અહિં તો તમારે બરોબર મુંઝવણ આવી છે ! અને તે એકે ત્યાં તો મુખ્યતાએ ચોથ ન મનાવો તો સંવત્સરી પર્વનાજ લોપક થઇ જાવ ! એટલે તમારાજ હિસાબે અહિં મુખ્યતાએ તો પાંચમ આવી છે છતાં મુખ્યતાએ તે દિને ચોથ કહીને અર્ધજરતીય ન્યાય સેવવો પડે છે. અને એમ કરીને પોતાના મિથ્યા મતનો જૂઠોજ બચાવ કરાય છે. ચૌદશના ક્ષયે તેરશે લઇ જવાયલી ચૌદશને તો ચઉદશજ કહો,

પણ પાંચમના ક્ષયે ચોથે લઈ જવાયલી પાંચમને પાંચમ ન કહો ! એ કયાંનો ન્યાય ? આવું હડહડતું જૂઠાણું સેવીને અને ઉલટા જઇને પણ તે દિને ચોથ કહો તોયે જબરદસ્ત વાંધો છે, અને તે એ કે ચૌદશના ક્ષયે તેરશ ચૌદશ ભેળાં લખીને પણ કિંમત તો મૂખ્ય એવી ચૌદશની જ ગણો છો તેરશ તો આરાધનમાં ગણતાજ નથી ! કારણ કે પૌષધ પચ્ચખાણાદિના આરાધકોને તેરશની સવારથીજ ચૌદશના અનુષ્ઠાનો છે એમ સમજીને અને કોઇ પૂછે તો કહીને " પૌષધાદિ ઉચ્ચરાવો છો એટલે તે દિને તેરશ તો હતીજ છતાં આરાધનામાં તો તેરશ રહીજ નહિં ! આવીજ રીતે ભા. શુ. ૫ ના ક્ષયે ભલે આ તમારા મતથી પણ વિરૂદ્ધ જઇને હવે મુખ્યતાએ ચોથ કહો તો પણ તે દિવસનું આખુંય અનુષ્ઠાન તો તમારા હિસાબે પણ ચોથનું જ થયું ! એટલે હવે સીધું કહી દો કે અમો આખી પાંચમ પર્વતિથિનેજ ગળી જનારા છીએ !

**આ બધી આપત્તિઓ તો** તમે તમારા મતથી પણ ઉંધા જાવ તેને માટે છે. તમારા મુખ્ય ગૌણના મત પ્રમાણે તો તે દિને મુખ્યતાએ પાંચમજ છે. અને આરાધન માટે તો તમો મુખ્યતિથિનેજ આખી તિથિ તરીકે માનતા હોવાથી તે સંવત્સરી પર્વ પણ તમારે ચોથનું રાખીને પંચમીએ લઇ જવાનું ઘોર પાપ સેવવું પડયું છે ! એટલુંજ નહિં પણ સંવત્સરીજ ખોટી આરાધીને ચોથની સાચી સંવત્સરીનોજ નાશ કર્યો છે ! એટલે તે રામમતની સંવત્સરી છે એમજ કહેવાશે ! સમજ્યા વિના ખાલી ઉદયવાળી ચોથનેજ વળગવા જતાં, પાંચમ અને સંવત્સરી બન્નેય લોપીને ઘોરકૃત્ય કર્યું છે. તમારે હિસાબેજ પાંચમનું આરાધન થાય છે છતાં તેને ચોથનું મનાવો છો તેથીજ બંને પર્વોનો લોપ થાય છે. જ્યાં બેય પર્વો લોપાય છે ત્યાં શ્રી કાલિકાચાર્ય મહારાજે કરેલી ચોથને આપના હાથેજ પાંચમમાં નાંખવાનું થયું, તેમાં તો કઇ મોટી વાત છે ? જોકે પાંચમની છઠે સંવત્સરી લઇ જવી તે યુગપ્રધાનોથી પણ બની શકે તેમ નહોતું અને નથીજ, તેવી રીતે ચોથની સંવત્સરી પાંચમના દીને લઇ જવાનું સાહસ મહાન્

ઉત્થાપક શિવાય કોઈથી બની શકેજ નહિં ! અને તેથી તે પણ સામાન્ય વાતતો નથીજ !!!

**ક્ષયપ્રસંગે**—૪–૫,૭–૮,૧૦–૧૧,૧૩–૧૪ વિગેરે ભેળી તિથિ લખનારને પણ પૂર્વતિથિની તો કિંમતજ નથી, એમ તમો પણ સમજોજ છો. તે તે દિવસે તે તે તિથિની સમાપ્તિ હોવાથી ભેળી તિથિ લખવી વ્યાજબી છે એમ પણ નહિંજ કહેવાય ! કારણકે એમ કહેવું હોય તો–ત્રીજ, છઠ, નોમ, બારશ આદિ તિથિઓના ક્ષય પ્રસંગે ૨–૩,૫–૬,૮–૯,૧૧–૧૨ એમ પણ લખી બતાવવું જોઇએ. કારણકે તે તે ક્ષયવાળી તિથિઓ પણ પૂર્વની તિથિમાં સમાપ્તતો થાયજ છે !

**પણ તેવે પ્રસંગેતો ભેળી લખતાજ નથી** ! અને લખો પણ કેમ ? એમ લખવા જાવ તો તમારા હિસાબે પણ અપર્વ તિથીનીજ મૂખ્યતા થઇ જાય. અને આરાધ્યતિથિની ગૌણતા થઈ જાય ! કેમ લખો ? અને ગૌણતા થઇ એટલે આરાધ્ય બધીય તિથિની કિંમતજ ગઈ ! પછી તો જૈન જગતમાં ઉભું પણ કેમ રહેવાય ? શાસ્ત્ર સમજ્યા વિનાજ ગૌણ અને મુખ્યની વાયડી વાતો કરવા જતાં કેટલા ટીપાયા ? કેટલા કૂટાયા ? હજુપણ વળ મૂકશો ?

**ક્ષય પ્રસંગે પણ** અપર્વ તિથીની કિંમતજ નહિં ગણતા હોવાથી તો ચોથ, સાતમ, દશમ આદિના ક્ષયે ૩–૪,૬–૭,૯–૧૦ વિગેરે–ભેળી તિથી તો લખતાજ નથી ! તેવીજ રીતે પાંચમના ક્ષય વખતે પોતાના મતથી પણ ઉલટા જઇને મૂખ્યતાએ ચોથ કહેનારા અને પાંચમને ગૌણ કહીને કિંમતવગરની બનાવનારા આપ જો તે પાંચમની કિંમતજ ન ગણતા હોવ તો–૪–૫ એમ કદિયે લખો ? નજ લખો ! છતાંય તમોતો લખો છો ત્યારે હવે કાન પકડીને કહોને કે તે દિવસે મુખ્યતાએ પાંચમજ હોવાથી કિંમત તરીકે પાંચમજ છે ! અને અમે સંવત્સરી ખોટીજ કરી છે એમ પણ ખખડીને કહી નાંખોને !!! આમ એ તિથિ ભેળી કરવા જતાં 'બકરૂં કાઢતાં ઉંટ પેસી જતો હોવાથી 'ક્ષયે પૂર્વા તિથિ કાર્યા' એ પૂર્વાર્ધ પ્રઘોષનો સાચો અર્થજ એ છે

કે ક્ષય પ્રસંગમાં પૂર્વની અપર્વ તિથીને પર્વ તિથી કરવી ! અને એજ પ્રમાણે બે વર્ષ અગાઉ સુધીતો તમો વર્ત્યાય છો અને બોલ્યા પણ છોજ !

બે તિથિ ભેળી લખવાજતાં પૂ. ઉમાસ્વાતિજી મહારાજના કાર્યા શબ્દોનો અર્થજ જૂદો કરવો પડયો ! એટલે કરવીને બદલે આરાધવી કરવો પડયો છે ! ખ્યાલ છે ને ?

ખરેખર ! ' **आग्रही बतनिनीषति युक्ति तत्र यत्रमतिरस्यप्रविष्टा यस्मादनाग्रहादेव वक्तुः सकाशात्तत्वाधिगमो भवति.**

અર્થ—**ખેદની વાત છે કે આગ્રહમાં પડેલો આદમી જે સ્થાનમાં એની મતિ પેઠેલી હોય ત્યાં યુક્તિને ઘસડી જવા** ઇચ્છે છે ! **જેથી** કરીને **અનાગ્રહી ( એટલે સિદ્ધાન્તાનુસારજ બોલનાર હોય તેવા ) વક્તા પાસેથી** જ **તત્ત્વ પામવાનું બને છે !**

**ઉપર મુજબ પ્રઘોષાનુસાર** પાંચમનો ક્ષય હોય ત્યારે ચોથના આખા દિવસેજ પાંચમ આખી કરવી. એજ અર્થ થાય છે, કારણકે આપણે આખી પાંચમ આરાધવાની છે થોડી ચોથ અને બાકીની પાંચમ એમ આરાધવાનું નથીજ ! આવી રીતે તિથિ અખંડજ રાખવાની હોવાથી તો આરાધનની સુંદર અને શાસ્ત્રોક્તજ સવળતા માટે આપણે લૌકીક પંચાંગનો સંસ્કાર કરીને ઘણાયે વર્ષથી જૈન ભીંતીયા પંચાંગજ માન્યા છે તથા મનાવ્યા છે. તે પંચાંગોથી વિપરિતતો આપના પૂર્વજો પણ ચાલ્યા નથી. બલ્કે તદનુસારજ વર્ત્યા છે ! તેઓ પણ તમારી માફક આંધળે બ્હેરૂંજ કુટતા, એવું કોઈ છુપું સાહિત્ય આપની પાસે છે ? હોયતો બહાર પાડો ! **પ્રઘોષનો પણ** ' એકજ દિવસ અને એકજ વારમાં પાંચમના ક્ષયે ચોથ અને પાંચમ બંને કરવાં '—એવો અર્થ થાય છે ? નથીજ થતો તો આપે કયા ભેજામાંથી એ અર્થ કાઢયો ? જ્યારે તેવો અર્થ થતોજ નથી તો **પ્રઘોષાનુસાર** ચોથને તેને સ્થાનેથી ખસેડયા પછીજ પાંચમ થાય એ સીધુંજ છે ! ઉદયના એકાંત આગ્રહમાં જઇ એકજ દિવસે અને વારે બે તિથી રાખવા જતાં આજે અપર્વતિથી પણ છે અને પર્વતિથી પણ છે, એમ કહો તોજ

સત્યવાદિ ઠરો ! નહિંતો આપનો એ સ્પષ્ટ મૃષાવાદજ છે. લખો ૪–૫ અને બોલો એકલી પાંચમ–એ મૃષાવાદ નહિંતો બીજું શું ?

'**વૃદ્ધૌ કાર્યા તથોત્તરા**' એ ઉતરાર્ધ પ્રઘોષનો અર્થ, જ્યારે પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે બીજીજ તિથિ પર્વ તરીકે કરવી એમ ચોખ્ખો છે ! આ પ્રઘોષનો તેજ સાચો અર્થ સં. ૧૯૯૧ સુધીતો આપના તથા ગચ્છના દરેક આચાર્યોએ માનેલો છે ! અને હવેજ બુદ્ધિ વિપર્યાસને કારણે આજે વિરૂદ્ધ વર્તી રહ્યા છો એ વાતની–આપનાજ ફોટુઓ સહિત છપાયલા ૧૯૯૧ સુધીના પંચાંગો તથા આપનાજ પેપરો હજુ પણ સાક્ષી આપી રહ્યા છે ! તિથીનો જેમ ક્ષય આપણને પાલવતો નથી તેમ વૃદ્ધિ પણ પાલવતીજ નહિં હોવાથી લૌકિક પંચાંગોમાં તિથિ બે આવે, તેમાંની પ્રઘોષદ્વારા તે લૌકિક પંચાંગનો સંસ્કાર કરીને આપણે જૈન ભીંતિયા પંચાંગમાં બીજીજ તિથી પર્વતિથી તરીકે પ્રસિદ્ધ કરવી, એમ પૂર્વપુરૂષોની આચરણાથીજ માન્યું છે. આમ થવાથી પૂર્વની તિથી તે અપર્વતિથીજ બનેલી હોવાથી, અપર્વતિથીજ બે કરાય ! બે પાંચમ હોય ત્યારે પ્રથમ પાંચમ અપર્વ તિથીજ થઇ ! વહેવારથી પણ ચોથને અપર્વતિથી કહેવાય પણ પાંચમને અપર્વતિથી કહેવી ઠીક નથી. માટે પણ બે ચોથ થાય !

**પરમગીતાર્થવર્ય પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવેશશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજાએ**—આ વિષયમાં અથાગ પરિશ્રમ ઉઠાવીને આપનું મિથ્યાત્વ દુર કરવા શાસ્ત્રોક્ત રીતે ઘણુંજ સુંદર અને પુષ્કળ સાહિત્ય સમાજને પીરસ્યું છે. તેથી અનેક આત્માઓ આપના નૂતનપંથથી અભડાતા બચી પણ ગયા છે, અને જેમ જેમ લોકો આપને ઓળખતા જાય છે તેમ તેમ બચતાજ જાય છે. આ દુષમકાળે સમાજ ઉપર આ તારકનો આ પણ નાનો સૂનો ઉપકાર નથી. તેઓશ્રીની સામે પણ આપે આપનું મિથ્યાત્વ ટકાવવા ખૂબ ધૂળ ઉરાડી ! બેપાંચ બેભાનોને પણ બાથમાં ઘાલીને ખૂબજ બકવાટ કર્યો ! પણ ખોટું ક્યાં સુધી નિભે ? અંતે આપતો કોણ જાણે કયારેય ખૂણો મૂકશો ! શ્રીમાન્ તો અચાનકજ ઉચ્છાળા ભરીને કયાંઇ રફૂચક થઇ ગયા !

અનુવાદક અંતર્ધાનજ થઈ ગયા! ખીલે કૂદનારા બાપડાઓના તો બેહાલ થયા! ખીલીજ ઉખડી ગયે શરણુ કોનું?

**પણ આ બધું અચાનક કેમ બન્યું?** એમ કોઇ આપને પૂછેતો કહીજ દેજોકે ભાઇ શું કરીએ! અમારેતો પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી:મહારાજાની સ્હામે ચોમેરથી હુમલો લઈ જઇને, એમની ખૂબજ બદનક્ષી કરીને, શાસનજ અમારૂં સ્થાપવું હતું. પણ

**અમોને સ્વપ્નેય ખ્યાલમાં ન્હોતું કે**—"પર્વતિથિએ પૂર્વતિથિનો ક્ષયજ કરવો, પૂનમ કે અમાસનો ક્ષય આવે ત્યારે તેરશનોજ ક્ષય કરવો, પુનમ કે અમાસની વૃદ્ધિ આવે ત્યારે તેરશનીજ વૃદ્ધિ કરવી, ભાદરવા શુદિ ૫ ના ક્ષયે ભા. શુ. ૩ નોજ ક્ષય કરવો, ભાદરવા શુદિ ૫ બે આવે ત્યારે ભા. શુ. ત્રીજજ બે કરવી," વિગેરે પૂર્વાચાર્યોના ચોખ્ખે ચોખ્ખા પાઠો વાળી ઢગલાબંધ પૂરાણી પ્રતો નીકળી પડશે!

**વળી** કોઇ પૂછે કે શું પૂ. સાગરાનંદ સૂરિજી મહારાજના મતમુજબજ પ્રતોમાં પણ કહ્યું છે? તો કહીજ દેજો કે હા. હા. ત્યારેતો ચૂપાચૂપ થઈ ગયા, નહિંતો અમે શું કાંઈ ઓછા છીએ? વિગેરે કહી દેજો! કહેશોજને?

**એ** પુછે કે 'અમે શું કાંઇ ઓછા છીએ' એમ આપ બોલ્યા એનો અર્થ શું તો કહીજ દેજોકે પૂ. સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજાના મતનેજ અનુસરતી પ્રથમ એક પ્રતતો અમારાજ ગચ્છાધિપતિ દાદા વિજયદેવસૂરિજીની મળી! પણ અમારેતો અમારો નવીનજ મત સ્થાપવાનો હોવાથી, અમોએ તે પ્રતને તો (જાતનો બ્રાહ્મણ, એક વખતનો ગુરૂનો પણ મહાન્ દ્રોહી, સિદ્ધાંતો અને શાસ્ત્રોને પણ ઓળવીને સિદ્ધાંત વિરૂદ્ધ ભરડવાની મરદાનગી વાળો, એવા એકલવિહારી મારવાડીને સાધી લઇને તેની દ્વારા) બનાવટી અને જૂઠી પણ કહીને તે પ્રતની પ્રમાણીકતાજ ઉડાડી દેવાનો કારમો હુમલો કરવાની અમે ભારે હિંમત કરી! એથીજ અમે કાંઈ ઓછા છીએ? એમ હું કહું છું!

**એ** પૂછે કે ગચ્છના દાદાને પણ ખોટા ઠરાવવા આવું પણ

વર્તી શકાય ખરૂંને ? તો કહીજ દેજો કે ' ઘર બાળીને તીરથ ન થાય ' લાજ રાખવીજ ભારે થઇ પડે તેવા સંયોગમાં વળી દાદો તે કોણ?

ફરી એ પૂછે કે **આવા મરદ છો છતાં કેમ ચુપ થવું પડયું ?** તો કહેજો કે હજુ તે પ્રતને ખોટીજ ઠરાવીને ઉડાડી દેવા માટે અમો ઉથલપાથલ કરી રહ્યા હતા ત્યાં તો **શાસ્ત્રીય પૂરાવાના** નામથી પૂર્વાચાર્યોની જૂની એક સાથે દસ પ્રતો બહાર પડી ! **હવે આટલી બધી પ્રતોને અમો ખોટી કહીએ તો તો અમો જૈન સમાજમાંજ ન રહી શકીએ** ! આથી અમો દરેકે દરેક ચોમાસાના અળસીયાની માફક જેવા ઉભરાયા તેવાજ છૂપાયા !

**વળી એ પૂછે કે સાહેબજી** ! આપ, શ્રીમાન્, અનુવાદકજનક વિગેરે ખોટા પડીને સંતાઇજ ગયા તે પછી પણ U. M. S. અજ્ઞાન તિમિર વાસકર, J. G., તટસ્થ અપલપનકાર વિગેરે તો પોતપોતાના છૂપાં નામો રાખીને પ્રતોથી પણ વિરૂદ્ધ લેખો આપ્યા જ કરતા હતા, અને આપ પોતે જ તે લેખો આપના વાજીંત્રમાં પ્રગટ કરતા હતા તેનું કેમ ? તેના જવાબમાં કહેજો કે અમો તો તે પ્રતો બહાર પડયા પછી સમજીજ ગયા કે હવે તો તિથી ચર્ચા વિષે શબ્દ માત્ર પણ—પૂ. સાગરાનંદસૂરિજીની વિરૂદ્ધ બોલશું તો ચોખ્ખું તે દશે પ્રતોવાળા દશે પૂર્વાચાર્યોનીજ વિરૂદ્ધનું ગણાશે ! પણ પ્રથમ અમે અમારો કુમત સ્થાપવા માટે જે ઘોર મિથ્યાત્વ ફેલાવેલું તે મિથ્યાત્વથી " સોનારે છળ કરીને ભરવાડને કરી આપેલા પીતળના કડાને ભરવાડ સોનાનુંજ માનવા લાગ્યો તેમ " વાસિત થએલા તેઓ તો સુવર્ણ અને પીત્તલનો ભેદ કળીજ શકયા નહિં ! અને એકની એક ધૂનમાં વિરૂદ્ધ પડી જઇને પૂ. આ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજને તેઓ નીંદવાજ લાગ્યા ! જેથી અમારે સાથમાં તેવા જોઇએજ ! તેમાં પણ આ ' U. M. S. ' એ તો એમનાથી સ્વચ્છંદતાથી છૂટો પડેલ મારવાડી અટ્ઠો ' મહિમાસાગર ' નામે એમનાજ ઘરનો ઉંટ હતો ! પછી તો અમારે જોઇએજ શું ? જો કે એના આર્ટીકલોમાં ઠેકાણુંજ નહોતું ! કોઇ પણ પદવી વિનાનો છતાં પોતાને ઉપા-

ધ્યાય જણાવનાર એ હતો ! ભાષાનું તો એને ભાનજ નહોતું ! સંસ્કૃ-નુંય સારૂં જ્ઞાન નહોતું ! ( કારણ કે એમણે એક લેખમાં તો ડહાપણ બતાવવા દોઢ લીટીનું **સંસકરૂત સૂતર** લખ્યું છે. તેટલામાંજ સાત તો ભૂલો છે એમ મુનિ હંસસાગરજીએ એમને લખી જણાવેલુંજ છે.) એને સારાસારનું ભાન નહોતુ. તો પણ એમનોજ અમારા પક્ષે પટ-કાઇને એમનો વિરોધી બનતો હોય, એ તો અમારે મન ' ઘી કેળાં' ! માટે અમે તે પછી પણ એવાના લેખ નો જલદિજ લઇએને ? આવું બધું તે પૂછનારને આપ ચોખુંજ કહી દેજો !

**વળી તે પૂછે કે ત્યારે એ અજ્ઞાનતિમિર વાસકર કોણ ?** એના જવાબમાં પણ આપ એને કહીજ દેજો કે એ પણ U. M. S. નામવાળો તેનો તેજ ! ફક્ત **મુનિ હંસસાગરજીએ** તેનો લેખ બહાર પડતાંની સાથેજ તેની ભાષા વિગેરેથી ઓળખી લઇ એમને સમજણ આપતો અને ભૂલ બતાવતો શીખામણનો એક વિસ્તારથી પત્ર લખીને વગર ઉપાધ્યાયનું U વિશેષણ કરીને મૃષા નહિં લગાડવાની કરેલી સૂચનાથી U. M. S. નામ આખું વેચી નાખીને તેને બદલે અજ્ઞા-નતિમિર વાસકર લખવા માંડયો હતો !

હવે તે J. G. કોણ ? એમ પૂછે તો કહેજો કે એ તો કંથા-રીઆનો નીરક્ષર ગામડીયો ! એ બિચારો અકલ વિનાનો માણસ છે ! **ઉપરનો અજ્ઞાનતિમિર તથા અમારો પાપવિજય,** કે જે અમારાથી છૂટો રહીને એકલપણેજ વિચરવામાં મજા માણી રહેલ છે, પણ લોકોમાં એકલપણે નીંદા થાય એટલા માટે સમુદાયનો સંગ છોડીને પણ જેના તેના પડખાં શોધતો ફરે છે ! જ્યાં ત્યાં ભરાતો ફરે છે ! સમુદાય આખાને આધાકર્મભોગી માનતો, ગણાવતો—વગર ભણ્યેજ પોતાની જાતને ' શુદ્ધ ગવેષક ' જણાવવાના ઢોંગ સેવી રહેલો છે ! મગજનો તુમાખીખોર અને કાને બધીર છે ! પ. પૂ. સાગરાનંદ સૂરી-શ્વરજી મહારાજે એમને અતિ બહેરો જાણીને દીક્ષા આપેલીજ નહિ, છતાંય તેને અમોએ તો સમુદાય વધારવા સંઘરેલજ છે ! ૧૯૯૧માં મુનિ હંસસાગરજી પાસે પોતાની ભૂલો બદલ બે વાર પત્રદ્વારા માફી માગ્યા પછી પણ છાનો રહીને તેને ' ઉદ્‌ભટ વિદ્વાન ' આદિ વિશેષણો

આપનાર નિર્ગુણાત્મા છે! એમ તે બંનેએ ભેગા મળીને પોતાના નામો છૂપાવીનેજ તે j. g. નામનો અભણ કીકો ભકિતથી વંદન કરવા આવતાં, તેને ભરમાવીને પોતેજ લખેલા લેખમાં તેની સહી કરાવી લીધી, તેના હાથથીજ આખીયે નકલ કરાવી લઈ તે લેખ વીરશાસન ઉપર ખીડી દીધો! આવીજ રીતે જેમ હું તેમ મારા પાગીયાઓ પણ શીંગ પૂછ વિનાનાં અને છૂટાંજ કાવત્રાં કરનારા છે! આવી દાંભિક નીતિથીજ અમો અમારૂં ટટ્ટુ ચલાવતા હોવાથી, કોઇ તેવા છૂટા છૂટા ટીંખલીયાઓને ઉત્તર આપવા જાય તો તે દરેક જણ શીંગે ખાંડા અને પૂંછે બાંડા હોવાથી, મુદ્દાને છોડીને આડુંજ વેતરે એવા છે! અને એથીજ એ દરેકના લેખો તે પછી પણ લીધેલા છે. બીજા પણ એમ સમજીને તો સીધો મનેજ પકડે છે! પણ હું તો હવે જવાબજ શાનો દઉં!!!

**આપની નવીન કુટિલતાને માટે પણ વાંચો!**

પૂર્વે હું જણાવી ગયો તે મુજબ તે પછી પણ આપે ગયેલી ઈજતને ટકાવવા 'તત્રસ્થ અપલપનકાર' નામનો બૂરખો ઓઢીને કહેવા માંડયું હતું કે 'શ્રી સાગરાનંદ સૂરિજીના મિથ્યામત ઉપર પ્રકાશ'! પણ સાહેબ! આપ જૂઠાનું તે વાકય પણ ત્યારેજ સાચું કહેવાય કે— **પૂ. આ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજીનાજ** મતને સાચો ઠરાવનારી, **પૂજ્ય પૂર્વાચાર્યોએ** વિરચિત જે દશ દશ પ્રતો બહાર પડી છે તે બધીય પ્રતોના રચયિતા તે દરેક પૂર્વમહાપુરૂષોને પણ મિથ્યામત વાળા કહો! **અર્થાત્ તેવું અછાજતું બોલીને આપ 'પૂ. આગમોદ્ધારક દેવેશના ઓઠા નિચે' તે પૂર્વના દરેક મહાત્માઓનેજ મિથ્યામતવાદિ ઠરાવવા મથો છો!** આ આપનું ભયંકર દુઃસાહસ છે! આવું પાપ કરવાની હિંમતવાળો આપ સિવાય એ 'તટસ્થ' બીજો કોણ હોય? બીજોજ કોઇ હોય તો બહાર પાડો! જે તટસ્થ હોય તે કદિ એક પક્ષમાં પટકાઇ બીજાને ભાંડવાનું દુઃસાહસ કરે? તટસ્થને વળી બૂરખો શું કામ? તે નામ નીચે આપ પોતે નકામાજ કોલમો કાળાં કરો છો! કારણકે તે દ્વારા પાઠો સાચા મૂકવામાંય અર્થોતો ખોટાજ કરો છો! બૂરખો ઓઢનાર બીજોજ હોયતો બેગમથી નહિં વધતો હોવાથી એ બધું એને ન કહેવાયઃ એથી પણ એમ કહું છું કે એ બીજોજ

હોયતો એનું નામ ખુલ્લું કરો! એ તખલુસ સાચોજ હોય પછી એને પ્રગટ થતાં કે પ્રગટ કરતાં ભય શું કામ? બૂરખાના ઢોંગ છોડયેજ છૂટકો છે: તંત્રી, સંપાદકીય, તટસ્થ, અનુવાદક, વિગેરેના સાલ્લા નીચે આપે સત્યનું સત્યાનાશ વાળ્યું છે. અને તેથીજ પ્રવંચનકાર, પરવચનકાર, પરવંચનકાર વિગેરે મળેલાં બિરૂદો આપે સાર્થક કર્યાં છે: નામ ખુલ્લાં કરોતો 'તે દરેકમાં હાથો આપજ છો' એમ આપો આપ ખુલ્લું થાય તેમ છે. કેટલાક ઐતિહાસિકજ પૂરાવાઓ જાહેર કરીને આપના પાપમાં પુષ્ટિ આપનાર શ્રી વિક્રમવિજયજીને, તેના કાર્યમાં સહાનુભૂતિ આપીને-એમણે રજુ કરેલા એ અસંગત પૂરાવાઓ દ્વારા 'બે તિથી લખાતીજ હતી' એવું એ તટસ્થ બૂરખાધારી દ્વારા યદ્વા તદ્વા બોલીને ભોળાં જગતને ભંભેર્યેજ રાખવાનો જે કુટિલધંધો આપે શરૂ કરેલ છે, તે વાતમાં પણ ઈજત અને અક્કલ બંનેયનું કાચું દેવાળુંજ છે! લૌકિક રીતિએતો બે તિથિ બોલાય અને લખાયજ છે, એ વાતની કોણ ના કહે છે? એવા લખાણ માત્રથી ત્યાં આટલું કુદિ શું કાઢયું? બે તિથિ કરવાના દસ્કત માત્રથીજ આપના જૂઠા મતની પુષ્ટિ થઈ ગઈ, એમજ માનતા હો તો તો પૂર્વગતવેત્તા, પરમ-પ્રમાણિક વાચકવર્યશ્રી ઉમાસ્વાતિ મહારાજાનું 'વૃદ્ધૌ કાર્યા તથોત્તરા' એ એક વાક્યજ પકડી રાખોને! કારણકે તેઓશ્રીનું આ વાક્યજ સૂચવે છે કે બે તિથિઓ હોયજ છે: પણ અહિં સમજવું એ બાકી રહે છે કે, તે લૌકિક પંચાંગ પ્રમાણે! આપણા આરાધનાના જૈન પંચાંગ પ્રમાણે નહિંજ! જો આરાધનાના પંચાંગમાં પણ તે પ્રમાણે બે પર્વ-તિથિ લખવી, એ વાત માન્ય હોય તો પૂ. વાચક મહારાજાએ તે સૂત્ર રચવુંજ શું કામ પડે? અર્થાત્ સૂત્ર બનાવીને તે બે તિથિમાંથી ઉત્તરની તિથિજ કરવી, એમ શું કામ કહે?

## પાલીતાણા વાળી
## મુનિશ્રી ચંદન સાગરજીની વાત સત્યજ છે.

આવીજ કુટિલતાથી 'મુનિ ચંદનસાગરજીના પત્રવ્યવહારમાંથી કેટલીક રસમય વિગતો પણ જાહેર કરવામાં આવશે' એવું જૂઠુંજ

લખાવવા માંડીને વળી અટકચાળા આદર્યા છે. આથી આપને વિનંતિ પૂર્વક ચેતવણી આપું છું કે, એવાં ખોટાં અડપલાં તજીજશો ! પાલીતાણા મુકામે પાંચ સમુદાયના મુનિરાજોની હાજરીમાં જે તિથિ ચર્ચા થઈ છે. તેજ મુનિશ્રી ચંદનસાગરજીએ બહાર પાડી છે. ઉ. શ્રી ક્ષમાવિજયજી મહારાજ સામે બેસીને ચર્ચા કરવામાં લાભ માનતાજ ન્હોતા ! છતાં પણ 'ચર્ચામાં થએલી વાતો હું બહાર નહિંજ પાડું' એવી તેઓશ્રીને મેં કબુલાત આપ્યા પછી તેઓ ચર્ચા કરવા આવ્યા હતા: ચર્ચાના અન્ત પર્યંત મારીપણ હાજરીજ હતી. શ્રી વીરશાસનને તે વાત ડોળી નાખતું જોઈનેજ મુનિશ્રી ચંદનસાગરજીને તે સત્યવાત પ્રગટ કરવા ફરજ પડી હતી, એમ ઉ. શ્રી. ક્ષમાવિ૦ને મેં જણાવેલું પણ છે.

## શ્રુતકેવલી મહારાજાના મુખમાં મૂકેલું મિથ્યા વાક્ય !
## 'મુનિને મુધાદાયી કહ્યાજ નથી.'
## પૂર્વધરોને નામે જૂઠાણાં ફેલાવવાનો ફજેતો અસહ્ય છે.

પ્રવચન વર્ષ બીજું અંક ૪૩ પૃષ્ટ ૫૧૦. તથા વર્ષ. ૮ અંક ૩૪ પૃષ્ટ ૪૫૩, અનુક્રમે 'એ તો **મુધાદાયી** ને **મુધાજીવી**–ઉપકાર કરે તે પણ વિના બદલે અને આહારાદિ લે તે પણ વિના બદલે' તથા "શાસ્ત્રકાર મહર્ષિઓએ સાધુને 'મુધાદાયી અને મુધાજીવી' કહ્યા છે. શ્રુતકેવલી ભગવાન શ્રી શય્યંભવ સ્વામિજી કહે છે કે–સાધુઓ 'મુધાદાયી મુધાજીવી' છે. આથી સ્પષ્ટ છે કે સાધુ દેશના આપે તે પણ બદલા માટે નહિં અને આહાર પાણી લે તે પણ બદલો આપવાના ઈરાદે નહિં. સાધુઓ દે પણ મુધા અને જીવે પણ મુધા" સાહેબ ! પ. પૂ. તારક શ્રુતકેવલી મહારાજાના પણ શ્રીમુખમાં આવો મિથ્યા આરોપ મૂકતાં છાતી કેમ ન કંપી ? એ તારક તો શ્રાવકોનેજ 'મુધાદાયી' કહે છે: જુઓ–"**एवं मुधालब्धं, कोण्टलादि व्यतिरेकेण प्राप्तं 'मुधाजीवी' सर्वथा अनिदानजीवी, जात्याद्यनाजीवक इत्यन्ये × × × एतदुदाहरणमिति दर्शयति–'दुल्लह'त्ति दुर्लभा एव मुधादातारः तथाविध भागवतवत्, मुधाजीविनो ऽपि दुर्लभाः तथाविधचेल्लकवत्**–અર્થ: 'એ પ્રમાણે મુધા લીધેલું એટલે

મંત્રતંત્રાદિ બતાવ્યા વિનાજ મેળવેલું, તેમજ સર્વથા અનિદાનપણેજ જીવનારા એટલે કે આહારને નિંદે કે સંયોજનાદિ દોષ લગાડીને રસનાને પોષવાની પંચાતથી પર રહીને આહાર આરોગી જીવનારા. (કોઈ 'જાતિ આદિ જણાવ્યા વિનાજ જે મળે તે ઉપર જીવનારા' એમ કહે છે.) આમ બનવું બહુ મુશ્કેલ છે એમ જણાવવા માટે કહે છે કે ગૃહી ભાગવતની માફક મુધા દેનારા દુર્લભ છે. તેમજ ચેલ્લક મુનિની માફક મુધાજીવનારા પણ દુર્લભ છે. સાહેબ! અહિં સૂત્રમાં તે બંનેનું દૃષ્ટાંત પણ રજુ કરીને ગૃહસ્થ ભાગવતને જ મુધાદાયી કહીને મુનિ ચેલ્લકને સ્પષ્ટપણે મુધાજીવી તરીકેજ વર્ણવેલ છે. જ્યારે શ્રી રામશાસન હવે સાધુને મુધાદાયી બનાવીને પૂર્વધરોના નામે પણ જૂઠાણા ફેલાવે છે! અનેક ઉત્સૂત્રો બોલીને તદ્દન જૂઠા અને અસંબદ્ધ અર્થોદ્વારા અપૂર્વ મહાત્માઓ ઉપર પણ અનેક આળો ચડાવીને પણ 'હુંજ એક છું' એવું આકરૂં અભિમાન ઉછાળતાં આપ સમાજને કેટલા ભયંકર શ્રાપરૂપ બન્યા છો? અર્થાત્ હડહડતા જૂઠા આક્ષેપોમાંથી આપે કોને છોડયા છે? ગજબજ કર્યો છે ને? પ. પૂ. **ઉપાધ્યાયજી મહારાજના ગુરૂતત્વ વિનિશ્ચય નામના ગ્રન્થ રત્નમાંના પાઠનો અર્થ જુઠો અને તદ્દન અસંબદ્ધજ કરીને કોહ્યલા કાળજાના કાળા ઉદ્દ્ગાર આપે પૂ. મહોપાધ્યાયજીના મુખમાં મૂકયા છે.** તેના કરતાંય આ ભયંકર જૂલમ કર્યો છે ને? સાહેબ! **આપે શાસનના અનેક મહારથીઓ સામે આવા અને એથીય વધુ ભયંકર અડપલાં કર્યાં છે. આપ જ્યાં સુધી શાસનને પીડતા બંધ નહિં થાવ, ભૂલ બતાવનારના દાસ પણે જાહેર જીવવાની ઉમેદ નહિજ રજુ કરો, ત્યાં સુધી 'છદ્મસ્થ છે ભૂલેય ખરા' એમ ધારીને ઉપેક્ષાનો હૃદયમાં અત્યંત આદર છતાં આપ <u>અટપય</u> ઉપેક્ષણીય નહિજ બની શકો.**

---

**સત્ય વાતનો ખુલાસો કરવા જાતે બહાર આવવુંજ પડશે!**

દિશા ફેરવો નં. ૧ બહાર પડયા પછી મારા માટે આપ 'આપની સડેલી સાહ્યબી ટકાવી રાખવા માટે' આપની ઝાળમાં ઝકડાયલાને એવું એવું સમજાવો છો, અને હવે પણ સમજાવશો કે 'ભલેને

બોલે એવાની ગણત્રી શું ?' તો પણ હું તો તે આપનું બોલવું આપના અનેક દુર્વર્તનોમાંનું એક દુર્વર્તન વિશેષ છે એમજ માનુંછું. અને તેથી સાચી રીતિએ જાહેરપણે ભૂલો કબૂલ નહિંજ કરો ત્યાં સુધી આપને તત્સ્વરૂપે જાહેરજ કરતા રહેવાની શુભ ભાવના મારા હૃદયમાં સદાયતે માટે જીવંત છે અને રહેશેજ, એ વાતની નોંધ લેશો. દિશા ફેરવો નં ૧ ની પંક્તિ એ પંક્તિ અનુભવસિદ્ધ સત્યજ હોવા છતાંય 'ભકતોમાં એવું બોલીનેજ' પોતાની ભૂલો કબૂલ કરી નથી. વધુમાં ભકતોને જણાવો છો કે–શાસ્ત્રની લડત સરખે સરખા સાથે શોભે! જવાબદાર વ્યકિત સાથે શોભે! આવું સાંભળીને હૈયા વિના-નાઓ પણ કહી દે છે કે–હાજી! એતો સાચુંજ છે ને! એમાંનો કોઇ એમતો કહેતોજ નથી કે સાહેબ! બે બુકના ગોખણીયા જ્ઞાન વાળા આપ, **અને મહાન વૈયાકરણીય બનીને સમસ્ત આગમાર્થનું આપાન કરી બેઠેલા પૂ. આગમોદ્ધારક દેવેશ,** બંને સરખે સરખા છો ? છતાં તેઓ આપના સાથે કેમ વાદ કરે છે? શાસ્ત્રવાદમાં વલી સરખે સરખા શું ? **છતાંય આપને એમજ યોગ્ય લાગતું હોય તો જેમ બે બૂક ભણેલા આપ છો તેમ મુનિ હંસસાગરજી પણ બે બૂક ભણેલજ છે, અને એથી આપ અને તે સરખે સરખાજ છો, માટે એમનું કહેવું સત્ય છે તો સ્વીકાર કરો! લોચા વાળ-વામાં આત્મકલ્યાણ નથી. પૂ. આગમોદ્ધારક દેવેશની સામે–** આપ સાહેબ, જૂઠો, અકલ્યાણ, પનક, ઘટસ્થ અપલપનકાર અજ્ઞાનતીમિર વાસકર, પરવંચન ગંત્રી, પ્રવંચન સંવાદક, કીરશાસન, જૈનવર્ચા વિગેરેપણ અનેક નનામીધરો બૂરખા ઓઢી ઓઢીને કુદિ પડેલા, તે દરેક શું સરખે સરખા હતા ? શાસ્ત્રની ગંધપણ નહિં પામેલા એવા પણ એમાંના કઈક પામરો હતાજને ? **એવા દરેક જડાની પૂ. આગમોદ્ધારક દેવેશે શું જડતી નથી લીધાં ? મુનિશ્રી હંસસાગરજી પાસે પોતાના અપરાધની બબ્બે-વાર લેખિત માફી પણ માગવાની ફરજમાં મૂકાઇ લેખીત માફી માગી ચૂકયા પછી પણ કંથારીયાના કીંકરનો બૂરખો**

**ઓઢી** વાંગરનાર આપનો બધીરવિજય પણુ શું ચર્ચા કરવાને લાયક હતો ? "અક્કલની ગેરહાજરીમાં પોતાનાજ સમુદાયને પણ આધાકર્મી આદિ દોષોનું આસેવન કરતો જાણીને રોજની માફક અહિં તહિં માથાં મારતો ભટકતો ફરે, મનમાં સમુદાયથી સુગાતોજ રહે, છતાંય બીજાઓ એમને પૂછે કે આ હાલતમાં કેમ ભટકો છો ? ત્યારે ગુરૂઓના દાદા ગુરૂઓના એ ચાર સંગ્રહી રાખેલા પત્રો આડા ધરે, અને કહે કે ગુરૂજીની મારા ઉપર તો પૂરી લાગણી છે, પણ સમુદાયમાં આવું આવું વર્તાય છે એટલે હુંજ સાથે રહેતો નથી." આવો દુષ્ટાત્મા 'મુનિશ્રી હંસસાગરજીને સચોટ જવાબ' એવાં મ્હોટાં હેડીંગોદ્વારા જી. ગી. જેવા પામરનો પણ પશુ બને છતાંય, 'આપનુંજ ગાયું ગાઈને, શાસ્ત્ર રસિકતા દેખાડતા હોવાથીજ આપને તે દરેક માન્ય છે ને ? 'શાસ્ત્રવાદમાં તમે શોભો નહિ' એવું તેઓને આપે કદિય કહ્યું છે ? આશ્ચર્યની વાત છે કે આવાં નંગો પણ વાદમાં આપને સરખે સરખાજ લાગે છે, અને પોતેજ કરેલી ભૂલોને પોતાનાજ દસ્કત સહિત બહાર પાડનાર સત્યવાદિઓને ન્યૂનાધિક લેખો છો ? **સાહેબ ! સાચાજ હો તો અને માણસાઈ રાખવી હોય તો કોઇને પણ સીધો જવાબ આપવા સજજ રહેવુંજ પડશે ! યદ્વાતદ્વા ભરડવું છે અને જવાબદારી આવી પડયે મ્હોં સંતાડવા આવા ઢોંગ કરવા છે એ કેમ નભશે ? ગુજરાત દેખવો હોય તો બખળીને જાતેજ બહાર આવ્યે છુટકો છે સમજ્યા ?**

**મહાન્ મહર્ષિ પ. પૂ. હીરસૂરીશ્વરજી મહારાજાની પણ કરેલી ભયંકર બદનક્ષી.**

સંવત ૧૯૮૬માં શ્રી નવપદ આરાધક સમાજદ્વારા પ્રસિદ્ધ કરાવાયલી "**શ્રી નવપદ મહાત્મ્ય વર્ણન**" નામની બૂકના પૃષ્ટ ૩૬૨ પંકિત ૧૮ થી ૨૬ માં આપ વદો છો કે-" નિહ્નવો તેને કહેવાય કે જે માર્ગ પામીને પછી ખસેલા પણ અર્દ્ધપુદ્દગલ પરાવર્ત્તમાં નિયમા મોક્ષે જનારા આથીજ આજના ઉત્સૂત્ર ભાષીઓને નિહ્નવ ન કહેવાય, કારણ કે કહેવાથી ઉલટો નંબર વધી જાય છે, એ લોકો કહે છે કે "હીરસૂરિજી કેવા ક્ષમાનાસાગર,' કે નિહ્નવ કહેવાનું હવે બંધ

કરવાનું કહે છે,"–પણ એ મૂર્ખાઓ એમનો ભાવ ન સમજ્યા કે– હવેના ઉત્સૂત્ર પ્રરૂપકો તો નિહ્નવપણાને પણ લાયક નથી. બલ્કે એથી પણ ઘણા હલકા છે. આઠે નિહ્નવ નક્કી અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્તમાં મોક્ષે જનાર છે, તેવા કોઈને ગોશાલો પણ ભૂલે ચૂકે ન કહેતા, કેમકે એ પણ મરતાંયે પામી ગયો." આ પ્રમાણે આપનુંજ બોલેલું લખ્યું છે. આ લખાણથી નીચેના પ્રશ્નો ઉદ્દભવે છે! એટલે કે લખાણજ એટલા પ્રશ્નો પેદા કરે છે! જવાબ આપો!

૧ આપની હાજરીના બધાય ઉત્સૂત્ર ભાષીઓ નિહ્નવ કરતાંય ઉતરતાં છે, એમ કયા જ્ઞાનથી જાણ્યું?

૨ એ લોકો પૂ. હીરસૂરીશ્વરજી મહારાજને જે હેતુથી ક્ષમાના સાગર કહે છે, તેમ આપે કાઢેલા આશય પ્રમાણે એમને આપે ઝેરના સાગર બનાવ્યા ગણાય કે નહિ?

૩. પૂ. હીરસૂરીશ્વરજી મહારાજા ઉપરનું પણ એ આપનું અળખામણું અડપલું ખરૂં કે નહિં?

૪ એ મૂર્ખાઓ ભાવ ન સમજ્યા કે એ મૂર્ખા ઉપર દ્વેષ ભર્યો હલ્લો કરવાનાજ ધ્યેયમાં એલફેલ બોલવા મંડી પડેલા આપ સાહેબેજ શુદ્ધ બુદ્ધ ગુમાવોને, એ પરમર્ષીના આશયથી તદ્દન વિરૂદ્ધ આશય કાઢીને એ ટોપલો એ જ તારકની ઉપર ઓઢાડી દેનાર કઠોર હૃદયવાળા આપજ ભાવ નથી સમજ્યા?

૫ આજના ઉત્સૂત્ર પ્રરૂપકો અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્તન જેવા અનંતકાળ માંય મોક્ષે જવાના નથી એ કયા જ્ઞાનથી જાણ્યું?

૬ આજના ઉત્સૂત્ર પ્રરૂપકો મરતાંયે પામવાના નથી એ કયા શાસ્ત્રના પ્રમાણથી કહો છો?

## ઉપર્યુક્ત બાબતોનો જવાબ આખી સમાજ માગવાને હકદાર છે!

અત્યારનો લગભગ સર્વ સાધુ સમાજ પરમોપકારી પૂ. હીરસૂરીશ્વરજી મહારાજાનોજ વંશજ છે. આવા મહાપુરૂષના મુખમાં 'આજના ઉત્સૂત્ર ભાષીઓ તો નિહ્નવપણાને પણ લાયક નથી. બલ્કે એથી પણ ઘણા હલકા છે, એવા હડહડતા અજ્ઞાનતા ભર્યા જૂઠા શબ્દો આપે મૂકીને એમનીજ નહિં પણ આધુનિક સમસ્ત મુનિસમાજની અવહેલના કરી છે! પૂજ્યની હેલનાથી પૂજકોની તો સીધીજ અવહેલના

થઇ છે! હરકોઇએ પણ આમે તે સ્થળે આપતે પકડી માડીને હરગીજ માફી મંગાવીને પ્રાયશ્ચિત આપવા જેવું જ આપે આ ઘોર કામ કર્યું છે! આવા નિસ્પૃહી મહાત્માને ઝેરી હૃદયના અને જૂઠા બોલનારા ઠરાવીને એ તારકની ભયંકર બદનક્ષી કરનારૂં આપનું આ અતિ અળખામણું અડપલુંજ આપના કુટિલ માનસને અત્યંત અધમપણે ઓળખાવવાનુ થર્મોમીટર બને છે! રાગાંધ બની હૃદય ખોઈ બેઠેલાઓ હજુ પણ ચેતે તો ઠીક!

શ્રી હીરસૂરીશ્વરજી મહારાજ પ્રસાદિત દ્વાદશ જલ્પ પટ્ટકમાં એ વાત છે! જે જે ભાગ્યવાનોએ એ પટ્ટક અવગાહ્યો હશે તે જાણતાજ હશે કે એ પટ્ટક–સમાજમાં કલહની શાન્તિ થાય, એ ના એ કલહો ફરીથી ન થાય અને સર્વદા શાન્તિ જળવાઇ રહે, એવા શુભ આશયથીજ જન્મ્યો છે. તે પટ્ટકમાંનો આ નિહ્નવ સંબંધી આઠમો જલ્પ છે. જેમાં તેઓશ્રી ફરમાવે છે કે " તથા શાસ્ત્રોક્ત દેશવિસંવાદિ નિહ્નવ સાત; સર્વ વિસંવાદી નિહ્નવ એક, એ ટાળી બીજા કુણને નિહ્નવ ન કહેવું. "......આ મુજબનાજ તે તારકના શબ્દો છે. આમાંથી કોઇ કમ અકલનો માણસ પણ એમ કહી શકે તેમ છે કે આપે જે ભાવ કાઢ્યો તેવા ભાવની એ તારકના આ વાકયમાં ગંધ પણ છે? આમ છતાંય રાગાંધો તો આપના કાળા હૃદયને ઓળખી શકે એ આશા ઓછીજ છે.

दृश्यं वस्तु परं न पश्यति जगत्यन्धः पुरोऽवस्थितं,
रागान्धस्तु यदस्ति तत्परिहरन् यन्नास्ति तत्पश्यति ।
कुन्देन्दीवर पूर्णचन्द्र कलश श्रीमल्लतापल्लवा,–
नारोप्याशुचिराशिषु प्रियतमागात्रेषु यन्मोदते ॥

અર્થઃ–જગતને વિષે આંધળો મનુષ્ય તો સામે પડેલી દેખવા યોગ્ય વસ્તુને દેખતો નથી! જ્યારે રાગાંધ મનુષ્ય તો–જગપ્રસિદ્ધ જે પ્રત્યક્ષ વિદ્યમાન વસ્તુઓ છે તેને ત્યજી દેતો, જે સ્થાનમાં જે વસ્તુજ નથી તેને દેખે છે! "શાસ્ત્રકાર મહારાજા અહિં ખેદપૂર્વક જણાવે છે કે જુઓને!" રાગાંધજન–અશુચિના ઢગલાથી ભરેલા એવા પ્રિયતમના ગાત્રોને વિષે અનુક્રમે કુન્દ, ઇન્દીવર, પૂર્ણચન્દ્ર, કલશ, શ્રીમત્ લતા અને પલ્લવ આદિનું આરોપણ કરીને આનંદ પામે છે ને? એટલે કે વ્હાલી સ્ત્રીની આંખોને કમલ, એની કબરી (અંબોડા) ને કાળું

કમલ, એના મુખને પૂર્ણિમાનો ચંદ્ર, એના સ્તનોને સુવર્ણ કલશ, એના આખા અંગને લક્ષ્મી સ્વરૂપ અને એના કોમલ જણાતા હાથ અને આંગળીના પર્વોને લતા તથા પલ્લવ કહે છે!!! કહો એ મળ મૂત્ર રૂધિર અને માંસથી ભરેલા ગંધાતા અંગમાં આ એકેય વસ્તુની ગંધ પણ છે? છતાં તે તે વસ્તુઓ તેમાં રાગી કેમ દેખે છે? કહેવુંજ પડે કે રાગીજન આંધળો છે! આવીજ રીતે આપના માટે પણ બન્યું છે. સગાંધો જે સર્વસ્વપણું દેખતા હોય તે નરી અજ્ઞાનતાજ છે?

**જુઓ! હોયતો હૈયું ખોલો! નહિં તો બીજાને પૂછો! નીચેના શ્લોકનો કેટલો જૂઠો અને તદ્દન અસંબદ્ધ અર્થ કર્યો છે!**

આપનું જૈન પ્રવચન વર્ષ ૪ અંક ૩૫ પૃષ્ટ ૪૧૬.

**'जहा वयं धम्ममयाणमाणा पावं पुरा कम्ममकासि मोहा।**
**उरब्भमाणा परिरक्खिअंता तं नेव भुज्जावि समायरामो ॥**

**આ શ્લોકનો આપે કરેલ અર્થ**—મોહના પ્રતાપે ઘરથી બહાર નીકળવાને નહિ પામતા અને અનુજીવિઓ દ્વારા અનુપાલન કરાતા તથા 'સમ્યગ્ દર્શન' આદિ ધર્મને નહિં જાણનારા અમોએ પ્રથમ જે પાપ કર્મને કર્યું તે પાપ કર્મને અમે હવે ફરીથી નહિજ આચરીયે!

ધમંડના પ્રતાપે કાવા દાવા કરવામાંજ રોકાઈને સારૂં ભણ્યા નહિં. યથોક્ત પણે ગુરૂનો પણ વિનય તજી સ્વચ્છંદપણેજ ગ્રંથો વાંચ્યા તેનુંજ આ અજીર્ણ છે. નહિંતો કાચી બે ખૂકવાળો પણ કાંઈક સીધો અર્થ કરે તેને બદલે આવું અસંગત અને જેનાથી મગ અડદ ભેગાજ ભરડાય એટલાજ અને તે પણ એઠાજ જ્ઞાનને મેળવવાની કપરી દશામાં મૂકાયા તે ન બનત!

**હવે તે શ્લોકનો અર્થ નીચે આપુ છું તે આંખ ખોલીને અને હૈયું હાથ રાખીને વાંચજો હો! વાંચો!**

પરિ પાલન કરાતા મેષની જેમ, ધર્મને નહિં જાણતા એવા અમોએ મોહાધીન પણે (ભોગ કર્મો વડે કરીનેજ) જેમ પૂર્વે પાપ કર્મ કર્યું છે! તે ભોગોને પણ (હવે તો) અમો આચરીશુંજ નહિં!

શ્લોકમાં અછતા એવા 'ઘરથી બહાર નીકળવાને નહિ પામતા અને અનુજીવિઓદ્વારા એ ઉડાઉ શબ્દો બહારથી ઘાલીને અજ્ઞાન જાતને પણ જાણકાર જણાવવાની ધુનમાં મુચવાયા ત્યારેજ તે શ્લોકમાં નહિં અને ભાવમાંયે નહિં એવા 'અને' 'તથા' વિગેરે શબ્દો વ્યા-

ખ્યામાં ઘરના ઘાલવા પડયા ને ? અને એવું આવડત વિનાનું જૂઠુંજ વિવેચન કરવા ગયા ત્યારેજ "તે મહાનુભાવો ફક્ત પૂર્વે કરેલાંજ પાપ કર્મો છોડવા નથી માગતા પણ આખો ગૃહસંસારજ છોડવા માગે છે" એ મુદ્દાની વાતને ગુમજ કરી નાખવી પડીને ? કેટલો જૂલમ કર્યો છે ? સર્વવિરતિની ઉત્કટ ભાવનાવાળા મહાપુરૂષોને દેશવિરતિવાન્ ગણાવનાર આપની અઘોર અજ્ઞાનતાથી બહુ વાચાળ બનતા હવે તો વિરમો !

જુઓ તેજ પૃષ્ટમાં અને તેજ લખાણની નીચે આપશ્રીના ખુદ હસ્તેજ આપે તે પુણ્યવાનોને સર્વવિરતિનીજ ભાવનાવાળા કહ્યા છે ! **અને તે આપનું લખાણ આ રહ્યું !**

પીડિત અને સર્વ બાજુથી પરિવારિત એવા લોકમાં અવન્ધ્ય પ્રહરણની ઉપમાને પામી શકે તેવી પડતી વસ્તુઓના પ્રતાપે અમે ઘર વાસમાં કોઇપણ રીતિએ રતિ પામી શકતા નથી.

**આથી હવેતો સ્પષ્ટ થયુંને ? કે આપ શાસ્ત્ર અને શાસ્ત્રનાં સુંદર પાત્રોની અવગણના કરીને ઓડનું ચોડજ વેતરો છો ! છે ભવનો ડર?** એકજ ગ્રંથમાં નહિં પણ એકના એકજ પાનામાં અને તે એક પછીનાજ બીજા શ્લોકમાં એકજ પાત્રને માટે બે વાત કરનાર એવા આપને ગીતાર્થની માફક અનેક શાસ્ત્રોનું અવદોહન કરીને સર્વશાસ્ત્રને સંગત થાય તેવી રીતે તો વસ્તુસ્વરૂપ કહેતાં આવડેજ શાનું ? આ હાલતમાં પાંચ પચીશ ભેળા થઇ શાસનના ધુરંધર ગીતાર્થને હંફાવવા હરીફાઇ કરે તેથી **સાહેબજી ! ગધેડાના લીંડા-પાપડના લુવા જેવા દેખાવ ભલે કરે, પણ તેના પાપડ થાય ? સો લંગોટી ભેળી કર્યે એક ચોફાળ થાય ? નજ થાય !**

**નીચેનું લખાણ તો જૈનત્વની પણ ગેરહાજરી જણાવે છે ?**
જુઓ આપના પ્રવચન ચોથા વર્ષના તે અંક અને તેજ પાનામાં !

**सुखं वैषयिकं ताभि-र्बुभुजे भूभुजांवरः ।**
**अबाधमानो धर्माथों-स विवेकशिरोमणिः ॥**

જો, કે આ શ્લોકમાં અશુદ્ધિ છે. પણ તે બે બૂકના પણ પોપટીઆ જ્ઞાનમાં-આપને કયાંથી જણાય ? જુઓ **धर्मार्थः** જોઇએ. કારણ વિસર્ગ પછી અઘોષ વ્યંજન **स्** આવ્યો છે ! માટે વિસર્ગનો **उ** થઇને તેની પૂર્વના **अ** માં મળીને **ओ** નજ થાય, પણ વિસર્ગ રહે ! જોકે

શ્લોકમાં ચાર પુરૂષાર્થમાંનો ધર્માર્થ રૂપી પુરૂષાર્થ જણાવ્યો છે છતાં શ્લોક નીચે આપે ધર્મ અને અર્થ એ બે ખોટા જુદા પાડયા છે તેથી કદાચ એમ કહેશોકે 'દ્વિવચન છે' તોય ભૂલ છે! કોઇને પણ પુછી જોશો કે દ્વિવચનમાં **ધર્માર્થૌ** થાય? મારા સાહેબ એવું બોલીને ગુલાંટ મારવા જશો તો તે પણ અહિં નહિં ચાલે. કારણકે એમ કહેવા જાવ તો પણ અહિ **ધર્માર્થૌ** જોઇએ! તેતો છેજ નહિં. માટે આમાંતો ઉટપટાંગ પણ મારી શકો તેમ નથી! એજ શ્લોકનું વિવેચન કરતાં આગળ વધીને તો આપ જૈનત્વને પણ લજાવે એવુંજ બોલ્યા છો! તેમાં નથી તો એ શ્લોકનો ભાવ કે નથી તો જૈનત્વ!!!

જુઓ પ્ર. વર્ષ. ૪ અં. ૩૫ પૃષ્ટ ૪૧૬ કોલમ બીજું પંક્તિ ૨૧ થી ૨૫–**ભોગોના ભોગવટામાં અર્થ અને કામને બાધ નહિં લગાડવારૂપ મર્યાદાશીલતા, એ ધર્મના અધિકારી પણાના ગુણો પૈકીનો એક ગુણ છે, એ ગુણ પ્રત્યેક ધર્મના અર્થીઓએ અવશ્ય આદરવો જોઈએ.** સાહેબજી આ આપનું લખાણ છે! આમાં જૈનત્વની છાંટપણ છે? કોઇપણ જૈન શાસ્ત્રમાંથી એવા દસ્કત બતાવશોકે ભોગના ભોગવટા વખતે અર્થ અને કામ તો અખંડજ રાખવા! બોલતાં કાંઇ વીચાર આવે છે? હવે તો હદ થાય છે! અને વળી આગળ વધીને કહી નાંખ્યું કે–'એવી રીતે અર્થ કામને અખંડ રાખવા તે ધર્મના અધિકારી પણાના ગુણો પૈકીનો એક ગુણ છે.' સાહેબજી એ જીનેશ્વર પ્રણીત ધર્મના અધિકારી પણાનો ગુણ નથીજ! રામ ધર્મનો એ ગુણ હોય તો ભલે! આથી પણ આગળ વધીને કહો છો કે 'પ્રત્યેક ધર્મના અર્થીઓએ એ ગુણ અવશ્ય આદરવો જોઇએ' મારા સાહેબ! હજુતો શ્રીજીનશાસન ચાલે છે! રામશાસનજ થઇ જાય ત્યારેતો ભાગ્ય પરવાર્યું હોય તો એવોજ ગુણ અવશ્ય આદરવાનો ભલે ઉપદેશ આપો! જોકે અમોતો ઇચ્છીએ છીએ કે એવે ટાઇમે તો આત્મા વાચાથી પણ સદંતર પરહો! પરમોપકારી શ્રીહેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજા ભાગ્ય પરવારેલાને કહે છે કે,

**'शुभोदर्काय वैकल्यमपिपापेषुकर्मसु'**

**અર્થ** અને કામનો ઉપદેશ દેનારાને આપજ ઉત્સૂત્ર પ્રરૂપકો કહેતા હતા–તો હવે તો આપ પણ તેમાંના ખરા, ખરાને ખરાજન?

આપને સ્વહસ્તેજ સિદ્ધ થયુંને ? અને આજના ઉત્સૂત્ર પ્રરૂપકો કેવા છે ? એ વર્ણવતાં આપે જે તેવાઓની દશા જણાવી તેમાં હવે આપ પણ ભળ્યાજ એ પણ ખરૂંજને ? રંગ રાખ્યો મારા સાહેબ ! ખૂબ હાંકયું હો !

## 'આ લોકના' શબ્દમાં ઓકેલું વ્યાકરણ !
## 'યાને'
## અક્કલનું જાહેર લીલામ

પ્રવચન વર્ષ–૮ અંક ૭ પૃષ્ઠ ૯૨ ઉપર–સામાન્ય બોધ માત્રથી ઉછાછળા થઇ સંપાદકીયનો ચોફાળ ઓઢીને આરડયું છે કે "શ્રી સાગરાનંદ સૂરિજીએ અહીં જે 'આલોકના' એમ લખ્યું છે, તેમાં બે ભૂલો છે. પહેલી ભૂલ એ કે–આ અને લોક એ પૃથક્ જોઇએ. આલોક એમ ભેગું હોય તો તેનો અર્થ પ્રકાશ થાય. અહીં એ અર્થ નથી. અહીં ઇહલોક સંબંધી અર્થ છે, માટે આ અને લોક પૃથક્ જોઇએ. એ એક ભૂલ, બીજી ભૂલ એ કે–'લોકના' માં 'ના' ને માથે મીંડું જોઇએ. અર્થાત્ લોકનાં જોઇએ: કારણ કે કાર્ય શબ્દનું લિંગ નપુંસક છે. આવાં અનેક દોષો શ્રી સિદ્ધચક્રમાં જોવાય છે." સાહેબ ! કુવાની દેડકીને બહારની વિશાળતાનું ભાન હોતું નથી, જેથી બહાર આખલો જોઈને આવેલા બચ્ચાને તેનું માપ બતાવવા જતાં જાનથી જાય છે. સાહેબ ! આપને પણ બે બૂકનો અભ્યાસ માત્રજ છતાં પેટ પહોળું કરો છો મહાવૈયાકરણીય જેવું, જેથી અજીરણ વધી જઈ મુશીબતમાં મૂકાઈ જાવ તો ના ન કહેવાય ! સામાન્ય પણ મળેલી અક્કલના અજીર્ણેજ અહિં આપને 'આલોક' નો એક પક્ષી અર્થ 'પ્રકાશ' કરવામાં થપ્પડ ખવરાવી છે. સાહેબ ! આલોકનો અર્થ જગત્ તથા સંસાર પણ થાયજ છે. જુઓ–પાઇઅ–સદ્દમહણ્ણવો પૃ. ૧૫૧ કોલમ પહેલું. જ્ઞાનના દેવાળાને અંગે બીજાની અછતી ભૂલને પણ છતી કરનાર કેવો દંભી ગણાય ? સાહેબ ! દોકડા માટી કર્યા માટી ! આ પ્રમાણે એક ભૂલમાં તો આપે અક્કલનું લીલામ કર્યું, હવે રહી મીંડાની ભૂલ. સાહેબ ! ડૂબતો તણખલાને ઝાલે તે ન્યાયે ગુજરાતી ભાષામાં પણ ડગલે પગલે વ્યાકરણને જ બાઝનારા પણ આપે ઉપર 'અર્થાત્ લોકનાં' એમ જે કર્યું છે ત્યાં (વ્યાકરણની વાતમાં અહિં સાચાજ હોતો) 'અર્થાલ્લોકનાં' કરી નાખો ! નહિં તો કપિ-

વ્રત્ અકમલે ટેવાઇગયલા આપજ અહિં આમની ભૂલ કબૂલ કરી બોલી નાખો કે—ગુજરાતી ભાષામાં તો એમજ ચાલે! બીજું આપે જે ' આવા અનેક દોષો શ્રી સિદ્ધચક્રમાં જોવાય છે ' એવું ભયંકર લખીને રામ-શાસનનું જે મહામિથ્યાત્વ ઓકયું છે તે ભવનો કાંઇકે ભય હોય તો સુધારી નાખો! જીનેશ્વર ભગવાનનો અજ્ઞાન બાળમણ શ્રી સિદ્ધચક્રમાં એક પણ દોષ હોય તેવું, માનવા તો શું પણ સાંભળવાય તૈયાર નથી. એવા શ્રી સિદ્ધચક્રમાં આપને કયા પાપના ઉદયે અનેક દોષ જણાયા? સા-હેબ! મોર કળા કરતાં પૂઠનું ભાન રાખતો હોય તો આવી ખાંસી થાય? સિદ્ધચક્ર પાક્ષિકને આપે સીધું ચક્ર કહેલું તે આપનું તો ઉંધુંજ ચક્ર છે, એમ જણાવવા માટેજને? સાહેબ! ઉંધુંચક્ર છે તેમાંજ આમ કુટાવ છો! બીજી ભૂલ મીંડાની કાઢનારા આપ તે આપનું મીંડું—પ્રવચનના આ અંકનાજ પૃષ્ટ ૮૨ કોલમ પહેલું ફકરા ત્રીજામાં ' સાધુ આ લોકના ફળમાં ' એવું જે લખ્યું છે, તે વાકયમાં રહેલ ' લોકના ' શબ્દને માથેજ ચડાવી દ્યો, કે જેથી ઘરનું અજ્ઞાન ઘરમાંજ રહે! હવે આપ સમજશો કે એ બંને ભૂલો ખોટી કાઢતાં મોટી ભૂલ કરી છે.

**આલોકનો અર્થ પ્રકાશજ કરશો તોય મુંઝાશો.**

આલોકનો અર્થ પ્રકાશજ કરશો તો ખૂબજ બનશો. કારણ કે પ્ર. વર્ષ પહેલું તા. ૨૬–૬–૨૯ પૃષ્ટ પહેલું પંક્તિ ૮ ' માની લઇએ કે ચિંતા કરવાથી **આલોક** સુધરી જાય ' પૃષ્ટ બીજાનો ફકરો બીજો પંક્તિ ૩ થી ૪ ' **આલોકનું** દુઃખ સુખનું કારણ છે, ત્યારે **આલોકનું** સુખ દુઃખનું કારણ છે, માટે **આલોકના દુઃખની** બહુ ચિંતા નથી ' પૃષ્ટ ત્રીજાનો ફકરો ત્રીજો પંકિત બીજી ' લોકના સુખને જોવા કરતાં '—વિગેરે ઠેકાણે 'આલોક'નો અર્થ પ્રકાશજ કરવા જશો તો દરેક વાતો ચસકેલની વાતો જેવી લાગશે! માટેજ આપે અહિં આલોકનો અર્થ—જગત્, સંસાર, ઇહલોક વિગેરેજ થાય છે, અને એ બદલ અમોએ જે પૂ. આગમોદ્ધારક દેવેશની ભૂલ કાઢવા કોશીશ કરી છે તે અમારી વારસામાં વરેલી નરી અજ્ઞાનતાજ છે, એમ જલ્દિ જાહેર કરી દેવું! સરળતા બતાવવા હમણાંજ પોતાની સહીથી બહાર પાડયું છે કે—' કોઇપણ મારી ભૂલ જણાવે તો મને સમજાયે હું કબૂલ કરીશ ' તો સાહેબ! નવુંય બોલ્યું પાળવું હોય તો આ દરેક ભૂલોની

કબૂલાત આ બૂક મળે કે તુરતજ આપ જાતેજ આપની સહીથી બહાર પાડજો ! જોઉં છું કેવાક સાચા છો !

ઉપરના આપના લખાણમાં તો આપ આલોકનો અર્થ જગત્ કરશો તો પણ તે પછીય તેમાં છ ભૂલ છે. જુઓ–આપ એકલા લોક' શબ્દનો અર્થ ઈહલોક કરી ગયા છો તેથી અહીં આપને 'આ અને લોક' બંને જુદાંજ પાડવા પડશે ! ૧. બીજું–એકજ 'આલોકના' શબ્દમાં જે આટલો અનર્થ દેખી રહેલ છે, તેજ આદમી ફક્ત એ પંક્તિમાંજ ત્રણ આલોક અને એકજ પાનામાં ચાર આલોક શબ્દ લખી મારે એ કેટલું અનર્થ કારી ? ૨. ત્રીજું–ભૂલ કાઢનાર સમજે છે કે આમ પણ લખાય. અને તેથી પોતે લખે પણ છે. છતાં બીજાને તેમ લખતા દેખી હલકટ હુમલો કરે છે તેને આ આલોકનો પૂરેલો ચોક આભિનિવેશીક જણાવે છે. ૩. ચોથું 'આલોકના દુખની' એમ જે આપે લખ્યું છે, ત્યાં 'ના' ને માથે આપનાજ મતનું મીંડું જોઇએ, કારણકે 'દુઃખશબ્દનું લીંગ નપુંસક છે ! ૪. પાંચમું 'દુખની' એ શબ્દ 'દુ' પછી વિસર્ગ માગે છે. ૫. છઠું 'લોકના સુખને' એમ લખેલું છે, તેમાં 'ના' ને માથે મીંડું જોઇએ, કારણકે 'સુખ'નું લિંગ નપુંસક છે. ૬. સાહેબ ! આવી તો આપની હજારો ભૂલો તૈયાર છે ! જાતના અજોડપણાનો મદ હોયતો જાહેર કરો જેથી હું પણ જાહેરજ કરૂં. જૂઠો વેગ શમાવીજ દેશોતો આટલેજ સર્યું !

તા. ક. સં. ૧૯૯૨ના ફાગણ માસમાં બહાર પડેલી 'દિશા ફેરવો' નાં. ૧ માં દર્શાવેલી તા. ક. અહિં પણ કાયમ સમજશો.

અમારા તરફથી બહાર પડેલા 'દિશા ફેરવો' ભાગ ચારેયમાંની અનુભવ અને શાસ્ત્રથી પણ સિદ્ધ એવી સત્ય વાતોની સિદ્ધિ માટે, હવેતો તેવું આપ ખૂદજ બોલેલા છો એમ જણાવનારા પાઠો પણ રજુ કર્યાજ છે. જેથી આ ચારેય ભાગમાંની એક પણ વાતને આપનાથી અંશેપણ જૂઠી માનવા કે મનાવવા કોશીશ કરી શકાય તેમ છેજ નહિં. આથી વિનંતિ છે કે આપ કોઇના બૂરખા નીચે, અથવા આપના પણ નામે આ બૂકોમાંનો અમૂક ભાગ પણ કબૂલ કરશો તો તેવો પ્રયાસ જગત્‌ને છળવા માટેજ કર્યો છે, એમ માની આપે અમારી દરેકજ વાતો કબૂલ કરી છે એમજ માનીશું, માટે આબૂકોમાં આપને જે જે ખોટું લાગે તે તે લખાણજ આપ જાતેજ બહાર પાડશો.